- તા. ૧૮-૧૦-૨૦૨૪ના રોજ મેક્રો પોલીમર્સ કંપનીમાં થયેલ ચર્ચા મુજબ કંપનીના HR મિલનભાઈ અને પરીતાબેન સેન્ટરની મુલાકાતે આવેલ. પ્રતીક વ્યાસે તેમને સેન્ટરની વિઝીટ કરાવી અને મેડિકલ ફિટનેસ કરાવવા બાબતે મીટિંગ કરી.

**તા. ૨૧-૧૦-૨૦૨૪**

- આજ રોજ પાલડી ભવન ખાતે મુલાકાત લીધી અને મિતુલ વાઘેલા કે જેમને નવા સ્ટાફ તરીકે નિયુક્ત કર્યા તેમને શ્રી ખુશ્બુબેન (HR) અને કિન્નરીબેન સાથે મુલાકાત કરાવી અને પેથોલોજી ડિપાર્ટમેન્ટની માંગણી મુજબ સામાન લીધો.

**તા. ૨૩-૧૦ અને તા. ૨૬-૧૦-૨૦૨૪**

- આજ રોજ ટ્રાયો એજન્સીમાંથી એન્જિનિયર એ.સી. સર્વિસ માટે સેન્ટરની મુલાકાતે આવેલ હતા અને પેથોલોજી ડિપાર્ટમેન્ટમાં બંને એ.સી.માં જે તકલીફ હતી, તે સર્વિસ કરીને બંને એ.સી. ચાલુ કરી દેવામાં આવેલ છે.

**તા. ૨૮-૧૦-૨૦૨૪**

- આજ રોજ શ્રી જયેશભાઈ મજમુદારની કંપની હેમલોન સિન્થેટીક્સ, હેમસ્ટાર ફિલામેન્ટ્સ અને હેમલોન ઇન્ડસ્ટ્રીઝના HR શ્રી આનંદભાઈ સેન્ટરની મુલાકાતે આવ્યા અને ડૉ. કડિયાવાલા અને પ્રતીક વ્યાસ તેમજ અન્ય સ્ટાફ સાથે દિવાળી તેમજ નવા વર્ષની શુભેચ્છા પાઠવી.
- હેમટેક ઇન્ડસ્ટ્રીઝના બે કારીગરના મેડિકલ ફિટનેસ રીપોર્ટ આનંદભાઈ (HR)ને આપવામાં આવ્યા.

**તા. ૪-૧૧-૨૦૨૪**

- આજ રોજ શ્રી જયેશભાઈ મજમુદારની ત્રણેય કંપનીના HR શ્રી આનંદભાઈને કંપનીના ટ્રેનિંગ સર્ટીફિકેટ આપવાનું કામ કરવામાં આવ્યું.

**તા. ૫-૧૧-૨૦૨૪**

- આજ રોજ પાલડી ભવન ખાતે મુલાકાત લીધી અને દરેક સ્ટાફને મળીને નવા વર્ષની શુભકામના પાઠવી, સેન્ટરને લગતા કામ પૂરા કરવામાં આવ્યા.
- આજરોજ લાલ દરવાજા PNDT ડિપાર્ટમેન્ટમાં મુલાકાત લીધી અને એન્ટીનેટલ સોનોગ્રાફીના પાંચ ફોર્મ જમા કરાવ્યા.

**તા. ૬-૧૧-૨૦૨૪**

- આજ રોજ શ્રી હિરેન શાહ, ડૉ. જગદીશ ઠક્કર (તેમના પુત્ર સાથે) અને શ્રી કિશોરભાઈ ઠક્કર સેન્ટરની મુલાકાતે આવ્યા અને પ્રતીક વ્યાસ સાથે સેન્ટરમાં કામને આગળ વધારવા માટે મીટિંગ કરવામાં આવી.
- આજ રોજ જશોદાનગર સેન્ટરથી સ્નેહલભાઈ ભાવસાર ચાંગોદર સેન્ટરની મુલાકાતે આવ્યા અને પ્રતીક વ્યાસ સાથે ત્યાં ઇન્ડસ્ટ્રીયલ કંપનીમાં માર્કેટીંગ બાબતે ચર્ચા કરી.
- મોરૈયા ગામમાં ક્રિએટીવ પ્રિન્ટર્સ સાથે રાઠી પેકેજિંગ કંપનીમાં પ્રતીક વ્યાસ, સ્નેહલ ભાવસારને લઈ ગયા અને ઇન્ડસ્ટ્રીયલમાં માર્કેટીંગ બાબતે જરૂરી માર્ગદર્શન આપ્યું.

**તા. ૭-૧૧ અને તા. ૮-૧૧-૨૦૨૪**

- આ બંને દિવસે ૧૩ કંપનીઓમાં મુલાકાત કરવામાં આવી અને ઓક્ટોબર-૨૦૨૪ના બીલ કંપનીના જવાબદાર વ્યક્તિને આપવામાં આવ્યા અને નવા વર્ષની શુભ કામના પાઠવી.
- આજ રોજ હેલવુડ લેબ લિ. કંપની - રૂપાલ ગામના ૩ વર્કરના રીપોર્ટ સેન્ટર ઉપર કરવામાં આવ્યા.

**તા. ૯-૧૧-૨૦૨૪**

- આજ રોજ હેમટેક ઈન્ડસ્ટ્રીઝમાં આનંદભાઈને બે વર્કરના મેડિકલ ફિટનેસ રીપોર્ટ આપવામાં આવ્યા.
- આજ રોજ ચાર કંપનીમાં મુલાકાત કરવામાં આવી અને જે તે જવાબદાર વ્યક્તિ સાથે મળીને સેન્ટરમાં થતી સારવાર વિશે માહિતી આપવામાં આવી અને જરૂરી ડોક્યુમેન્ટ્સ આપ્યા.

**તા. ૧૧-૧૧-૨૦૨૪**

- આજથી સેનોલેટ લાઈફકેર પ્રા.લિ. કંપની - સરી ગામ કંપનીના નવા વર્કરનું મેડિકલ ફિટનેસ કરાવવાનું કામ શરૂ કરવામાં આવ્યું.

**તા. ૧૨-૧૧-૨૦૨૪**

- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહે સેન્ટરની મુલાકાત લીધી અને સેન્ટરના કામ બાબતે જરૂરી માર્ગદર્શન આપ્યું.
- આજ રોજ પાલડી ભવનની મુલાકાત લેવામાં આવી અને મેડિસીન તેમજ પેથોલોજી ડિપાર્ટમેન્ટની માંગણી મુજબ જરૂરી સામાન સેન્ટર ઉપર લાવ્યા.

**તા. ૧૩-૧૧-૨૦૨૪**

- આજ રોજ જશોદાનગર સેન્ટરની મુલાકાત લીધી અને ત્યાં કોમલબેન, દીપકભાઈ અને સ્નેહલભાઈ સાથે કામ બાબતે ચર્ચા કરી તેમજ સ્નેહલ ભાવસારને વટવા જી.આઈ.ડી.સી.માં ૬ કંપનીમાં વિઝીટ કરાવી અને કંપનીના જવાબદાર વ્યક્તિને મળીને નવનીત મેડિકલ સેન્ટરમાં થતી સારવાર વિશે સંપૂર્ણ માહિતી આપી અને જરૂરી ડોક્યુમેન્ટ્સ આપ્યા તેમજ પેશન્ટ મોકલવામાં મદદ કરે તેવી ભલામણ કરવામાં આવી.

**તા. ૧૪-૧૧-૨૦૨૪**

- ચાંગોદર ખાતે આવેલ સોઈંગ સ્ટેટર પ્રા.લિ. કંપનીના નવા વર્કરનું મેડિકલ ફિટનેસનું કામ સેન્ટરમાં આજથી શરૂ કરવામાં આવ્યું.
- આજ રોજ ચાંગોદર ગામમાં ૪ કંપનીની મુલાકાત કરી અને જવાબદાર વ્યક્તિને મળીને સેન્ટરમાં થતી સારવાર વિશે માહિતી આપવામાં આવી.

**તા. ૧૫-૧૧-૨૦૨૪**

- આજ રોજ હેમસ્ટાર ફિલામેન્ટ્સ, હેમટેક ઈન્ડસ્ટ્રીઝ કંપનીના પાંચ વર્કરના મેડિકલ ફિટનેસ સર્ટીફિકેટ અને બ્લડ રીપોર્ટ કંપનીના જવાબદાર વ્યક્તિને આપવામાં આવ્યા.
- આજ રોજ બોપલ મેડિકલ સેન્ટર ખાતે ડૉ. રીદ્ધિબેનની મુલાકાત કરી અને ચાંગોદર સેન્ટરમાં કામ વધારવા બાબતે જરૂરી માર્ગદર્શન મેળવ્યું.

**તા. ૧૬-૧૧-૨૦૨૪**

- આજ રોજ ત્રણ કંપનીની મુલાકાત લેવામાં આવી અને જે-તે કંપનીની જવાબદાર વ્યક્તિઓને મળીને સેન્ટરમાં ચાલતી સારવાર બાબતે માહિતગાર કરવામાં આવ્યા. અને ટાઈ-અપ કરવા બાબતે ચર્ચા કરી

## નવનીત મેડિકલ સેન્ટર – જશોદાનગર

**તા. ૨૩-૧૦-૨૦૨૪**

- આજ રોજ જશોદાનગર સેન્ટર પર ચામડી વિભાગના ડૉક્ટર દ્વારા શરીર પરના મસા દૂર કરવાની બે પ્રક્રિયા કરવામાં આવી.

**તા. ૨૮-૧૦-૨૦૨૪**

- આજ રોજ જશોદાનગર મેડિકલ સેન્ટર પર Pulmonologist (છાતી અને ફેફસાના નિષ્ણાત) ડૉ. કુતેશ ત્રિપાઠી દ્વારા ફેફસાની ક્ષમતા કોમ્પ્યુટરાઈઝ્ડ મશીન દ્વારા ચકાસવાનો કેમ્પ રાખવામાં આવેલ. જેમાં કુલ ૧૬ દર્દીઓએ લાભ લીધો હતો.
- આજ રોજ ડૉ. હિતેન્દ્રભાઈ શાહે જશોદાનગર સેન્ટરની મુલાકાત લીધી. એમણે સેન્ટરની અવેરનેસ વધારવા માટેનું માર્ગદર્શન આપ્યું તથા સેન્ટરમાં હોમિપોપેથિક અને આયુર્વેદિક ઓ.પી.ડી. શરૂ કરવા અંગે ચર્ચા કરી.

**તા. ૮-૧૧-૨૦૨૪**

- આજ રોજ ડૉ. હર્ષલ પટેલ દ્વારા સેન્ટર પર સૌપ્રથમ મોતિયાનું એક ઑપરેશન કરવામાં આવ્યું.

**તા. ૯-૧૧-૨૦૨૪**

- આજ રોજ જશોદાનગર સેન્ટર પર સિમ્પી સમાજના વડા. વિલાસરાવ બાવીસ્કર, વિવિધ સમાજના આગેવાનો તેમજ સંસ્થાના વડાઓને સેન્ટરની મુલાકાત લેવાનું આમંત્રણ આપ્યું હતું. આ નિમિત્તે વિવિધ સમાજના સભ્યો, કારોબારી મંડળના સભ્યો, વેપારી મંડળ વગેરેએ સેન્ટરની મુલાકાત લીધી અને ત્યારબાદ પ્રીતિભોજન કર્યું હતું.

  આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટીઓ ડૉ. હિતેન્દ્ર શાહ, શ્રી હિરેન શાહ, શ્રી ચેતન ધરોડ, શ્રી ગિરીશ દેઢિયા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી રજનીકાંત પારેખ વગેરેએ હાજરી આપી હતી.

# અતીતના ઓવારેથી.... : મણકો-૧૬

*'અતીતના ઓવારેથી'ના મણકા-૧૬ ના આ વિભાગમાં 'મંગલ મંદિર'ના એપ્રિલ-૨૦૦૫ના અંકમાં પ્રસારીત કરવામાં આવેલ 'વલોવતન'ની વિગત અત્રે ફરીથી પ્રસારીત કરીએ છીએ.*

*સ્વ. પોપટલાલ નેણશી ધરોડે 'મંગલ મંદિર' માટે વર્ષો સુધી આ કોલમ સંભાળેલ હતી કે જેના કારણે કચ્છમાં બનતી દૈનિક ઘટનાઓની માહિતી 'મંગલ મંદિર'ના વાચક વર્ગને નિયમિતપણે મળી રહેતી હતી.*

*સાથે સાથે વર્ષ ૨૦૦૪-૨૦૦૫ના શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પરના નવનીત મેડિકલ સેન્ટરના વિવિધ આંકડા તથા વર્ષ ૨૦૦૪-૨૦૦૫ના ત્રણે અતિથિ ભવન (ગીતા મંદિર, પાલડી અને શાહીબાગ)ના ઉપયોગના આંકડા અત્રે 'મંગલ મંદિર'ના જૂન-૨૦૦૫ના અંકમાંથી લઈને પ્રસારીત કરવામાં આવેલ છે કે જે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના વહીવટની પારદર્શકતા દાખવે છે.*

*– તંત્રી મંડળ*

★ કચ્છના પશ્ચિમ વિસ્તારમાં પીવાના પાણીની કાયમી સુવિધા ઊભી કરવા નર્મદા યોજના આધારિત ૬૦ કરોડના ખર્ચે અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકાના ૩૦૦ ગામોને પીવાનું પાણી પૂરું પાડવાની યોજનાને રાજ્ય સરકારે મંજૂરી આપી છે. આ કામ શરૂ થયા પછી પશ્ચિમ કચ્છમાં એક વર્ષની અંદર પીવાના પાણીની કાયમી સુવિધા પ્રાપ્ત થશે.

★ મહારાષ્ટ્ર સરકારે નંદુરબાર જિલ્લામાં અક્કલકોટ અને અકરાણી યોજનાથી પ્રભાવિત વિસ્થાપિતોનું પુનર્વસનનું કાર્ય આવતા જૂન સુધીમાં પૂર્ણ કરવાનું વચન આપતાં હવે કચ્છની જીવાદોરી સમાન નર્મદા યોજનાના બંધની ઊંચાઈ ૧૩૮ મીટર સુધી લઈ જવાનું ગુજરાત સરકારનું લક્ષ પૂર્ણ થશે.

★ ગોપાલભાઈ ધુઆના એક પ્રશ્નના જવાબમાં મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વિધાનસભામાં જણાવ્યું હતું કે ચાલુ ફેબ્રુઆરી માસમાં નર્મદાની કચ્છ શાખાનું કામ શરૂ થઈ જશે અને માર્ચ-૨૦૦૮માં આ કામ પૂરું થશે. આ નહેર હેઠળ કુલ ૧,૭૫,૮૮૯ હેક્ટર જમીન સિંચાઈ હેઠળ આવરી લેવાશે.

★ કચ્છમાં ૨૧,૦૦૦ કરોડના એમ.ઓ.યુ. સામે ૧૮,૦૦૦ કરોડના ઉદ્યોગો કામ કરતા થયા છે. તેથી કચ્છ આગામી દિવસોમાં ભારતનાં ઔદ્યોગિક વિકાસનું પ્રવેશદ્વાર બનશે તેવી લાગણી કચ્છના પ્રભારી મંત્રી અશોક ભટ્ટે ગાંધીધામમાં વ્યક્ત કરી હતી.

★ ઝેરી મેલેરિયા માટેનું મથક બની ગયેલા કચ્છમાં આ તાવને નાથવા "કેર ઇન્ડિયા"ના સહયોગથી મચ્છરના પોરાના ભક્ષણ માટે ગપ્પી અને ગંબુસીયા તરીકે ઓળખાતી માછલી ઉછેર અર્થે આ માટે ૧૧ કેન્દ્રો સ્થપાયા છે.

★ માંડવી તાલુકાના બીદડા નજીક રૂા. પાંચ કરોડના ખર્ચે ૧૯ એકરના સંકુલમાં આકાર લઈ રહેલા સેવા, સાધના અને સંસ્કૃતિના સમન્વય સમા બિનસાંપ્રદાયિક માનવ મંદિરનું ઉદ્‌ઘાટન જૈન મુનિઓ, સાધુ-સાધ્વીઓ, અગ્રણીઓ વગેરેની મોટી સંખ્યાની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. બનાસકાંઠા જિલ્લાના ધાનેરાવાસીઓ, વાગડવાસીઓ અને કંઠીવાસીઓનો સારો આર્થિક સહયોગ આ સંકુલ ઊભું કરવામાં મળેલ છે. દિનબંધુ ફાઉન્ડેશન સંસ્થા દ્વારા આયોજિત આ સંકુલના નિર્માણ પાછળ કચ્છ આઠ કોટી મોટી પક્ષના મુનિ દિનેશચંદ્રજી મ.સા.ની પ્રેરણા રહેલી છે. બીજા દિવસે આ સંકુલમાં બટુક ભૈરવ મંદિરની પ્રાણપ્રતિષ્ઠા, ગૌશાળા અને ગુરુ મંદિરનું ભૂમિપૂજન વગેરે કાર્યક્રમો સંપન્ન થયા હતા. આ બે દિવસીય કાર્યક્રમમાં જૈનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને પોલીસ તંત્ર દ્વારા યોગ્ય બંદોબસ્ત ગોઠવાયો હતો.

★ પશ્ચિમ રેલવેએ ઉનાળુ વેકેશન માટે ૧૯૮ વિશેષ ગાડીઓ જાહેર કરી છે. જેમાં ૭૦ ગાડીઓ કચ્છ માટે નીચે પ્રમાણે દોડાવશે. તા. ૧૩મી એપ્રિલથી ૧લી જુલાઈ સુધી દર બુધ, શુક્ર અને રવિવારે ૯૫૯ ગાડી મુંબઈ સેન્ટ્રલથી ૧૩.૫૦ કલાકે ઉપડી બીજા દિવસે સવારે ૫ વાગે ગાંધીધામ પહોંચશે. વળતા તા. ૧૨ એપ્રિલથી ૩૦ જૂન સુધી દર મંગળ, ગુરુ અને શનિવારે ૯૬૦ ટ્રેઈન ગાંધીધામથી સાંજે ૧૮.૦૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે સવારે ૧૧.૦૫ વાગે મુંબઈ સેન્ટ્રલ પહોંચશે.

★ દર વર્ષની જેમ આ વર્ષે પણ વેટલેન્ડ ઈન્ટરનેશનલ કુઆલાલમ્પુર (મલેશિયા) તરફથી ૨૦૦૫ જાન્યુઆરી ૮થી ૨૩ સુધી સમગ્ર એશિયામાં જલપલ્લવિત પ્રદેશ (વેટલેન્ડ) પર જોવા મળતા જળચર પક્ષીઓ તથા જળ આધારિત પક્ષીઓની ગણતરી કરવાના ભાગ રૂપે કચ્છમાં પણ આ ગણતરી થઈ હતી. જે અનુસાર ૪૫ જાતના યાયાવર પક્ષીઓ કચ્છ આવ્યા. ૨૨ સ્થળો પર કુલ ૧૦,૦૯૧ પક્ષીઓની નોંધ થઈ હતી.

★ ૮૦થી ૮૫ વર્ષ જૂના અને ૧૨ હજાર મતદારો ધરાવતા

સ્થાનકવાસી મહાજન, મુંબઈની કાર્યવાહક સમિતિની ૪૧ બેઠકો માટે તા. ૨૦મી માર્ચના ચૂંટણી છે. ચૂંટાયેલા સભ્યોની મુદત ત્રણ વર્ષની છે. કુલ ૮૪ ઉમેદવારોએ ફોર્મ ભર્યા છે. આ ચૂંટણી આદર્શ ગ્રૂપ અને પરિવર્તન ગ્રૂપ વચ્ચે રસાકસીનો જંગ થશે. બંને જૂથો વચ્ચેનું પ્રચાર યુધ્ધ જોરશોરથી મુંબઈમાં ચાલે છે અને જ્ઞાતિની ખબરપત્રિકા આ પ્રચાર યુધ્ધનું મુખ્ય માધ્યમ બની છે.

★ મુંદ્રા વિભાગના ધારાસભ્ય ગોપાલભાઈ ધુઆએ રાજ્યના માર્ગ અને મકાન મંત્રી સમક્ષ તેમના મત વિસ્તારના વિવિધ રસ્તાના કામો અંગે કરેલી રજૂઆતોને પગલે મંત્રાલયે કુલ્લે રૂા. ૧૪૩ લાખના કામોને મંજૂરી આપી છે, જે પૈકી કેટલાક કામો શરૂ થઈ ગયા છે.

★ અબડાસા તાલુકાના વારાપધ્ધર ગામે તલાટીની લાંબા સમયથી ગેરહાજરીના કારણે લોકોના રોજબરોજના કામોને માઠી અસર પહોંચી છે. તાલુકા કચેરીએ તલાટી વિરુધ્ધ ફરિયાદ કરાઈ છે છતાં કોઈ દાદ મળતી નથી તેવી રજૂઆત કેટલાક ચૂંટાયેલા પદાધિકારીઓએ કરી છે.

★ કચ્છનો અમુક વિસ્તાર સિંધુ બેઝીનનો ભાગ છે, તેને પ્રમાણિત કરતા અનેક પુરાવા અને હકીકતો ઉપલબ્ધ છે અને તેથી 'રાઈપેરિયન રાઈટ' મુજબ કચ્છ વિસ્તાર સિંધુ નદીના પાણી વાપરવા હક્કદાર છે એવું વિધાનસભામાં જળસંપત્તિ મંત્રી નરોત્તમ પટેલે જણાવ્યું હતું.

★ પાકિસ્તાન સાથે સંબંધો સુધારવા માટે ઘનિષ્ટ પ્રયાસોના ભાગરૂપે બસ વ્યવહારનો તખ્તો ગોઠવાયો છે ત્યારે ૧૯૬૫ના યુધ્ધ પછી મુંબઈ - માંડવી - કરાંચી સ્ટીમર સેવા બંધ થઈ ગઈ છે તે પુનઃ ચાલુ કરવા વડાપ્રધાન, વિદેશ પ્રધાન અને સંરક્ષણ મંત્રીને પત્રો પાઠવી રજૂઆત કરવામાં આવી છે.

★ ભદ્રેશ્વર નજીકના પુરાણ પ્રસિધ્ધ નાળેશ્વર (ચોખંડા) મહાદેવ મંદિરે ત્રણ દિવસનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો. ભૂકંપમાં આ ઐતિહાસિક મંદિર ક્ષતિગ્રસ્ત થતાં લાખોના ખર્ચે તેનો જીર્ણોધ્ધાર કરાયો હતો.

★ રાપરમાં ચાલતા ગેરકાયદે કતલખાના બંધ કરાવવાના પ્રશ્ને વિશ્વ હિંદુ પરિષદ અને જીવદયા મંડળના સંયુક્ત ઉપક્રમે વિરોધ પ્રદર્શન રૂપે તેઓએ રેલી કાઢીને મામલતદાર કચેરીએ પહોંચી સત્તાવાળાઓને આવેદનપત્ર આપ્યું હતું. આ રેલીમાં દેરાવાસી જૈન સંઘ - રાપરના સંતો પણ જોડાયા હતા.

★ ભુજમાં ભુજ - મુંદ્રા રોડ પર કોવઈ નગરની બાજુમાં નિર્માણ પામેલા ક.વી.ઓ. કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિ.ના સંચાલનવાળા માતુશ્રી લાખણીબાઈ રામજી તેજશી ગાલા, નવનીત નગરનો લોકાર્પણ સમારોહ જાણીતા રામાયણી કથાકાર શ્રી મોરારીબાપુના હસ્તે યોજાયો હતો. આ પ્રસંગે નવનીત પરિવારના સભ્યો સહિત જ્ઞાતિના અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

★ ભચાઉમાં સદ્‌ભાવ એજ્યુકેશનલ ટ્રસ્ટ સંચાલિત મહિલા કોલેજની નવી ઈમારત માટે બોમ્બે સ્ટોક એક્સચેન્જ દ્વારા રૂા. ૧ કરોડના માતબર દાનની જાહેરાત કરાઈ હતી.

★ પાકિસ્તાનથી પંદર-વીસ વરસ પહેલાં ભારત આવેલાઓ ત્યારથી ભચાઉ તાલુકાના ચોબારી, કરોલ અને અન્ય ગામોમાં રહેલા. પરંતુ ભારતનું નાગરિકત્વ ન ધરાવતા ૨૭ જેટલા પરિવારોને હવે રાજકોટ કલેક્ટર દ્વારા ભારતનું નાગરિકત્વ આપતા પ્રમાણપત્રો મળતાં આ પરિવારોએ હાશકારો અનુભવ્યો હતો.

★ પાણી પુરવઠા મંત્રી શ્રી નરોત્તમભાઈ પટેલે વિધાનસભામાં જણાવ્યા મુજબ ગુજરાતમાં પાણીની કાયમી તંગી અનુભવતા સૌરાષ્ટ્ર - કચ્છના ગામડાંઓ તથા શહેરોને પીવાના પાણી પહોંચાડવા ગત વર્ષની સરખામણીએ આ વખતે અઢી ગણી વધુ રકમની જોગવાઈ કરાઈ છે.

★ ડિસેમ્બર દરમ્યાન અખાતી દેશોમાં ખેતીના શત્રુ તીડના બચ્ચા દેખાતાં, હવે આગામી મોસમમાં કચ્છ સહિત ગુજરાત અને રાજસ્થાનમાં તીડ દેખાવાની આગાહી છે અને ખેતીવાડી તંત્રને તકેદારી રાખવા જાણ કરાઈ છે.

★ ગુજરાત વિદ્યુત બોર્ડની ગુજરાતમાંથી ઉતરી આવેલી ૫૦ જેટલી ટુકડીઓએ પૂર્વ કચ્છમાં વીજચોરો સામે વ્યાપક તપાસણી કરતાં ૧૫ જેટલા સ્થળોએ વીજચોરી પકડી પાડી હતી અને તમામને કુલ્લે રૂા. ૧૨.૨૫ લાખની પુરવણી બીલો ફટકાર્યા હતા.

★ અબડાસાના નારાયણનગરની સીમમાં સાડા આઠ વર્ષ પૂર્વે રાષ્ટ્રીય પક્ષી મોર અને ઢેલ ઉપર બંદૂકના ભડાકા કરી બે મોરને મારી નાંખી શિકાર કરવા બદલ નુંધાતડના એક આરોપીને તકસીરવાર ઠેરવીને તેને ૧૫ માસની સાદી કેદની સજા કરાઈ છે.

★ વાંકી (તા.મુંદ્રા)ના મુમુક્ષુ શિલ્પાબેન વશનજી છેડાનો વર્ધમાન સ્થાનકવાસી સંઘ, મીરા રોડ, મુંબઈ ખાતે લીંબડી સ્થાનકવાસી છ કોટી જૈન અજરામર સંપ્રદાયના ઉપક્રમે યોજાયો હતો. ઉજજવળ કુમારી મ.સા.ના શિષ્યા તરીકે તેમનું નૂતન નામ સૃષ્ટિકુમારી રાખવામાં આવ્યું હતું.

★ રાજ્યના વન વિભાગ દ્વારા બહાર પડાયેલા પરિપત્રનું ખોટું અર્થઘટન કરીને ભુજ તાલુકાના બન્ની વિસ્તારમાં ગેરકાયદે રીતે કોલસા બનાવવામાં મંડી પડેલા ધંધાર્થીઓ સામે અંતે લાલ આંખ કરીને કડક હાથે કામ લેવાતાં, સંબંધિતોમાં ભારે ફફડાટ ફેલાયો છે. છારી - ઢંઢ રક્ષિત વન વિસ્તારમાં બનેલા કોલસા અને બાવળના લાકડા ભરેલી ૧૧ ટ્રકો પકડવામાં આવી હતી.

★ પૂર્વ કચ્છના રાપર ખાતે અછત વર્ષ દરમિયાન શ્રમજીવીઓને

આપવાના અનાજનો જથ્થો બારોબાર વેચી મારવાના બહુચર્ચિત કૌંભાંડ અંતર્ગત અમદાવાદમાંથી વધુ રૂપિયા ૧૨ લાખની રકમ પોલીસે પરત મેળવી છે. આ રકમ અમદાવાદની પદ્માવતી મિલવાળા એક વ્યક્તિ પાસેથી મેળવાઈ છે. આ અગાઉ કરોડોના આ કૌંભાંડમાંથી રૂા. ૨૪ લાખ કચ્છ પોલીસને અન્ય વ્યક્તિએ સુપરત કર્યા હતા.

★ હરિયાણાના સૂરજકુંડ ખાતે યોજાયેલા રાષ્ટ્રીય કક્ષાના કલા કારીગર મેળામાં અજરખપુરના કચ્છી યુવાન હસ્તકલા કારીગર ખત્રી અબ્દુલ રહીમને વનસ્પતિ રંગમાં અજરખ પ્રિન્ટ ક્ષેત્રે ઉત્કૃષ્ટ બનાવટ બદલ પ્રથમ કક્ષાનો 'કલાનિધિ' ઍવોર્ડ મળ્યો હતો.

★ પશ્ચિમ રેલવેના જનરલ મેનેજરે કચ્છના સાંસદ શ્રી પુષ્પદાન ગઢવીને પત્ર પાઠવીને જણાવ્યું હતું કે બાંદ્રા - સુરત ઈન્ટરસિટી એક્સપ્રેસ ટ્રેઈનને ગાંધીધામ સુધી લંબાવવાની દરખાસ્ત સલામતીની દૃષ્ટિએ યોગ્ય ન હોઈ હાલ પૂરતી તે શક્ય નથી.

★ સમાજસેવક, લેખક અને વાર્તાકાર એવા વરિષ્ઠ વકીલ કે. પી. ગાલા બોમ્બે ઍડવોકેટ્સ એસોસિએશનના પ્રમુખ તરીકે બીજી વખત ચૂંટાઈ આવ્યા છે. આ સંસ્થા ૪૫૦૦ વકીલોની સભ્ય સંખ્યા ધરાવે છે અને ભારતની, વકીલોની મોટામાં મોટી સંસ્થા છે. શ્રી ગાલાની વય ૭૫ વર્ષની છે.

★ કચ્છના જાણીતા લોકગાયક - કથાકાર સદ્‌ગત વેલજીભાઈ ગજ્જરની સ્મૃતિમાં અંજારના વરસામેડીમાં બંધાયેલા સંકુલમાં સ્વ. વેલજીભાઈની પ્રતિમાનું અનાવરણ પ્રસિધ્ધ રામાયણી કથાકાર પૂ. મોરારીબાપુના હસ્તે કરવામાં આવ્યું હતું. ઉપરાંત અંજાર સુધરાઈ દ્વારા જાહેર થયેલા વેલજીભાઈ ગજ્જર માર્ગની તક્તીનું અનાવરણ પણ તેમના દ્વારા કરાયું હતું.

★ માંડવીના ધારાસભ્ય છબીલભાઈ પટેલની સક્રિય રજૂઆતને પગલે અને ગ્રામજનો દ્વારા થતી રજૂઆતોને ધ્યાનમાં લઈને વાડી વિસ્તારની મુશ્કેલી હલ કરવાના હેતુથી સીંગલ ફેઈઝ ઓછી ક્ષમતાના ટ્રાન્સફોર્મર દ્વારા રાત્રે વાડી વિસ્તારના રહેઠાણોમાં એપ્રિલ માસથી વીજ પુરવઠો આપવાનો નિર્ણય લેવાયો હતો.

★ જિલ્લા તોલમાપ કચેરીએ ભુજમાં વેપારી એકમોની ઓચિંતી તપાસ હાથ ધરી, કાયદાના ભંગ કરનારા ૪૯ પાસેથી સ્થળ પર દંડ વસૂલી, કાનૂની કાર્યવાહી હાથ ધરી હતી.

★ ભૂકંપમાં રાપર તાલુકા પંચાયત કચેરીનું મકાન ધ્વસ્ત થતાં ચાર વર્ષથી હંગામી મકાનમાં આ કચેરી કાર્યરત હતી. હવે રૂા. ૪૦ લાખના ખર્ચે નવી બનાવાયેલી તાલુકા પંચાયત કચેરીનું લોકાર્પણ કરાતાં આ કચેરી ત્યાં ખસેડાશે.

★ મુંબઈમાં યોજાયેલા દીક્ષા મહોત્સવમાં કકરવા (તા. રાપર) ગામના કુ. દક્ષાબેન રતનશી નંદુને દીક્ષા આપી તેમને દીક્ષાબાઈ મહાસતીજી નામ પ્રદાન કરાયું હતું. આ પ્રસંગે ઉછામણીની રૂા. ૧ કરોડની રકમ એકત્ર થઈ હતી, જે આરોગ્યધામ માટે વાપરવાની ઘોષણા કરાઈ હતી.

★ ચર્ચાસ્પદ કાટમાળ કૌંભાંડના ભુજ તાલુકાને લગતા કેસમાં કરોડોનું આ ષડયંત્ર આચરાયું તે માટે આ પહેલા ૭ તહોમતદારોને પકડવામાં આવ્યા હતા. ઉપરાંત ૧૦ બાંધકામ આવાસ નિરીક્ષકો (ઈજનેરો), બાદમાં ૧૦ ગ્રામ્ય પ્રજાકીય પ્રતિનિધિઓ અને તે પછી ૧૯ હંગામી ભૂકંપ આવાસ નિરીક્ષક આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

★ કેન્દ્ર સરકારે દેશભરની પ્રાથમિક શાળાઓમાં ચાલતા મધ્યાહ્ન ભોજન કેન્દ્રોને વધુ સુચારુ અને સુદ્રઢ બનાવવાનો નિર્ણય કર્યો છે. કચ્છના મુંદ્રા તાલુકાને રાજ્યભરના મધ્યાહ્ન ભોજન કેન્દ્રો માટે પાઈલોટ પ્રોજેક્ટ તરીકે પસંદ કરાયો છે અને લોક ભાગીદારીના સુંદર પ્રદર્શન સાથે આ તાલુકાના પાંચ મધ્યાહ્ન ભોજન કેન્દ્રના (ગોએરસમા, બરાયા, લાખાપર, મોટા કપાયા અને મુંદ્રા) સ્વતંત્ર રસોડાઓનું ખાતમુહૂર્ત કરાયું હતું.

★ નર્મદાના પ્રશ્ને ગુજરાત હાઈકોર્ટમાં ચાલતા ખટલાની કાર્યવાહી પર મીટ માંડી બેઠેલા કચ્છીઓને વારંવાર નિરાશા સાંપડે છે. અંતિમ સુનાવણી માટે હાઈકોર્ટમાં કેસ આગળ વધતો નથી અને તેની વારંવાર તારીખો પડે છે. કચ્છીઓની આ રીટ અરજી ૧૯૯૯થી હાઈકોર્ટમાં પેન્ડિંગ છે.

★ મંજુ ખેરાજ સાવલા (તા. બારોઈ) લિખિત "નિસર્ગના સાન્નિધ્યમાં" પુસ્તકને ઘનશ્યામદાસ શરાફ સાહિત્ય પુરસ્કાર માટે સર્વોત્તમ સાહિત્ય પુરસ્કાર - ૨૦૦૩ જાહેર કરેલ છે. તેમજ કલાગુર્જરી નામની સંસ્થા દ્વારા આયોજિત "ગીચ ગુર્જરી પારિતોષિક સ્પર્ધા - ૨૦૦૪" આ પુસ્તકને દ્વિતીય પુરસ્કાર જાહેર થયેલ છે.

★ બોમ્બે સ્ટોક એક્સચેન્જ તરફથી ભચાઉની સંસ્થાઓને ઉથી ૩.૫ કરોડનું દાન મળ્યું છે. આ માટે બોમ્બે સ્ટોક એક્સચેન્જની ગવર્નિંગ બોડીના સભ્ય (લાકડિયા - ભચાઉ)ના નાગજી કેશવજી હીરાનું માર્ગદર્શન સંસ્થાને મળ્યું હતું.

★ કચ્છી કવિ શ્રી કલ્યાણજી સાવલા "ઉર્મિલ"ને દિલ્હીમાં ઓલ ઈન્ડિયા હ્યુમન રાઈટ્સ એસોસિએશન દ્વારા "માનવ મિત્ર"ના ઈલકાબથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

★ કચ્છી જૈન ગુર્જર સમાજ - માટુંગા, મુંબઈ (પાખાડી) તરફથી સમાજ રત્ન ઍવોર્ડ મેળવનાર માંડવીના સેવાભાવી જૈન દંપતી જયશ્રીબેન અને રાજેન્દ્ર માણેકલાલ શાહનું માંડવીમાં વીસા શ્રીમાળી ઓસવાળ જૈન ગુર્જર જ્ઞાતિના ઉપક્રમે યોજાયેલા કાર્યક્રમમાં ૧૮ સંસ્થાઓએ તેમનું સન્માન કર્યું હતું.

★ લાકડિયા (તા. ભચાઉ)ના એક કાર્યક્રમમાં આવેલા કેન્દ્રના

રેલવે રાજ્યમંત્રી શ્રી નારણભાઈ રાઠવાને આવેદનપત્ર સુપરત કરીને અંજાર વિભાગના ધારાસભ્ય ડૉ. નીમાબેન આચાર્યએ કચ્છથી વડોદરાની ઈન્ટરસિટી ટ્રેઈન પુનઃ શરૂ કરવા સહિતની રેલવે અંગેની અનેક રજૂઆતો કરી હતી.

★ વિધાનસભામાં શિવજીભાઈ આહીરને મુખ્યમંત્રી દ્વારા જણાવવામાં આવ્યું હતું કે માંડવી, કોટેશ્વર અને જૂના મુંદ્રા બંદરે ખાનગી મૂડી રોકાણથી અને ગુજરાત મેરી ટાઈમ બોર્ડના પોતાના ભંડોળમાંથી બંદરીય સુવિધાઓ વિકસાવવાનું નક્કી કરાયું છે.

★ દેશની પશ્ચિમ સીમાએ આવેલા કચ્છના જખૌ બંદર ખાતે ભારતીય તટરક્ષક દળનું થાણું વિધિવત્ રીતે એક સમારંભમાં મહા નિર્દેશક વાઈસ ઍડમિરલ અરુણકુમાર સિંગે ખુલ્લું મૂક્યું હતું.

★ વાપી (દક્ષિણ ગુજરાત)માં કચ્છી જૈન સમાજ - વાપી દ્વારા મિલન સંધ્યા કાર્યક્રમનું આયોજન થયું હતું. જેમાં વાપી સમાજના સભાસદોના સરનામા - ટેલિફોન નંબર સાથે "વાપી સંપર્ક સેતુ" ડિરેક્ટરીનું વિમોચન કચ્છ જિલ્લા પંચાયતના પ્રમુખ કુ. જાગૃતિ બાબુભાઈ મેઘજી શાહના હસ્તે કરવામાં આવ્યું હતું. આ સમારંભમાં દક્ષિણ ગુજરાત કચ્છી વીસા ઓસવાળ એકમના પદાધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

★ જર્મનની થોમસ અને ક્લાઉડીએ ભુજમાં ભારતીય સંસ્કૃતિ મુજબ હિંદુ સનાતન ધર્મ અંગીકાર કરીને લગ્નગ્રંથિથી ભુજમાં જોડાયા હતા. આ લગ્ન સાજન માજન અને જોડિયાની હાજરીમાં મીરઝાપર રોડ પરના શક્તિ ધામમાં થયા હતા.

★ કચ્છના કેળવણીકાર, શિક્ષણ ક્ષેત્રના આજીવન સેવાના ભેખધારી પ્રો. વખતસિંહ જાડેજાએ જીવનના ૭૫મા વર્ષમાં પ્રવેશતા ભુજની નારાયણી શક્તિ સંગઠનની સાથે શહેરની ૧૪ જેટલી સંસ્થાઓ દ્વારા તેમનું બહુમાન કરાયું હતું.

★ ભુજ તાલુકામાં પચ્છમની રણકાંધીએ આવેલા કાળા ડુંગરમાંથી રેતી, પત્થર અને કંજરીના બિનઅધિકૃત ઉત્ખનનના અને રોયલ્ટી ચોરી પ્રકરણમાં ૧૧ આસામીઓ સાથે સાડા દસ કરોડની રોયલ્ટી ચોરીની ફોજદારી ફરિયાદ થઈ છે. છેલ્લા ચારેક વર્ષથી આ ઉત્પાદન અનઅધિકૃત રીતે કરાતું હતું.

★ દક્ષિણ ભારતના સુનામીગ્રસ્તોને મદદ માટે કચ્છમાંથી મુખ્યમંત્રી રાહત ફંડમાં કચ્છની રાહત અઢી કરોડે પહોંચી હતી (તા. ૧૬-૨-૨૦૦૫ સુધી)

★ કચ્છની જીવાદોરી સમાન નર્મદા યોજનાનું સરદાર સરોવર જ્યાં આવેલું છે તે કેવડિયા કોલોનીથી ૨૮ કિલોમીટર દૂર વડોદરા જિલ્લામાં ૩ની તીવ્રતાનો ધરતીકંપનો આંચકો રિક્ટર સ્કેલ પર નોંધાયો હતો. સરદાર સરોવર સલામત છે અને કોઈ નુકસાનીના અહેવાલ નથી.

★ કોઠારા (તા. અબડાસા)નું ૫૦૦ કિ.વો.નું ગેસીફાયર વીજપ્લાન્ટ ૧૯૯૯માં સ્થાપવામાં આવ્યું હતું અને વીજ ઉત્પાદન માટે લાકડા - ડિઝલનો ઉપયોગ થતો હતો. ડિઝલના ભાવ વધારાથી ઉત્પાદન મોંઘું પડતું હોવાથી પ્લાન્ટ સંપૂર્ણ ગેસીફાયરમાંથી ઉત્પન્ન થયેલા ગેસમાંથી જ ચાલશે તેવું આયોજન છે. તે માટે કેન્દ્ર સરકાર પાસેથી નાણાંકીય સહાય માંગવામાં આવી છે. જે મળ્યા પછી પ્લાન્ટ પુનઃ શરૂ કરાશે. છબીલભાઈ પટેલના પ્રશ્નના જવાબમાં મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વિધાનસભામાં આમ જણાવ્યું હતું.

★ નરેડી (તા. અબડાસા) ગામે બપોરા યોજના હેઠળ અપાતું અનાજ અખાદ્ય અને સડેલું હોવાને કારણે તેવી વાનગી આરોગ્યા પછી વિદ્યાર્થી બાળકોના આરોગ્ય પર અસર થઈ રહી છે તેવા આક્ષેપ સાથે ગ્રામ પંચાયતના પદાધિકારીઓએ તપાસની માંગણી કરી છે.

★ નખત્રાણાની શેઠ કે.વી. સરકારી હાઈસ્કૂલમાં ચાલુ વર્ષે છત પરથી પોપડાં પડતાં બે વિદ્યાર્થીઓને માથામાં ઈજા થઈ હતી. આ બનાવથી વાલીઓમાં રોષ ફેલાયો છે. સાડા ચાર દાયકા અગાઉ બનેલી આ માધ્યમિક શાળાની ઈમારત ભૂકંપ બાદ ખૂબજ જર્જરિત હાલતમાં છે. ભૂકંપ બાદ આ ઈમારતમાં પડેલી તિરાડો તેમજ ભયજનક છત રીપેર કરવાનું શિક્ષણ તંત્રને સૂઝ્યું નથી.

★ દૂર દૂરથી આવતા યાત્રાળુ અને સંઘોની સતત આવજાવને લીધે જરૂરિયાત મુજબ કોઠારા (તા. અબડાસા)માં યાત્રાળુઓની સગવડ માટે નવું યાત્રિક ગૃહ નિર્માણ પામશે. નવા અતિથિ ગૃહનું ભૂમિપૂજન અને ખનન મુહૂર્ત કાર્યક્રમો યોજાયા હતા. અતિથિ ગૃહના પાયામાં શિલા વિધિવિધાન સાથે મૂકવામાં આવેલ.

★ ભુજના રીક્ષા ડ્રાઈવર ફૈઝલ સમેઝાએ પોતાની રીક્ષામાં દાગીના - રોકડ ભરેલી બેગને ભૂલી જનાર તેના માલિકને શોધી બેગ પરત કરી હતી. અન્ય રીક્ષા ચાલકે એક મુસાફરના પાસપોર્ટ સહિતના અગત્યના દસ્તાવેજો મૂળ માલિકને પરત કરી પ્રામાણિકતા દેખાડી હતી.

★ હાથવણાટ પછેડી (દુપટ્ટા માટે), આરી ભરતના તોરણ માટે, માટીકામની પ્લેટ માટે અને કચ્છી ટ્રેડિશનલ જ્વેલરી માટે રાજ્યપાલ નવલકિશોર શર્માના હસ્તે કચ્છના આ કલાઓના ચાર હસ્તકલા કારીગરો સહિત રાષ્ટ્રીય અને રાજ્યકક્ષાના ૧૦ શ્રેષ્ઠ હસ્તકલા કારીગરોને ગાંધીનગરમાં સન્માનવામાં આવ્યા હતા.

★ ગુજરાત રાજ્ય બોડી બિલ્ડર્સ એસોસિએશનના સહકારથી કચ્છ જિલ્લા બોડી બિલ્ડર્સ એસોસિએશન દ્વારા ગાંધીધામમાં રાજ્ય કક્ષાની બોડી બિલ્ડર્સ અને મિ. ગુજરાત સ્પર્ધાનું પ્રથમવાર આયોજન થયું હતું. જેમાં વાપીના સ્પર્ધક ફદરૂનિયાઝ અહમદને મિ. ગુજરાતનું બિરૂદ અપાયું હતું.

★ ગાંધીધામમાં ચાર અજાણ્યા લૂંટારૂઓએ ભરબપોરે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં નાણા જમા કરાવવા જઈ રહેલા સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્રના હેડ કેશિયર તથા પટાવાળાની સ્કૂટીને ટક્કર મારીને ચોરેલી ગાડીમાં આવેલા લૂંટારૂઓએ ૧૦ લાખની રોકડ તફડાવી લીધી હતી. આ બનાવથી આખું શહેર હચમચી ગયું હતું. ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સે ઊંડી ચિંતા દર્શાવી લૂંટારૂઓને તત્કાળ જેર કરવાની માંગણી કરી હતી. આ લૂંટ પછવાડે કચ્છ બહારની કોઈ ગેંગ હોવાનું અનુમાન થઈ રહ્યું છે. નાણાં લઈ જતી - લાવતી વખતે બેંકના નિયમ મુજબ વાહનમાં ન લઈ જવા માટે સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્રના બે કર્મચારીઓ સસ્પેન્ડ કરાયા હતા.

★ વર્ષ ૨૦૦૪માં ૩૬૫ દિવસમાં ૬૪૩ ચોરીઓ કચ્છમાં નોંધાઈ હતી. જે દર્શાવે છે કે કચ્છમાં તસ્કરી રાજ પ્રવર્તે છે. આ માટે ગુના શોધવાની પોલીસની કામગીરી ઘણી જ નબળી રહી છે. ચાલુ વર્ષના પ્રથમ બે માસમાં પણ કચ્છમાં ઘણી ચોરીઓ નોંધાઈ છે. કચ્છની પોલીસ માટે આ લાંછનરૂપ છે. વળી લૂંટ અને ધાડના પણ અનેક કેસ નોંધાયા છે પણ એવા બનાવો શોધી કાઢવાનું પ્રમાણ ઘણું ઓછું છે.

★ ભુજથી પંચમહાલ જવા ઉપડેલી એસ.ટી. બસમાં પ્રવાસ કરી રહેલી એક મહિલાને ભચાઉ નજીક પ્રસૂતિની વેદના થતાં બસને સીધી સરકારી દવાખાને લઈ જવાઈ હતી જ્યાં મહિલાને હેમખેમ પ્રસૂતિ થઈ હતી.

★ પોલીસ તંત્રની આગવી કોઠા સૂઝ અને જાગૃત પ્રજાજનોના પારસ્પરિક સંકલનને પરિણામે માંડવી તાલુકામાં ચોમેર મંદિરો, રેઢા રહેઠાણોની ચોરીઓ કરનાર ટોળકીના પાંચ સભ્યો પકડાતાં આવી નવ ચોરીના ભેદ ખૂલ્યા છે.

★ મુંદ્રામાં ભરચક વિસ્તારમાં એક સાથે ચાર દુકાનોમાં ચોરી થતાં પોલીસ તંત્ર ચોંકી ઉઠ્યું છે. જ્યાં ચોરી થઈ છે તે બસ સ્ટેશનની નજીકનો જાગતો વિસ્તાર છે. ઔદ્યોગિકીકરણ પછી મુંદ્રામાં પરપ્રાંતિય શ્રમિકો મોટી સંખ્યામાં પડ્યા પાથર્યા રહે છે, જે અંગે પોલીસે સતર્ક રહેવા જેવું છે.

★ અંજાર વિભાગના ધારાસભ્ય ડૉ. નીમાબેન આચાર્યએ કચ્છની નર્મદા કેનાલનું ૭૫ કિ.મી.નું કામ ઝડપભેર હાથ ધરવા તથા નર્મદાની પાણીની પાઈપ લાઈનના વિકલ્પે તૈયાર થયેલી મચ્છુ-૨ ની લાઈન અનામત રાખી, જરૂર પડે તેનાથી કચ્છના ઉદ્યોગોને પાણી આપવા વિધાનસભામાં સરકારને અનુરોધ કર્યો હતો.

★ કચ્છની જળસંકટ નિવારણ સમિતિ અને અન્યોએ નર્મદા યોજનાથી કચ્છને મળનારા પાણી અંગે તેમણે કરેલી રીટ પિટીશનનો ફેંસલો ન થાય ત્યાં સુધી કચ્છ શાખા નહેરના બાંધકામ સામે તથા ખેડૂતોને નર્મદા નીરના અધિકારપત્ર આપવા સામે મનાઈ હુકમની માંગણી સાથે હાઈકોર્ટમાં રીટ કરી હતી. આ મનાઈ હુકમની માંગણી થતા રાપર અને ભચાઉ તાલુકામાં ઉચાટ ઉત્પન્ન થયો હતો અને આ તાલુકાના લોકોમાં બે ભાગ પડી ગયા હોય તેમ જણાતું હતું. દરમિયાન, ભુજના સિનિયર ધારાશાસ્ત્રીઓ તથા આગેવાનોએ કચ્છને નર્મદા કેસનો ચુકાદો ત્વરાએ આપવા ગુજરાત હાઈકોર્ટને અનુરોધ કર્યો હતો.

★ અપૂરતો વરસાદ અને સમયસર પાછોતરા વરસાદના અભાવે અબડાસા અને લખપતમાં દુષ્કાળની સ્થિતિ પરાકાષ્ઠાએ પહોંચી છે. કપરા કાળમાં લોકોને મદદરૂપ થાય તેવી અછત રાહતની કામગીરી વહીવટી તંત્ર દ્વારા હજુ શરૂ કરાઈ નથી. રોજી રોટીના મુદ્દે થતા આ વિલંબ સામે રોષ વ્યક્ત કરવા અને અછત રાહત કાર્યવાહી હાથ ધરાય તે માટે ૨૧મીથી લડત શરૂ કરાશે.

★ ભૂકંપ પછી કચ્છમાં ચકચાર મચાવનાર કાટમાળ કૌભાંડની તાલુકાવાર તપાસ હાથ ધરાઈ રહી છે. ભુજ તાલુકા પછી લાંચ રુશવત વિરોધી ખાતાએ ભચાઉ તાલુકાની છાનબીન શરૂ કરીને પાંચ આવાસ નિરીક્ષકોની ધરપકડ કરી હતી.

★ કચ્છમાં ભૂકંપ પછી અનેકવિધ ગેરરીતિઓ આચરવામાં આવી છે. મકાન સહાયમાં પણ લાભાર્થીઓથી માંડી પંચાયતી પદાધિકારીઓએ ગરબડ કરી છે અને ઘણાએ બેવડી મકાન સહાય લીધેલ છે. એકલા ભચાઉમાં આવા ૧૧૭ સભ્યોની સંડોવણી બહાર આવી છે અને તેમની સામે કડક કાર્યવાહી થનાર છે.

★ માંડવીમાં ટ્રાફિકને નડતરરૂપ મનાતા ગેરકાયદે દબાણો હટાવવાની ઝુંબેશ શરૂ થવાની શક્યતા ઊભી થતાં દબાણકારોમાં ફફડાટ ફેલાયો હતો. ઘણે સ્થળે દબાણકારોએ સ્વેચ્છાએ પોતાની કેબિનો - ગલ્લા હટાવ્યા હતા.

★ ગાંધીધામમાં નગર પાલિકાએ હાથ ધરેલી દબાણ હટાવ ઝુંબેશને નાગરિકોમાં ભારે આવકાર મળ્યો છે ત્યારે બીજી બાજુ લારીવાળા, કેબિનધારકો, વ્યાપારી મંડળો નારાજ થઈ અચોક્કસ મુદતના બંધની લડતની શરૂઆત કરી હતી. આદિપુરમાં બંધને સજ્જડ ટેકો મળ્યો હતો જ્યારે ગાંધીધામમાં મુખ્ય બજાર સિવાય બીજે અસર નબળી જણાતી હતી.

★ રાજસ્થાનના બાડમેરથી કચ્છના મુખ્ય મથક ભુજ સુધી ૫૧૦ કિલોમીટર લાંબી ૭ દિવસની સાઈકલ યાત્રા આદરનાર ફૌજી જવાનોની ટુકડીને ભુજના લશ્કરી મથકે રાજવી પરિવારના મોભી પ્રાગમલજી ત્રીજા તેમજ બ્રિગેડિયર જ્યોર્જ જવાન આવકારવા ઉપસ્થિત રહ્યા હતા.

★ કચ્છમાં છેલ્લા એક વર્ષ દરમિયાન ડોક્ટરની દવાની ચિઠ્ઠી વગર ગ્રાહકોને દવાઓ વેચનારા પાંચ વેપારીઓ સામે કાયદેસર પગલાં ભરી તેમના પરવાના રદ કરવામાં આવ્યા હોવાનું ઔષધ નિયંત્રણ વિભાગ દ્વારા જણાવાયું છે.

## શ્રી કચ્છી જૈન ભવન - મેડિકલ વિભાગ

વર્ષ ૨૦૦૪-૨૦૦૫ દરમ્યાન મેડિકલ સેન્ટરનો લાભ લેનાર વ્યક્તિઓ વગેરેની વિગત આ સાથેના સ્ટેટમેન્ટમાં આપેલ છે, જેના પરથી આ મેડિકલ સેન્ટરની વર્ષ દરમ્યાન થયેલ ઉપયોગિતાનો અંદાજ આવી શકશે. સાથે સાથે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યોએ મેડિકલ સેન્ટરની લીધેલ સેવાની પણ વિગત આપેલ છે.

| | *કુલ રીસીપ્ટ (લાભ લેનાર વ્યક્તિઓ)* | *કુલ રકમ* | *શ્રી કચ્છી જૈન સેવા સમાજના સભ્યો* | *શ્રી કચ્છી જૈન સેવા સમાજના સભ્યોને ડિસ્કાઉન્ટ* |
|---|---|---|---|---|
| એપ્રિલ-૦૪ | ૬૬૪૯ | ૫,૫૫,૫૭૫ | ૨૬૫ | ૪૦,૧૮૫ |
| મે-૦૪ | ૬૭૪૧ | ૫,૧૯,૮૬૦ | ૨૩૪ | ૩૧,૨૪૦ |
| જૂન-૦૪ | ૭૨૩૩ | ૫,૪૧,૮૯૦ | ૩૧૬ | ૨૯,૧૦૫ |
| જુલાઈ-૦૪ | ૭૮૩૫ | ૫,૫૭,૪૬૫ | ૩૭૨ | ૨૬,૫૫૦ |
| ઓગસ્ટ-૦૪ | ૬૨૭૩ | ૪,૨૬,૪૪૫ | ૨૫૪ | ૧૯,૧૨૫ |
| સપ્ટેમ્બર-૦૪ | ૭૧૭૯ | ૫,૩૭,૩૬૫ | ૨૫૮ | ૧૯,૦૬૫ |
| ઓક્ટોબર-૦૪ | ૭૩૧૩ | ૬,૦૨,૦૫૦ | ૨૯૬ | ૩૨,૫૭૦ |
| નવેમ્બર-૦૪ | ૫૮૫૪ | ૪,૭૮,૨૫૫ | ૧૫૬ | ૧૩,૨૫૫ |
| ડિસેમ્બર-૦૪ | ૭૫૪૫ | ૬,૫૫,૪૭૫ | ૨૮૦ | ૪૫,૩૨૫ |
| જાન્યુઆરી-૦૫ | ૫૮૭૯ | ૫,૧૮,૬૧૦ | ૨૩૪ | ૨૩,૧૨૫ |
| ફેબ્રુઆરી-૦૫ | ૭૬૨૯ | ૬,૦૮,૧૫૫ | ૩૫૭ | ૩૬,૧૯૦ |
| માર્ચ-૦૫ | ૮૯૬૦ | ૭,૦૦,૦૧૦ | ૩૬૩ | ૩૭,૬૭૦ |
| *કુલ* | *૭૯,૧૦૫* | *૬૦,૦૧,૧૪૫* | *૩૩૮૫* | *૩,૫૩,૪૦૫* |

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના અતિથિ ભવનો

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા અમદાવાદમાં વિવિધ સ્થળે ત્રણ અતિથિ ભવન ચલાવવામાં આવે છે કે જેમાં પાલડી તથા ગીતા મંદિરના અતિથિ ભવનોમાં માત્ર કચ્છી જૈન પરિવારોને સુવિધા આપવામાં આવે છે, જ્યારે શાહીબાગ ખાતે અન્યોને પણ આ સુવિધા પૂરી પાડવામાં આવે છે. આ ત્રણે અતિથિ ભવનોની વર્ષ ૨૦૦૪-૨૦૦૫ની વિગતો નીચે પ્રમાણેના કોઠામાં, લોકોની જાણ માટે પ્રસારિત કરવામાં આવેલ છે. વર્ષ દરમિયાન લગભગ ૪૦,૦૦૦ વ્યક્તિઓએ આ ભવનોનો લાભ લીધેલ છે.

### દરેક ભવન પર લાભ લેનાર લાભાર્થીઓની અને આવકની વિગત

| | શ્રી સેવા ભવન (એસ.ટી.) | | શ્રી કચ્છી જૈન ભવન (પાલડી) | | શ્રી કચ્છી વિશ્રામ ગૃહ (શાહીબાગ) | |
|---|---|---|---|---|---|---|
| માસ | વ્યક્તિઓ | આવક | વ્યક્તિઓ | આવક | વ્યક્તિઓ | આવક |
| એપ્રિલ-૦૪ | ૫૪૧ | ૧૧,૦૮૫ | ૧૭૨૩ | ૧,૧૫,૦૦૦ | ૧,૫૨૮ | ૨,૦૫,૪૦૦ |
| મે-૦૪ | ૬૧૫ | ૧૨,૩૯૦ | ૧૭૧૮ | ૧,૩૧,૬૫૦ | ૧,૭૯૯ | ૨,૭૫,૨૦૦ |
| જૂન-૦૪ | ૬૪૫ | ૧૨,૪૬૦ | ૯૯૮ | ૧,૧૭,૨૦૦ | ૧૮૫૧ | ૨,૫૭,૧૦૦ |
| જુલાઈ-૦૪ | ૫૩૬ | ૧૧,૨૬૦ | ૮૭૩ | ૧,૩૨,૫૦૦ | ૧૭૨૦ | ૨,૪૮,૧૦૦ |
| ઓગસ્ટ-૦૪ | ૫૨૨ | ૯,૭૬૫ | ૭૧૧ | ૮૦,૩૦૦ | ૧૫૮૮ | ૧,૯૧,૭૦૦ |
| સપ્ટેમ્બર-૦૪ | ૬૧૫ | ૧૨,૯૦૦ | ૯૬૧ | ૧,૨૬,૭૦૦ | ૧૭૫૧ | ૨,૨૯,૬૦૦ |
| ઓક્ટોબર-૦૪ | ૭૦૫ | ૧૪,૭૪૦ | ૮૮૯ | ૧,૩૮,૮૦૦ | ૧૬૮૯ | ૧,૮૯,૭૦૦ |
| નવેમ્બર-૦૪ | ૭૮૦ | ૧૩,૮૮૦ | ૧૨૨૩ | ૧,૦૨,૩૦૦ | ૧૬૦૦ | ૧,૭૮,૮૦૦ |
| ડિસેમ્બર-૦૪ | ૭૦૫ | ૧૭,૧૧૦ | ૯૨૭ | ૧,૧૨,૧૦૦ | ૧૯૫૮ | ૧,૭૮,૨૦૦ |
| જાન્યુઆરી-૦૫ | ૫૬૩ | ૧૧,૮૦૦ | ૬૭૮ | ૭૧,૯૦૦ | ૧૬૧૪ | ૧,૯૬,૪૦૦ |
| ફેબ્રુઆરી-૦૫ | ૬૬૩ | ૧૨,૬૭૦ | ૬૬૩ | ૮૦,૧૨૮ | ૧૨૭૭ | ૧,૭૧,૪૦૦ |
| માર્ચ-૦૫ | ૬૬૧ | ૧૩,૦૧૦ | ૭૯૬ | ૮૩,૯૦૦ | ૧૭૭૩ | ૨,૦૧,૨૦૦ |
| | *૭,૫૫૧* | *૧,૫૩,૦૮૦* | *૧૨,૧૬૦* | *૧૨,૯૨,૪૭૮* | *૨૦,૧૪૪* | *૨૫,૨૨,૮૦૦* |

# દીપોત્સવ અને નૂતનવર્ષની શુભેચ્છાઓ

# સ્વજનો-મિત્રોને ભેટ આપવા જેવાં જીવનપ્રેરક પુસ્તકો

| | | |
|---|---|---|
| વાત ચાલતી રહે | વર્ષા પાઠક | 250 |
| જીવનઘડતરનાં 21 મોતી | નીતેશ શાહ | 80 |
| આનંદ લહેર | સદ્ગુરુ | 290 |
| અંધારાં ભેદતો ઉજાસ | નાથાલાલ ગોહિલ | 180 |
| સંઘર્ષથી સિદ્ધિ સુધી | અમલા પરીખ | 120 |
| અંતરમનનો આસ્વાદ | ભૂમિકા વિરાણી | 150 |
| નારીવાદી વિચારણા | ઈલા આરબ મહેતા | 140 |
| ઘરથી ઘર સુધી | હિતેન આનંદપરા | 151 |
| ફલક | શિશિર રામાવત | 150 |
| અભાવનું ઐશ્વર્ય (પુરસ્કૃત) | ભગીરથ બ્રહ્મભટ્ટ | 100 |
| દિલકે ઝરોખોં સે | કામિની સંઘવી | 115 |
| પગલે પગલે અમીરસ | પ્રતાપભાઈ ત્રિવેદી | 140 |
| માણસાઈની કેળવણી (પુરસ્કૃત) | મનસુખ સલ્લા | 300 |
| મુક્તકંઠ | પ્રવીણ ગઢવી | 200 |
| પ્રેમ જિંદગીનું સરનામું | દિનેશ દેસાઈ | 180 |
| સફળતાનો અભિગમ | દક્ષા પટેલ, રાજેન્દ્ર પટેલ | 80 |
| સારપના સાથિયા | બાબુભાઈ સોલંકી | 120 |
| ક્રોધપુરુષ | આચાર્ય જયદર્શનસૂરિ મહારાજ | 130 |
| વિશ્વ આધુનિક કેવી રીતે બન્યું | પ્રવીણ જ. પટેલ | 200 |
| પાથેય (વ્યક્તિત્વવિકાસના લેખો) | પંકજ ઔંધિયા | 160 |
| વાટે-ઘાટે | અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ | 80 |
| પ્રસંગમાધુરી | ધીરુભાઈ ઠાકર | 130 |
| મારી નોંધો પોતાના માટે | હસમુખ અઢિયા | 30 |
| મારી નોંધો પોતાના માટે (ડિલક્સ) | હસમુખ અઢિયા | 100 |
| ચરણ ના રુકે | દિલીપ રાણપુરા | 150 |
| પ્રગતિને પંથે | મૃણાલિની દેસાઈ | 55 |
| સહચિંતન | યશવન્ત મહેતા | 42 |
| લીલો ટહુકો | લાલજીભાઈ પ્રજાપતિ | 70 |

















## અન્વેષણ

લે . પેશ કે. ભટ્ટ,

કિંમત: 250

અન્વેષણ એટલે ઓડિટ. જો પોતાનું ઓડિટ કરવાનું હોય તો એ માટે પોતાના કરતાં બીજો સારો ઓડિટર કોઈ હોઈ શકે ખરો ? પોતાના જીવનનું ઓડિટ કરવાની પ્રેરણા આપતા 60 લેખોનો આ સંગ્રહ વાચકોને ખૂબ પ્રેરણા આપશે. જીવનની આસપાસની ઘટનાઓનું તર્કબદ્ધ ઓડિટ કરવાની તાજગી આપતું પુસ્તક.

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

આ પુસ્તકોનાં પ્રાપ્તિ-સ્થાનો

**ગૂર્જર સાહિત્ય ભવન**
રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ 380001
ફોન : 07922144663, 09227055777 e-mail: goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, સીમા હૉલ સામે, પ્રહ્લાદનગર, અમદાવાદ-380015
ફોન : 26934340, 98252 68759 Email. : gurjarprakashan@gmail.com,
website : gspbooksmall.com

# સવાલ અમારો... જવાબ તમારો.....

મણકો ૨૦

**સંકલન - સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી (ગાંધીધામ - અમદાવાદ)**
(સમાજના ભૂતપૂર્વ મંત્રી તથા 'મંગલ મંદિર'ના પ્રથમ ભૂતપૂર્વ તંત્રી)

*અહીં ૧૦ પ્રશ્નો આપવામાં આવેલા છે. તે તમામના સાચા જવાબ આપવાના છે. સાચા જવાબો આપનાર વાચકોમાંથી લક્કી ડ્રો કરી પાંચ વાચકોને યોગ્ય ઈનામ આપવામાં આવશે. વધુમાં વધુ સંખ્યામાં ભાગ લેવા વિનંતી.*

*તો આવો, આ એક નવીનતમ શ્રેણીના જવાબ આપવા થઈ જાઓ તૈયાર... ઉઠાવો કલમ...*

**★ આપે આટલું કરવાનું છે :**

- *આપના જવાબો, અંક મળ્યેથી ૧૦ દિવસમાં સમાજના પાલડી ભવન કાર્યાલયે મોકલી આપવાના છે.*
- *કવર ઉપર "સવાલ અમારો – જવાબ તમારો" સ્પર્ધા લખવાનું છે.*
- *જવાબના પત્ર ઉપર આપનું નામ, સરનામું, મોબાઈલ નંબર લખવો.*
- *આ એક ઉત્તમ પ્રયાસ છે. થોડી મહેનત કરશો. શોધખોળ કરશો... પ્રયત્ન કરશો... આપના જાણીતા અને અનુભવેલા પ્રશ્નો છે. આપને જરૂર આવડશે... આપનું નામ પ્રસિધ્ધ થશે... આપને આનંદ આવશે. સમાજ પ્રત્યે દિલચસ્પી વધશે.*

*તો આવો, તૈયારી કરીએ... જવાબ લખવાની...*

## • આ અંકના સવાલો •

૧. સમાજનું બેંક એકાઉન્ટ ________ બેંકમાં છે. (બેંક ઓફ બરોડા, કેનેરા બેંક, બેંક ઓફ ઈન્ડિયા)

૨. મેડિકલ સેન્ટર – પાલડીના ટેલીફોન નંબર ________ છે. (૪૮૯૦ ૬૦૦૧, ૪૮૯૦ ૬૦૦૪, ૪૮૯૦ ૬૦૦૩)

૩. 'મંગલ મંદિર'નું ૫ વર્ષનું લવાજમ રૂા. ________ છે. (૪૦૦, ૬૦૦, ૮૦૦)

૪. 'મંગલ મંદિર'ના નવેમ્બર અંકમાં શબ્દ રમત નંબર ________ છે. (૨૧૨, ૧૧૬૮, ૨૧૧)

૫. પરમકૃપા મેડિકલ સેન્ટર ________ ખાતે આવેલ છે. (જશોદાનગર, ચાંગોદર, પાલડી)

૬. સપ્ટેમ્બર ૨૦૨૪ દરમિયાન શાહીબાગ - ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટરમાં ________ વ્યક્તિઓએ લાભ લીધો. (૨૬૨, ૫૭૨, ૧૬૩)

૭. યુવા વિકાસ સમિતિનો એક કાર્યક્રમ તા. ________ ના રોજ યોજાઈ ગયો. (તા. ૧૨-૧૦-૨૪, તા. ૨૧-૧૦-૨૪, તા. ૨૬-૯-૨૪)

૮. સ્પંદન સંસ્થાના સ્થાપક ________ છે. (ફાલ્ગુની શાહ, ડૉ. કોમલ દવે, ડૉ. સંગીતા ગુપ્તા)

૯. અમદાવાદમાં વસવાટ કરતા કચ્છના જૈન પરિવારોમાંથી ________ પરિવારોનો સર્વે કરવામાં આવ્યો. (૭૦૦, ૭૫૩, ૮૩૨)

૧૦. 'મંગલ મંદિર'માં એક ફૂલ પેઈજ મલ્ટિકલર જાહેરાતનો ભાવ રૂા. ________ છે. (૬૫૦૦, ૫૦૦૦, ૪૫૦૦)

## • મણકા—૧૯ ના સવાલોના સાચા જવાબો •

૧. ભારતની પ્રથમ મેટ્રો ટ્રેન **ભુજ**ને ફાળવાઈ.

૨. વિશ્વ શિક્ષક દિન : **૫ ઓક્ટોબર.**

૩. નાણા તીર્થમાં મૂળનાયક **મહાવીર સ્વામી** ભગવાન છે.

૪. ઓગસ્ટ માસમાં શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગમાં કેટલા પેસેન્જરે લાભ લીધો? **૨૧૬૨**

૫. સમાજનો વાર્ષિક સ્નેહમિલન - સ્વામિવાત્સલ્ય તા. **૧૫ સપ્ટેમ્બર**ના રોજ યોજાયો હતો.

૬. હજારો વર્ષ જીવતો અજાયબ છોડ : **વેલ્વેશિયા**.

૭. હવે દિવાળી પછી વિક્રમ સંવત **૨૦૮૧** મું આવશે.

૮. સરસ્વતી સન્માન સમારોહ સંચાલન સમિતિના કન્વીનર કોણ હતા? **મનીષભાઈ વીરા.**

૯. નવદુર્ગાના કેટલા સ્વરૂપ છે? **નવ**

૧૦. ભગિની નિવેદીતાનો જન્મ **૨૮ ઓક્ટોબર ૧૮૬૩**ના દિવસે થયો હતો.

***મણકા-૧૯ (મંગલ મંદિર નવેમ્બર-૨૦૨૪ અંકમાં પૂછાયેલા પ્રશ્નો)ના સાચા જવાબ આપનાર ભાગ્યશાળીઓના નામ નીચે મુજબ છે.***

૧. સ્મિતા શાહ – અમદાવાદ
૨. ચંદ્રા મહેન્દ્ર શાહ – અમદાવાદ
૩. ઝરણા પારેખ – અમદાવાદ
૪. મીનાક્ષી પારેખ – અમદાવાદ
૫. નવનીત ત્રિકમલાલ પટેલ – બોપલ, અમદાવાદ
૬. મિત્તલ પટેલ – પાલડી, અમદાવાદ
૭. દિશા પટેલ – પાલડી, અમદાવાદ
૮. નરેન્દ્ર પ્રજાપતિ – પાલડી, અમદાવાદ
૯. અમરીષ કે. સંઘવી – અમદાવાદ
૧૦. જીનલ નીલેશ કારાણી – પાલડી, અમદાવાદ
૧૧. નીલોફર શેખ – કાલુપુર, અમદાવાદ
૧૨. નીરવ મહેન્દ્રભાઈ જાદવ – વેજલપુર, અમદાવાદ
૧૩. અજય અશ્વિનભાઈ રાણા – કોચરબ, અમદાવાદ
૧૪. અવ્વાબરાજ એ. શેખ – કાલુપુર, અમદાવાદ
૧૫. ડૉ. લુબનાબેન આઈ. શેખ – કાલુપુર, અમદાવાદ
૧૬. રોનકબેન આઈ. શેખ – અમદાવાદ
૧૭. હેમાબેન જગતકુમાર શાહ – અમદાવાદ
૧૮. મિતેશ જયંતીલાલ દેઢિયા – અમદાવાદ
૧૯. મહેન્દ્ર ડી. પૂજ – અમદાવાદ
૨૦. જ્યોતિ એલ. શાહ – મણિનગર, અમદાવાદ
૨૧. દમયંતીબેન દિલીપ દંડ – અમદાવાદ
૨૨. ધવલ એન. શાહ – ગાંધીનગર
૨૩. મૂકેશ અમૃતલાલ શાહ – બહેરામપુરા, અમદાવાદ
૨૪. કામિની સ્નેહલભાઈ શેઠ – અમદાવાદ
૨૫. હસમુખ દામજી દેઢિયા – અમદાવાદ
૨૬. અશોક વી. શાહ – ગાંધીનગર
૨૭. રેખાબેન પરમાર – અમદાવાદ
૨૮. ગિરીશ પોલડિયા – અમદાવાદ

*ઉપરોક્ત નામોમાંથી ડ્રો કરવામાં આવતા નીચે મુજબના ૫ ભાગ્યશાળીઓ ઈનામને પાત્ર થયેલ છે.*

| | | | |
|---|---|---|---|
| ૧. | **મુકેશ અમૃતલાલ શાહ** | **– અમદાવાદ** | **મો. ૯૫૩૭૬ ૩૬૦૭૮** |
| ૨. | **સ્મિતા શાહ** | **– ગાંધીનગર** | **મો. ૯૪૨૬૮ ૪૨૦૪૪** |
| ૩. | **કામિની સ્નેહલભાઈ શેઠ** | **– અમદાવાદ** | **મો. ૯૨૨૮૧ ૭૯૬૫૩** |
| ૪. | **ધવલ એન. શાહ** | **– ગાંધીનગર** | **મો. ૯૪૨૮૮ ૦૩૨૫૬** |
| ૫. | **અમરીષ કે. સંઘવી** | **– અમદાવાદ** | **મો. ૯૪૦૯૫ ૧૨૬૬૨** |

***આ ભાગ્યશાળીઓએ પોતાના ઈનામ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, અમદાવાદ ખાતેથી મેળવી લેવા વિનંતી કરવામાં આવે છે.***

★ **નોંધ :** (૧) આ પ્રશ્નો સમાજ, સમાજની પ્રવર્તમાન પ્રવૃત્તિ અને સમાજને લગતા પૂછવામાં આવ્યા છે. સમાજના મુખપત્ર તથા સમાજના સાહિત્યનો અભ્યાસ કરવાથી જવાબો મળી જશે. (૨) સૌને સમાજની કાર્ય પ્રવૃત્તિમાં જોડવા અને ઓતપ્રોત કરવા સમાજને સ્પર્શતા પ્રશ્નો પૂછવામાં આવ્યા છે. (૩) આ કોલમ / મણકા સંબંધી આપનાં કોઈ સૂચન હોય તો આવકાર્ય છે.

**મારો સમાજ... મારું મુખપત્ર... મારો મનગમતો વિભાગ...**

*એટલા નાના બનો કે દરેક તમારી સાથે બેસી શકે અને એટલા મોટા મનના બનો કે જ્યારે તમે ઉભા થાવ ત્યારે કોઈ બેસી ના રહે.*

## NanoNine® શબ્દ રમત-૨૧૩

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | | ૫ | ૬ | ■ | ૭ | ૮ |
| ૯ | | ■ | ૧૦ | ૧૧ | | ■ | ૧૨ | ૧૩ | ૧૪ | ■ | |
| | ■ | ૧૫ | | | | ■ | ૧૬ | | | ૧૬A | ■ |
| ■ | ■ | ૧૭ | | | ■ | ૧૮ | | ■ | ૧૯ | | |
| ૨૦ | | | ■ | ૨૧ | | | ■ | ■ | ૨૨ | | ■ |
| | ■ | ૨૩ | ૨૪ | | ■ | ૨૫ | ૨૬ | | ■ | ■ | ૨૭ |
| ૨૮ | ૨૮A | ■ | ૨૯ | ■ | ૩૦ | | | ■ | ૩૧ | ૩૨ | |
| ■ | ૩૩ | ૩૪ | | ■ | | ■ | ૩૫ | | | | |
| ૩૬ | | | ■ | ૩૭ | | ૩૮ | | ■ | ૩૯ | | ■ |
| | ■ | ■ | ૪૦ | | ■ | | ■ | ૪૧ | ■ | | ■ |
| ૪૨ | | | ■ | ૪૩ | ૪૪ | ૪૫ | | | ■ | ■ | ૪૬ |
| | ■ | ■ | ૪૭ | | | | ■ | ■ | ૪૮ | | |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો તા. ૩૧-૧૨-૨૦૨૪ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. બે અથવા તેથી વધારે અક્ષરો જોડાવાથી બનેલો એક અક્ષર (૪)
૪. તદ્દન ખલાસ થઈ જવું (૪)
૭. કિનારો, કાંઠો, આરો (૨)
૯. અણખીલ્યું ફૂલ (૨)
૧૦. માગશર અને પોષ મહિનાની ઋતુ (૩)
૧૨. તેજ, ભપકો (૩)
૧૫. આવડેલું, જ્ઞાત (૪)
૧૬. તરવાર, સમશેર, ખડગ (૪)
૧૭. સીધું, સહેલું, સુગમ (૩)
૧૮. હાથ, ટેક્ષ, વેરો (૨)
૧૯. દિલ્હી _____ નદીના કિનારે આવેલું છે ગંગા _____નો પવિત્ર સંગમ છે. (૩)
૨૦. દરકાર, કાળજી, તમા (૩)
૨૧. ઈલેક્ટ્રિકનો તાર (અં) (૩)
૨૨. એક તીખો તેજાનો (૨)
૨૩. વિમાનની દિશા ગતિ દર્શાવતું યંત્ર (૩)
૨૫. ધાતુના પતરાની છીછરી થાળી (૩)
૨૮. જંગલ, અરણ્ય, કાનન (૨)
૩૦. દામન, સાડીનો લટકતો છેડો (૩)
૩૧. મુગટ, મંજરી, ફૂલોનો ગોટો (૩)
૩૩. પાદુકા, ચાખડી (૩)
૩૫. આસો વદ તેરસને દિવસે કરાતી લક્ષ્મીની પૂજા (૫)
૩૬. કેરીની એક જાત, સેફ્રોન (૩)
૩૭. લાકડા વહેરવાનું ઓજાર (૪)
૩૯. તારું (૨)
૪૦. હીંડોળા, ખાટ (૨)
૪૨. ચાકરી, સરભરા, ખેતરમાં પાક માટે નાંખવામાં આવતો પદાર્થ (૩)
૪૩. કાકર કઢાવવા, ઝીણું રોવરાવવું (રડાવું) (૫)
૪૭. નટેશ્વર, શિવ (૪)
૪૮. આંખ (૩)

### ઊભી ચાવીઓ

૧. વિદૂષક, મરકરો (અં) (૩)
૨. વૃક્ષની શાખા (૨)
૩. ભોમિયો, રાહબર (૪)
૪. લગાતાર, નિરંતર, અવિરત (૩)
૫. ૧૦૪ ગામનો પ્રદેશ (મહી અને વાત્રક નદી વચ્ચેનો પ્રદેશ) (૪)
૬. રેલવેનું બોગદું (૩)
૮. ત્રણ પૈસા, વાળ વિનાનું માથું (૨)
૧૧. અઠવાડિયાનો ત્રીજો વાર, શુભ (૫)
૧૩. '_____ સે જલ' – વડાપ્રધાનની મહત્ત્વની યોજના (૨)
૧૪. લશ્કરી તાલીમ, પરેડ (૪)
૧૫. ઘોડા હાથી પર બેઠેલું (૪)
૧૬-એ. મશ્કરી, વિનોદ (૩)
૧૭. પ્રાતઃકાળ, વહાણું (૩)
૧૮. કાંસીજોડા, મંજીરા (૪)
૨૦. કુંપળ, પાંદડું (૩)
૨૪. ડાબા હાથે કામ કરવાની આદતવાળું (૩)
૨૫. ગાયનના ઠોકનું માપ, સરોવર (૨)
૨૬. સગવડ, જોગવાઈ, ફેસિલિટી (૪)
૨૭. નાગણી, એક જૂની સંગીતમય ફિલ્મ (૩)
૨૮-એ. પરીક્ષામાં ફેલ થવું તે (૩)
૨૯. શરીર (ઈં) (૨)
૩૦. ભાગોળ, આગળનું મેદાન (૩)
૩૧. નામ બોળે એવો પુત્ર (૩)
૩૨. લજાડવું, લાજે તેમ કરવું (૪)
૩૩. સફળ, મંજૂર (૨)
૩૪. પતિ, ધણી, નાથ (૨)
૩૫. ટેવ, વ્યસન (૨)
૩૬. જેલ, કારાગાર, તુરંગ (૪)
૩૭. ટકટક, ચીડ (૪)
૩૮. વનનો રાજા સિંહ (૪)
૪૧. કરજ, ઋણ (૨)
૪૩. કાપ (૨)
૪૪. આકાશમાંથી પડતા કુદરતી બરફના ટુકડા (૨)
૪૫. રાજ્ય (૨)
૪૬. દોલત, પૈસા, એક રાશિ (૨)

*દુનિયાની દરેક વસ્તુ ઠોકર લાગવાથી તૂટી જાય છે. માત્ર એક કામિયાબી જ છે કે જે ઠોકર ખાધા પછી જ મળે છે.*

## NanoNine® શબ્દ રમત-૨૧૨નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ર | તાં | ધ | ળું | | અ | વા | મ | | પિ | | ઉ |
| મ | દ | ન | | જ | ણ | સ | | મા | તૃ | ભા | ષા |
| | ળ | | પાં | ડ | વ | | સા | ળો | | ર | |
| કા | જો | લ | | ભ | ર | થા | ર | | આ | ત | શ |
| ર | | ટા | ય | ર | | પ | થિ | ક | | | તા |
| ત | સ | ર | | ત | રૂ | ણ | | ર | ગ | શિ | યું |
| ક | રો | | કા | | ખ | | સા | ક | ર | | |
| | વ | | સ | ભા | સ | દ | | સ | મ | તો | લ |
| ફુ | ર | સ | દ | | દ | ર | બા | ર | | ર | જ |
| ટ | | મ | | ક | | વા | ર | | પા | લ | વ |
| બો | ર્ડ | ર | | ર | | ન | દા | ર | દ | | વું |
| લ | | સ | મ | જ | ણ | | ન | ગ | ર | | |

*ઓક્ટોબર-૨૦૨૪ના અંકમાં છપાયેલ નેનો શબ્દ-રમત ૨૧૧ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા શાહ – અમદાવાદ
૨. શાંતિલાલ લાલકા – હુગલી (કલકત્તા)
૩. જીયા સંઘવી – અમદાવાદ
૪. તૃપ્તિ સાવલા – અમદાવાદ
૫. ધનલક્ષ્મી શાહ – મુંબઈ
૬. ચંદ્રા શાહ – અમદાવાદ
૭. સ્મિતા શાહ – અમદાવાદ
૮. ફાલ્ગુની ડુંગાણી – આદિપુર, કચ્છ
૯. મીનાક્ષી પારેખ – અમદાવાદ
૧૦. ઝરણા પારેખ – અમદાવાદ
૧૧. મહેન્દ્ર પુજ – અમદાવાદ
૧૨. કામિની શેઠ – અમદાવાદ
૧૩. પ્રભા શેઠિયા – વલસાડ
૧૪. જ્યોતિ શાહ – અમદાવાદ
૧૫. હસમુખ દેઢિયા – અડાલજ, અમદાવાદ
૧૬. કંચનબેન સંઘવી – અમદાવાદ
૧૭. કંચનબેન મોરબિયા – ભુજ, કચ્છ
૧૮. કિંજલ શેઠ – અમદાવાદ
૧૯. પ્રવીણ દંડ – અમદાવાદ
૨૦. ભૂપેન્દ્ર બાબરિયા – બોપલ, અમદાવાદ
૨૧. દમયંતી દંડ – અમદાવાદ
૨૨. મીનાબેન ખરીદીયા – અમદાવાદ
૨૩. ઈંદુબેન પટેલ – અમદાવાદ
૨૪. જયશ્રી સાવલા – અમદાવાદ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારમાંથી લક્કી ડ્રો કરતાં એક વિજેતાનું નામ નીચે પ્રમાણે છે. તેમણે પોતાના ઈનામ સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મો. ૯૮૯૮૦ ૫૭૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

***વિજેતા*** **: કિંજલ શેઠ – અમદાવાદ**

## માટીનું હું કોડિયું...

માટી મહીં નાનકે ઘાટે જન્મું, માટીનું હું કોડિયું,
ઘી તેલ રૂ વાટ સાથી ઈચ્છું, માટીનું હું કોડિયું.

સૂર્ય સામે શી વિસાત પણ છું સંતાન એનું,
દેવાલયે પ્રભુને જાત અર્પું, માટીનું હું કોડિયું.

તોરણ, કંડિલ, રંગોળી મારા વિના બધા ફિક્કા,
દિવાળીએ હર ઘર ઝળહળું, માટીનું હું કોડિયું.

છું સાવ સોંઘું, મૂલ્યાંકન થાય ગરીબ આંગણે,
એ ગોખલે, પાણિયારે મલકું માટીનું હું કોડિયું.

શુભ દૃષ્ટિનો અજવાસ દેવો એકમાત્ર છે લક્ષ્ય,
શક્તિ લગાડી ખોળિયું ઘસું માટીનું હું કોડિયું.

'મન' ભીતરે જો અંધારાને હોય સ્થાન તો,
અખંડ જ્ઞાન પ્રકાશે પ્રગટું, માટીનું હું કોડિયું.

***મનીષા અજય વીરા 'મન'***

## મંગલ મંદિરનું માધુર્ય

*મંગલ મંદિર માસિક તો જાણે તીર્થાટન છે*
*એવું મંગળમય વાચકોનું અર્થઘટન છે.*
*અનેકવિધ કૃતિઓથી વાચકો આકર્ષાય છે*
*વાંચન વૈવિધ્ય થકી તેઓના મન પ્રફુલ્લિત થાય છે*
*વર્ષોથી સાહિત્ય જગતની સેવા કરે છે આ માસિક*
*વાચક વર્ગને બહુધા લાગે છે ક્લાસિક*
*આગામી વર્ષો સુધી મંગલ મંદિર અડિખમ રહેશે*
*વાચકોના તન-મન હૃદયને છલોછલ ભરી દેશે.*

***પ્રા. સૂર્યકાંત ભટ્ટ - ભુજ, કચ્છ***
***મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬***

*જીવન પણ બાવન પત્તાની રમત જેવું છે. તમારા હાથમાં કેવા પત્તા આવશે એ નસીબની વાત છે. પરંતુ આવેલ પત્તાથી કેવી રીતે રમવું એ તો તમારા હાથની જ વાત છે.*

## NanoNine® Sudoku

**ઓક્ટોબર-૨૦૨૪ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૬૯ના બધા સાચા ઉકેલ મોકલનારનાં નામ**

૧. રોનકબેન શેખ – અમદાવાદ
૨. અવ્વાબરાજ શેખ – અમદાવાદ
૩. લુબનાબેન શેખ – અમદાવાદ
૪. નીલોફર શેખ – અમદાવાદ
૫. અજય રાણા – અમદાવાદ
૬. કલ્પ સંઘવી – અમદાવાદ
૭. પ્રભા શેઠિયા – વલસાડ
૮. ચંદ્રા શાહ – અમદાવાદ
૯. સ્મિતા શાહ – અમદાવાદ
૧૦. મિતેશ દેઢિયા – અમદાવાદ
૧૧. મીનાક્ષી પારેખ – અમદાવાદ
૧૨. ઝરણા પારેખ – અમદાવાદ
૧૩. મહેન્દ્ર પૂજ – અમદાવાદ
૧૪. અમન ગોસર – અમદાવાદ
૧૫. કામિની શેઠ – અમદાવાદ
૧૬. હેમલતા દેઢિયા – અડાલજ, અમદાવાદ
૧૭. ભૂપેન્દ્ર બાબરિયા – બોપલ, અમદાવાદ
૧૮. મીના ખરીદીયા – અમદાવાદ
૧૯. ઈંદુબેન પટેલ – અમદાવાદ
૨૦. દિનેશકુમાર વોરા – અમદાવાદ
૨૧. સુશાંત સાવલા – અમદાવાદ
૨૨. અશોક શાહ – ગાંધીનગર

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રૉ અનુસાર એક વિજેતાનું નામ નીચે જણાવેલ છે. તેમણે પોતાનું ઈનામ પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

***વિજેતા*** : અજય રાણા – અમદાવાદ

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૧૭૧ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૧૨-૨૦૨૪ સુધીમાં મોકલી આપવા વિનંતી.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૧૭૧

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | | 5 | | | | | 3 | 4 |
| | | | 6 | 8 | | 5 | 9 | |
| 6 | | 4 | | 3 | 5 | | 7 | 2 |
| 1 | | 9 | | | 3 | | 5 | 6 |
| 4 | | 8 | 2 | 5 | 6 | 9 | | 7 |
| | 5 | | 4 | | | | | 8 |
| 5 | 8 | | | 4 | | 7 | | 3 |
| | 4 | 1 | | 6 | 7 | | | |
| 9 | 6 | | | | | 1 | | 5 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | | | | | 9 | | 1 | 7 |
| 6 | 3 | 7 | | | 4 | 2 | | |
| | | | | 3 | 7 | | 8 | |
| 8 | | 2 | 4 | 9 | | 1 | 6 | |
| | 6 | | 7 | | 3 | | 2 | |
| | 5 | 3 | | 2 | 6 | 4 | | 8 |
| | 2 | 5 | 9 | 7 | | 8 | | |
| | 4 | | | | | 7 | 9 | 2 |
| 7 | 9 | | 6 | | 2 | | | 1 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 9 | | 2 | 6 | | 7 | | 3 |
| | 2 | 3 | 8 | | 5 | | 1 | |
| | 8 | | | 3 | | 2 | | 4 |
| 5 | | 8 | 9 | 2 | | | | 1 |
| | | 2 | 1 | | 4 | 8 | | |
| | | 4 | | 8 | 6 | 3 | | 2 |
| 1 | | | | 9 | | | 2 | 8 |
| | 4 | | 6 | | 8 | | 3 | |
| 8 | | 7 | 4 | | 2 | 5 | 6 | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | 5 | 6 | 2 | 4 |
| 2 | | | 6 | 4 | | 7 | | |
| | 1 | 4 | 2 | | 8 | | 5 | |
| | 6 | | | 1 | | 4 | | 2 |
| | 4 | | 8 | 2 | 7 | | 6 | |
| 3 | | 2 | | 9 | | | 1 | |
| | 8 | | 7 | | 1 | 2 | 3 | |
| | | 5 | | 6 | 2 | | | |
| 7 | 2 | 6 | 3 | | | 1 | 9 | 5 |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૭૦

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 9 | 5 | 6 | 1 | 2 | 7 | 4 | 8 |
| 2 | 8 | 6 | 4 | 7 | 3 | 1 | 9 | 5 |
| 1 | 4 | 7 | 5 | 8 | 9 | 2 | 6 | 3 |
| 6 | 1 | 9 | 7 | 2 | 5 | 8 | 3 | 4 |
| 5 | 2 | 8 | 3 | 9 | 4 | 6 | 7 | 1 |
| 7 | 3 | 4 | 8 | 6 | 1 | 9 | 5 | 2 |
| 4 | 6 | 1 | 2 | 3 | 7 | 5 | 8 | 9 |
| 8 | 5 | 2 | 9 | 4 | 6 | 3 | 1 | 7 |
| 9 | 7 | 3 | 1 | 5 | 8 | 4 | 2 | 6 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 7 | 5 | 6 | 4 | 1 | 9 | 2 | 8 |
| 4 | 2 | 1 | 8 | 9 | 7 | 6 | 5 | 3 |
| 9 | 8 | 6 | 3 | 5 | 2 | 4 | 7 | 1 |
| 8 | 1 | 4 | 9 | 2 | 6 | 7 | 3 | 5 |
| 7 | 6 | 3 | 1 | 8 | 5 | 2 | 4 | 9 |
| 2 | 5 | 9 | 7 | 3 | 4 | 1 | 8 | 6 |
| 5 | 9 | 7 | 4 | 6 | 8 | 3 | 1 | 2 |
| 1 | 3 | 2 | 5 | 7 | 9 | 8 | 6 | 4 |
| 6 | 4 | 8 | 2 | 1 | 3 | 5 | 9 | 7 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 2 | 5 | 7 | 9 | 8 | 1 | 6 | 3 |
| 8 | 6 | 1 | 3 | 5 | 4 | 9 | 7 | 2 |
| 7 | 3 | 9 | 1 | 6 | 2 | 8 | 4 | 5 |
| 6 | 1 | 8 | 2 | 4 | 3 | 7 | 5 | 9 |
| 3 | 5 | 7 | 9 | 1 | 6 | 4 | 2 | 8 |
| 2 | 9 | 4 | 5 | 8 | 7 | 3 | 1 | 6 |
| 5 | 8 | 3 | 4 | 2 | 1 | 6 | 9 | 7 |
| 1 | 7 | 2 | 6 | 3 | 9 | 5 | 8 | 4 |
| 9 | 4 | 6 | 8 | 7 | 5 | 2 | 3 | 1 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 5 | 7 | 4 | 6 | 8 | 3 | 1 | 9 |
| 8 | 9 | 3 | 5 | 1 | 2 | 4 | 7 | 6 |
| 6 | 4 | 1 | 7 | 3 | 9 | 8 | 5 | 2 |
| 9 | 2 | 6 | 3 | 8 | 1 | 7 | 4 | 5 |
| 1 | 3 | 5 | 2 | 4 | 7 | 6 | 9 | 8 |
| 7 | 8 | 4 | 9 | 5 | 6 | 1 | 2 | 3 |
| 3 | 6 | 2 | 1 | 7 | 5 | 9 | 8 | 4 |
| 5 | 7 | 8 | 6 | 9 | 4 | 2 | 3 | 1 |
| 4 | 1 | 9 | 8 | 2 | 3 | 5 | 6 | 7 |

Nano 9® kitchenware in new avatar
NanoNine® INNOVATIVE KITCHENWARE Bana De Life Aasaan!
Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
(+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in
AHMEDABAD: Authorised Distributors: Devam Enterprises : M. 96385 21024, 97245 00513
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736

# પ્રતિભાવ

## 'મંગલ મંદિર' મંત્રમુગ્ધ કરે છે

૧૨૪ પૃષ્ઠનો 'મંગલ મંદિર'નો દીપોત્સવી અંક જોતા જ કહી શકાય કે તેણે હવે વિશેષ હરણફાળ ભરી છે. વ્યક્તિ વિશેષમાં ફાલ્ગુની હિરેન શાહનો પરિચય વાંચવા યોગ્ય છે. તેમનામાં રહેલ પ્રતિભાની વિગતવાર માહિતી આપી છે. ટી.વી. પર ન્યુઝ રીડર કે સમાજમાં એન્કરની ભૂમિકામાં લોકોએ જોયા અને સાંભળ્યા છે. પણ સંગીત, કલા, નૃત્ય જેવા તમામ પાસાઓમાં નિપુણતા મેળવવી, તે તેમની પ્રતિભાને દીપાવે છે. રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય કક્ષાએ સરકારી તથા ખાનગી સંસ્થાના કાર્યક્રમમાં ભારતની સંસ્કૃતિના પ્રચાર-પ્રસારની સાથે નિર્દેશન કરવાની કામગીરી સુંદરપણે નિભાવી છે. તેમની કામગીરી તથા વ્યક્તિત્વ માટે એક પુસ્તક પણ ઓછું પડે. સમાજ માટે ગૌરવ કહી શકાય. વયસ્ક સમિતિ દ્વારા આયોજિત કાર્યક્રમના અહેવાલમાં આકર્ષક બાબત એ છે કે વ્યવસાયે ડૉક્ટર હોવા છતાં સુંદર ગીતો ગાઈ શકે છે. સમાજ દ્વારા ૩ મેડિકલ સેન્ટરો ખાતે એક નવું મશીન – કાંસ્યથાળી પગના પંજામાં મસાજ તથા એક્યુપ્રેશર માટે વસાવ્યું છે તે આનંદની વાત છે. સમાજના સભ્યો આનો મહત્તમ લાભ મેળવી શકશે. બ્લડ કેમ્પ દરમિયાન બ્લડ ડોનેટ કરનારા સભ્યોની તસવીરો અંકમાં પ્રસિદ્ધ કરી, સન્માનનું કામ કર્યું છે.

સપ્ટેમ્બર ૨૦૨૪ દરમિયાન કુલ ૩૪,૦૧૫ વ્યક્તિઓએ વિવિધ પ્રકારની સેવાનો લાભ લીધો છે તે જાણી આ સંસ્થાની સાર્થકતા પુરવાર થાય છે. 'રંગોળી' લેખમાં ડૉ. મિહિર વોરાએ રંગોળીના રંગ, કૃતિ તથા સર્જનની સાથે તેનું આધ્યાત્મિક મહત્ત્વ વર્ણવેલ છે. ચૌલાબેન કુરૂવા દ્વારા 'દેશ વિદેશ' વિભાગમાં રોમાંચક સમાચારોનો સમાવેશ થાય છે, જે વાંચવા ગમે તેવા હોય છે. 'જ્ઞાન વિજ્ઞાન' વિભાગમાં શ્રી રસીક મહેતા દ્વારા વિવિધ પક્ષીઓ તથા જંગલી હાથીની ખાસિયતોનું આલેખન સુંદર કરેલ છે.

સ્વાધીનતા સંગ્રામની શ્રેણીમાં સરદારસિંહ રાણાની જીવનગાથા દેશ ભક્તિના ભાવથી સભર છે. આપણા દેશની આઝાદીની લડતમાં તેમનું યોગદાન નોંધનીય છે. શ્રી નરેશ અંતાણી દ્વારા સૌરાષ્ટ્ર કચ્છના પુરાતત્ત્વિય સ્થાપત્યોમાં સમાનતાનો લેખ એક ઐતિહાસિક અભ્યાસલેખ છે. હડપ્પાકાલીન સંસ્કૃતિનાં સ્થાનકો તથા સ્મારકોની વિગતવાર માહિતી આપી છે.

આ અંક ખરેખર ગરિમાપૂર્ણ, વૈવિધ્યસભર, માહિતીસભર, પ્રેરણાત્મક, મનોરંજક, જ્ઞાનવર્ધક તરીકે વાંચકોને મળેલ અણમોલ ભેટ છે. દીપોત્સવી અંક માટે યોગદાન આપનારા તંત્રી મંડળ, સાહિત્યકારો તથા અંકના શુભેચ્છક દાતાશ્રીઓના સહયોગથી રજૂ થયેલ 'મંગલ મંદિર'નો દીપોત્સવી અંક આપણને મંત્રમુગ્ધ કરી દે છે.

*અશોક વી. શાહ - ગાંધીનગર • મો. ૯૩૨૮૯ ૨૬૮૫૯*

★ 'મંગલ મંદિર'નો નવેમ્બર ૨૦૨૪નો અંક મને મળી ગયો છે. આ અંક પ્રથમ નજરે જ વૈવિધ્યસભર સામગ્રીથી ભરપૂર છે. આ પ્રકારનો અંક આપી મંગલ મંદિરે પોતાની પરંપરા જાળવી રાખી છે. મંગલ મંદિર હરહંમેશ નવીન સામગ્રીઓ પીરસવાનું આગ્રહી રહ્યું છે. એ જ પરંપરા આ અંકમાં પણ દેખાઈ રહી છે. આ માટે આપને અને આપની સમગ્ર સંપાદકીય ટીમને ધન્યવાદ અને શુભકામનાઓ. અંકની અંદર જે વૈવિધ્યસભર સામગ્રી પીરસાઈ છે એમાં ખાસ કરીને અગ્રણી પ્રવીણભાઈ લહેરી, ડૉ. નાનકભાઈ ભટ્ટ, વસંતભાઈ 'કચ્છ કેસરી', હરેશભાઈ ધોળકિયા, પ્રવીણચંદ્ર મહેતા, નાટ્ય કલાકાર અને લેખક વસંતભાઈ મારૂ, સંજય ઠાકર, ભરત ઠાકર, એચ. એન. ગોલીબાર વગેરેના લેખો નવીન માહિતી આપી ગયા. આ માટે આ લેખકોને ખૂબ ખૂબ અભિનંદન અને શુભ કામનાઓ. આ અંકમાં મારા લેખને પણ સ્થાન આપવા બદલ આપનો આભાર. વિશેષમાં એક વસ્તુ જે નજરે પડે છે; એ કચ્છના જૈન દેરાસરોનું લિસ્ટ જે પ્રથમ આપે આપ્યું છે એ ખૂબ જ આવકારદાયક અને ધન્યવાદને પાત્ર છે. કચ્છના તમામ તાલુકાઓનું આ પ્રકારનું લિસ્ટ ઉપલબ્ધ થશે તો કચ્છ આવતા પ્રવાસીઓને ખૂબ જ મદદરૂપ અને સહાયરૂપ થશે. એ જ રીતે તીર્થ દર્શનની અંદર પણ કુરટા તીર્થ અને વરકાણા તીર્થની માહિતી પણ ખૂબ જ જાણવાલાયક છે. આદરણીય પ્રવીણભાઈ લહેરીએ જાતિ આધારિત વસ્તી ગણતરી અંગેના પોતાના લેખમાં ખૂબ જ તલસ્પર્શી છણાવટ કરી અને આ પ્રક્રિયાથી અજાણ લોકોને માહિતગાર કર્યા છે. તો ડૉ. નાનકભાઈ ભટ્ટે પણ ગુજરાતના જળ વ્યવસ્થાપનના મેનિફેસ્ટો અંગે માહિતીસભર વિગતો આપી છે. હરેશભાઈ ધોળકિયા હંમેશ મુજબ ચિંતનાત્મક લેખ આપી અને એક મનનીય સામગ્રી આપી છે. વસંતભાઈએ ધીરજલાલ છેડાની જીવન કથાથી આપણને વાકેફ કર્યા છે. આ જ રીતે અન્ય લેખોએ પણ સુંદર માહિતી આપી અને અંકને દળદાર અને માહિતીસભર બનાવ્યો છે. આ અંક માટે આપ સૌને ધન્યવાદ.

*નરેશ અંતાણી - ભુજ*

★

## 'મંગલ મંદિર'નો લાજવાબ દીપોત્સવી અંક

સામાજિક ક્ષેત્રે સામયિક પ્રસિદ્ધ કરવું એ નાની સૂની વાત નથી. તેમાં પણ લાંબી રેસનો ઘોડો બની રહેવું એ એનાથી પણ મોટી વાત. 'મંગલ મંદિર' કચ્છી જૈન સેવા સમાજનું મુખપત્ર છે. આજકાલ કરતાં પચાસમું વર્ષ (૨૦૨૫માં) બેસશે. વિચારો, કેવો ને કેટલો મહાયોગ કહેવાય? ઘણી વખત સામયિકો નવ્ય લેખકો-કવિઓને જન્મ અથવા ઘડતર કરે છે. 'મંગલ મંદિર' સામાજિક હોવા છતાં જૈનેતર માટે પણ ખુલ્લું રખાયું છે. આ નીતિ-રીતિને વૃત્તિ થકી આ સામયિકે ખાસ્સું એવું કાઠું કાઢ્યું છે.

હું મારી જ વાત કરું. વર્ષ ૧૯૮૨-૮૩. કચ્છી - ગુજરાતીમાં લખું. કોઈકે કહ્યું, છાપવા મોકલ. ક્યાં મોકલું? કવિ 'તેજ' મળ્યા. તેમણે એ જ સલાહ આપી. કચ્છમિત્ર, પગદંડી અને 'મંગલ મંદિર'નો સુઝાવ આપ્યો. મેં ત્રણેયમાં કવિતા મોકલી. કેમકે એ વખતે કચ્છીમાં લખવાનું વધારે બનતું ગયું. મારી સૌથી પહેલી રચના 'મંગલ મંદિર'માં છપાઈ. એ સામયિક અને રચના મહિનાઓ સુધી બગલમાં લઈ ફેરવતો, મિત્રોને વંચાવતો. 'મંગલ મંદિર' મારા સર્જનની પ્રથમ માતા છે. વળી, ગયા વર્ષે શ્રેષ્ઠ લેખ માટે પાંચ હજારનો પુરસ્કાર આપી મને ઓશિગણ બનાવી દીધો.

દર વર્ષે દીપોત્સવી અંક પ્રગટ થાય છે. આ વખતના અંક માટે મારા મંતવ્યો લખી મોકલું છું, યોગ્ય લાગે અને પ્રસિદ્ધ થશે તો ગમશે.

સામયિકને છાજે તેવું મુખપૃષ્ઠ. અંકની સાઇઝ, ફોન્ટની સાઈઝ, પ્રિન્ટીંગ, સ્પષ્ટ ફોટા, પાનાની ક્વોલિટી અને બહુધા શ્રેષ્ઠ વાંચન સામગ્રી! ખાસ અભિનંદન આપવા છે તંત્રી મંડળના પ્રત્યેક સભ્યો — અશોકભાઈ મહેતા, ફાલ્ગુની હિરેનભાઈ, ચૌલા કુરૂવા, રસિકભાઈ મહેતા અને પ્રદીપભાઈ મહેતા ઉપરાંત સૌ પદાધિકારીઓ — આ બધાં પરમ દ્યુતિપ્રભાકર જેવા છે.

અંકનો સુપર્બ ગેટ-અપ, વિભાગ-૧ માં સંસ્થા સમાચાર તથા પ્રકીર્ણ, વિભાગ-૨ માં ચોવીસ જેટલા વાચનમાર્ગ આપેલાં છે. તંત્રીલેખથી લઈ પ્રત્યેક સામગ્રીની પસંદગી એ તંત્રીની નિજી આત્મસુઝ દેખાઈ આવે છે. સમાજનું દાયિત્વ, દેશભક્તિ, વ્યક્તિ વિશેષ, મૂલ્યાંકન, વાર્તા, લઘુકથા અને કાવ્યો, પુરાતત્ત્વ, પ્રવાસ, તીર્થ દર્શન, તંદુરસ્તી અંગે આપેલા લેખાંકો શ્રેષ્ઠતા પુરવાર કરે છે. સાચું કહું તો લેખ વાંચ્યા પછી લાગે છે કે નામાંકિત યા અલ્પ પ્રસિદ્ધ લેખકોનો નિરર્થક ભેદ મને દેખાયો જ નથી. આ મૂલવણીથી કહી શકું કે તંત્રીમંડળની કઠિન કામગીરી સરળ કરી બતાવી છે. કચ્છી-ગુજરાતી-એકાદ અંગ્રેજીનું સર્જન પણ ગમ્યું. ડૉ. નવીન પારેખનો લેખ આંખ ખોલનારો અને સતેજ લાગ્યો. કૃતિઓ વિશે કહેવા બેસું તો લેખ બની જશે, એ ભયના કારણે માત્ર મારો હરખ વ્યક્ત કર્યો છે.

***હસમુખ અબોટી 'ચંદન' - માંડવી, કચ્છ***

★

★ આપણા સમાજની દીકરી ફાલ્ગુની — જાણે આકાશમાં ધ્રુવનો તારો! એણે નાની ઉંમરથી લઇને અત્યાર સુધી સ્વવ્યક્તિત્વના દરેક પાસાને ઉજાગર કર્યા છે, નિખાર્યા છે. 'સ્પંદન' સંસ્થાના સ્થાપક ફાલ્ગુની, નખશિખ કલાકાર જીવ છે. વળી ૩૫ વર્ષ સુધી એકધારી દૂરદર્શન વિભાગમાં સમાચાર વાચક તરીકે સેવા આપે છે, જે હજીય ચાલુ છે. વ્યવસાયીક ઉદ્‌ઘોષક તરીકે સરકારી - બિનસરકારી - શૈક્ષણિક સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ અને સાંસ્કૃતિક ઉત્સવોમાં સેવા આપે છે. ઍવોર્ડ અને માન-સન્માનની હારમાળા પહેરી છે. ગણ્યા ગણાય નહીં એટલા ઍવોર્ડ મેળવ્યા છે. આ બધું જાણી - સાંભળીને સમાજના દરેક વ્યક્તિની છાતી ગદ્‌ગદ્ ફૂલે છે. એની તેજસ્વિતાના તોખારને આપણે ઘણી વખત અનુભવ્યો છે. વળી સાદગી - સૌમ્યતા એના વ્યક્તિત્વને વધારે નિખારે છે. બસ, આજ રીતે હજી વધુ પ્રગતિ કરે, તારાની જેમ ચમકતી રહે એવી અભ્યર્થના.

દીપોત્સવી અંકમાં ફાલ્ગુનીના વિશેષ વ્યક્તિત્વનો લેખ અંકને વધારે દળદાર - રંગીન બનાવે છે.

***તરુબેન નરેન્દ્રભાઈ શાહ - અમદાવાદ***

★ 'મંગલ મંદિર'નો દરેક અંક વિશિષ્ટ હોય છે કેમકે એમાં ગામ - નગર - રાજ્ય - દેશ-વિદેશની દરેક પ્રકારની માહિતી પ્રસ્તુત હોય છે. ૨૦૨૪નો દીપોત્સવી અંક તો ખરેખર વિશિષ્ટ છે, દળદાર અંક છે. એમાં સમાજના ભૂત - ભવિષ્ય અને વર્તમાનને આવરી લેતી માહિતી છે.

લીલાબેન, જે મારા પણ ખાસ અંગત મિત્ર છે, તેમણે ૧૨ મહિનાની અથાગ મહેનત - પ્રામાણિકતા અને ચોક્કસ વિઝનથી સમાજના પરિવારનો બહોળો સર્વે કર્યો. દરેક કુટુંબના સભ્યોની ઉંમર - શિક્ષણ - સામાજિક સ્ટેટસ અને આર્થિક સ્થિતિ — દરક પાસાંની ઝીણવટભરી માહિતી એકત્ર કરીને પ્રસ્તુત કરી છે. એ સરકારી રાહે સામાજિક દસ્તાવેજીકરણ કહેવાય. લીલાબેન ઉચ્ચ લેવલના કાર્યકર છે. ૮૦ વર્ષની ઉંમરે પણ N.G.O. અને સરકાર સાથે જોડાયેલ છે. આવા કાર્યકર આપણી સાથે છે તે આપણું ગૌરવ છે.

***તરુબેન નરેન્દ્રભાઈ શાહ - અમદાવાદ***

★ 'મંગલ મંદિર'ના તંત્રી અશોકભાઈ મહેતા વિશે લખવા માટે શબ્દ - સમય ઓછા પડે. એમના વ્યક્તિત્વને શબ્દના કિનારામાં બાંધી ન શકાય.

તેઓ સપ્તરંગી મેઘધનુષ જેવા છે. દરેક વિષયમાં એમની ચાંચ ડૂબે. દરેક વિષયની વિસ્તૃત છણાવટ કરે. ઝીણી ઝીણી માહિતીથી રસસભર બનાવે. કચ્છની જળ સમસ્યા, ગુજરાતમાં નેસડા (નેસ) અને કોવિડ વિશેના લેખ હોય કે સામાજિક સમસ્યા — દરેક વિશે સરકારી દસ્તાવેજથી પણ ચડી જાય એટલી માહિતી આપે.

પોતે વિસ્તૃત અહેવાલ આપે અને માંગે પણ ખરા.

આવા તંત્રી સમાજમાં હોય એ આપણું સદ્‌ભાગ્ય કહેવાય. આ ઉંમરે પણ સમાજ માટે યુવાનને શરમાવે તેવું કામ રાત-દિવસ જોયા વગર અવિરત કરે. એમને શત્ શત્ નમન.

સમાજ નિ:સ્વાર્થ કાર્યકરો અને દિલેર દાતાથી ચાલે છે. માટે એ બધાને પણ શુભેચ્છા સહિત નમન.

***તરુબેન નરેન્દ્રભાઈ શાહ - અમદાવાદ***

# અન્ય સંસ્થાના સમાચાર

## નવનીત નગર – કોવઇ નગર : ભુજ

નવનીત નગર - કોવઈ નગર ભુજ મધ્યે આવેલ અમરસન્સ ઉપાશ્રય મધ્યે પ.પૂ. સાધ્વી દિવ્યકિરણાશ્રીજી મ.સા. અને પ.પૂ. સાધ્વી હર્ષકિરણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં ચાતુર્માસની પૂર્ણાહુતિ પ્રસંગે ત્રિ-દિવસીય મહોત્સવ ભક્તિભાવ પૂર્વક ઉજવાયો

અનશનવ્રતધારી, જૈન સમાજરત્ન શ્રી તારાચંદભાઈ જગશીભાઈ છેડાની પ્રેરણાથી અને સંઘના ચેરમેન શ્રી જીગર તારાચંદભાઈ છેડાના માર્ગદર્શન હેઠળ શ્રી ભુજ ક.વી.ઓ. જૈન સંઘ સંચાલિત ભુજ ભગવાન મુનિસુવ્રત સ્વામિ જિનાલય નવનીત નગર - કોવઈ નગર મધ્યે આવેલ અમરસન્સ ઉપાશ્રય મધ્યે અચલગચ્છ સંપ્રદાયના પ.પૂ.સા. શ્રી દિવ્યકિરણાશ્રીજી મ.સા. અને પ.પૂ.સા. હર્ષકિરણાશ્રીજી મ.સા. આદિ ઠાણા બે ની નિશ્રામાં ચાતુર્માસના ચાર મહિના ભક્તિસભર વાતાવરણમાં પૂર્ણ થયા.

ચાતુર્માસ પૂર્ણાહુતિ પ્રસંગે તેમજ પ.પૂ.સા. દિવ્યકિરણાશ્રીજી મ.સા.ની વર્ધમાન તપની ૯૨મી ઓળીના પારણા પ્રસંગે ત્રિ-દિવસીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વાગત પ્રવચન કરતાં સંસ્થાના અધ્યક્ષ શ્રી જીગર તારાચંદભાઈ છેડાએ જણાવ્યું હતું કે પ.પૂ.સાધ્વીજી મ.સા.ની નિશ્રામાં આ ચાતુર્માસ દરમિયાન કરવામાં આવેલ ધાર્મિક કાર્યક્રમોથી સમગ્ર વાતાવરણમાં ધાર્મિક ચેતનાનો સંચાર થયો. નાના બાળકોથી માંડીને શ્રાવક-શ્રાવિકાઓએ બહોળી સંખ્યામાં યથા શક્તિ તપ-જપ કરી ચાતુર્માસને ચાર ચાંદ લગાવી, ચાતુર્માસને યાદગાર બનાવી દીધો હતો. ચાતુર્માસના ચાર માસ દરમિયાન તન-મન-ધનથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહયોગ આપનાર તમામ લોકોનો શ્રી સંઘ તરફથી આભાર વ્યક્ત કરાયો હતો.

પ.પૂ.સાધ્વી ભગવંત દિવ્યકિરણાશ્રીજી મ.સા.એ જણાવ્યું હતું કે પ્રભુ મહાવીરે બતાવેલા મોક્ષ માર્ગને પામવા ચાતુર્માસના ચાર મહિના દરમિયાન નાના બાળકોથી માંડીને શ્રાવક-શ્રાવિકાઓ પોતાની ઈચ્છા શક્તિ પ્રમાણે કરેલ તપ-જપ, ધાર્મિક કાર્યો બદલ અનંત આશીર્વચન આપ્યા હતા. તપસ્યા વિશે વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે, જૈન ધર્મમાં તપસ્યા એ અભિન્ન અંગ છે. જૈન ધર્મમાં તપસ્યાના ચાર પ્રકાર છે : (૧) અનશન (ઉપવાસ), (૨) અલ્પાહાર (ખોરાક નિયંત્રિત), (૩) વૃત્તિ પરિણામ (નિયંત્રિત વ્યવહાર), (૪) ત્યાગ (સંપત્તિનો ત્યાગ) છે. તપસ્યાના મુખ્ય ઉદ્દેશો આત્મશુદ્ધિ, કર્મનો નાશ, મોક્ષ પ્રાપ્તિ છે. તપસ્યા કરનારને આત્મશુદ્ધિ અને મોક્ષ પ્રાપ્ત થાય છે.

આ ત્રિ-દિવસીય મહોત્સવના પ્રથમ દિવસે પ.પૂ.સા. દિવ્યકિરણાશ્રીજી મ.સા.ની વર્ધમાન તપની ૯૨મી ઓળીના પારણા પ્રસંગે શ્રી અચલગચ્છ સંઘની શ્રાવિકા મંડળની બહેનો દ્વારા પ.પૂ.મ.સા.ને સાંજી આપવામાં આવી હતી. મહોત્સવના દ્વિતીય દિવસે પ.પૂ.સા. મ.સા. દ્વારા જ્ઞાનપંચમીની સમૂહ આરાધના કરાવવામાં આવી હતી. મહોત્સવના તૃતીય દિવસે વિધિકાર શ્રી ચંદ્રકાંત દેઢિયાના સંગાથે શ્રી સર્વતોભદ્ર મહાપૂજનનું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત પ.પૂ. સાધ્વીજી મ.સા.ની નિશ્રામાં ૯૯ યાત્રા કરનાર આરાધકોનું અને ત્રિ-દિવસીય મહોત્સવના લાભાર્થી પરિવારનું પ.પૂ.સાધ્વીજી મહારાજના સાંસારિક પરિવારજનો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

પ.પૂ.સા. દિવ્યકિરણાશ્રીજી મ.સા.ની વર્ધમાન તપની ૯૨મી ઓળીના પારણા પ્રસંગે શ્રી મુનિસુવ્રતસ્વામિ જિનાલય નવનીત નગર - કોવઈ નગરને પ.પૂ.સા.શ્રી હર્ષકિરણાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી મોટી ખાખર હાલે ભુજ નિવાસી શ્રીમતી મમતાબેન ચંદ્રેશભાઈ ગંગર પરિવાર હસ્તે શ્રી હાર્દિક ચંદ્રેશભાઈ ગંગર તરફથી ત્રિગડો ગઢ અર્પણ કરવામાં આવ્યું હતું.

આ ત્રિ-દિવસીય મહોત્સવ અને સાધર્મિક ભક્તિના લાભાર્થી માતુશ્રી લક્ષ્મીબેન જગશીભાઈ ચાંપશીભાઈ છેડા હસ્તે હંસાબેન તારાચંદભાઈ છેડા પરિવાર, શ્રીમતી જ્યોતિબેન ગિરીશભાઈ જગશીભાઈ છેડા પરિવાર, શ્રીમતી ગીતાબેન મહેશભાઈ જગશીભાઈ છેડા પરિવાર, શ્રીમતી શીલાબેન લહેરીભાઈ જગશીભાઈ છેડા પરિવાર રહ્યા હતા.

આ પ્રસંગે સંઘના ચેરમેન શ્રી જીગર તારાચંદભાઈ છેડા, સંઘના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી લહેરીભાઈ છેડા, સંઘના ટ્રસ્ટી શ્રી કિરણભાઈ કક્કા, મહાજનના ટ્રસ્ટી શ્રી ગિરીશભાઈ છેડા, સંઘ અને મહાજનના ટ્રસ્ટીશ્રીઓ, સખીવૃંદના સભ્યો, યુવા પાંખના સભ્યો, સામાજિક આગેવાન શ્રી લક્ષ્મીકાંતભાઈ કારાણી, શ્રી કિશોરભાઈ સૈયા, શ્રી પ્રબોધભાઈ મુનવર, શ્રી વિમલભાઈ મહેતા, લાભાર્થી પરિવારના સભ્યો, સમાજના લોકો અને બહારગામથી પધારેલ ભક્તજનો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન મહાજનના ખજાનચી શ્રી હરેશભાઈ ગોગરીએ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના કર્મચારીઓએ જહેમત ઉઠાવી હતી.

## શ્રી સર્વ સેવા સંઘ (કચ્છ) – ભુજ

***શ્રી સર્વ સેવા સંઘ (કચ્છ) ભુજ દ્વારા માંડવી તથા મુંદ્રા તાલુકાના ગામોમાં સ્વચ્છતા હી સ્વચ્છતા અંતર્ગત ગામતળ સફાઈ અભિયાન ૬૨થી વધુ દિવસો સુધી ચાલ્યું.***

***સંસ્થાની પહેલ, ગામના આગેવાનોનો સહયોગ, ગ્રામજનોનું શ્રમદાન, કાર્યકરોના સાથ થકી રોગચાળા પૂર્વે સાવચેતીનું પ્રેરણાદાયી પગલું – શ્રી જીગર છેડા***

ભારેથી અતિભારે વરસાદના કારણે માંડવી તથા મુંદ્રા તાલુકાના ગામોમાં પાણી ભરાવવાની સમસ્યાઓ મુશ્કેલી સર્જી હતી. ગામતળમાં ભરાયેલા પાણીને કારણે મચ્છરજન્ય રોગચાળો માથુ ઊંચકે છે. ભૂતકાળમાં અનેક વખત ગંભીર રોગચાળાના બનાવો બની ચૂક્યા છે. સરકારશ્રી અને વહીવટી તંત્ર પણ પાણી ભરાવવાની સમસ્યાને લીધે ઉદ્‌ભવતી ગંદકી સામે જાગૃતિ માટે પ્રયાસો કરે છે. ત્યારે આ પ્રયાસોમાં સફાઈની જાગૃતિ અર્થે અનશનવ્રતધારી, જૈન સમાજ રત્ન શ્રી તારાચંદભાઈ જગશીભાઈ છેડાની સ્મૃતિમાં શ્રી સર્વ સેવા સંઘ (કચ્છ) ભુજનાં પ્રમુખ શ્રી જીગર તારાચંદભાઈ છેડા દ્વારા ''સ્વચ્છતા સાથે સ્વસ્થતા''નું પ્રેરણાદાયી અભિયાન શરૂ કરીને સામાજિક દાયિત્વનું પ્રેરક ઉદાહરણ પૂરું પાડ્યું છે.

સંસ્થાના પ્રમુખ શ્રી જીગર તારાચંદભાઈ છેડાના જણાવ્યા અનુસાર મુંદ્રા તાલુકામાં ૫૭ ગામોમાં અને માંડવી તાલુકાના ૭૩ ગામોમાં સફાઈ અભિયાન પૂર્ણ કરવામાં આવ્યું છે. આ સ્વચ્છતા જાગૃતિ કાર્યમાં ગામના સરપંચો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ, ગ્રામજનો, બધા સમાજના આગેવાનો, કર્મયોગીઓનો સહિયારો પ્રયાસ વગેરેનો ઉલ્લેખ કરી આ કાર્યમાં સહયોગ આપનાર તમામનો આભાર માન્યો હતો. વધુમાં તેમણે જણાવ્યું હતું કે આ સંસ્થાના પ્રેરણાસ્રોત શ્રી તારાચંદભાઈ જગશી છેડાના પદચિહ્નો 'સેવા હી સાધના'ના પથ ઉપર આગળ વધવાનો 'સ્વચ્છતા ત્યાં સ્વસ્થતા' અભિયાનના માધ્યમથી લોક જાગૃતિ થકી રોગચાળા સામે આગોતરી સાવચેતીનો આ વિનમ્ર પ્રયાસ છે.

મુંદ્રા તાલુકાના સફાઈ અભિયાનના ઈન્ચાર્જ શ્રી રામભાઈ ગઢવીએ જણાવ્યું હતું કે સ્વચ્છતાનું બીડું ઉપાડીને સંસ્થા દ્વારા લોકોના સ્વસ્થ સ્વાસ્થ્ય માટે જે કાર્ય કરવામાં આવ્યું છે તે કાબિલેદાદ છે. આ મહાન કાર્યમાં મને સહયોગ આપવાનો અવસર મળ્યો તે બદલ આનંદ વ્યક્ત કર્યો હતો. મુંદ્રા તાલુકાના સફાઈ અભિયાનના ઈન્ચાર્જ શ્રી ભાવેન્દ્રસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે સંસ્થા દ્વારા માંડવી-મુંદ્રાના ગામડાંઓમાં ગામતળ સફાઈ અભિયાન થકી જે કાર્ય કરાયું છે તે પ્રશંસનીય છે. ફાચરીયા ગામના સરપંચ શ્રી માંડણભાઈ રબારીએ જણાવ્યું હતું કે ગામડાંઓમાં રોગચાળો ફાટી નીકળે તે પહેલા અગમચેતીના ભાગરૂપે સંસ્થા દ્વારા ગામતળ સફાઈ અભિયાન શરૂ કરીને લોક જાગૃતિનો પ્રયાસ સરાહનીય છે. શંભુભાઈ આહિરે જણાવ્યું હતું કે સંસ્થા દ્વારા હરહંમેશ લોકોના સ્વાસ્થ્ય બાબતે જાગૃત રહી જે કાર્ય સંસ્થા દ્વારા કરવામાં આવી રહ્યું છે તે બદલ ગ્રામજનો તરફથી સંસ્થાના પ્રમુખ શ્રી જીગર તારાચંદભાઈ છેડા અને સમગ્ર ટીમનો આભાર માન્યો હતો.

માંડવી તાલુકાના બીદડા જિલ્લા પંચાયત ગામોના સફાઈ અભિયાનના ઈન્ચાર્જ શ્રી કીર્તિભાઈ ગોરે જણાવ્યું હતું કે સંસ્થા દ્વારા શરૂ કરવામાં આવેલ ગામતળ સફાઈ અભિયાન જોતજોતામાં સામૂહિક સફાઈ અભિયાનનું કાર્ય બની ગયું હતું. આ કાર્યમાં તમામ લોકોએ સ્વેચ્છાએ જોડાઈને જે ઉત્સાહ બતાવ્યો તે અનુકરણીય છે. શ્રી વીરમભાઈ ગઢવીએ જણાવ્યું હતું કે, 'ગામ સ્વચ્છ, તો ગ્રામજનો સ્વસ્થ'ની ભાવના સાથે સંસ્થા દ્વારા સફાઈ અભિયાનને ગામે ગામે જે સહયોગ મળ્યો, તેથી આ અભિયાન જનભાગીદારી અભિયાન બની ગયું હતું. તલવાણા જિલ્લાના ગામોના સફાઈ અભિયાનના ઈન્ચાર્જ અને જિલ્લા પંચાયતના સદસ્ય શ્રી કેશવજીભાઈ રોશીયાએ જણાવ્યું હતું કે 'સ્વચ્છતા હી સ્વસ્થતા'ના ઉદ્દેશ્ય સાથે શરૂ કરવામાં આવેલ સફાઈ અભિયાનથી લોકો સફાઈ પ્રત્યે જાગૃત થઈને દર મહિને સ્વેચ્છાએ ગામતળ સફાઈ અભિયાનનો સંકલ્પ લીધો હતો.

માંડવી તાલુકાના ગઢશીશા અને કોડાય જિલ્લા પંચાયત સીટ હેઠળ આવતા સફાઈ અભિયાનના ઈન્ચાર્જ શ્રી સામંતભાઈ ગઢવીએ જણાવ્યું હતું કે હરહંમેશ લોકોના સ્વાસ્થ્યની દરકાર લેતી સંસ્થા દ્વારા જે ભગીરથ કાર્ય કરવામાં આવ્યું તે કાબિલેદાદ છે. આ કાર્યમાં ગામેગામના નાનાથી લઈ વડીલોએ સ્વેચ્છાએ જોડાઈને આ અભિયાનને પ્રેરક બળ પૂરું પાડી જનભાગીદારી સફાઈ અભિયાન બનાવી દીધું હતું. માંડવી તાલુકાના ગઢશીશા અને કોડાય જિલ્લા પંચાયત સીટ હેઠળ આવતા ગામોના સફાઈ અભિયાનના ઈન્ચાર્જ શ્રી મહેન્દ્રભાઈ રામાણીએ જણાવ્યું હતું કે આ અભિયાનના માધ્યમથી ગ્રામજનોમાં સફાઈ પ્રત્યે જાગૃતિ માટે જે પ્રયાસ કરવામાં આવ્યો તે વંદનને યોગ્ય છે.

## શ્રી ક.વી.ઓ. જૈન મહાજન - ભુજ

***સતત ત્રણ દિવસમાં ત્રણ દીકરીઓને સાસરિયે વળાવી ત્યારે સાજન માજન સૌની આંખોમાં આંસુના તોરણ બંધાયા.***

***શ્રી ક.વી.ઓ. જૈન મહાજન - ભુજના આંગણે ત્રણ દીકરીઓના રંગેચંગે લગ્ન. મહાજનનું મામેરૂ અંતર્ગત અત્યાર સુધીમાં ૨૭૪ દીકરીઓના લગ્ન સંપન્ન.***

અત્યારે લગ્નસરાની મોસમ ચાલી રહી છે ત્યારે મહાજનનું

મામેરૂ યોજના અંતર્ગત શ્રી ક.વી.ઓ. જૈન મહાજન - ભુજના આંગણે સતત ત્રણ દિવસ સુધી યોજાયેલ લગ્નોત્સવ સાથે ત્રણ દીકરીઓને સાસરિયે વિદાય અપાઈ હતી. સંસ્થાના પ્રમુખ શ્રી જીગર તારાચંદભાઈ છેડાના જણાવ્યાનુસાર તા. ૧૭-૧૧, તા. ૧૮-૧૧ અને તા. ૧૯-૧૧ – એમ ત્રણ દિવસ સંસ્થાના પટાંગણ મધ્યે આવેલ શ્રી શાંતિલાલ કાનજી ગડા પાર્ટી પ્લોટ મધ્યે વૈદિક મંત્રોચ્ચાર સાથે સાજન માજનની ઉપસ્થિતિમાં ત્રણ નવદંપતિઓ લગ્નના પવિત્ર બંધને બંધાયા હતા. સંસ્થાના આંગણે પણ સતત ત્રણ દિવસ લગ્નનું આયોજન પ્રથમવાર થયું હોઈ, ત્રણ ત્રણ દીકરીઓને સાસરિયે વળાવતી વેળાએ સૌના હૃદય ભાવવિભોર બની ગયા હતા. પોતાના દિવંગત પિતા અનશનવ્રતધારી, જૈન સમાજરત્ન શ્રી તારાચંદભાઈ જગશી છેડાએ મધ્યમવર્ગીય પરિવારોની પોતાની વહાલસોયી દીકરીના લગ્ન પ્રસંગમાં મદદરૂપ થવા માટે શ્રી ક.વી.ઓ. જૈન મહાજન - ભુજના નેજા હેઠળ શરૂ કરેલ વ્યક્તિગત લગ્ન વ્યવસ્થાની મહાજનનું મામેરૂ યોજના સંસ્થાએ આગળ ધપાવી હોવાનું અને અત્યાર સુધીમાં ૨૭૪ લગ્નો સંપન્ન થયા હોવાનું શ્રી છેડાએ જણાવ્યું હતું. આ યોજનામાં અત્યાર સુધી સહયોગ આપનાર સૌ દાતાશ્રીઓનો ઋણ સ્વિકાર કરાયો હતો.

આ લગ્ન પ્રસંગે માતુશ્રી લક્ષ્મીબેન જગશી ચાંપશી છેડા હ. શ્રીમતી હંસાબેન તારાચંદભાઈ છેડા પરિવાર, સમર્પણવાળા શ્રી ભાઈચંદભાઈ સ્વરૂપચંદભાઈ વોરા પરિવાર, શ્રીમતી જ્યોતિબેન ગિરીશભાઈ છેડા પરિવાર, શ્રીમતી નેહાબેન ટોપરાણી અને શ્રી કેતનભાઈ ચોથાણી પરિવાર, શ્રીમતી જયશ્રીબેન સુભાષભાઈ આઇયા પરિવાર, શ્રીમતી લક્ષ્મીબેન જમનાદાસ ઠક્કર (હ. કમલેશ જ્વેલર્સ) પરિવાર, સ્વ. લીલાવંતીબેન મથુરાદાસ પુરોહિત હ. શ્રી પ્રદીપભાઈ (છબીકલા) પરિવાર, શ્રી તુલસીભાઈ જોષી (ઓધવરામ ડેવલોપર્સ - ભુજ) પરિવાર, શ્રીમતી કસ્તુરબેન વિશ્રામભાઈ નારાયણજી ચંદે (પ્રકાશ એજન્સી - ભુજ) પરિવાર, નીલમબેન ગાંધી પરિવાર, શ્રીમતી રેખાબેન શાહ પરિવાર - ભુજ, શ્રીમતી હીનાબેન અરૂણભાઈ મહેતા પરિવાર - ભુજ, શ્રીમતી ભાવેશાબેન નીલયભાઈ મહેતા પરિવાર - ભુજ, જયાબેન માણેક પરિવાર - ભુજ, શ્રી રોબીનભાઈ અલ્પેશભાઈ શાહ પરિવાર - માધાપર વગેરે દાતાશ્રીઓ દ્વારા કન્યાને વિવિધ ભેટ અર્પણ કરવામાં આવી હતી તથા સંસ્થા દ્વારા ત્રણે દીકરીઓને રૂા. ૧૧,૦૦૦/-ના બોન્ડ અર્પણ કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે મહાજનના પ્રમુખ શ્રી જીગર તારાચંદભાઈ છેડા, ખજાનચી શ્રી હરેશભાઈ ગોગરી, સહમંત્રી શ્રી હિરેનભાઈ પાસડ, ટ્રસ્ટી શ્રી ગિરીશભાઈ છેડા, શ્રી વિનોદભાઈ ગાલા, ડૉ. દેવચંદભાઈ ગાલા, શ્રી હીરાલાલભાઈ સૈયા, શ્રી ભુજ ક.વી.ઓ. જૈન સંઘના ટ્રસ્ટી શ્રી સુરેન્દ્રભાઈ સાવલા, શ્રી કિરણભાઈ કક્કા, શ્રી મનીષભાઈ નાગડા, સંઘના ટ્રસ્ટી અને બીએમસીબી બેંકના ડાયરેક્ટર શ્રી ધીરેનભાઈ પાસડ, મહાજનનું મામેરૂ સમિતિના શ્રી સંજયભાઈ મોતા, શ્રી ભાવિનભાઈ દેઢિયા, ડીનલ ધરોડ, શ્રીમતી નીતાબેન નાગડા, સખીવૃંદના પ્રમુખ શ્રી પ્રીતિબેન છેડા, શ્રીમતી કેતનાબેન નાગડા, શ્રીમતી ભક્તિબેન વોરા, શ્રીમતી રીમાબેન ગોગરી, યુવા પાંખના પ્રમુખ શ્રી ઈશાન મોતા, શ્રી ચિરાગ ધનાણી, દાતા પરિવારના શ્રી રોબિનભાઈ શાહ, શ્રીમતી સોનુબેન દર્શનભાઈ ઠક્કર (કમલેશ જ્વેલર્સ) વગેરેએ ઉપસ્થિત રહી નવદંપતિઓને શુભકામનાઓ પાઠવી અને ભેટ સોગાદ અર્પણ કરી હતી.

આ શુભ પ્રસંગે સંસ્થાના જનરલ મેનેજર અંકિત ગાલા અને કર્મચારીઓએ સમગ્ર વ્યવસ્થા સંભાળી હતી. આ કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ સંસ્થાના સહમંત્રી શ્રી હિરેનભાઈ પાસડે કરી હતી. વિધિવિધાન શ્રી તુષારભાઈ ભટ્ટે કરાવી હતી. ભાવતા ભોજન શ્રી ભરતસિંહ સોનેગરાએ જમાડ્યા હતા.

## ઉત્કૃષ્ટ સાહિત્ય સર્જન માટે ડૉ. કુમારપાળ દેસાઈને અણુવ્રત ગૌરવ પુરસ્કાર

શાંતિદૂત આચાર્યશ્રી મહાશ્રમણજી દ્વારા સુરતમાં આયોજિત ચાતુર્માસ સમયે હજારો શ્રદ્ધાળુઓ અને ચતુર્વિધ ધાર્મિક સંઘને ધાર્મિક આરાધનાનો લાભ આપવામાં આવ્યો. આ પ્રસંગે નવ દિવસની સાધના શિબિરનું આયોજન કરવામાં આવ્યું અને એ પછી આ ભવ્ય સમારંભમાં ડૉ. કુમારપાળ દેસાઈને અણુવ્રત લેખક પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા. શાંતિદૂત આચાર્યશ્રી મહાશ્રમણજીએ કહ્યું કે, કુમારપાળ દેસાઈના લેખનમાં સૌષ્ઠવતા, મૌલિકતા અને સત્ત્વ હોય છે અને એટલે જ એમનું પ્રત્યેક લખાણ ગરિમાપૂર્ણ હોય છે. એમના લખાણથી ઉમદા સામાજિક મૂલ્યો પ્રસારિત થાય છે અને એ રીતે એમના સાહિત્યમાં અણુવ્રતના શિક્ષા, સંન્નિષ્ઠા અને સત્યનિષ્ઠાના સિદ્ધાંતોનું પ્રાગટ્ય થાય છે. જ્યારે અણુવિભા સમિતિના પ્રમુખ શ્રી અવિનાશ નાહરે કહ્યું કે પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઇને લખવાની કળા એમના વારસામાં મળી છે. એમનું જીવન અને વ્યવહાર બંને અણુવ્રત સાથે સુસંગત છે અને તેથી એમને ઍવોર્ડ અર્પણ કરતાં ગૌરવની લાગણી અનુભવીએ છીએ. અણુવિભાના ઉપપ્રમુખ શ્રી રાજેશ સુરાણાએ સભાનું સંચાલન કર્યું હતું. શ્રી સંતોષ સુરાણા, અંકેશ શાહ વગેરેએ આયોજનમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. વિશાળ જનમેદનીની ઉપસ્થિતિમાં આ ઍવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો. છેલ્લા ૨૪ વર્ષથી અપાતો અણુવ્રત પુરસ્કાર મેળવનાર સર્વપ્રથમ ગુજરાતી લેખક કુમારપાળ દેસાઈ છે, તેની સમિતિએ ખાસ નોંધ લીધી હતી. આ સમયે મુનિશ્રીઓ, સાધ્વીજીઓ, અગ્રણી વિદ્વાનો, સાહિત્યકારો અને સાધકો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ■

દેશ વિદેશ

# દેશ – વિદેશ...

ચૌલા કુરૂવા

## દેશના સમાચાર

**★ ૨,૧૫૩ કરોડનું દાન કરનાર શિવ નાદર... મુકેશ અંબાણી કરતાં પાંચ ગણું દાન કરીને દેશના સૌથી મોટા દાનવીર બન્યા...**

HCLના સહ-સ્થાપક શિવ નાદર દેશના સૌથી મોટા દાનવીર છે. શિવ અને તેમના પરિવારે ગયા વર્ષે એટલે કે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ૨,૧૫૩ કરોડ રૂપિયાનું દાન આપ્યું હતું. એટલે કે રોજના ૫.૯૦ કરોડ રૂપિયા આપવામાં આવ્યા હતા. આ માહિતી એડલગિવ હુરૂન ઈન્ડિયા ફિલાન્થ્રોપી લિસ્ટ ૨૦૨૪માં આપવામાં આવી છે.

ગુરૂવાર, ૭ નવેમ્બરના રોજ જાહેર કરવામાં આવેલી આ યાદીમાં નાદર પરિવાર ટોચ પર છે. રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી અને તેમનો પરિવાર બીજા ક્રમે છે. અંબાણીએ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ૪૦૭ કરોડ રૂપિયાનું દાન કર્યું હતું. બજાજ પરિવારે ૩૫૨ કરોડ રૂપિયાનું દાન આપીને યાદીમાં ત્રીજું સ્થાન મેળવ્યું છે. આ ૨૦૨૩ કરતાં ૩૩% વધુ છે.

દાતાઓની યાદીમાં ટોચની ૧૦ હસ્તીઓએ કુલ રૂા. ૪,૬૨૫ કરોડનું દાન આપ્યું છે, જે યાદીમાંના કુલ દાનના લગભગ ૫૩% છે. ટોચના ૧૦ દાનવીરોમાંથી ૬એ તેમના CSR (કોર્પોરેટ સોશિયલ રીસ્પોન્સિબિલિટી) હેઠળ શિક્ષણ માટે વધુ નાણાં આપ્યાં છે. *(તા. ૭-૧૧-૨૦૨૪)*

**★ દેશના એરપોર્ટ પર ખાણીપીણીની ચીજવસ્તુઓના ભાવમાં ઘટાડો.**

એરપોર્ટ ઓથોરિટી ઑફ ઈન્ડિયા તેના માટે એરપોર્ટ પર એફોર્ડેબલ ઝોનને અનિવાર્ય કરવા જઇ રહી છે. એટલે કે દરેક એરપોર્ટ પર કેટલાક સ્થાન એફોર્ડેબલ ઝોન તરીકે અનામત રહેશે, જ્યાં મુસાફરો સસ્તા દરે ભોજન કરી શકશે. *(તા. ૯-૧૧-૨૦૨૪)*

**★ બિહારમાં છઠ દરમિયાન ડૂબવાથી ૪૫નાં મોત**

બિહારમાં છઠના તહેવાર દરમિયાન ડૂબી જવાથી ૪૫ લોકોના મોત થયા છે. કોસી-સીમાંચલ અને પૂર્વ બિહારના અલગ-અલગ જિલ્લાઓમાં છઠના તહેવાર પર ડૂબી જવાથી ૨૨ લોકોએ જીવ ગુમાવ્યા. ખાગરિયામાં સૌથી વધુ ૪ લોકો ડૂબી ગયા. *(તા. ૯-૧૧-૨૦૨૪)*

**★ ૧૪ વરસની સફર...**

માઈક્રોસોફ્ટની જોબ છોડી પીયૂષ બંસલ ભારત આવ્યા પછી તેમણે સ્થાપેલી લેન્સકાર્ટને તેનો મજબૂત રેવન્યુ ગ્રોથ અને ટૂંકા ગાળામાં એક મોટી બ્રાન્ડ બનવા બદલ સ્ટાર્ટઅપ ઓફ ધ યર એવોર્ડ મળ્યો છે. ઇકોનોમિક ટાઈમ્સ અનુસાર, લેન્સકાર્ટનું માર્કેટ કેપ ૪૭ હજાર કરોડ રૂપિયાથી વધુ છે. *(તા. ૧૧-૧૧-૨૦૨૪)*

**★ નારાયણ મૂર્તિની ફરી ૭૦ કલાક કામ કરવાની સલાહ**

ઈન્ફોસિસના સહ-સ્થાપક નારાયણ મૂર્તિએ સપ્તાહમાં ૭૦ કલાક કામ કરવા અંગેના તેમના વિવાદાસ્પદ નિવેદનનો બચાવ કર્યો છે. તેમણે કહ્યું કે ભારતની પ્રગતિ માટે સખત મહેનત ખૂબ જ જરૂરી છે. સીએનબીસી ગ્લોબલ લીડરશિપ સમિટમાં મૂર્તિએ કહ્યું હતુ. *(તા. ૧૬-૧૧-૨૦૨૪)*

**★ વડોદરાના કોટંબી સ્ટેડિયમમાં ૩૬૦ ડિગ્રી વ્યૂથી મેચ જોઈ શકાશે... :** વડોદરા શહેર નજીક બરોડા ક્રિકેટ એસોસિએશન (BCA) દ્વારા ૨૧૫ કરોડના ખર્ચે આંતરરાષ્ટ્રીય કક્ષાનું સ્ટેડિયમ બનીને તૈયાર છે. આગામી મહિને આ કોટંબી ઈન્ટરનેશન સ્ટેડિયમ ખાતે ભારત અને વેસ્ટઈન્ડિઝ મહિલા ક્રિકેટ ટીમો વચ્ચે પ્રથમ આંતરરાષ્ટ્રીય મેચ પણ રમાવા જઈ રહી છે. *(તા. ૧૭-૧૧-૨૦૨૪)*

**★ પાણી પીવડાવીને એક જ વર્ષમાં ૨૩૦૦ કરોડની કમાણી :** ભારતમાં પેકેજ્ડ વોટર માર્કેટ પર ૫૫ વર્ષથી રાજ કરી રહેલી બિસ્લેરીની કમાન હવે ૪૪ વર્ષની જયંતિ ચૌહાણના હાથમાં છે. ભારતના ૩૨ ટકા મિનરલ વોટર માર્કેટ પર બિસ્લેરી ઈન્ટરનેશનલનો કબજો છે. દેશભરમાં ૧૨૨ પ્લાન્ટ અને ૪૫૦૦થી વધુ ડિસ્ટ્રીબ્યુટર્સ છે. *(તા. ૧૮-૧૧-૨૦૨૪)*

**★ 'ધ સાબરમતી રીપોર્ટ'થી વિવાદ**

વિક્રાંત મેસીની ફિલ્મ 'ધ સાબરમતી રીપોર્ટ' હાલ ચર્ચામાં રહે છે. આ ફિલ્મ ૨૦૦૨ના ગોધરા કાંડ પર આધારિત છે, જે ભારતીય રાજકારણમાં સૌથી વિવાદાસ્પદ મુદ્દાઓમાંથી એક છે. વિક્રાંત 'ધ સાબરમતી રિપોર્ટ'માં એક પત્રકારની ભૂમિકા ભજવી રહ્યો છે . *(તા. ૧૮-૧૧-૨૦૨૪)*

**★ દિલ્હીમાં પ્રદૂષણ મામલે સુપ્રીમ કોર્ટે પ્રતિબંધોમાં મોડુ કરવા બદલ સવાલ ઉઠાવ્યા :** સુપ્રીમે દિલ્હી સરકારને કહ્યું, માત્ર સ્ટેજ ૪ પ્રતિબંધો જ લાગુ રાખો, ભલે AQI ૩૦૦ની અંદર હોય. *(તા. ૧૮-૧૧-૨૦૨૪)*

**★ લોકો મિનિમલિસ્ટ લાઇફ તરફ પાછા ફરી રહ્યા છે...**

***ઓછી સામગ્રી એટલે ઓછો ખર્ચ, ઓછું કામ, ઓછો બોજ...***

આજકાલ બજાર દિવસ-રાત એવી વસ્તુઓ જથ્થાબંધ ભાવે

બનાવે છે, જેની આપણને જરૂર નથી. બજાર હજારો જાતના કપડાં, ઘર અને રસોડાની વસ્તુઓથી ભરેલું છે. આ બધી વસ્તુઓ પણ આપણને આકર્ષે છે. છતાંય હવે લોકો મિનિમલિસટ લાઈફ તરફ જઈ રહ્યા છે.

*(તા. ૧૯-૧૧-૨૦૨૪)*

★ **સિંહના અભયારણ્ય...**

***સાસણમાં ૩ જિલ્લાના ૧૯૬ ગામના ખેડૂતોનો વિરોધ***

સરકાર દ્વારા જુનાગઢ, ગીર સોમનાથ અને અમરેલી જિલ્લાના ૧૯૬ ગામડાઓ ઈકો ઝોન ગણાતા આ ગામડાંઓના ખેડૂતો દ્વારા ઈકો ઝોનને કાળો કાયદો ગણાવી વિરોધ કરવામાં આવી રહ્યો છે. *(તા. ૧૯-૧૧-૨૦૨૪)*

## વિદેશના સમાચાર

★ **અમેરિકાએ ભારતની ૧૯ કંપનીઓ પર પ્રતિબંધ લગાવ્યો :** ***ચીન સહિત અનેક દેશોની ૩૭૯ કંપનીઓ પર પ્રતિબંધ. આરોપ : તે રશિયાને યુદ્ધ સામગ્રી સપ્લાય કરી રહી છે***

અમેરિકાએ રશિયા, ચીન, મલેશિયા, થાઈલેન્ડ, તુર્કી અને સંયુક્ત આરબ અમિરાત જેવા એક ડઝનથી વધુ દેશોની ૩૯૮ કંપનીઓ પર પ્રતિબંધ લગાવ્યો છે, જેમાં ૧૯ ભારતીય કંપનીઓ પણ સામેલ છે. અમેરિકાનો આરોપ છે કે ફેબ્રુઆરી ૨૦૨૨માં યુક્રેન પર થયેલા હુમલા બાદથી આ કંપનીઓ રશિયાને યુદ્ધનો સાધનો આપી રહી છે, જેનો ઉપયોગ રશિયા યુદ્ધમાં કરી રહ્યું છે.

આમાંની મોટાભાગની કંપનીઓ ઈલેક્ટ્રોનિક સાધનોના સપ્લાયર છે; જ્યારે કેટલીક કંપનીઓ એરક્રાફ્ટના પાર્ટસ, મશીન ટુલ્સ વગેરે પણ સપ્લાય કરે છે. *(તા. ૨-૧૧-૨૦૨૪)*

★ **નેપાળે નોટો છાપવાનો કોન્ટ્રાક્ટ ચીની કંપનીને આપ્યો**

નેપાળની સેન્ટ્રલ બેંક 'નેપાલ રાષ્ટ્ર બેંક'એ ચીનની એક કંપનીને ૧૦૦ રૂપિયાની નવી નેપાળી નોટ છાપવાનો કોન્ટ્રાક્ટ આપ્યો છે. સમાચાર એજન્સી PTI અનુસાર, આ નોટો પર બનાવેલા નકશામાં ભારતના લિપુલેખ, લિમ્પિયાધુરા અને કાલાપાની વિસ્તારોને નેપાળના ભાગ તરીકે દર્શાવવામાં આવ્યા છે. આ વિસ્તારને લઈને ભારત અને નેપાળ વચ્ચે લગભગ ૩૫ વર્ષથી વિવાદ ચાલી રહ્યો છે.

રીપોર્ટ અનુસાર ચીનની 'બેંક નોટ પ્રિન્ટિંગ એન્ડ મિન્ટિંગ કોર્પોરેશન' કંપનીને નોટો છાપવાનો કોન્ટ્રાક્ટ મળ્યો છે. ચીનની કંપની નેપાળી ચલણી નોટોની ૩૦ કરોડ નકલો છાપશે. આ માટે લગભગ ૭૫ કરોડ ભારતીય રૂપિયાનો ખર્ચ થશે. એટલે કે ૧૦૦ રૂપિયાની ૧ નેપાળી નોટ છાપવાની કિંમત લગભગ ૨.૫૦ ભારતીય રૂપિયા હશે. *(તા. ૧-૧૧-૨૦૨૪)*

★ **સાઉદી અરેબિયાના ઈતિહાસમાં પહેલીવાર ભારે હિમવર્ષા... મનને ખુશ કરે એવો આહ્લાદક નજારો..**

રણમાં ભારે વરસાદ, તીવ્ર ઠંડી અને હિમવર્ષાની કલ્પના કરી શકાય નહીં. પણ સાઉદી અરેબિયાના એક રણમાં બરાબર આવું જ થયું છે. એટલો બધો બરફ પડ્યો કે રણ સફેદ ચાદર જેવું દેખાવા લાગ્યું છે. *(તા. ૬-૧૧-૨૦૨૪)*

★ **સ્પેસમાં સુનીતા વિલિયમ્સની તબિયત બગડી**

ગાલ બેસી ગયા છે. ડૉક્ટર્સને ચિંતા થાય તે સ્વાભાવિક છે. અંતરીક્ષમાં હજુ વધુ ૩ મહિના અટવાશે. *(તા. ૭-૧૧-૨૦૨૪)*

★ **ટ્રમ્પની ટીમમાં ફ્લોરીડાના સાંસદ માઈક વોલ્ટ્ઝની એન્ટ્રી**

તેઓ અમેરિકાના નવા NSA બને છે. ચીન - ઈરાનના વિરોધી અને ભારતના સમર્થક છે. ગઈ વખતે ટ્રમ્પે ૪ NSA બદલ્યા હતા. *(તા. ૧૧-૧૧-૨૦૨૪)*

★ **PM મોદીને નાઇજીરિયાનું સર્વોચ્ચ સન્માન..**

***અત્યાર સુધી ૧૫ દેશોએ સર્વોચ્ચ સન્માન આપ્યું છે...***

નાઈજીરિયાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સર્વોચ્ચ રાષ્ટ્રીય સન્માન 'ધ ગ્રાન્ડ કમાન્ડર ઓફ ધ ઓર્ડર ઓફ ધ નાઈજર'થી સન્માનિત કરવાની જાહેરાત કરી છે. ન્યુઝ એજન્સી ANI અનુસાર, બ્રિટનની મહારાણી એલિઝાબેથ બાદ આ સન્માન મેળવનાર મોદી બીજા વિદેશી બનશે. *(તા. ૧૬-૧૧-૨૦૨૪)*

★ **અમેરિકાએ ચૂંટેલા તેના નવા રાષ્ટ્રપતિ ટ્રમ્પની ટીમ**

ફોક્સ ટીવી એન્કર પીટ હેગસેથ અમેરિકાના નવા રક્ષામંત્રી બનશે. ગીતા પર હાથ રાખીને શપથ લેનાર તુલસી ગબાર્ડ નેશનલ ઈન્ટેલિજન્સ ડાયરેક્ટર હશે. વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ ઈલોન મસ્કને અમેરિકન સરકારના ખર્ચમાં ઘટાડો કરવાની જવાબદારી સોંપાઈ છે. *(તા. ૧૮-૧૧-૨૦૨૪)*

★ **હરિની અમરસૂર્યા શ્રીલંકાના ત્રીજા મહિલા વડાપ્રધાન બન્યા :** ***દિલ્હી યુનિવર્સિટીમાંથી અભ્યાસ કર્યો. રાજકારણમાં આવ્યાના ૫ વર્ષમાંજ PM બન્યા છે.***

હરિની અમરસૂર્યાને શ્રીલંકાના નવા વડાપ્રધાન બનાવવામાં આવ્યા છે. આ પદ પર પહોંચનારા તે શ્રીલંકાની ત્રીજી મહિલા નેતા છે. તે શ્રીલંકામાં બે મહિના પહેલા રચાયેલી વચગાળાની સરકારમાં પણ વડાપ્રધાન હતા. *(તા. ૧૯-૧૧-૨૦૨૪)*

★ **કેનેડામાં ખાલિસ્તાની આતંકીઓ સામે હિંદુઓ એક થયા :** આલ્બર્ટાનાં એડમેન્ટનમાં ડ્રાઈવ ફોર યુનિટી હેઠળ શાંતિમય કાર રેલી યોજાઇ. *(તા. ૧૯-૧૧-૨૦૨૪)*

★ **મોદીએ G20માં કહ્યું : યુદ્ધને કારણે વિશ્વમાં ખાદ્યસંકટ**

એની સૌથી વધુ અસર ગરીબ દેશો પર છે. PM વૈશ્વિક નેતાઓને બ્રાઝિલમાં મળ્યા. *(તા. ૧૯-૧૧-૨૦૨૪)*

જ્ઞાન વિજ્ઞાન

# જ્ઞાન વિજ્ઞાન – વૈજ્ઞાનિક માહિતી

• સંકલન •
રસીક ખીમજી મહેતા

## વિશ્વનો સૌથી વૃદ્ધ – ૧૨ હજાર વર્ષનો છોડ : કિંગ ક્લોન

જીવ જગતમાં સૌથી વધુ આયુષ્ય વનસ્પતિઓનું હોય છે. ઘણા વૃક્ષો હજારો વર્ષ જીવે છે. કેલિફોર્નિયા નજીક મોજાવીના રણમાં ઉગેલો કિંગ ક્લોન છોડ ૧૧,૭૦૦ વર્ષનો છે. ઝાડી-ઝાંખરા જેવો આ છોડ ૪૫ ફૂટ વ્યાસના ગોળાકાર મેદાનમાં ઉગેલો છે. આ વનસ્પતિને ક્રિઓસોર બુશ પણ કહે છે. વિજ્ઞાનીઓ આ છોડને વિશ્વનો સૌથી વૃદ્ધ છોડ કહે છે. કેલિફોર્નિયા યુનિવર્સિટીના વિજ્ઞાનીઓએ સંશોધન કરીને વૈજ્ઞાનિક પદ્ધતિથી આ છોડનું આયુષ્ય શોધી કાઢ્યું હતું. જો કે આ અજાયબ વનસ્પતિના વિસ્તારમાં સામાન્ય લોકોને જવાની મનાઈ છે. ઝીણા પાન ધરાવતી આ વનસ્પતિ પાણીની અછત હોય તો પણ જીવિત રહે છે. તેના પાન પર મીણ જેવું ઘટ્ટ પ્રવાહી જામેલું હોય છે. તે પાનને લીલા રાખે છે. આ છોડ પર પીળા ફૂલ આવે છે. આ છોડની આસપાસ અન્ય કોઈ વનસ્પતિ ઉગી શકતી નથી.

કેલિફોર્નિયાના જંગલ તેના વયોવૃદ્ધ વૃક્ષો માટે જાણીતા છે. તેમાં ૫,૦૦૦ વર્ષનું ગ્રેસ બસીન પાઈન તેમજ બે હજાર વર્ષ કરતાં વધુ આયુષ્ય ધરાવતા અસંખ્ય જાયન્ટ સિક્વાયાનો સમાવેશ થાય છે.

## મગજ જુદી જુદી વસ્તુઓને કેવી રીતે યાદ રાખે છે?

આપણું મગજ શરીરનું સંચાલન કરવા ઉપરાંત જાતજાતના વિષયોનું જ્ઞાન, લોકોની ઓળખ, ભૂતકાળની ઘટનાઓ વગેરે યાદ રાખે છે અને જરૂર પડ્યે તાત્કાલિક યાદ પણ કરી શકે છે. ભવિષ્યના વિચારો પણ કરે છે. આટલું નાનું મગજ આટલા બધા કામ કેવી રીતે કરી શકે છે તે વિશે વિજ્ઞાનીઓને પણ પૂરી ખબર નથી. સંશોધનો અને અવલોકનોના આધારે વિજ્ઞાનીઓ કહે છે કે મગજમાં અબજો જ્ઞાનકોષો હોય છે તે વૃક્ષની ડાળીઓની જેમ એકબીજા સાથે જોડાઈને મોટું જાળું બનાવે છે. જ્ઞાનકોષ એકબીજા સાથે ટેન્ડ્રાઈટ નામના સૂત્રથી જોડાયેલા છે. આ બધું જોવા માટે માઈક્રોસ્કોપની જરૂર પડે, નરી આંખે દેખાય નહીં. જુદા જુદા કામ માટે મગજમાં જુદા જુદા કેન્દ્ર હોય છે. આંતરિક હિસ્સામાં યાદ કેન્દ્ર હોય છે. યાદ કેન્દ્ર પણ બે હોય છે. તેમાં રહેલા કોષોમાં અગણિત માહિતી હોય છે. કોષો ન્યુરોટ્રાન્સમિટર નામના વિદ્યુત સિગ્નલ વડે એકબીજાને માહિતી આપે છે. આ જાળા કરોડરજ્જુ દ્વારા શરીરના જુદા જુદા અંગો સાથે જોડાયેલા હોય છે. આંખ, કાન, જીભ અને ચામડી જોયેલું, સાંભળેલું, ચાખેલું અને સ્પર્શ કરેલું વગેરે માહિતી મગજમાં પહોંચી જાય છે. મગજમાં વાંચેલું, ભણેલું અને અનુભવેલું લાંબાગાળાની યાદ તરીકે સંઘરાય છે. મગજનું કામ ઘણું જ જટિલ છે. વિવિધ માણસોમાં વિવિધ પ્રકારની માનસિક શક્તિઓ પણ હોય છે.

## દરિયામાં સર્જાતા મોતના કૂવા : વમળ

ચોમાસામાં રસ્તા પર પાણી ભરાયેલું હોય અને કોઈ છિદ્રમાંથી જમીનમાં ઉતરે ત્યારે ચક્રાકાર વમળ સર્જાય છે તે આપણે જોઈએ છીએ. સાંકડા મોં વાળી ગરણીમાં પાણી નાંખીને જોવાથી તેમાંથી પસાર થતું પાણી ચક્રાકાર ગતિથી ઉતરે છે. પાણી કે પ્રવાહીઓ ખાલી જગ્યા તરફ ગતિ કરે છે. રસ્તો સાંકડો હોય ત્યારે ચારેબાજુથી દબાણ કરી એક બિંદુ ઉપર કેન્દ્રિત થાય છે અને ચક્રાકાર વમળ બને છે. નદી કે તળાવમાં પણ ભૂતળમાં ખાડો પડે તો સપાટી પર પાણીના વમળ જોવા મળે છે. ચક્રાકાર ફરતા પાણીની ગતિ અને શક્તિ પ્રચંડ હોય છે. દરિયામાં તો વિરાટ કદના વમળ સર્જાય છે અને તે ભીષણ શક્તિ ધરાવે છે. આ વમળમાં બોટ કે નાના વહાણ ચક્રાકાર ફરીને તળિયે જઈ પડે છે. સમુદ્રમાં ઘણા સ્થળે આવા વમળ હોય છે. સાગરખેડૂઓ તેને મોતના કૂવા ગણે છે અને તેનાથી દૂર રહે છે.

સ્કોટલેન્ડ નજીક કોરીવેકનના અખાતમાં વિશ્વમાં સૌથી મોટું વમળ આવેલું છે. જાપાનના અવાજી ટાપુ પર એક જોખમી વમળ પ્રસિદ્ધ છે. તેને નારૂટો વ્હર્લપૂલ કહે છે. તેમાં લગભગ ૧૮ કિ.મી.ની ઝડપે પાણી ચક્રાકાર ફરે છે અને તે ૬૬ ફૂટના વ્યાસનું છે.

## વિશ્વનું સૌથી ભયંકર પક્ષી : કાસોવરી

વિશ્વનું ત્રીજા નંબરનું સૌથી કદાવર પક્ષી કાસોવરી ન્યુગિયાના અને ઓસ્ટ્રેલિયામાં જોવા મળે છે. શાહમૃગ જેવા દેખાવનું આ પક્ષી માણસો અને અન્ય પ્રાણીઓ પર ઘાતક હુમલા કરવા માટે જાણીતું છે. કાસોવરી લગભગ ૬ ફૂટ ઊંચું હોય છે. તેના શરીર પર કાળા પીંછા અને ડોક પર ભૂરા રંગના

પીંછા હોય છે. તે ૫૦ કિ.મી.ની ઝડપે દોડી શકે છે અને ૬ ફૂટ ઊંચો કૂદકો મારી શકે છે. શાહમૃગ અને પેંગ્વિનની જેમ તે ઉડી શકતું નથી. કાસોવરીના માથે લાલ કલગી હોય છે.

કાસોવરીના પગ મજબૂત હોય છે. પગમાં ત્રણ આંગળી હોય છે. વચલી આંગળીમાં લાંબા તીક્ષ્ણ નહોર હોય છે. તે પાણીમાં તરી શકે છે. કાસોવરી ત્રણ જાતના જોવા મળે છે.

કાસોવરી વનસ્પતિ આહારી છે પરંતુ માણસ કે અન્ય પ્રાણી નજીક આવતાં તે ભયભીત થઈ હુમલો કરે છે. તેની જોરદાર લાત કૂતરા જેવા પ્રાણીને પણ પછાડી દે છે. હુમલા વખતે તે ધારદાર નખનો છરીની જેમ ઉપયોગ કરી શિકારને ચીરી નાંખે છે. ઓસ્ટ્રેલિયામાં કાસોવરીના હુમલામાં ઘણા લોકોનાં મોત થયાનું નોંધાયું છે. બીજા વિશ્વયુદ્ધમાં ઓસ્ટ્રેલિયા આવતા વિદેશી સૈનિકોને કાસોવરીથી બચીને રહેવા ચેતવણી અપાતી. માદા કાસોવરી ૧૪ સે.મી. લાંબા લીલા રંગના ઈંડા મૂકે છે. તે જમીન પર માટી અને પાંદડાનો માળો બનાવે છે.

## સેન્ટ મેરી ટાપુના લાવા કુદરતી સ્તંભ

ભારતના કર્ણાટકમાં સેન્ટ મેરી આઈલેન્ડ નામનો ટાપુ સમૂહ જાણીતો છે. તેમાં ચાર ટાપુ પૈકી કોકોનટ આઈલેન્ડ પર કુદરતે સર્જેલો અજાયબી જેવો કાળા પથ્થરના સંખ્યાબંધ સ્તંભ જોવા મળે છે. ૫૦૦ મીટર લાંબા અને ૧૦૦ મીટર પહોળા ષટકોણ આકારના ટાપુ પર લાખો વર્ષ પહેલાં જ્વાળામુખીની પ્રક્રિયાથી સર્જાયેલા આ સ્થંભો લાવારસના બનેલા છે. આ સ્થળ જીઓ ટુરિઝમ કહેવાય છે.

ઈ.સ. ૧૪૯૮માં પોર્ટુગલ પ્રવાસી વાસ્કો-ડી-ગામા ભારતમાં પ્રવેશતા પહેલાં આ ટાપુ પર ઉતરેલો અને તેણે ટાપુને સેન્ટ મેરીનો ટાપુ નામ આપ્યું. ત્યારથી આ ટાપુઓ એ નામે જ ઓળખાય છે. ટાપુ પર નિયમિત આકારના પાંચ, છ કે સાત બાજુ ધરાવતા ઊભા સ્તંભોની રચના અજાયબી જેવી લાગે. સૌથી મોટો સ્તંભ ૨૦ ફૂટ ઊંચો છે. આ અગ્નિકૃત ખડકના બનેલા છે. આ ટાપુ અંગે અનેક વૈજ્ઞાનિક સંશોધનો થયા છે. ભૂસ્તરશાસ્ત્રીઓ માટે આ એક મહત્ત્વપૂર્ણ સંશોધન સ્થાન છે. આ ટાપુ પર કર્ણાટકના માલ્પી બંદરેથી જવાય છે. ત્યાં પણ વદાભદ્રેશ્વર મંદિર નામનું પૌરાણિક મંદિર જોવાલાયક છે.

## ધડાકા જેવો મોટો અવાજ સંભળાતાં આંખ કેમ મિંચાઈ જાય છે?

આપણી આસપાસ ક્યારેક મોટો ફટાકડો ફૂટે કે કોઈ વજનદાર ચીજ પછડાય ત્યારે એનો અવાજ સાંભળતા જ આપણી આંખ મિંચાઈ જાય છે. એટલે કે આપણી પાંપણ ઝબકી જાય છે. આમ કેમ થતું હશે ખબર છે? આનું કારણ છે કે કાનના પડદા પર આવો કોઈ પણ અવાજ ઝીલાય ત્યારે એ સતત ધ્રુજે છે. આ ધ્રુજારી કાનની અંદરના હાડકામાં થઈ જ્ઞાનતંતુઓ સુધી પહોંચે છે. વળી, જ્ઞાનતંતુઓ દ્વારા મગજ સુધી પહોંચે ત્યારે મગજ આ ધ્રુજારીને ઓળખી પાડે છે. મગજમાં આખા શરીરની વ્યવસ્થાનું કામ ચાલતું હોય ત્યાં અચાનક જ એ ભયંકર ધ્રુજારીનો આંચકો આવતાં જ્ઞાનતંતુઓના ફ્યુઝ ઉડી જાય છે. તેથી જો અચાનક જ્ઞાનતંતુઓ પર વધારે પડતી તાણ આવે ત્યારે જ્ઞાનતંતુઓ પોતાના છેડા છૂટા કરી લે છે. જ્ઞાનતંતુઓના છેડા છૂટા પડી જતાં શરીરના સ્નાયુઓ ઉપરથી કાબૂ જતો રહે છે. આ કારણસર બધા સ્નાયુ ઢીલા પડી જાય છે. અચાનક ધડાકાનો અવાજ કાન પર સંભળાય ત્યારે મગજ સુધી ધ્રુજારી પહોંચે છે. એટલા માટે આંખની પાંપણ તરત જ મિંચાઈ જાય છે.

## ફળો અને શાકભાજીનું અવનવું...

★ સૌથી વધુ લોકપ્રિય ટામેટાની ૫૦૦૦ જેટલી જાત અને સફરજનની ૭૫૦૦ જાત હોય છે.
★ વનસ્પતિશાસ્ત્રની દૃષ્ટિએ કોળું શાક નહીં, ફળ છે.
★ તરબુચમાં ૯૨ ટકા, ગાજરમાં ૮૭ ટકા અને કોબીજમાં ૯૦ ટકા પાણી હોય છે.
★ અમેરિકામાં સફરજન એક વર્ષ સુધી સચવાય તેવી સુવિધા હોય છે.
★ દ્રાક્ષને માઈક્રોવેવ ઓવનમાં મૂકો તો ધડાકા સાથે ફાટે છે.
★ સફરજન ગુલાબના કૂળની વનસ્પતિ છે.
★ કેળાં થોડા રેડિયો એક્ટિવ હોય છે.
★ જાપાનમાં ચોરસ તડબુચની ખેતી થાય છે.
★ કાકડી એ શાક નથી, ફળ છે.
★ ફળોના અભ્યાસને 'પોમોલોજી' કહે છે.
★ વિશ્વનું સૌથી મોટું ફળ કોકો-દ-મેર ૪૨ કિલો વજનનું હોય છે અને તેનું બીજ ૧૭ કિલો વજનનું.
★ શાકભાજી અને ફળો વૃક્ષ ઉપરથી ઉતાર્યા બાદ ઘણા દિવસ સુધી કુદરતી રીતે જ તાજા રહે છે.
★ ટામેટામાં માણસ કરતાં વધુ જીવ હોય છે.
★ કેળાં અને માણસના જીનમાં ઘણી સામ્યતા છે.
★ વિદેશમાં ફળો પર ચોંટાડાતા સ્ટિકર ખાદ્ય પદાર્થના બનેલા હોય છે અને તે ખાઈ શકાય છે.

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર 'મંગલ મંદિર'માં પ્રસારિત કરવામાં આવતી જાહેરાતના માસિક દરો

| ક્રમ | વિગત | કલર | આખું પાનું | અડધું પાનું | પા પાનું |
|---|---|---|---|---|---|
| ૧. | કવર પેજ નં.-૪ | મલ્ટી કલર | રૂા. ૭,૦૦૦ | — | — |
| ૨. | કવર પેજ નં. ૨ | મલ્ટી કલર | રૂા. ૬,૫૦૦ | — | — |
| ૩. | કવર પેજ નં. ૩ | મલ્ટી કલર | રૂા. ૬,૦૦૦ | — | — |
| ૪. | કવર પેજ નં. - ૨ ની સામેનું પાનું | મલ્ટી કલર | રૂા. ૬,૦૦૦ | | |
| ૫. | કવર પેજ નં. - ૩ ની સામેનું પાનું | મલ્ટી કલર | રૂા. ૫,૫૦૦ | | |
| ૬. | અંદરનું પાનું | મલ્ટી કલર | રૂા. ૫,૦૦૦ | | |
| ૭. | અંદરનું પાનું | સીંગલ કલર | રૂા. ૪,૦૦૦ | | |
| ૮. | અંદરનું પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | રૂા. ૨,૦૦૦ | રૂા. ૧,૫૦૦ | રૂા. ૧,૦૦૦ |
| ૯. | સાદા પાનાની નીચે ૧'' સાઈઝની બોટમ પટ્ટી | બ્લેક એન્ડ વ્હાઈટ | રૂા. ૫૦૦ | | |

*નોંધ :* ★ *એક સાથે **૧૨** મહિનાની જાહેરાત આપનારને **૧૦ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.*
★ ***જાહેરાતના અત્રે દર્શાવેલ દરમાં ૫% લેખે GST અલગથી લાગશે.***

**જાહેરાતની સાઈઝ :**
(૧) ફુલ પેજ : ૧૮.૦ x ૨૩.૬ સે.મી.
(૨) હાફ પેજ : ૧૮.૦ x ૧૧.૬ સે.મી.
(૩) ૧/૪ પેજ : ૯.૦ x ૧૧.૬ સે.મી.
(૪) બોટમ પટ્ટી : ૧૮.૦ x ૨.૫૪ સે.મી.

## વિઝીટીંગ કાર્ડ સાઈઝ જાહેરાત (૧૨ મહિનાના ભાવ)

| ક્રમ | વિગત | કલર | સાઇઝ | એમાઉન્ટ |
|---|---|---|---|---|
| ૧. | કવર પેજ નં – ૪ | મલ્ટી કલર | ૮૫ X ૫૦ મી.મી. | રૂા. ૨૫,૦૦૦ |
| ૨. | કવર પેજ નં – ૨ | મલ્ટી કલર | ૮૫ X ૫૦ મી.મી. | રૂા. ૨૦,૦૦૦ |
| ૩. | કવર પેજ નં – ૩ | મલ્ટી કલર | ૮૫ X ૫૦ મી.મી. | રૂા. ૧૫,૦૦૦ |
| ૪. | અંદરનું પાનું | મલ્ટી કલર | ૮૫ X ૫૦ મી.મી. | રૂા. ૧૦,૦૦૦ |

*નોંધ :*
★ *દરેક વિઝીટીંગ કાર્ડ સાઈઝના જાહેરાતના ૧૨ મહિનાના ડિસ્કાઉન્ટ સાથેના ભાવ છે.*
★ ***જાહેરાતના અત્રે દર્શાવેલ ભાવમાં ૫% લેખે GST અલગથી લાગશે.***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે

- *ખાતાનું નામ* : શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ **[Shree Kutchhi Jain Sewa Samaj - Ahmedabad]**
- *બેંક* : કેનેરા બેંક, પાલડી બ્રાંચ - અમદાવાદ **[Canara Bank, Paldi Branch - Ahmedabad]**
- *એકાઉન્ટ નંબર* : ૭૦૦૭૨૦૧૦૦૧૬૦૩૨ **[70072010016032]**
- ***IFSC** કોડ* : **CNRB0017007**

પ્રેરણાત્મક પ્રસંગો

# મણકો - ૨૦ : કર્તવ્ય
# મણકો - ૨૧ : જૂની પણ જીવંત યાદો

● સંકલન ●
ડૉ. આશિષ ચોક્સી

## કર્તવ્ય

૨૦૧૬ના ફેબ્રુઆરી માસમાં ઓડિસા રાજ્યના સંબલપુર જિલ્લાના ઓઉપાડા ગામના એક શિક્ષક સાથે તેમની પરિણીત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દીકરી વાત કરી રહી હતી. દીકરીએ પિતાને મીઠો ઠપકો આપ્યો કે ઘણા વખત પછી તમને મારી સાથે શાંતિથી વાત કરવાનો સમય મળ્યો. શિક્ષક પિતાએ કહ્યું, 'કાલથી CBSC ૧૦મા ધોરણની પરીક્ષા ચાલુ થાય છે. આપણી પાસે આવતાં ૬૦ વિદ્યાર્થીઓને તૈયારી કરાવવામાં વ્યસ્ત હતો.' એ સાંજે જ શિક્ષકનું નિધન થયું. દીકરીએ પિયરે આવી કહ્યું, 'પિતાને અગ્નિદાહ આપી ઘરમાં કોઈએ રોક્કળ કરવાની નથી. કોઈએ મળવા આવવાનું નથી.'

બીજા દિવસે સવારથી નિયમિત સમયે જ ૬૦ વિદ્યાર્થીઓને પરીક્ષાનું રીવિઝન કરાવ્યું. દીકરીને જ્યાં તકલીફ પડી ત્યાં તેણે પિતાના શિક્ષક મિત્રની મદદ લીધી. ૧૦મા ધોરણની પરીક્ષા પતી પછી ઘરમાં સગાઓને શોક વ્યક્ત કરવા આવવાની પરવાનગી મળી. કદાચ દુનિયામાંથી વિદાય લેતાં પહેલાં દીકરી સાથે વાત કરી તેને પોતાનું કર્તવ્ય સોંપવાનો ઈશ્વરીય સંદેશ શિક્ષક પિતાને મળી ગયો હશે.

★ મુંબઈના સ્કૂલ શિક્ષિકા અરુણાબેન જાનીએ રીટાયર થયા પછી જ્યોતિષ વિદ્યા શીખવાનું શરૂ કર્યું. વૈદિક જ્યોતિષ શાસ્ત્રની પાંચે પાંચ પરીક્ષામાં પ્રથમ આવ્યા. ગોલ્ડ મેડલ મેળવ્યો. છેલ્લા ૨૨ વર્ષથી તેઓ એક વિદ્યાર્થીની જેમ રોજ જ્યોતિષશાસ્ત્રનો અભ્યાસ કરે છે. લગભગ ચાર હજારથી વધુ લોકોની કુંડળી જોઈ. ૨૦૧૪માં તેમને બ્રેસ્ટ કેન્સર થયું. તેની સારવાર અને કિમોથેરાપી વચ્ચે પણ તેમણે અભ્યાસ ચાલુ રાખ્યો. પરિણામે કેન્સરને માત આપી અને જોડિયાં બાળકોની કુંડળી વિશેના અભ્યાસ સંશોધન પર જીવનના ૮૦મા વર્ષે Ph.D.ની પદવી મેળવી.

● **છેલ્લો બોલ :**

મોટા ભાગની સફળ થતી વ્યક્તિઓ પોતાના કર્તવ્યને પૂજા સમજે છે. જવાબદારીઓને પાછી ઠેલતા નથી અને તેઓ બરાબર રીતે જાણતા હોય છે કે 'અઘરું'નો અર્થ 'અશક્ય' નથી.

## જૂની પણ જીવંત યાદો

૨૦૨૦ના સપ્ટેમ્બર માસમાં મધ્યપ્રદેશમાં એક વૃદ્ધ શિક્ષકના મૃત્યુ બાદ તેમના સંતાનો તેમનો રૂમ સાફ કરતા હતા. રૂમનું માળિયું સાફ કરતાં એક થપ્પો મળ્યો. આ થપ્પો ૧૯૭૭ની તારીખ લખેલી સપ્લિમેન્ટરિનો હતો. આમ તો વર્ષો જૂની સપ્લિમેન્ટરિ પસ્તીમાં જ કાઢવાની હતી પણ તેના પર હજુ નામ સ્પષ્ટ લખેલા વંચાતા હતા.

લગભગ ૪૦ જેટલી સપ્લિમેન્ટરિ પરના નામ વાંચ્યા તો તેમાંના ત્રણ-ચાર જણા તો તેમના ગામના અત્યારના પ્રતિષ્ઠિત આગેવાનો-વેપારી હતા. આ સપ્લિમેન્ટરિ જેની હતી તેમને શોધી ૪૩ વર્ષ પહેલાની તેમની જવાબ લખેલી કોઈ પરીક્ષાની સપ્લિમેન્ટરિ પાછી આપવામાં આવી ત્યારે લેનાર વ્યક્તિઓ ભાવવિભોર થઈ ગયા.

તેમના જીવનમાં આ શિક્ષકનું કેટલું પ્રદાન હતું તે યાદ કર્યું. સપ્લિમેન્ટરિ પરની નોંધ જેમકે શર્ટના બટન ટાંકીને આવવું. સ્લીપરની પટ્ટી સંધાવીને આવવું તેમજ માસિક પાંચ રૂપિયા ટ્યુશન ફી બાકી છે વગેરે વાંચીને એ વખતની આર્થિક પરિસ્થિતિનો ખ્યાલ આવતો હતો.

કેન્સાસ અમેરિકા ખાતે પણ ૩૯ વર્ષના બ્રાયન બોનોની નામના એક આર્કિટેક્ટે એક બંધ સ્ટુડિયો ખરીદ્યો. સ્ટુડિયોમાં બ્રાયને જોયું કે ઘણા પોર્ટ્રેટ ફોટા અને આલ્બમ ભંગારના ઢગલામાં ધૂળ ખાતા પડયા હતા. આ ફોટા ઘણાના જન્મ દિવસના હતા, ઘણાના લગ્નનાં હતા, ઘણાના ઘરના વડીલના મૃત્યુ વખતના તો ઘણાના કોલેજ ડિગ્રી ફંક્શનના હતા. બ્રાયને દરેક ફોટાના માલિકોને સોશિયલ મીડિયાના ઉપયોગથી શોધી તેમના ફોટા સોંપ્યા. જે લોકો ફોટા લેવા આવ્યા તેમણે પોતાના જીવનની બહુમૂલ્ય ખુશીની ક્ષણો આપવા બદલ બ્રાયનનો આભાર માન્યો.

● **છેલ્લો બોલ :**

પોતાની જ વર્ષો જૂની વસ્તુઓ પર ભલે કાળી, ભૂરી કે લાલ શાહી દેખાતી હોય પણ તેની યાદો તો હંમેશાં લીલી જ હોય છે. આ વસ્તુઓ જીવન જીવવાનું બળ અને ગતિ આપનારી હોય છે. ■

*ખરાબ સમયે કંધા પર રખાયેલો હાથ, કામિયાબીના સમયે વરસતી તાળીઓ કરતા વધારે કિંમતી હોય છે.*

સ્વાધીનતા સંગ્રામના ૭૫ શૂરવીરો

# મણકો - ૧૨ : શ્યામજી કૃષ્ણ વર્મા

• લેખક •
રાજ ભાસ્કર / અનંત શુક્લ / મધુકાંત પ્રજાપતિ

*જન્મ : ૦૪ ઓક્ટોબર, ૧૮૫૭*
*મહાપ્રયાણ : ૩૦ માર્ચ, ૧૯૩૦*

લંડનમાં ઈન્ડિયા હાઉસની સ્થાપના કરનાર શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છના માંડવીના વતની હતા. તેમનો જન્મ ૪ ઓક્ટોબર, ૧૮૫૭ ના રોજ થયો હતો. બાળક શ્યામજીના મોઢેથી સંસ્કૃતના પાઠ સાંભળીને પ્રભાવિત થઈ ગયેલા એક શેઠ તેમને મુંબઈ ઉચ્ચ અભ્યાસ માટે લઈ ગયેલા. ત્યાંની પાઠશાળામાં શ્યામજીએ પાણિનીના વ્યાકરણથી શંકરાચાર્યના ભાષ્ય સુધીનો અભ્યાસ કર્યો. ત્યાં એક દિવસ મહર્ષિ દયાનંદ સરસ્વતી સાથે તેમનો ભેટો થઈ ગયો. દયાનંદ સરસ્વતીએ પણ તેમના સંસ્કૃતના જ્ઞાનથી પ્રભાવિત થઈને કહ્યું : 'બેટા, તું વિદેશમાં જઈને આપણી સંસ્કૃતિનું ત્યાંના લોકોને જ્ઞાન આપ.' શ્યામજીને આ વાત બરાબર ગળે ઊતરી ગઈ. મિત્રો પાસેથી ઉછીના પૈસા લઈને તેઓ લંડન પહોંચી ગયા. ઑક્સફર્ડ યુનિવર્સિટીના સંસ્કૃતના અધ્યાપક વિલિયમ મોનિયરના સંપર્કમાં આવ્યા. અઠવાડિયાનું સવા પાઉન્ડ વેતન સ્વીકારી તેમના સહાયક બન્યા. સંસ્કૃતની સાથે સાથે કાયદાનો અભ્યાસ કરી શ્યામજી બેરિસ્ટર થઈ સ્વદેશ પરત થયા. તેમને દીવાનપદની તક મળી. જેમાં થોડા સમય માટે એમણે ઉદેપુર અને જૂનાગઢ રાજયનું દીવાનપદ સ્વીકાર્યું. પરંતુ ત્યાંની રાજકીય ખટપટે તેમને આ પદ પર વધારે સમય ન રહેવા દીધા. આ સમયગાળામાં તેમનો ભેટો લોકમાન્ય ટીળક સાથે થયો. લોકમાન્ય ટીળકે તેમને પરદેશ જઈ ત્યાંના લોકોને ભારતની સાચી પરિસ્થિતિનો ખ્યાલ આપવાની સલાહ આપી. પત્ની ભાનુમતી સાથે પુનઃ લંડન ભણી ચાલી નીકળ્યા. ત્યાં ઈન્ડિયન સોશિયોલોજિસ્ટ અખબાર શરૂ કર્યું. પછીથી તેમણે લંડનમાં ઈન્ડિયા હાઉસની સ્થાપના કરી. વિનાયક સાવરકર, મદનલાલ ધીંગરા જેવા કેટલાય ક્રાંતિકારીઓને શિષ્યવૃત્તિ આપી અભ્યાસ માટે ઈંગ્લેન્ડ બોલાવ્યા. જોતજોતાંમાં ઈન્ડિયા હાઉસ ક્રાંતિકારી પ્રવૃત્તિઓનું કેન્દ્ર બની ગયું. શ્યામજીએ પોતાની બધી કમાણી આ સંસ્થા પાછળ ખર્ચી નાંખી. આ સંસ્થાના સભ્ય મદનલાલ ધીંગરાએ કર્ઝન વાયલીની હત્યા કરતાં બ્રિટીશ સરકારે ઈન્ડિયા હાઉસ બંધ કરાવી દીધું. શ્યામજી માટે લંડનમાં રહેવું દુષ્કર બની જતાં પેરીસ પહોંચી ગયા. ત્યાં એમને ક્રાંતિકારી સરદારસિંહ રાણા અને મૅડમ કામાનો ભેટો થયો. ત્રણેએ પેરીસમાં બેઠાં બેઠાં મા ભારતીની સ્વતંત્રતાની જ્યોત જલતી રાખી. દરમિયાન પ્રથમ વિશ્વયુદ્ધ ફાટી નીકળતાં પેરીસમાં રહેવું પણ જોખમરૂપ બની જતાં શ્યામજી પત્ની સાથે જીનિવા પહોંચ્યા. ત્યાં એમણે અંધારી ઓરડીમાં સાવ એકલતામાં દિવસો વિતાવ્યા. સ્વદેશથી કોઈનો પત્ર પણ તેમના સુધી પહોંચી શકતો નહીં. અધૂરામાં પૂરું શરીરે પણ સાથ ન આપ્યો. આંતરડાની બીમારી ઊભી થઈ. માતૃભૂમિની મુક્તિ માટે તન, મન અને ધન સમર્પિત કરી દેનાર આ દેશભક્ત વતનથી હજારો માઈલ દૂર જીનિવામાં ૩૦મી માર્ચ, ૧૯૩૦ના રોજ અવસાન પામ્યા. જીનિવાથી વર્ષ ૨૦૦૩માં એમનાં અસ્થિ વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ગુજરાત – ભારતમાં લઈ આવ્યા અને કચ્છના માંડવીમાં સ્મારક બનાવી ક્રાંતિ તીર્થનું નિર્માણ પણ કર્યું. ■

## કડકાઈ

ધંધો બદલવાની વાત હતી બદલી લીધો
વરલી મટકા મૂકીને સટ્ટો અપનાવી લીધો.

દૂધ ઘી ની નદીઓ વહેતી થઈ જશે
જુઓ નેતાશ્રીએ આજથી કોલ આપી દીધો.

વધે મોંઘવારી તો અમને કંઈ બીક નથી
સરકારે વધુ આજ એક હપ્તો આપી દીધો.

કંટાળી ગયા હજામતના વધતાં ભાવથી
શેવિંગ કરવાને બદલે આજ ટકો કરાવી લીધો.

ડાચું ફાડીને જોઈ રહ્યા શ્રીમતીને મણિલાલ
પગાર આપો આજ, એક સાડી મેં ધરબી દીધી.

*મણિલાલ ડી. રૂઘાણી - રાણાવાવ*

**ચૌલા કુરૂવા અને પ્રમીલા કુરૂવા ફાઉન્ડેશનના પ્રકાશનો**

| | | | |
|---|---|---|---|
| ■ આનંદ મંગલ | : ......... 100/- | ■ સફળતા | : .......... 75/- |
| ■ સત્યમ્ શિવમ્ સુંદરમ્ | : ......... 100/- | ■ પહેલું સુખ તે જાતે નર્યા | : .......... 70/- |
| ■ આરોગ્યના અમૃત | : ......... 150/- | ■ ગીત ગુંજન | : ....... 150/- |
| ■ આરોગ્ય હેલ્થ ટીપ્સ | : ......... 100/- | ■ સાપસીડી | : ....... 250/- |

WhatsApp
99130 12120

એરિસ્ટોક્રેટ્સ

## એરિસ્ટોક્રેટ્સ : પ્રકરણ-૯ ★ ઓસવાલ શ્રેષ્ઠી – ૨

# મારા મંદિરમાં પશુબલિ ના ચડાવાય તો જ હું સાચી દેવી

• લેખક •
દેવેન્દ્ર પટેલ

જૈન ધર્મની સ્થાપના કરનાર પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવથી માંડીને બીજા ૨૩ તીર્થંકર મૂળ ક્ષત્રિય રાજવંશમાંથી આવ્યા હતા.

નગરશેઠ શાંતિદાસ ઝવેરીના પૂર્વજો પણ શુદ્ધ ક્ષત્રિય ગણાતા. સિસોદિયા રાજપૂત વંશજોનો ઇતિહાસ જ્વલંત રહ્યો છે. શાંતિદાસ અને તેમના વંશજો ઓસવાલ વણિક તરીકે ઓળખાય છે. પરંતુ તેઓ ક્ષત્રિય વંશમાં આવ્યા હોઈ તે બધા વણિકોમાં ક્ષત્રિયતેજ જોવા મળે છે.

'ઓસવાલ' શબ્દનો અર્થ જોઈએ તો 'ઓસ' એટલે રણનો ટાપુ અને 'વાળ' એટલે રખેવાળ. આમ ઓસવાળ અથવા ઓસવાલ એટલે રણ ટાપુના રક્ષકો, રહીશો. પ્રાચીન કચ્છ અને ઉત્તર ગુજરાતમાં જૈનોની જાહોજલાલી હતી. કાળના સકંજામાં અમુક સમયે રાજ્યાસન શિથિલ થતાં જૈન પ્રજા આસપાસના પ્રદેશોમાં વિખેરાઈ. કેટલાક શ્રાવકોએ કચ્છના રણમાં જ્યાં જ્યાં લીલોતરી દેખાઈ ત્યાં વસવાટ કર્યો અને એ રીતે રણના ટાપુમાં વસતી જૈન પ્રજા ઓસવાલ તરીકે ઓળખાઈ.

ભગવાન મહાવીરના નિર્વાણના ૭૦ વર્ષ પશ્ચાત એટલે કે વિક્રમ સંવતથી ૪૦૦ વર્ષ પહેલાં રત્નપ્રભસૂરિ મહારાજ તેમના ૫૦૦ મુનિઓ સાથે ઉપકેશપુર પધાર્યા હતા. તે વખતે અહીં રાજા ઉત્પલદેવ બિરાજતા હતા. તેઓ ચામુંડા દેવીના ભક્ત હતા. વળી વામમાર્ગી હોવાના કારણે જૈન સાધુઓને અહીં ભીક્ષા લેવામાં મુશ્કેલી પડતી હતી. સ્થાનિક લોકો જૈન આચાર-વિચારથી અજાણ હતા. પરિણામે કેટલાક શ્રાવકો ગુજરાત તરફ ગયા અને ૩૫ શ્રાવકોએ ઉપકેશપુરમાં ચાતુર્માસ કર્યો. અહીંના રાજા ઉત્પલદેવ અને મંત્રી ઉહડ લોકપ્રિય હતા. એવામાં બન્યું એવું કે મંત્રીના પુત્રને સાપ કરડ્યો. આ વાત લુણાકિ પર્વત પાસે બિરાજમાન આચાર્ય પાસે પહોંચી. મંત્રીએ આચાર્યનું પાદપક્ષાલન કર્યું અને તે જલ પુત્ર પર છાંટવાથી તે જીવિત થયો.

લોકોએ આચાર્યનો જયજયકાર કર્યો.

આચાર્યશ્રી રત્નપ્રભસૂરિએ ઉપદેશ આપ્યો. તેનાથી પ્રભાવિત થઈને ૧ લાખ ૮૪ હજાર ક્ષત્રિયોએ જૈન ધર્મનો સ્વીકાર કર્યો. આ રીતે આચાર્યે મહાજનવંશની સ્થાપના કરી જે કાલાંતરે 'ઓસવાલ' કહેવાયા. ક્ષત્રિયોનાં ૧૮ ગોત્રોથી શરૂ થયેલ મહાજન વંશ સહિત બધા વર્ણના પ્રજાજનો મળી એ વખતે સવા લાખ જૈન ઘર બન્યાં.

એ સમયે ચામુંડાદેવીને સમ્યક્ત્વી બનાવી ઓસવંશનાં કુળદેવી તરીકે સ્થાપવામાં આવ્યાં. ત્યારથી તે 'ઓસિયા દેવી' અથવા 'સચિયાદેવી'ના નામે પણ ઓળખાય છે.

ક્ષત્રિય વંશમાંથી ઊતરી આવ્યા હોવાના કારણે ક્ષત્રિયતેજ, ઓસવાલ હોવાના કારણે રાજતેજ અને મહાજનપણું અને વણિક હોવાના કારણે વાણિજ્યની આવડત – આ ત્રણેય ગુણ નગરશેઠ શાંતિદાસ ઝવેરીમાં જોવા મળે છે.

નગરશેઠ શાંતિદાસ ઝવેરીના પૂર્વજો સામંત સંગ્રામસિંહ અને કુમારપાળ સિસોદિયા વંશના હતા. તેમના વંશની શાખા 'કાકોલ' હતી અને તેઓ મેવાડના રાજાના નજીકના સગા હતા.

પહેલાં ઉપકેશપુરમાં ચામુંડાદેવી મહિષાસુર મર્દિનીના મંદિરમાં નવરાત્રિના પર્વમાં ભેંસ અને બકરાનો બલિ ચઢાવવામાં આવતો હતો તે આચાર્યશ્રીએ બંધ કરાવી દીધો હતો. તેના બદલે લાડુ તથા મિષ્ટાન્નનો પ્રસાદ ચાલુ કરાવ્યો હતો. તે કહેવાય છે કે આ કારણથી ચામુંડાદેવી નારાજ થઈ ગયાં અને આચાર્યશ્રીની આંખમાં તકલીફ પેદા કરી દીધી. આચાર્યશ્રીએ પીડા સમતાપૂર્વક સહન કરી લીધી. એમની પીડા સામે સહનશક્તિ જોઈ ચામુંડાદેવી વિચલિત થઈ ગયાં અને ક્ષમા માંગી કહ્યું : 'આજથી મારા મંદિરમાં પશુબલિ નહીં થાય તો જ હું સાચી દેવી કહેવાઈશ.'

બસ, તે દિવસથી ચામુંડાદેવી જનમાનસમાં 'સચિયાદેવી' તરીકે જાણીતાં બન્યાં. આજે પણ ઓસિયા ગામમાં ચામુંડાદેવીનું એ મંદિર 'સચિયાદેવી'ના મંદિર તરીકે સુપ્રસિદ્ધ છે. સચિયાદેવી સમસ્ત ઓસવાલોના કુળદેવી છે. અનેક ઓસવાલો પોતાના બાળકના મુંડન સંસ્કાર માટે ત્યાં જાય છે.

જૈન ધર્મ સ્વીકારનાર ઉત્પલદેવનાં મંત્રી ઉહડે પણ જૈન ધર્મ અંગીકાર કર્યો હતો. તેમણે ઉપકેશ પટ્ટણમાં મહાવીર મંદિરનું નિર્માણ કરાવડાવ્યું. એ મંદિરમાં ચામુંડા મંદિર દ્વારા વેકરાની રેતી તથા દૂધના મિશ્રણથી ભગવાન મહાવીરની મૂર્તિ તૈયાર કરી ત્યાં સ્થાપિત કરી. કહેવાય છે કે આ મૂર્તિ જમીનમાંથી ખોદી કાઢવામાં આવેલી. પરંતુ ચામુંડાદેવીએ આપેલા નિર્ધારીત સમય પહેલાં ખોદી કાઢવામાં આવેલી હોઈ

મૂર્તિ બે વક્ષઃસ્થળે બે ગ્રંથિઓ રહી ગઈ. પંરતુ મંદિરમાં આચાર્યશ્રીએ પ્રતિમાની સ્થાપના કરાવી હતી.

આ તરફ અનેક ક્ષત્રિયોને જૈન ધર્મનો અંગીકાર કરાવી આચાર્ય રત્નપ્રભસૂરિ ૮૪ વર્ષની વયે નિર્વાણ પામ્યા. એ ૧૪ વર્ષોમાં તેમણે અનેકને જૈન બનાવ્યા. આ કથા વિક્રમ સંવત પૂર્વે ૪૦૦ વર્ષ પહેલાંની છે.

એ સમયે મંદિરોમાં પૂજા માટે બ્રાહ્મણોને જ નિયુક્ત કરવામાં આવતા હતા. પરંતુ ક્ષત્રિયોએ જૈન ધર્મ અંગીકાર કર્યો હોવાથી બ્રાહ્મણોએ મંદિરમાં પૂજા કરવાનો અને ભોજનમાં સામેલ થવાનો ઇન્કાર કરી દીધો. કહેવાય છે કે રાજાએ બ્રાહ્મણોને બોલાવીને કહ્યું : 'જો તમે જૈન ધર્મમાં શ્રદ્ધા રાખો તો તમારા મરણે તથા પરણે લાગા-લગાઓ અમે આપીશું.'

પાંચ હજાર બ્રાહ્મણોએ રાજાની વાત સ્વીકારી અને જૈન મહાજનો સાથે ભોજન કરવાથી તેઓ 'ભોજક' કહેવાયા. એમની ૧૬ જાતિઓ બ્રાહ્મણોના ત્રણ ગોત્રથી બનેલી છે. એ લોકો જૈન મંદિરોની સેવાપૂજા કરતા હોવાના કારણે 'સેવક' પણ કહેવાયા. તે સમયથી મહાજન કોમ સાથે સેવક અને ભોજકનો સંબંધ ચાલ્યો આવે છે.

ઓસિયા ગામ સ્થિત મહાવીર મંદિરની સ્થાપનાનાં ૩૦૩ વર્ષ બાદ ગ્રંથિ છેદનની ઘટના ઘટી. કેટલાક ઉત્સાહી શ્રાવકોએ મંદિરમાં મૂર્તિનાં બે વક્ષઃસ્થળની ગ્રંથિઓને અક્ષોભનીય સમજી તેને ભંગ કરવાનો પ્રયાસ કર્યો. પરિણામે દેવીપ્રકોપ થયો. સારાયે પ્રદેશમાં ભારે ઉપદ્રવ થયો. પરિણામે સંઘે નિમંત્રણ પાઠવી ઉપકેશગચ્છના ૧૩મા પટ્ટધર આચાર્ય કક્કસૂરિને તેડાવ્યા. આચાર્યે સ્નાનપૂજા કરાવી. પરિણામે ઉપદ્રવ તો શાંત થયો પરંતુ દેવીના શાપના કારણે મહાજનોને એ વિસ્તાર એટલે કે ઉપકેશ પટ્ટણ છોડવું પડ્યું. આ ઘટના બાદ મહાજન વંશના લોકો માટે 'ઉપકેશીય' શબ્દ પણ વપરાય છે, જે કાલાંતરે 'ઓસવં' તરીકે રૂપાંતરીત થયું. લાગે છે કે આ ઘટના બાદ ઉપકેશ પટ્ટણ નગરની વૃદ્ધિ અટકી ગઈ. જ્યાં લાખ્ખો જૈન ઓસવાલ મહાજન વસતા હતા ત્યાં કાલાંતરે મંદિરની દેખરેખ રાખવાવાળું કોઈ ના રહ્યું. આ ગ્રંથિછેદન ઘટનાનું સવિસ્તર વર્ણન 'નાભિનંદન જિર્નોદ્ધાર'માં છે.

'ઓસિયા' ગામ આજે જોધપુર (રાજસ્થાન) શહેરથી ઉત્તર-પશ્ચિમે ૩૨ કિલોમીટર દૂર આવેલું છે. કોઈ સમયે તે ઉપકેશ પટ્ટણનના નામથી પ્રસિદ્ધ હતું. આજે આ ગામની ચારે તરફ એક જમાનાની જહોજલાલીના ખંડેર જ જોવા મળે છે. આસપાસમાં 'તિવડી ગામ', 'પંડિતજીની ઢાબી', 'એતાસર', 'લોહાવર' વગેરે ગામો છે. તે બધાં રાજાના ઉપકેશ પટ્ટણના જાણીતાં છે. તેલીવાડ, પંતીપુર, ક્ષત્રીપુર કે લુહા રોજા વસ્તીવાળાં પરાં હોવાં જોઈએ. ઉત્ખનનમાં અનેક પ્રાચીન અવશેષો મળ્યા છે. એક સમયે અહીં ૧૦૮ જૈન મંદિરો હતાં, જેમાંથી આજે એક મહાવીર સ્વામીનું મંદિર બચ્યું છે. બીજા ૧૦થી ૧૨ મંદિરોના અવશેષો પણ જણાય છે. એ જમાનામાં ઉપકેશનગર ૧૨ જોજન લાંબુ અને ૯ જોજન પહોળું હતું. ઓસિયા ગામ પણ આજે તેના ભગ્નાવશેષ માટે જાણીતું છે. મધ્યપ્રદેશના ખજુરાહોની જેમ સ્થાપત્ય તથા મૂર્તિકલા માટે ઓસિયા પ્રસિદ્ધ છે. ખજુરાહોની જેમ અહીં પણ કામક્રીડાનાં દશ્યોની ઝાંખી સ્થાપત્ય પર જણાય છે.

એમ મનાય છે કે વિક્રમ સંવત ૧૨૫૨માં તુર્કી સેના આ પ્રદેશમાંથી પસાર થઈ હતી જેણે નગરને છિન્નભિન્ન કરી નાંખ્યું. પરિણામે અહીં રહેતા ઓસવાલો ચાલ્યા ગયાં હોવા જોઈએ. બીજી માન્યતા એવી છે કે ઓસિયા દેવીના શાપના કારણે કોઈ પણ ઓસવાલ ઓસિયા ગામમાં સ્થાયી રહી શકતા નથી. મંદિરમાં ગ્રંથિછેદનની ઘટનાના કારણે પણ ઓસવાલોને ઓસિયા ગામ છોડવું પડ્યું હોવું જોઈએ.

હાલમાં ભારે વરસાદ હોય તો માટી ખસી જતાં જમીનમાંથી પ્રાચીન સિક્કાઓ પણ મળી આવે છે. આ સિક્કાઓ ચાંદીના હોય છે. ઓસિયા ઉજ્જડ થઈ ગયું હોવા છતાં અનેક કહાણીઓ કહેવા તેના અવશેષો સમર્થ છે.

સમય એવો આવ્યો કે ઓસિયાનું મહાવીર જિનાલય લુપ્ત થવા માંડ્યું. અહીં ચામાચીડિયા નિવાસ કરવા લાગ્યાં. પરંતુ વિક્રમ સંવત ૧૯૩૬માં મુનિ મોહનલાલજીના પ્રયાસોથી તે પુનઃ જૈન તીર્થના સ્વરૂપમાં પૂજાવા લાગ્યું. મહાવીર મંદિરનો જીર્ણોધ્ધાર થયો. રેતી અને દૂધના મિશ્રણથી બનેલી મહાવીરની મૂર્તિ વિશાળ શીલા હેઠળ ઢંકાઈ ગઈ હોવાથી તે સુરક્ષિત રહી ગઈ હતી. તેની આશાતના દૂર થતાં આ ક્ષેત્રના ઉદયકાળનો આરંભ થયો. કાળાંતરે વર્ધમાન જૈન વિદ્યાલય અને છાત્રાલય પણ બન્યાં. વિક્રમ સંવત ૨૦૨૭થી મંદિરના જીર્ણોધ્ધારનું કામ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ શરૂ કર્યું.

વિક્રમ સંવત ૨૦૩૨માં શાપમુક્તિ માટે ઉપધાન તપની આરાધના કરવામાં આવી. પરંતુ આજે પણ એક પણ ઓસવાલનું ઘર નથી. કહેવાય છે કે કોઈ ઓસવાલ અહીં રાતવાસો કરવાની હિંમત કરતું નથી. પરંતુ શાપનો આ ભ્રમ હવે ધીમે ધીમે દૂર થઈ રહ્યો છે. ધર્મશાળાના આવાસ રજિસ્ટરમાં ૧૯૮૬માં કેટલાક જૈન ઓસવાલો આવ્યા અને રાત રોકાયાની નોંધ છે. ■

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર

મંગલ મંદિરને

સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવારની

હાર્દિક શુભેચ્છાઓ

માત્ર કલ્પના નહીં
પરંતુ એ પ્રમાણે કાર્ય કરવું
એ પણ જરૂરી છે.
સીડીના પગથિયાને જોતા રહેવું
એ પૂરતું નથી,
સીડી ચડવી પણ જરૂરી છે.

ઈશ્વર જ્યારે તમારી મુશ્કેલી
દૂર કરે ત્યારે તમે તેની શક્તિમાં
વિશ્વાસ મૂકો છો.
પણ જ્યારે તે દૂર ના કરે
તો સમજી લો કે
એને તમારી શક્તિ પર વિશ્વાસ છે.

સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવાર

(તલવાણા - ગાંધીનગર - યુ.એસ.એ.)

જૈન દીકરી

# દીકરીઓને સક્ષમ બનાવીએ : ૨
## (અન્ય ધર્મમાં લવ-મેરેજ સંદર્ભે)

ડૉ. નવીન પારેખ, Ph.D.

(ગતાંકથી ચાલુ)

ઉંમરલાયક દીકરી અને તેના માતા-પિતા માટે સમજણ અને સાવધાનીના ચાર એરિયા છે જે નીચે દર્શાવેલ છે : (૧) ફેમિલી, (૨) ફ્રેન્ડ્સ, (૩) મીડિયા, (૪) મેરેજ. દરેક મુદ્દા ઉપર દીકરી તેમજ તેના માતા-પિતા માટે અલગ ઍડવાઈઝરી છે. (સાથે બેસીને ચર્ચા કરશો તો જ પરિણામલક્ષી બનશે.)

### ૧. ફેમિલી (FAMILY)

| FOR GIRLS | FOR PARENTS |
|---|---|
| ૧. તમારા માતા-પિતાને સમજો. તેઓ હંમેશાં તમારા સુખ, વિકાસ અને સલામતી માટે ચિંતિત છે. | ૧. દીકરી સાથે અર્થસભર વાતો (Meaningful Dialogue) કરો. અરસપરસ સમજણ વિકસાવો. |
| ૨. દરેક પરિવાર, સમાજ અને ધર્મના ચોક્કસ સિદ્ધાંતો હોય છે, મર્યાદા હોય છે. તેને અનુલક્ષીને તમારા પોતાના Principles, Values, Ethics, Beliefs નક્કી કરો અને જીવનમાં ક્યારેય તેમાં સમાધાન (Compromise) ન કરો. | ૨. રજાના દિવસે પાસે બેસીને વાત કરો. આ સમયે ટી.વી., મોબાઈલ, છાપું કંઈ નહીં. Eye contact and level to level talk. વાતો એટલી મહત્ત્વની નથી, જીવંત અને સ્નેહ નીતરતો સંપર્ક મહત્ત્વનો છે. દિલથી વાત કરો, દિમાગથી નહીં. |
| ૩. કુટુંબના દરેક સભ્યના અલગ મત હોઈ શકે. તેનું સન્માન કરો. તમે સાચા હોઈ શકો. પરંતુ માત્ર તમે જ સાચા છો તે જરૂરી નથી. | ૩. તમે જે સલાહ સૂચન કરો તે તમે પણ અનુસરો. Practise what you preach. |
| ૪. તમારા કોઈપણ મુદ્દા માટે તમે માતા-પિતાને સમજાવો અથવા સમજી જાઓ (Either you convince the parents or get convinced). | ૪. તમે ફોરવર્ડ છો તેવા ખ્યાલમાં ગમે તેવી છૂટછાટો દીકરીને ન આપો. |
| ૫. સારા સંસ્કાર માટે જોઈન્ટ ફેમિલી સૌથી સલામત અને સ્થાયી સોર્સ છે. | ૫. તમારી દીકરીની સરખામણી કોઈ સાથે ન કરો. ટોકો નહીં, સમજાવો. તેને સાંભળો. દીકરી હંમેશાં મર્યાદિત સમયની મહેમાન હોય છે. |
| ૬. પિતાનો સ્વભાવ કઠોર હોય તો પણ તેમની સાથે સારું કોમ્યુનિકેશન કરો. પિતાનું હૃદય દીકરી પ્રત્યે હંમેશાં કૂણું હોય છે. | ૬. તમારી દીકરીની હાજરીમાં ન ઝઘડો. |
| ૭. કુટુંબના દરેક વડીલોને સાંભળવાની આદત પાડો. Pay Respect. | ૭. દીકરીની સારી વર્તણુંક માટે પ્રોત્સાહન આપો. નાની ગિફ્ટ આપો. |
| ૮. કોઈપણ બાબત માતા-પિતાથી ન છુપાવો. સત્ય કહો કારણકે આ દુનિયામાં માત્ર માતા-પિતા જ બેસ્ટ હિતેચ્છુ છે. છુપાવેલી બાબત હંમેશાં ખોટી કે અયોગ્ય હોય છે. | ૮. શારીરિક પરિવર્તનના મુદ્દા અંગે મમ્મી અથવા તો ભાભી સાચી સલાહ આપે. |
| ૯. તમે તમારા માતા-પિતા ચેન્જ નહીં કરી શકો. તમારે તમારું Attitude ચેન્જ કરવું પડશે. | ૯. જાહેરમાં દીકરીની ટીકા ક્યારેય ન કરો. |
| ૧૦. ઘરકામમાં મદદ કરો. પ્રિય બનો. | ૧૦. અતિ લાડ તેને બગાડશે. તેની ૧૦ સાચી માંગણી હોય તો પણ ૭ની જ સંમતિ આપો. તેને 'ના' સાંભળવાની આદત પાડો. દીકરીને પ્રેમ કરો, લાડ નહીં. |
| ૧૧. કુટુંબમાં મગજ નહીં પરંતુ હૃદયનો ઉપયોગ કરો. | ૧૧. વર્તમાન સમય અને પરિસ્થિતિ ધ્યાને રાખી દીકરી લવ-જેહાદનો ભોગ ન બને તેની પૂરતી તકેદારી રાખો અને આ બાબતે દીકરીને સચેત કરો. |

## ૨. ફ્રેન્ડ્સ (FRIENDS)

| FOR GIRLS | FOR PARENTS |
|---|---|
| ૧. મિત્રતામાં તમારા કોઈ જ સિદ્ધાંતોમાં સમાધાન ન કરો. અન્યથા મિત્રતા છોડો.<br>૨. તમારા બોયફ્રેન્ડને અલગ દૃષ્ટિકોણથી જુઓ. કારણકે અત્યારની મિત્રતામાં શારીરિક આકર્ષણ વધુ હોય છે.<br>૩. તમારા બોયફ્રેન્ડથી Shake-hand ન કરો. Shake-hand કરવા, એ કોર્પોરેટ કલ્ચર છે. બે હાથ જોડી નમસ્તે કરો. બોય ફ્રેન્ડને ક્યારેય તમારા શરીરને સ્પર્શ ન કરવા દો. સંબંધોમાં સ્પષ્ટ બનો. સ્પર્શ એ Sex તરફના રસ્તાનું પ્રથમ પગથિયું છે.<br>૪. સ્કૂલ, કોલેજ એ તમારા બૌદ્ધિક અને માનસિક વિકાસ માટે છે, લવ પ્લેસ નથી.<br>૫. બોય-ફ્રેન્ડ હોય કે ગર્લ-ફ્રેન્ડ, તમારા સંબંધોની લક્ષ્મણરેખા નક્કી કરો. તેને ક્યારેય ન ઓળંગો.<br>૬. કોઈપણ બાબતે અસહમતિના સંજોગોમાં 'ના' કહેવાની હિંમત કેળવો.<br>૭. તમારા દૂરના સંબંધીથી પણ સલામત અંતર રાખો. દૂરથી નમસ્કાર કરો. દાદા-દાદી અને માતા-પિતા સિવાય ચરણ સ્પર્શ કરવાનું ટાળો.<br>૮. મિત્રો સાથે ગિફ્ટના વ્યવહાર મર્યાદિત રાખો. બોય ફ્રેન્ડ પાસેથી કોઈ ગિફ્ટ ન સ્વિકારો કારણકે ગિફ્ટના ઓબ્લિગેશનમાં તમે કોઈ બાબતે 'ના' કહેવાની હિંમત ગુમાવશો.<br>૯. ક્યારેય બોય-ફ્રેન્ડ સાથે એકલા ન જાઓ. એકાંત ન માણો. યુવક સાથેના એકાંત સંપર્કથી વાસનાનો જન્મ થાય છે અને અંતે શરીર વડે આચરાય છે. આમ, આ ક્રિયા મન-વચન-કાયાની જ છે. સાથે મળીને કરેલો પ્રેમ જ્યારે ગુનો બને છે ત્યારે બોય-ફ્રેન્ડ નિર્દોષ છૂટી જશે જ્યારે જિંદગીભરની સજા તમારે ભોગવવી પડશે.<br>૧૦. બોય-ફ્રેન્ડ સાથે ક્યારેય શરત ન મારો. તમારું દિલ જીતવા તે હારશે અને હારીને તમને ફેવર આપશે.<br>૧૧. આ ઉંમરે મિત્રતામાં મગજનો ઉપયોગ કરો, હૃદયનો નહીં.<br>૧૨. કંઈપણ અનિચ્છનિય બને તેની જાણ માત્ર માતા-પિતાને જ કરો, અન્યને નહીં. કારણકે તમારા દર્દ માટે મલમ કોઈક ઘરે જ હોય છે અને નમક દરેક ઘરે હોય છે.<br>૧૩. બોય-ફ્રેન્ડ સાથેના સંપર્કમાં કરેલ ભૂલ ક્યારેય નહીં સુધરી શકે. ગુમાવવાનું માત્ર તમારે ભાગે આવશે. ઘણી ભૂલો માફીને યોગ્ય હોતી નથી. | ૧. ઘરમાં દીકરી ખુલ્લા મનથી તેના મિત્રોની વાત કરી શકે તેવું વાતાવરણ ઉભું કરો. જેથી તમે જરૂર હોય ત્યાં યોગ્ય સલાહ-સૂચન આપી શકશો.<br>૨. દીકરીના દરેક મિત્રો (Boy / Girl)ના નામ, ફોન નંબર તથા તેમના એડ્રેસ તમારી પાસે રાખો.<br>૩. ક્યારેક તેના મિત્રોને કોઈ પ્રસંગ કે પાર્ટી વગર પણ ઘરે બોલાવો. જેથી તમે તેમની ઓળખ અને અન્ય માહિતી મેળવી શકશો.<br>૪. દીકરીને ઘરની આર્થિક પરિસ્થિતિનો ખ્યાલ આપો અને મર્યાદામાં રહેવાની સલાહ આપો.<br>૫. કોઈપણ પાર્ટી કે આઉટિંગનો ફોલો-અપ કરો. ખાસ કરીને રાત્રે સમય મર્યાદાનું પાલન કરવાની સલાહ આપો.<br>૬. ક્યારેક તેના ક્લાસ, કોલેજના સમયે આડકતરી રીતે તેની હાજરી કન્ફર્મ કરો. આ તેની સલામતી માટે છે. તેને પોલીસ તપાસ નથી સમજવાની.<br>૭. ક્યારેક મિત્રોના માતા-પિતા સાથે વાત કરો. સંપર્ક રાખો.<br>૮. તમારી નજરે કોઈ મિત્રના વિચારો કે વર્તણુંક તમારી દીકરી પર નેગેટિવ અસરો પેદા કરે તેવું જણાય તો તે મિત્રને રજા આપવાની સલાહ આપો.<br>૯. બોય-ફ્રેન્ડ કે તમારા યુવાન સંબંધી છોકરીને ભેટે કે Hug આપે તે કોર્પોરેટ જગતની ચેષ્ટા છે. આવી ચેષ્ટા સામાન્ય વ્યવહારમાં સ્વિકારી શકાય નહીં તે દીકરીને સમજાવો. દાદા-દાદી અને માતા-પિતા સિવાય સગા ભાઈને પણ ભેટવાની અમે સલાહ નથી આપતા.<br>૧૦. દીકરીને તેની ગર્લફ્રેન્ડને ત્યાં રાત્રિ રોકાણ કરવાનું ટાળો. આ ઉંમરમાં પુરુષ મિત્ર કરતાં સ્ત્રી મિત્ર વધારે હાનિકારક છે અને પ્રેમસંબંધો વચ્ચે સેતુરૂપ ભૂમિકા ભજવે છે.<br>૧૧. વયસ્ક દીકરીની ડ્રેસિંગ સેન્સ સમય સાથે બદલાય છે. અહીં કોઈને મણિબેન બનીને રહેવાની વાત નથી. પરંતુ ફેશનના નામે ઉત્તેજનાત્મક વસ્ત્રો (Over Exposing) પહેરીને આપણે યુવકોને કંઈક વધારે પીરસતા તો નથી ને? નિર્ધન માણસ ક્યારેય લુંટાતો નથી પરંતુ રૂપ વગરની યુવતી નહીં લુંટાય તેની કોઈ ગેરંટી નથી એ સમજાવો. |

| | |
|---|---|
| ૧૪. કોઈપણ મિત્રની સંપત્તિ, પ્રસિદ્ધિ કે લાલચ પાછળ પાગલ ન બનશો.<br>૧૫. તમારા સ્વમાન કે સ્વાભિમાન સાથે કોઈ મિત્રને ચેડાં કરવાનો અધિકાર નથી. એવા સંજોગોમાં મિત્રતાને રજા આપો.<br>૧૬. તમે જેવા છો તેવા જ અને તમારા ગુણદોષ સહિત સ્વીકારે તે જ સાચો મિત્ર. તમારા પૈસા, રૂપ-રંગ નહીં.<br>૧૭. તમારી આર્થિક પરિસ્થિતિ મુજબ મર્યાદામાં ખર્ચ કરો.<br>૧૮. મિત્ર બનાવતા પહેલાં તેના ધર્મ, પારિવારિક વ્યવસાય, ફેમિલી બેકગ્રાઉન્ડ વગેરેની માહિતી મેળવો. (તમારી સ્ત્રી મિત્ર માટે ખાસ. કારણકે તેણી તમારા માટે મોટું જોખમ પેદા કરી શકે છે.)<br>૧૯. શક્ય હોય ત્યાં સુધી સહધર્મીની જ મિત્રતા સ્વીકારો. | |

### ૩. મીડિયા અને ટેકનોલોજી (MEDIA & TECHNOLOGY)

| FOR GIRLS | FOR PARENTS |
|---|---|
| ૧. મીડિયાનો એક સિદ્ધાંત યાદ રાખો :<br>What you SEE, you will SAY.<br>What you SAY, you will DO.<br>તેથી તમારી પસંદગીના પ્રોગ્રામ તમારી બુદ્ધિ, તર્ક અને જ્ઞાનવર્ધક હોવા જોઈએ.<br>૨. ખ્યાલ રહે કે મીડિયા જે કાંઈ બતાવે છે તેમાં ૧૦% જ ઉપયોગી અને સત્ય હોય છે. Poor social value and Low morality એ મીડિયાનો સિદ્ધાંત છે.<br>૩. સારી વસ્તુને સ્વિકારવા કરતાં ખરાબ વસ્તુઓ હંમેશાં સ્વિકારવી, માનવી અને અમલમાં લાવવી સહેલી હોય છે.<br>૪. સ્ક્રિનના પાત્રો સાથે એટેચ ન થાઓ. એ માત્ર ગ્લેમરની દુનિયા છે. તે માટે તેમને પૈસા મળે છે. વાસ્તવિક્તા અલગ જ હોય છે.<br>૫. કંઈ પણ જુઓ, એ પપ્પા-મમ્મી સાથે ચર્ચા કરો. તથ્ય શોધવાની કોશિશ કરો.<br>૬. સિરિઅલો લગ્ન પહેલાનાં સંબંધો, લગ્ન બાહ્ય સંબંધો, કૌટુંબિક તકરારો અને મિલ્કતના ઝઘડાઓ બતાવે છે. તેથી બહુ પ્રસિદ્ધ થાય છે. આવી સિરિઅલો જોવાનું ટાળો. આવી કોઈ બાબત આપણે જીવનમાં સ્વિકારી શકીએ નહીં.<br>૭. હંમેશાં REEL HERO નહીં પરંતુ સુધા મૂર્તિ કે કિરણ બેદી જેવા REAL HERO ના સ્વપ્ના જુઓ. | ૧. જ્યારે તમે તમારી દીકરીની હાજરીમાં કોઈ પ્રોગ્રામ જુઓ ત્યારે તેમાં આવતા સીન જો અવાસ્તવિક કે ગેરસમજ પેદા કરનારા હોય તો તેની ચર્ચા ત્યારે જ કરો અને રિએક્ટ કરો. મૌન ન બેસો કારણકે મૌન એ આડકતરી સ્વિકૃતિ છે.<br>૨. ટી.વી. પ્રોગ્રામ માટે ઘરમાં ચોક્કસ નિયમો (Home Discipline) નક્કી કરો. કોઈ ન્યુસન્સને પરમિટ ન કરો.<br>૩. દીકરીને જીવનનાં તથ્યો (Moral Values) સમજાવો. જેથી તેનો પ્રોગ્રામ જોવાનો દૃષ્ટિકોણ બદલાશે.<br>૪. કોમ્પ્યુટર કે લેપટોપ ડ્રોઈંગ રૂમમાં જ રાખો.<br>૫. તમે તમારી દીકરીને સમય આપો. નહિંતર તેનો સમય ટી.વી., મોબાઈલ કે લેપટોપ ખાશે અને તેને સ્ક્રીન-ડિસીઝ (Screen Addiction) થશે.<br>૬. તમે એવા કોઈ પ્રોગ્રામ ન જુઓ, જે તમે નથી ઈચ્છતા કે તમારી દીકરી જુએ. Practice what you Preach.<br>૭. જ્યારે તમે દીકરીને મોબાઈલ આપો ત્યારે તેના પ્લસ - માઈનસ પણ સમજાવો. મોબાઈલ માત્ર સંપર્કમાં રહેવા માટે છે.<br>૮. કોઈપણ ફ્રેન્ડ રિક્વેસ્ટ ન સ્વિકારવાની કે ન કરવાની, અજાણ્યા નંબર એટેન્ડ નહીં કરવા એ સમજણ આપો. |

| | |
|---|---|
| ૮. કોઈને જરૂરતના સમયમાં તમે જાતે ફોન લગાવીને વાત કરાવો પણ તમારો મોબાઈલ ફોન કોઈને પણ ન આપો.<br>૯. અનિચ્છનિય મેસેજ કે વીડિયો ક્લિપ મળે તો તરત જ પપ્પા-મમ્મીને વાત કરો, અન્ય કોઈને નહીં.<br>૧૦. તમારી વાત રેકોર્ડ થતી હોય કે કોઈ તમારો ફોટો લેતું હોય તો સાવચેત રહો.<br>૧૧. આ માત્ર એવું ડિવાઈસ છે જે તમારી શક્તિ, પૈસા અને સમય બરબાદ કરે છે. જે ક્યારેક જિંદગી પણ બરબાદ કરી શકે છે. માટે તેના ઉપયોગમાં સાવધાન રહો.<br>૧૨. ન્યુઝ પેપર વાંચો. જેથી તમારી આસપાસ બનતી ઘટનાઓની માહિતી મળે. સારા લેખો વાંચીને તેનું ચિંતન કરો, ચર્ચા કરો.<br>૧૩. તમારા એવા કોઈ ફોટા સોશિયલ મીડિયામાં અપલોડ ન કરો કે જેનું Morphing કરીને કોઈ તમને ક્ષોભની સ્થિતિમાં મૂકે. તમારી આઈડેન્ટિટિ જાહેર ન કરો. અજાણ્યા કે અપરિચિતની ફ્રેન્ડ રિક્વેસ્ટ ન સ્વિકારો. | ૯. રાત્રિના નક્કી કરેલા સમયે મોબાઈલ સ્વિચ-ઓફ કરવાની સલાહ આપો. આ સમય પછી કોઈપણ સંપર્ક માત્ર માતા-પિતાના ફોન પર કરવાનો નિયમ કરો. રાત્રે વાઈ-ફાઈ બંધ રાખો.<br>૧૦. જરૂર જણાય તો દીકરીના મોબાઈલનું ઓડિટ કરો. આ માત્ર તેની સલામતી માટે છે. |

### ૪. મેરેજ (MARRIAGE)

| FOR GIRLS | FOR PARENTS |
|---|---|
| ૧. યાદ રાખો કે ઉતાવળથી અને છૂપી રીતે કરેલ લવ-મેરેજ તમારી જિંદગી તબાહ કરી શકે છે.<br>૨. પપ્પા-મમ્મીની સહમતિ વગરનાં લવ-મેરેજમાં અને અન્ય ધર્મનાં યુવક સાથે કરેલ લવ-મેરેજમાં સામાજિક કે કૌટુંબિક સપોર્ટ સિસ્ટમ ગેરહાજર હોય છે.<br>૩. આવા લવ-મેરેજથી પેદા થયેલ બાળકની જિંદગી અસલામત બને છે.<br>૪. લવ-મેરેજમાં આર્થિક કે સામાજિક સમસ્યા વખતે માતા-પિતા તરફથી કોઈ મદદ મળતી નથી અને તેનો ભોગ બાળકો પણ બને છે.<br>૫. પરંપરાગત લગ્નમાં આર્થિક અને સામાજિક સલામતી રહે છે.<br>૬. પરંપરાગત લગ્નમાં દીકરી તેના પીયર સાથે એટેચ રહે છે. ઘણી વખત માતૃપક્ષ મદદરૂપ બને છે.<br>૭. લગ્ન એ પવિત્ર સંસ્કાર છે. તેથી જ સમસ્ત સમાજ, પરિવારની હાજરીમાં કરવામાં આવે છે. માતા-પિતા અને વડીલોના આશિષ સાથે થયેલા લગ્ન મહદ્ અંશે સફળ થાય છે.<br>૮. તમારી પસંદગીના ધોરણો તમારા ગુણ-દોષ (Merit) | ૧. દરેક મમ્મી-પપ્પાએ જ્યારે યોગ્ય સમય થાય ત્યારે ખુલ્લા મનથી દીકરી સાથે તેની પસંદગીના ધોરણોની ચર્ચા કરવી જોઈએ. તેને દરેક મુદ્દામાં ખૂબ જ સમજણ સાથે માર્ગદર્શન આપવું જોઈએ. ઘણી વખત તેના ખ્યાલો ઊંચા હોય તો તેની મેરિટ પ્રમાણે તેની પસંદગી કરવા સમજાવવું પરંતુ પ્રેશર ક્યારેય ન કરવું.<br>૨. છોકરી અને છોકરા વચ્ચે ઓછામાં ઓછી ૨ મીટિંગ થવી જોઈએ. ઉતાવળ કરવાની જરૂર નથી. સંપૂર્ણ માહિતી પ્રાપ્ત કરવી જરૂરી છે.<br>૩. પાત્રની પસંદગી દીકરીની જિંદગીનો અહમ પ્રશ્ન છે. ચર્ચામાં તેને પૂરતું વેઈટેજ આપો અને તેને તેની પાત્ર પસંદગીમાં સહકાર આપો.<br>૪. લગ્ન પહેલાં દીકરીને સાંસારિક મર્યાદાઓનું જ્ઞાન આપો અને દીકરીને સાસરા પક્ષની બિનજરૂરી અને કારણ વગરની મુલાકાત ટાળવાનું કહો.<br>૫. સાસરા પક્ષના કોઈ સભ્યના વિશે કે કુટુંબ વિશે દીકરી સમક્ષ કસમયનો અભિપ્રાય (Pre-judicial opinion) ન આપો.<br>૬. "ચાલશે, ફાવશે, ગમશે"ના સિદ્ધાંતો દીકરીને સમજાવો. |

પ્રમાણે હોવા જોઈએ. મમ્મી-પપ્પાની સલાહ લો પરંતુ પાત્રની પસંદગીમાં કોઈ પ્રેસર હેઠળ ન આવો.

૯. જ્યારે તમારા જીવનસાથીની પસંદગીનો સમય આવે ત્યારે નીચેના મુદ્દા ધ્યાને લો : દેખાવ, અભ્યાસ, ફેમિલી બેકગ્રાઉન્ડ, હેલ્થ, કુટુંબની આર્થિક સ્થિતિ, તેનું ફ્રેન્ડ સર્કલ, કોઈ વ્યસન કે ખરાબ આદત, તેની ધંધાકીય ક્ષમતા, ગુનાહિત રેકોર્ડ, અફેર, તેની આવક, ફેમિલી મેમ્બરના સ્વભાવ, તેના મા-બાપની સ્વિકૃતિ, લાઈફ સ્ટાઈલ. (આ જનરલ લિસ્ટ છે. તેમાં પોતાની રીતે ફેરફાર થઈ શકે.)

૧૦. સગાઈ થયા પછી જાહેર સ્થળોએ પ્રેમની ચેષ્ટા કરવાનું અને નિર્જન સ્થળે જવાનું ટાળો. આ અત્યંત જોખમી છે.

જેથી સાસરા પક્ષની પરિસ્થિતિ પ્રમાણે એડજસ્ટ થઈ શકે.

૭. આ વિષયમાં નિર્ણય લેવાની દીકરીની પુખ્ત ઉંમર ઓછામાં ઓછી ૨૧ વર્ષ છે. ત્યાં સુધી રાહ જુઓ.

૮. સમૃદ્ધિ અને પૈસા કરતાં છોકરાની ટેલેન્ટ અને યોગ્યતા મહત્ત્વની છે. જે દીકરીના સુખ માટે કાયમી છે.

૯. દીકરીને રાત્રે બહાર જવાનું થાય તો સલામતીના પગલાં લો. શક્ય હોય તો ટાળો અને સંપર્કમાં રહો.

૧૦. સંબંધો નક્કી કરવામાં બહુ ઉતાવળ ન કરો. Judge Slowly કારણકે ખોટા ન્યાયનો ભાર તમારી દીકરીને આખી જિંદગી વેંઢારવો પડશે.

૧૧. દીકરીનો સંબંધ નક્કી કરતા પહેલાં સામા પક્ષને તમારી આર્થિક, સામાજિક, વ્યવહારીક અને તમારા અંગત સિદ્ધાંતો સંબંધી મર્યાદાઓ માટે સ્પષ્ટ જાણ કરો. જેથી લગ્ન સમયે કે લગ્ન બાદ સમસ્યાઓ ઉત્પન્ન ન થાય.

કદાચ તમે તમારી લક્ષ્મી સ્વરૂપ દીકરીને દહેજ ઓછું આપશો તો ચાલશે પરંતુ તેને સક્ષમ બનાવવા થોડો સમય આપો. માત્ર Quality Time અને Meaningful Dialogue (ગુણાત્મક સમય અને અર્થસભર વાત)ની જરૂર છે. ઉપર આપેલ દરેક મુદ્દાની તેની સાથે ચર્ચા કરો. આ સંશોધન તમામ જૈન સમાજોની સમસ્યાઓનો અભ્યાસ કરીને તૈયાર થયેલ છે. આ પ્રયાસ માત્ર દીકરીઓને અન્ય ધર્મના છોકરાઓની જાળમાં સપડાતી બચાવવાનો તથા તે લગ્ન પહેલાં સલામત રહે અને લગ્ન બાદ સુખી રહે તે છે. પણ દીકરીની છઠ્ઠી ઇન્દ્રિય વિકસાવવાની જવાબદારી માત્ર માતા-પિતાની છે.

*દીકરીઓને વિશેષ સમજણ કે કાઉન્સેલિંગ (ગ્રુપ કે સમૂહ) માટે સંપર્ક ફોન : ૯૪૨૬૩ ૮૩૬૧૧*

*ઈ-મેઈલ :* ***npparekh1955@gmail.com***

**એક સંદેશ દીકરી માટે :**

*તમને જિંદગી આપનાર કોણ? ........ માતા-પિતા*

*તમને સૌથી વધારે પ્રેમ કોણ કરે છે? ........ માતા-પિતા*

*તમારી પાછળ સૌથી વધારે સમયનો ભોગ કોણ આપે? ........ માતા-પિતા*

*તમારી દરેક મુશ્કેલીઓમાં કોણ તમને સાથ આપે? ........ માતા-પિતા*

*તમને મોબાઈલ ફોન કોણે અપાવ્યો? ........ માતા-પિતાએ*

*એ જ મોબાઈલમાં સૌથી ઓછા ફોટા કોના છે? ........ માતા-પિતાના.*

*સૌથી ઓછો સમય તમે કોને આપો છો? ........ માતા-પિતાને.*

*સૌથી ઓછી વાતચીત કોની સાથે? ........ માતા-પિતા સાથે.*

*જિંદગીના ૭૦ વર્ષ ગણીએ તો સૌથી ઓછા વર્ષ કોની સાથે રહેશો? ........ માતા-પિતા સાથે.*

*તેથી... પ્રિય દીકરી,*

*આ તો મતલબી દુનિયા છે. ઘણા મુકામ આવશે, પાત્રો બદલશે, સંબંધો બદલશે, માતા-પિતા એ જ રહેશે. સમય કમ છે, માતા-પિતાની કદર કરો. એમના નિર્ણયનું સન્માન કરો. તારી પાસે ગમે તેટલી ડિગ્રી હોય... એ શિક્ષાના આધારે તારા મમ્મી-પપ્પાનો ચહેરો વાંચવા પ્રયત્ન કર. તારા મમ્મી-પપ્પાને તારો ચહેરો વાંચવા માટે કોઈ ડિગ્રીની જરૂર નથી.*

# ખેડૂત પાણીના અભાવે લાચાર બની જાય છે

ડૉ. નાનકભાઈ ભટ્ટ

સૌરાષ્ટ્રમાં ક્યાંય બારમાસી વહેતી નદી નથી. વિકાસનો મુખ્ય આધાર ખેતી છે અને ખેતી વરસાદ આધારિત છે. અધૂરામાં પૂરું, દરિયાતટ નજીકની જમીન ક્ષારયુક્ત છે, તો મધ્ય ગુજરાતની જમીન ખડકાળ છે. ખેતીની ઉપજ પાંખી રહેતાં, ખેત મજૂરોને આખું વર્ષ રોજીરોટી મળતી નથી. સ્થળાંતર કર્યા વિના બીજો ઉપાય રહેતો નથી. આજથી ચારેક દાયકા પહેલાં તો ગુજરાતની ગૌરવગાથામાં ગવાતું કે "નદીયું ખળકે નિરઝળાં-મલકતાં પીએ માલ ચાર પગાં ફરતા ફરે જ્યાં કદી ના આંગણ કાળ" તેવા પ્રદેશો હવે સૂકાતા ચાલ્યા છે.

૧૯૬૦થી ૪૦ વર્ષ દરમિયાન રાજકોટ જિલ્લામાં ૧૬ વર્ષ દુષ્કાળ રહ્યો છે. જ્યારે ભાવનગર જિલ્લાએ ૧૩, અમરેલી જિલ્લાએ ૧૨ અને ભાલ પ્રદેશે ૧૫થી વધુ દુષ્કાળ પસાર કર્યા છે. આ પરિસ્થિતિને પહોંચી વળવા સ્થાનિક સંસ્થાઓ અને જળ સંસાધન વિભાગ દ્વારા ચેક ડેમો બંધાયા છે. પણ તેથી કુલ ખેતીની જમીનના માત્ર ૩૮%ને સિંચાઈનો લાભ મળ્યો છે. બીજી તરફ વરસાદની અનિયમિત સ્થિતિના કારણે હવે કૃષિ માટેના ડેમોનું પાણી શહેરી વસતી પૂરતું અનામત રહેવા લાગ્યું છે અને ભૂગર્ભમાંથી પાણી ખેંચવાની પ્રવૃત્તિ પણ વધી છે. ૧૯૯૫માં જે ક્ષેત્રમાં ૨૨થી ૨૬ મીટરની ઊંડાણે પાણી મળતું, ત્યાં પાણીના તળ ૪૦થી ૫૮ મીટર સુધી ઊંડા જતાં રહ્યાં છે. એટલું જ નહીં પણ સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતનાં ૭૬૦ ગામોમાં ભૂતળ ક્ષારયુક્ત અને ફ્લોરાઈડયુક્ત બન્યા છે. વસ્તીવધારાના કારણે પાણીનો એકંદર વપરાશ વધ્યો છે. ભૂતળની જળસંગ્રહની ક્ષમતા ઘટી છે. અનિયમિત ચોમાસાના કારણે ચેકડેમો મહદઅંશે ખાલી રહે છે ત્યારે પ્રશ્ન થાય કે પાણીના અભાવે ગામડાંઓની શી સ્થિતિ રહેતી હશે? પાણીના અભાવની સ્થિતિમાં સામાજિક વ્યવસ્થા કઈ તરફ જશે?

આ ભૂમિકાથી પાણીના અભાવના કારણે જેમનો વિકાસ સ્થગિત થયો છે તેવા ગુજરાતનાં ૫૦૦૦ કુટુંબો વચ્ચે ફરીને તેમની સ્થિતિનો અભ્યાસ આ લેખના લેખકે તાજેતરમાં કર્યો છે. જેની વિગતો વાચકો માટે રસપ્રદ બનશે.

પાણીથી વિશેષ અછત ભોગવતા મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રના ગામોમાં આજે પાણી પ્રાણપ્રશ્ન બની રહ્યો છે. જૂનથી સપ્ટેમ્બર દરમિયાન સરેરાશ ૩૦-૩૨ દિવસમાં ૬૦-૮૦ સે.મી. વરસાદ નોંધાય છે. આમ છતાં ડિસેમ્બર મહિનો આવતા ગામડાંઓ પાણીની અછત વચ્ચે ઘેરાવા લાગે છે. અનેક ગામોને પાણી મેળવવા માટે આજે પણ ૩ થી ૪ કિ.મી. દૂરના અંતરે પણ જવું પડે છે. વધતા તાપમાનના કારણે વૃક્ષોનો નાશ થતો રહે છે અને જમીનની જળસંગ્રહ શક્તિ ઘટતી જાય છે. જસદણ તાલુકાના ચીતલિયા ગામે હવે સ્થાનિક રીતે પાણી મળવાનું શક્ય નથી. આથી પુરુષો ધંધા રોજગારને ગૌણ રાખીને સાઈકલ ઉપર, બળદગાડામાં અથવા મોટર સાઈકલ દ્વારા દૂરનાં વાડી-ખેતરોથી પાણી લાવે છે.

પાણી જેવા જીવનમાં પ્રાથમિક સ્રોતના અભાવથી ત્રસ્ત ગામડાંઓ હવે તૂટી રહ્યાં છે. જેની પ્રતીતિ અભ્યાસમાં પણ સ્પષ્ટ થઈ છે. એટલું જ નહીં, પણ પાણીની કાયમી અછત ભોગવતાં ગામડાંઓમાં પ્રાથમિક શિક્ષણની સુવિધા છે. માધ્યમિક શાળાઓ પણ છે. આરોગ્યલક્ષી સુવિધાઓ છે. પશુ સારવાર કેન્દ્ર જેવી પ્રાથમિક સુવિધાઓ તો ઉપલબ્ધ છે પરંતુ પાણીની ખેંચથી ગામડાંઓમાં ખેતી આનુષંગિક વ્યવસાયોનું માળખું નબળું હોવાથી ઉપલબ્ધ સુવિધાઓનો પૂરતો ઉપભોગ નથી.

પાણી અને પશુ અંગેની સ્થિતિ સ્પષ્ટ કરતાં સમયે બાબાપુર ગામે રાત્રીસભામાં ૭૦ વર્ષનાં માજીએ ઉભા થઈ કહ્યું, 'ભાઈ, અમારું એક ગામ સવાર-સાંજ ૧૨૦૦ મણ દૂધ ભરતું અને આજે!! અમારે ખુદે કોથળીનું દૂધ પીવાનો વારો આવ્યો છે. આટલું બોલતાં માડી ધ્રુસકે - ધ્રુસકે રડી પડ્યાં. ચારા-પાણીના અભાવે પાંજરાપોળોમાં મૂકવા પડતાં પોતાનાં પશુઓની યાદ આવતાં સભામાં હાજર સહુ લોકો ગળગળા થઈ ગયા. પાણીના અભાવે જ્યાં ખેતી અને પશુપાલન નબળાં પડી ગયાં છે તે ગામોમાં ગામનાં યુવકોને કોઈ છોકરી આપતું નથી. ધીરધારનો ધંધો વધ્યો છે, તો શરાફી મંડળીઓની લોન આપવાની કામગીરીમાં પણ નોંધપાત્ર વધારો થયો છે જે સ્પષ્ટ જોવા મળ્યું. પાણીની ખેંચ છતાં આર્થિક ઉપાર્જન ટકાવી રાખવા નાગરિકો રાહતકામમાં જાય-આવે છે. આવા ગામડાંઓમાં સંકલિત બાળ અને મહિલા વિકાસ યોજના અન્વયે આર્થિક વિકાસ અને બાળકો માટે પોષક આહારનાં કામો જરૂરી દેખાય છે. પાણીની અછતના કારણે વિકાસથી વંચિત રહેતાં અને વિકાસની મુખ્ય ધારામાંથી બહાર ખસી રહેલાં ગામડાંઓમાં જમીનનું કદ વિશાળ હોવા છતાં કૃષિ ઉત્પાદન નબળું રહેતાં વૃદ્ધોનાં હવાલે ગામ મૂકી યુવાનો

(અનુસંધાન : જુઓ પાના નં. – ૬૬ ઉપર)

ઇતિહાસના અજ્ઞાત પાત્રો

# નારી સશક્તિકરણનું વિસરાયેલું પાત્ર : ગંગા

નરેશ અંતાણી

*દીવાન દેવચંદ શેઠ તથા રાજમાતા લાડકુંવરબાના અવસાન પછી નિરંકુશ બનેલા રાયધણજીને એ સમયની સોબતને કારણે તેમને ધર્મઝનૂની બનાવી દીધા. ભીંત ભૂલેલા રા'એ પોતાના મનોરંજન માટે નગરશેઠ જગજીવન મહેતાના ભાઈ હરજીવન મહેતાની પુત્રી ગંગાનું અપહરણ કરાવ્યું. પરંતુ રણચંડી બનેલી ગંગાએ રાયધણને પણ એનો રસ્તો બતાવી દીધો.*

કાળની ગર્તામાં ઈતિહાસના કેટલાય પાત્રો વિસરાયા છે. આવા પાત્રો એ સમયની સાચી સ્થિતિનું બયાન કરતા હોય છે અથવા તો સમાજને દિશાદર્શન પણ આપતા હોય છે. આવું જ એક વિસરાયેલું પાત્ર એ સમયની નારી સશક્તિકરણના દર્શન કરાવતું પાત્ર ગંગાનું છે. ગંગા વિશે કચ્છના ઈતિહાસમાં ક્યાંય નોંધ જોવા મળતી નથી. પરંતુ દરિયાઈ સાહસ કથાઓના લેખક ગુણવંતરાય આચાર્યે કચ્છના રાવ રાયધણજીના સમયની ઘટનાઓના ઈતિહાસ સંદર્ભે ઇ.સ. ૧૯૩૧માં લખેલી નવલકથા 'કચ્છમાં ક્રાંતિ'માં ગંગાના પાત્રને સારી રીતે ઉજાગર કર્યું છે. પરંતુ આ એક ઐતિહાસિક નવલકથા હોઈ ગંગાના પાત્રમાં ઐતિહાસિક સત્યતા કેટલી? આવો સવાલ થાય એ સ્વાભાવિક છે. પરંતુ આ સવાલનો જવાબ આપતાં ખુદ ગુણવંતરાયભાઈ પુસ્તકની પ્રસ્તાવનામાં જ સ્પષ્ટ કરે છે કે, 'કંપની સરકારના ખાસ મોકલાયેલા ત્રણ અધિકારીઓએ કચ્છના ઈતિહાસ, ભૂગોળ, આર્થિક તથા સામાજિક બાબતો અંગે ખાસ અહેવાલ તૈયાર કરી કંપની સરકારને સોંપેલા, જેની અંદરની નક્કર હકીકતોમાં જે ઘટનાઓ છે તેના આધારે જ ઘટનાઓનું વર્ણન કરેલું છે. તેમાં રાજગોર નાતમાં ત્રાગા, મહેતાનું કારજ, હરજીવન મહેતાની સમાધિ, માંડવીનો બળવો તથા ગંગાનું અપહરણની ઘટનાઓ ઐતિહાસિક છે. કચ્છના શાળાપયોગી ઈતિહાસમાંથી આવાં પ્રકરણોને ભૂંસી નાંખવામાં આવ્યા છે. રાજ્યાશ્રિત ઈતિહાસ ગ્રંથોમાં આવા ઉજ્જવળ પ્રકરણો ઉપર લગાવવામાં આવતી કાલિમા કોઈપણ નિષ્પક્ષ વાચકની નજરની બહાર નથી રહેતી.'

ગુણવંતરાયભાઈની આ સ્પષ્ટતા પછી ગંગાનું પાત્ર કાલ્પનિક હોવાની કોઈ ગુંજાઈશ રહેતી નથી. આથી જ આજે અહીં તેને સ્થાન આપ્યું છે. આજની કથા નાયિકા ગંગા ભુજના નગરશેઠ જગજીવન મહેતાના ભાઈ હરજીવન મહેતાની પુત્રી હતી.

કચ્છના રાજકીય ઈતિહાસમાં રાવ રાયધણજી (ઇ.સ. ૧૭૭૯-૧૮૧૪)નો સમયગાળો કાળા ઈતિહાસ તરીકે યાદ રહે એવો છે. રાયધણજીના આરંભના સમયમાં દીવાન દેવચંદ શેઠની કુશળતાને કારણે સ્થિતિ સારી કહી શકાય તેવી હતી. દીવાન દેવચંદ શેઠ તથા રાજમાતા લાડકુંવર બાના અવસાન પછી રાયધણજી નિરંકુશ બન્યા હતા.

રાયધણજીની વય એ સમયે ૧૯ વર્ષની હતી. કુમળી યુવાન વયને જે રંગે રંગો, તે રંગાઈ જાય એ સ્વાભાવિક છે. રાયધણજીને એ સમયની સોબતને કારણે તેમને ધર્મઝનૂની બનાવી દીધા. સ્વધર્મ પ્રત્યે આસ્થા ઉઠી ગઈ અને વિધર્મના રંગે તેઓ રંગાઈ ગયા અને ધર્મઝનૂની ટોળાઓને તે વશ થઈ ગયા હતા. અને તેને પરિણામે તેમણે ધર્મ પરિવર્તન કરી કચ્છને કાબુલના પાદશાહનું પટાવતી રાજ્ય બનાવવાનો નિર્ણય લીધો હતો. અને જે દિવસે ધર્મ પરિવર્તન કરવાનું મુકરર કરવામાં આવ્યું હતું એ રાત્રે દરબારમાં મોટો ઉત્સવ મનાવવાનું પણ રાયધણે જાહેર કર્યું હતું. ઉત્સવ સમયે મનોરંજન માટે કોઈ કન્યાને હાજર રાખવા પોતાના સેવકોને રાયધણે હુકમ કર્યો હતો. રાયધણના આ હુકમનો અનિચ્છાએ સેવકોએ અમલ કર્યો અને રાયધણ જેને પોતાના દુશ્મન માનતા હતા તે નગરશેઠ જગજીવન મહેતાના ભાઈ હરજીવન મહેતાની પુત્રી ગંગાનું અપહરણ કરી દરબારમાં હાજર કરવામાં આવી.

રૂપરૂપની અંબાર ગંગાને જોઈ રાયધણ પોતા પરના કાબૂ ગુમાવવા લાગ્યા હતા અને દેશના ધણીની ઇચ્છાને વશ થઈ તેની કૃપા પામવા ગંગાને હુકમ કર્યો. ગંગાએ અનેક કાલાવાલા કરી પોતે પુત્રી સમાન હોવાથી રહેમ બક્ષવા આજીજી કરવા લાગી. પણ રાયધણજી પર આની કોઈ અસર ન થતાં ગંગાએ પોતાના શીલની રક્ષા કરવા મરણિયા થવાનો નિર્ધાર કર્યો અને પોતાના ચહેરા પરના તમામ ભયને દૂર કરી રાયધણને કહેવા લાગી, 'બાવા રહેમ કરો, હું હવે તમારે લાયક નથી. તમારા સેવક મને ઉઠાવી ગયા પછી અને તેઓએ બક્ષી નથી અને હું મારા શીલની રક્ષા કરી શકી નથી.'

ગંગાની આ વાત સાંભળી રાયધણનો ગુસ્સો સાતમા આસમાને પહોંચી ગયો અને તેના સેવક મસુદને તુરત બંદીવાન બનાવી કાળ કોટડીમાં પૂરવા હુકમ કર્યો. મસુદ

અનેક કાલાવાલા કરવા લાગ્યો અને પોતે નિર્દોષ હોવાનું જણાવી ગંગા પોતાને બચાવવા જૂઠું બોલતી હોવાનું જણાવતો રહ્યો. પરંતુ રાયધણજી પર તેની કોઈ અસર ન પડી.

મસુદને સિપાઈઓ લઈ ગયા પછી રાયધણે ફરી ગંગાને તાબે થવા ફરમાન કર્યું. આમે મસુદના પકડાઈ જવાથી ગંગાની સમસ્યા હલ તો થવાની ન હતી પરંતુ આ જુઠ ગંગાએ પોતાને બચાવવા સમય મેળવવા માટે ચલાવ્યું હતું. મસુદને પકડવા તથા તેના કાલાવાલા કરવાના સમય દરમિયાન ગંગાએ પોતાના મગજને તેજથી દોડાવ્યું હતું. આ કોલાહલ દરમિયાન ગંગાએ નજરમાં રાખેલી રાયધણ પાસે બેઠેલા જમાદારની પિસ્તોલ સેરવી લીધી. આ તમંચો છ અવાજનો અને ભરેલો હતો.

મસુદના ગયા પછી રાયધણ ગંગા પર દબાણ કરવા લાવવા આગળ વધ્યો પરંતુ એ સમયે જ રણચંડી બનેલી ગંગાની મુખાકૃતિ બદલાવા લાગી અને સિંહણ જેમ ગર્જના કરે એમ ગંગા ગર્જી : 'ખબરદાર રા' એક પણ ડગલું આગળ વધ્યા છો તો આજે છો કાલે ન હતા થઈ જશો.' એમ કહી પોતાના હાથમાં રહેલી પિસ્તોલ રાયધણ સામે ધરી દીધી!

ગંગાનું આ રૌદ્ર સ્વરૂપ જોઈ રાયધણ પળવાર તો દિગ્મુઢ બની ગયા. ગંગા પિસ્તોલ આગળ કરતી આગળ વધી અને રાયધણની પાસે ઉભેલા જમાદારને હુકમ કર્યો. ચાલ ઉભો થા, આ તમંચો તારો જ છે. છતાં એ તારો પણ સગો નહીં થાય અને ગંગાએ પિસ્તોલમાંથી બાર કર્યો અને વાતાવરણમાં ધુમાડાના ગોટેગોટા ફેલાઈ ગયા. ગોટા વિખરાતા જમાદારે જોયું તો રાયધણની ટોપી જમીનમાં હતી અને તેમાં કાણું પડી ગયું હતું. ગંગાએ તરત જમાદારને રાયધણના હાથ પાછળથી બાંધી દેવા જણાવ્યું.

આ ઘટનાથી રા'ના કપાળે પરસેવો આવી ગયો. પરંતુ પરિસ્થિતિ પામેલા રાયધણે જમાદારને ગંગા કહે તેમ કરવા કહ્યું. રાયધણના હાથ બાંધતી વખતે જમાદારે આસપાસ જોયું અને કોઈ હથિયાર હાથવગું થાય છે કે કેમ એ જોવા પ્રયાસ કર્યો. પરંતુ તેજ એવી ગંગાએ તુરત પિસ્તોલમાંથી બીજો બાર કર્યો અને ગોળી જમાદારના કાન પાસેથી નીકળી ગઈ. જમાદારની ટોપી જમીન પર પડી ગઈ. જમાદારને અંગે અંગમાં પરસેવો છૂટી ગયો.

એ સાથે જ ગંગાએ ગર્જના કરી જમાદાર તથા રા'ને તુરત બાંધેલા હાથે તથા જમાદારને પાઘડી છોડીને તે રાયધણના ગળામાં નાખી તેને ખેંચીને મહેલની બહાર ચાલવા જણાવ્યું.

રણચંડી બનેલી અને આંખોમાં અંગારા સાથે ગંગાએ બંનેને મહેલની બહાર લીધા અને એ બે આગળ પોતે પિસ્તોલ સાથે પાછળ ચાલી. મહેલની બહાર આવતાં જ ગંગા અટ્ટહાસ્ય કરતા બોલી, 'ખમ્મા મારા રા'ને કેવો સરસ વરઘોડો જાય છે.' અને પછી તુરત બોલી બિચારા મસુદને છોડી મૂકજો. એણે મારા પર કોઈ જબરદસ્તી નથી કરી. એ બિચારો નિર્દોષ નાહકનો વાંકમાં આવ્યો છે.

ગંગાની વાત સાંભળી ગુસ્સાથી લાલચોળ થયેલા રાયધણે ગર્જના કરી, 'તો તું અમને બનાવી ગઈ?' ગંગાએ પિસ્તોલ રા' તરફ ધરી અને કહ્યું, 'તમારા જેવા મૂરખ બનવા જ સર્જાયા છે. મને મસુદની દયા આવે છે. એની પાસે મારા વતી માફી માંગી લેજો.' અને પછી એકાએક પિસ્તોલમાંથી અનેક બાર કર્યા... પિસ્તોલના ધુમાડા વિખરાયા પછી રાયધણ જુએ છે તો એ અને જમાદાર જ માત્ર મહેલના પ્રાંગણમાં ઉભા છે. ગંગા તો અલોપ થઈ ગઈ!

સત્તરમા સૈકાના એ સમયમાં પણ કચ્છમાં ગંગા જેવી નારી સ્ત્રી સશક્તિકરણનો એક નવો રાહ ચીંધે છે.

*'ભૂમા નિકેતન', ૨૨/બી, શિવમ્ પાર્ક,*
*નાના યક્ષ મંદિર પાસે, ભુજ - માધાપર રીંગ રોડ,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૨૨૦.*
*ફોન : (૦૨૮૩૨) ૨૪૩૨૪૨, મો. ૯૯૯૮૨ ૨૦૪૭૮*

## જિંદગી તો સુખ-દુઃખનો સરવાળો છે

ક્યાં હવે જિંદગીનો કોઈ તાળો છે?
જિંદગી તો પંખીઓનો એક માળો છે.

બાજ નજર સઘળે રાખવી જ પડે,
જ્યાં જુઓ ત્યાં બધે શત્રુઓનો ડોળો છે.

અત્ર, તત્ર, સર્વત્ર પ્રભુનો વાસ હોય છે,
આ સત્ય છે કે કોઈ ગપગોળો છે?

લાગ આવે ત્યારે સૌ સોગઠી મારે છે,
ક્યાં હવે અહિંયા કોઈ ભલો ભોળો છે?

સર્વ વાતે કોઈ આદમી અહીં સુખી નથી,
જિંદગી તો સુખ-દુઃખનો સરવાળો છે.

ગમે તેવી શોધો કરે, અવનવા કરતબો કરે,
પ્રભુની લીલા પાસે માનવી હજુ બચાળો છે.

**યોગેશભાઈ આર. જોશી - હાલોલ**
**(સિનિયર સિટીઝન તથા કવિ/લેખક)**

# અંજાર સ્થિત મેકમર્ડોનો બંગલો એટલે 'રાજ્ય રક્ષિત' ગણાતું અસુરક્ષિત ઐતિહાસિક સ્મારક

જગદીશચંદ્ર છાયા

અંજાર સ્થિત મેકમર્ડોનો બંગલો ઐતિહાસિક દૃષ્ટિએ ખૂબ મહત્ત્વનું સ્થાન ધરાવે છે કારણકે બંગલામાં દુર્લભ કમાંગરી શૈલીના ભીંત ચિત્રો છે. અંજારમાં ટીંબી કોઠે 'મેકમર્ડોનો બંગલો' આવેલો છે. કચ્છમાં રાજાશાહી હતી ત્યારે જેમ્સ મેકમર્ડો પ્રથમ અંગ્રેજ પોલિટિકલ એજન્ટ તરીકે અંજાર આવ્યા હતા. અંજારમાં તેઓ કચ્છની રાજકીય પ્રવૃત્તિની જાત માહિતી મેળવવાના હેતુથી બાવાના વેશમાં પોતાની ઓળખ છુપાવીને ફર્યા હતા. એમના ગોરા વાન પરથી લોકો એમને 'ભૂરિયો બાવો' તરીકે ઓળખતા. પછી યોગ્ય સમય જણાતાં, જે બંગલામાં રહીને પોતાની સાચી ઓળખાણ જાહેર કરી હતી એ નિવાસ સ્થાન 'મેકમર્ડોના બંગલા' તરીકે જાણીતો છે. ત્યાં એમણે અંજારના આગેવાનો સાથે બેઠક કરી ત્યારે દરેકને નામથી સંબોધન કરતાં, આશ્ચર્ય ફેલાયું હતું. વાસ્તવમાં, તેમણે 'ભૂરિયા બાવા' તરીકેના છૂપા વેશમાં ફરતી વખતે દરેકનો પરિચય મેળવી લીધો હતો. તેથી બધા આગેવાનોનાં નામ તેમને યાદ હતા.

'કચ્છ મિત્ર' દ્વારા પ્રકાશિત 'કચ્છ તારી અસ્મિતા'માંથી પૂરક જાણકારી મળી, કે 'કચ્છમાં એ વખતે રાવશ્રી ભારમલજીનું શાસન હતું. મેકમર્ડોનો ઇરાદો હતો કચ્છના રાજવી અને ભાયાતી જાગીરદારો પર અંગ્રેજ સત્તાની ધાક બેસાડવી. એમણે ભારમલજીને પદચ્યુત કરી, દેશળજીને ગાદીએ બેસાડ્યા. બાળ રાજા દેશળજીનાં નામથી વહીવટ ચલાવવા નિમેલી 'રિજન્સિ કાઉન્સિલ'નું પ્રમુખપદ બ્રિટીશ રેસિડેન્ટે સંભાળ્યું. જાડેજા ભાયાતો અને જાગીરદારોને ઘણે અંશે અલગ શાસન અધિકાર આપ્યો હતો. 'ભાગલા પાડો ને રાજ કરો'ની અંગ્રેજ નીતિનો કચ્છને પણ અનુભવ કરાવ્યો હતો.

ઈ.સ. ૧૮૧૯માં એક સંધિ થઈ. કંપની સરકાર દ્વારા કચ્છના રાજવીની સ્વતંત્રતા મર્યાદિત કરી, કચ્છમાં બ્રિટીશ સૈન્ય મૂક્યું. કચ્છના બંદરો બ્રિટીશ ઉપયોગ માટે ખુલ્લા કરાવ્યા. અલબત્ત, ગૌ અને મોર હત્યા પર પ્રતિબંધ અને શિશુ કન્યાઓને દૂધ પીતી કરવાનો રીવાજ બંધ કરાવ્યો એ પણ નોંધવું જોઈએ.

હાલ ભચાઉ – સામખિયાળી 'કચ્છનું નાકું' (પ્રવેશદ્વાર) ગણાય છે. પણ રજવાડાં સમયે અંજારને કચ્છનું નાકું ગણવામાં આવતું.

અંગ્રેજોના સમયગાળામાં અનેક બાંધકામો થયા છે એમાં મેકમર્ડોનો આ બંગલો સાવ અલગ છે. પૂર્વજનાં પદચિન્હોનું પગેરું લેતાં, સ્મૃતિ વંદના હેતુ હું ત્યાં પહોંચ્યો. પણ સ્થળની અવદશા જોઈ દુઃખ થયું. ત્યાંની દીવાલો પર કચ્છની આગવી કમાંગરી કળાનો પરિચય આપતાં મોટાં મોટાં ઐતિહાસિક મહત્ત્વ ધરાવતાં ભીંત ચિત્રો દ્વારા ઉજળી પરંપરા જાળવવાનો ઉત્તમ પ્રયાસ થયો છે. બંગલાના મધ્યખંડમાં આખી દીવાલો પર ધાર્મિક પ્રસંગો રજૂ કરતા ભીંત ચિત્રો પોતાને બચાવવા ઝઝૂમી રહ્યા છે. હવે ધ્યાન નહીં દઈએ તો એ ચિત્રો દમ તોડી દેશે. આ ચિત્રોમાં રામાયણના પ્રસંગો, ગોવર્ધનધારી કૃષ્ણ, કાનગોપી, હસ્તિયુદ્ધ મૃગયાના દૃશ્યો સાથે પક્ષીઓ, ફૂલવેલ જોવા મળે છે. એક કળાપ્રેમી અંગ્રેજ દ્વારા કચ્છની આગવી કળાની કદર કરવામાં આવી છે એ સ્વીકારવું પડે. હિંદુ સંસ્કૃતિ જીવંત કરતાં એ ચિત્રો મુસ્લિમ કારીગરોએ દોર્યા હોવાનું પણ કહેવાય છે. એમને સ્થાનિક કળામાં રસ હોવાથી ઉમદા પરંપરા જાળવવાની શુદ્ધ ભાવના સાથે અને કાળજીપૂર્વક દોરાયેલા એ ચિત્રો સંભાળ અને માવજત માંગે છે. જો તેમ થાય તો ઐતિહાસિક અંજારના પ્રવાસે આવતાં મુલાકાતીઓ માટે દર્શનીય સ્થળ બની શકે તેમ છે.

અગાઉ આ બંગલામાં સરકારી ઓફિસ હતી. ઐતિહાસિક દૃષ્ટિએ ખૂબ મહત્ત્વનું સ્થાન ધરાવતો આ 'રક્ષિત' કહેવાતો બંગલો હવે જાણે નધણિયાતો હોય એમ ખંડેર બની ગયો છે. બંગલામાં કમાંગરી શૈલીના દુર્લભ ભીંત ચિત્રો હવે નષ્ટપ્રાય બન્યા છે. બંગલાના બારણા તૂટી ગયા છે. અગાઉ એ બારણા બંધ હતા ત્યારે એ બાબતે ફરિયાદ થતી. પણ હવે એવું લાગે છે કે બારણાં બંધ હતાં ત્યાં સુધી અંદરની કળા સુરક્ષિત હતી. હવે ત્યાં ગાય, કૂતરા ફરતા હોઈ, ગંદકી દુર્ગંધ મારે છે. ઝાંખા પડી ગયેલા ભીંત ચિત્રો પર અવદશા બેઠી છે. હજુ જાળવણી માટે નહીં જાગીએ તો ભવ્ય વારસો ગુમાવી દેશું. બંગલો માવજત અને મરમ્મત માંગે છે. ઐતિહાસિક અંજારના આ ઐતિહાસિક સ્મારકનું પ્રવાસીઓ નિરીક્ષણ અને અભ્યાસ કરી શકે એવી વ્યવસ્થા થવી જરૂરી છે.

અંજારના ઐતિહાસિક મેકમર્ડોના બંગલાની ઘોર ઉપેક્ષા – દુર્દશાની પરાકાષ્ટાએ એક સ્થાનિક પત્રકારે મને પૂછ્યું, 'એ બંગલો ક્યાં આવ્યો?'

આ બંગલો 'રાજ્ય પુરાતત્ત્વ ખાતા હસ્તક' હોવાનું બોર્ડ લાગેલું છે. પણ સ્થળ પર મુલાકાત લેતાં, સાચી પરિસ્થિતિ

(અનુસંધાન : જુઓ પાના નં. – ૬૨ ઉપર)

માહિતી

# ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ અને દેશી ગાયનું મહત્ત્વ વધ્યું

મનીષ જોશી 'મૌન'

## *જમીનની તંદુરસ્તી અને ફળદ્રુપતા જાળવવા પ્રાકૃતિક કૃષિ મહત્ત્વનો વિકલ્પ*

વડોદરા નજીક આવેલા આજોડ ગામમાં પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રીના વિચારોથી પ્રેરિત વૃક્ષ મંદિર આવેલું છે. જ્યાં અળસિયા તૈયાર કરી આંબા, ચીકુ, કેળા, લીંબુ, હળદર, સરગવા સહિતની ઉપજ લેવાય છે. વીસેક જેટલા ગામના ભાવિકો કૃષિ મંદિરમાં આવી વૃક્ષોની સેવા કરવાના ભાવ સાથે ખેતી કામ કરે છે. આ ભાવ જો દરેક ખેડૂતમાં આવે તો કૃષિ ક્ષેત્રે સકારાત્મક પરિવર્તનો આવી શકે છે.

રાજ્યમાં ખેડૂતો પરંપરાગત કૃષિ છોડી ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ અપનાવી રહ્યા છે. તેવા વાવડ વચ્ચે ગૌ આધારિત કૃષિમાં દેશી ગાયનું મહત્ત્વ છે, તે જાણવું રહ્યું. જમીનના ભૌતિક અને જૈવિક સ્વાસ્થ્યની ખામીને કારણે, જમીનમાં પોષક તત્ત્વોની ઉણપ ન હોવા છતાં સારું ઉત્પાદન મેળવવામાં મુશ્કેલી થાય છે. જમીનમાં છોડને યોગ્ય પ્રમાણમાં ભેજ અને પોષક તત્ત્વો ઉપલબ્ધ નથી થઈ શકતા અને વરાપ તથા ભેજનું નિર્માણ નથી થઈ શકતું. જો જમીનના જૈવિક સ્વાસ્થ્યમાં સુધારો થઈ જાય તો ઓછા પ્રમાણમાં પોષક તત્ત્વો ઉપલબ્ધ થવા છતાં પણ સારું ઉત્પાદન લઈ શકાય છે. પ્રાકૃતિક કૃષિ પદ્ધતિમાં આ ગુણ આપમેળે જ જમીનમાં ઉપલબ્ધ થઈ જાય છે.

જમીન ચકાસણીમાં જાણવા મળ્યું છે કે, ઘણા પોષક તત્ત્વો જમીનના નીચેના સ્તરોમાં જમા થઈ જાય છે. નીચેના સ્તરની જમીન અન્નપૂર્ણા છે. નીચેની જમીનમાંથી ઉપરની જમીનના સ્તર પર પોષક તત્ત્વ લાવવાનું કાર્ય પાનખરમાં ખરેલા જૈવિક પદાર્થના વિઘટક કેશાકર્ષક શક્તિ દ્વારા અને આપણાં દેશી અળસિયા કરે છે. અળસિયા તેમને ખેંચીને ઉપર લઇ આવીને પોતાના માધ્યમથી મૂળને ઉપલબ્ધ કરાવવાનું મહાન કાર્ય કરે છે.

જમીન પર પડેલું દેશી ગાયનું છાણ ઉઠાવીએ અને અવલોકન કરીએ તો છાણની નીચે જમીનમાં બે-ચાર છિદ્રો દેખાશે. આ છિદ્રો દેશી અળસિયા કરે છે. તેનો મતલબ છે કે, દેશી ગાયના છાણમાં અળસિયાઓને ઉપર ખેંચી લાવવાની અદ્ભુત તાકાત છે. દેશી ગાયના એક ગ્રામ છાણમાં ખોરાક બનાવનાર અતિ ઉપયોગી ૪૦૦ કરોડ ઉપરાંતના જીવાણું છે.

૧ એકર જમીન માટે એક મહિનાની અંદર ઓછામાં ઓછું એક વખત પ્રતિ એકરમાં ૧૦ કિલોગ્રામ દેશી ગાયનું છાણ ઉપયોગમાં લેવું જરૂરી છે. ૧ દેશી ગાય એક દિવસમાં ૧૧ કિલોગ્રામ છાણ, એક દેશી બળદ એક દિવસમાં ૧૩ કિલોગ્રામ છાણ અને ૧ ભેંસ એક દિવસમાં ૧૫ કિલોગ્રામ છાણ આપે છે. ૧ દેશી ગાયનું એક દિવસનું છાણ એક એકર જમીન માટે એક મહિના માટે પૂરતું છે. એક દેશી ગાય થકી ૩૦ એકર જેટલી જમીનમાં ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ કરી શકાય છે.

વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવે તે માટે રાજ્યના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને રાજ્ય સરકાર પ્રયત્નો કરી રહ્યા છે. જમીનની તંદુરસ્તી અને ફળદ્રુપતા જાળવવા માટે અને એક પ્રકારે લોકોને વિવિધ પ્રકારના રોગોથી બચવા માટે આગામી સમયમાં કૃષિ, એ એક મજબૂત વિકલ્પ બને એ માટે પ્રત્યેક ખેડૂતે અને ટેરેસ પર બાગાયતી કામ કરનારાએ જાગૃત થવું પડશે એમ નથી લાગતું?

*આપનો અભિપ્રાય મને મોકલી આપશો.*

- **સંવેદના :**

*ખુલ્લા ખેતર અડખે પડખે માથે નીલું આભ,*
*વચ્ચે નાનું ગામડું બેઠું ક્યાં આવો છે લાભ?*

— મકરંદ દવે

*'મેઘવર્ષા', ૧૪, સપ્તગિરિ સોસાયટી વિભાગ-૩,*
*સાંઇ મંદિર અને બગીચાની પાછળ,*
*વિશ્વામિત્રી ક્રોસિંગ, માંજલપુર, વડોદરા-૩૯૦ ૦૦૧.*
*મો. ૯૯૨૫૬ ૨૮૪૯૮*
*ઈ-મેઈલ :* maunjoshi@gmail.com, maun_66@yahoo.co.in

## અંજાર સ્થિત મેકમર્ડોનો બંગલો

(અનુસંધાન : પાના નં.– ૬૧ ઉપરથી ચાલુ)

સ્પષ્ટ થાય છે.

કચ્છ રજવાડાંનો બ્રિટીશ ઈસ્ટ ઇન્ડિયા કંપનીના પ્રથમ પોલિટિકલ એજન્ટ જેમ્સ મેકમર્ડો તા. ૨૮ એપ્રિલ ૧૮૨૦માં રાપર તાલુકાના વરણું ગામે કોલેરા થકી મૃત્યુ પામ્યા હોવાનું કહેવાય છે. વરણેશ્વર મંદિરની પાસે એમના દેહને દફનાવવામાં આવ્યો હતો. કબર પર તેમનું મૃત્યુ કોલેરાથી થયું હોવાનું દર્શાવ્યું છે.

ઈ.સ. ૧૮૧૮માં બંધાયેલો બંગલો દ્વિ-શતાબ્દિ વટાવી ચૂક્યો હોવા છતાં અવાવરું, અસુરક્ષિત અને ઉપેક્ષિત છે એ તંત્રની બેદરકારી સૂચવે છે. ■

શબ્દ રમત

દુનિયાભરમાં અખબારો અને સામયિકોનો લોકપ્રિય વિભાગ

# શબ્દ વ્યૂહ રચના @ 111...

ભરત'કુમાર' પ્રા. ઠાકર

'શબ્દવ્યાયામ' આજે સમય પસાર કરવા સાથે નિજાનંદનું અને શબ્દભંડોળ વધારવાનું ગમ્મત સાથે જ્ઞાન આપતું ઉત્તમ માધ્યમ બન્યું છે. આ વર્ષે ૨૧મી ડિસેમ્બરે તેની ૧૧૧મી વર્ષગાંઠ ઉજવાશે. ત્યારે લોકપ્રિય, મનોરંજક અને મગજમારી પણ કરાવતી આ શબ્દરમતની તવારીખ જાણવી રસપ્રદ બનશે..

● **આધુનિક શબ્દકસોટીના જનક :**

આજે જગતભરનાં બહુધા અખબારો અને સાંપ્રત પ્રવાહોનાં મેગેઝિનોમાં 'શબ્દ પૂરણી' એક અનિવાર્ય અંગ બની ગઈ છે. એટલું જ નહિ, સામાજિક કે જ્ઞાતિકીય જેવાં સામયિકોમાં પણ તેણે સ્થાન લેવા માંડ્યું છે. તેની લોકચાહના એવી રહી છે કે ઓફિસના ટેબલે, ઘરના હીંચકે, બસ કે ટ્રેનમાં તમને તેના રસિકો, વરિષ્ઠો કે ગૃહિણીઓ પણ છાપું ચોવડું વાળીને શબ્દચોકઠાં ઉકેલતાં અને ભરતાં જોવા મળશે.

જેનાં ખાલી ચોરસ ખાનાંમાં શબ્દો ભરી શકાય અને તે ઊભીઆડી હારમાં વાંચી શકાય એવા 'શબ્દચોરસ કોયડા' દુનિયાની સૌથી લોકપ્રિય અને સૌથી વ્યાપક શબ્દરમત લેખાય છે, પણ તેનો ઇતિહાસ ટૂંકો છે. તેની શોધ આર્થર વાઈન (૧૮૭૧-૧૯૪૫) નામના એક ઍંગ્લો-અમેરિકી પત્રકારે કરી હતી. આમ તો આવી પ્રથમ શબ્દસ્પર્ધાઓ ૧૯મી સદીમાં ઇંગ્લેન્ડમાં જોવા મળી હતી, જે તદ્દન પ્રાથમિક સ્વરૂપની હતી. અમેરિકામાં તેનો ગંભીર અને પરિપક્વ રમતમાં વિકાસ થયો હતો.

પ્રથમ પરીચિત અને પ્રકાશિત એવી શબ્દકસોટીના શોધક તરીકે જેમને માન મળે છે એ આર્થર વાઈનનો જન્મ ૨૨મી જૂન, ૧૮૭૧ના લીવરપૂલ (ઇંગ્લેન્ડ)માં થયો હતો. બચપણથી જ એમની યાદશક્તિ ધારદાર હોવાથી દાદા સાથે તેઓ વિક્ટોરિયન યુગની 'જાદુઈ ચોરસ' (મેજિક સ્ક્વેર) નામની રમત રમતા. ૬ઠ્ઠી જૂન, ૧૮૯૧ના એમણે અમેરિકા સ્થળાંતર કર્યું અને થોડો સમય પીટ્સબર્ગ (પેન્સિલ્વેનિયા)માં સ્થાયી થયા. ત્યાં 'પીટ્સબર્ગ પ્રેસ' નામના છાપામાં કામ કર્યું અને સિમ્ફની ઓરકેસ્ટ્રામાં વાયોલિનવાદન પણ કર્યું.

● **પ્રથમ શબ્દખેલનો આવિર્ભાવ**

તે પછી આર્થર વાઈન ન્યુયોર્ક રહેવા આવ્યા અને ત્યાં 'ન્યુયોર્ક વર્લ્ડ' નામક અખબારમાં જોડાયા. પાછળથી તેઓ સીડર ગ્રોવ (ન્યુજર્સી)ના રહેવાસી બન્યા. ૧૯૧૩માં શબ્દવ્યૂહ રચનાની શોધ માટે ખૂબ જાણીતા થયા. ત્યારે 'ન્યુયોર્ક વર્લ્ડ'ની રવિવારીય આવૃત્તિના મનોરંજન વિભાગ (ફન સેક્શન) અથવા કોઈ સંદર્ભમાં કટાક્ષ અને કરામત (ટ્રિક્સ એન્ડ જોક્સ) વિભાગ માટે કોયડાઓનું પાનું તૈયાર કરતા.

આજથી બરાબર એકસો વર્ષ પહેલાં અર્થાત્ ૨૧મી ડિસેમ્બર, ૧૯૧૩ના અંકમાં થોડી ખાલી જગ્યા બચતી હતી. તેનો ઉપયોગ કરવા આર્થરે બાળપણની પેલી 'જાદુઈ ચોરસ' જેવી પ્રયુક્તિ કામે લગાડવાનું વિચાર્યું અને આમ અનાયાસે વિશ્વની પ્રથમ 'શબ્દકસરત'નો જન્મ થયો. તે માટે એમણે હીરા આકારની એક નવી કસોટી રજૂ કરી. તેમાં વચ્ચેની ખાલી જગ્યામાં F-U-N અક્ષરો મૂક્યા. તેણે તેને 'વર્ડ-ક્રોસ પઝલ' નામ આપ્યું.

વાઈનની આ કસોટી આજની શબ્દરચનાઓથી એ રીતે જુદી પડતી હતી કે એક તો તે હીરા આકારમાં હતી અને અંદર તે કોઈ કાળા ચોરસ ખાનાં ધરાવતી ન હતી. આર્થરની આ શોધ અગાઉની કસોટીઓનાં સ્વરૂપો પર આધારિત હોવા છતાં એમણે અનેક નવી બાબતો પણ દાખલ કરી. જેમ કે ઉકેલકર્તાઓ માટે અક્ષરો મૂકવાના ખાનાં બનાવવા ઊભી-આડી લીટીઓનો ઉપયોગ કર્યો. પાછળથી એમણે ઊભી-આડી હારના શબ્દોને જુદા પાડવા સપ્રમાણ ગોઠવણમાં કાળા ચોરસાના ઉપયોગની પણ નવરચના કરી.

● **બ્રિટીશ કોયડા વધુ મુશ્કેલ :**

અંકોની ગોઠવણીના અપવાદ સાથે વાઈનના 'વર્ડ ક્રોસ પઝલ્સ'નું સ્વરૂપ આધુનિક શબ્દકસોટી માટે વપરાય છે. પ્રથમ 'વર્ડ-ક્રોસ' રજૂ થયાના થોડાં અઠવાડિયાં પછી તેનું નામ મુદ્રણની ભૂલના કારણે 'ક્રોસ-વર્ડ'માં બદલાઈ ગયું. તે પછી બે શબ્દો વચ્ચેની સંયોગરેખા પણ નીકળી જતાં તે એક શબ્દ (ક્રોસવર્ડ્સ) રૂપે ઓળખાય છે. ૧૯૨૦ના દાયકામાં અમેરિકી નાગરિક બનનાર આર્થર વાઈનનું ૧૪મી જાન્યુઆરી, ૧૯૪૫ના ક્લિયરવૉટર (ફ્લોરિડા) ખાતે અવસાન થયું.

૧૯૨૦ના દાયકાના આરંભે બીજાં વર્તમાનપત્રોએ પણ સમય પસાર કરવાના આ નવશોધિત માધ્યમને અપનાવી લીધું અને એક દાયકામાં શબ્દ સ્પર્ધાઓએ લગભગ બધાં અમેરિકી અખબારોમાં મહત્ત્વનું સ્થાન મેળવ્યું. આ અરસામાં જ તેણે પોતાનું સર્વસાધારણ સ્વરૂપ ધારણ કરવાનું શરૂ કર્યું. તે પછી એટલાન્ટિક પાર કરી યુરોપમાં પહોંચી ગઈ. કોઈ બ્રિટીશ

પ્રકાશનમાં શબ્દરચનાનું પ્રથમ પ્રાગટ્ય 'પિયર્સન્સ મેગેઝિન' (ફેબ્રુઆરી, ૧૯૨૨)માં થયું હતું.

તે પછી બે જગવિખ્યાત અખબારો 'ધ ટેલિગ્રાફ' (જુલાઈ, ૧૯૨૫) અને 'ધ ટાઈમ્સ' (૧-૨-૧૯૩૦)માં પ્રથમ શબ્દકસોટી છપાઈ હતી. અમેરિકી કરતાં બ્રિટીશ શબ્દકોયડા વધુ અઘરા હોવાથી તેણે પોતાની જુદી શૈલી વિકસાવી હતી. ખાસ કરીને ગૂઢ કોયડાઓ (ક્રિપ્ટિક પઝલ) સુદૃઢ બન્યા અને તરત લોકપ્રિયતા મેળવી. આવી ગહનાર્થ કસોટીઓ માટેના માર્ગદર્શક નિયમો એ. એફ. રીત્ચી (૧૮૯૦-૧૯૫૪) અને ડી. એસ. મેનટે (૧૯૦૨-૧૯૭૧) ઘડેલા છે.

## વિવિધ ગુજરાતી અખબારો - સામયિકોમાં શબ્દ રમતના વિભાગોનું વિહંગાવલોકન

| પત્રનું નામ | વિભાગ શિર્ષક | સંપાદક |
|---|---|---|
| 'અટલ સવેરા' સાંધ્ય દૈનિક (સુરત) | શબ્દ પહેલી | — |
| 'અભિયાન' સાપ્તાહિક (અમદાવાદ) અત્યારે | હીંચકે બેઠા | બીના શાહ |
| 'અભિયાન' સાપ્તાહિક (મુંબઈ) અગાઉ | હીંચકે બેઠા | સતીષ વ્યાસ |
| 'અભિષેક' માસિક (મુંબઈ) | શબ્દશોધ | નંદિની પારેખ |
| 'અરસપરસ' માસિક (રાજકોટ) | ભેજાફ્રાય | 'પ્રેરણા' |
| 'અંજાર ટાઈમ્સ' સાપ્તાહિક (અંજાર) | શબ્દ વ્યાયામ | શોભના પલણ |
| 'આજકાલ' દૈનિક (તમામ આવૃત્તિઓ) | ક્રોસવર્ડ | — |
| 'આરપાર' પાક્ષિક (અમદાવાદ) | શબ્દની આરપાર | ઠાકોરભાઈ શાહ |
| 'આર્ય વૈદિક દર્શન' માસિક (ટંકારા) | વૈદિક શબ્દકોઠો | શાંતિલાલ ધૂળકોટિયા |
| 'કચ્છ આમતક' દૈનિક (ભુજ) | શબ્દવન | — |
| 'કચ્છ-અર્પણ' દ્વિ-માસિક (વડોદરા) | શબ્દ વ્યૂહ | — |
| 'કચ્છ ઉદય' સાંધ્ય દૈનિક (ગાંધીધામ) | ક્રોસવર્ડ / વન મિનિટ | — |
| 'કચ્છ ગૂર્જરી' માસિક (મુંબઈ) | શબ્દની સરગમ | કમલ નવીન મહેતા |
| 'કચ્છમિત્ર' દૈનિક (ભુજ) | શબ્દ વ્યાયામ | વિવિધ સંપાદકો |
| 'કચ્છમિત્ર' : સાપ્તાહિક પૂર્તિ; અગાઉ–૧ | શબ્દ શિલ્પ | રજનીકાંત સોની |
| 'કચ્છમિત્ર' : સાપ્તાહિક પૂર્તિ; અગાઉ–૨ | શબ્દ શિલ્પ | મદનકુમાર ઠક્કર |
| 'કચ્છ રચના' માસિક (અમદાવાદ) | આડી ચાવી - ઊભી ચાવી | — |
| 'કચ્છશ્રુતિ' માસિક (અમદાવાદ) | શબ્દશોધ | પ્રદીપ જોષી |
| 'કચ્છ સિંગમ' માસિક (અંજાર) | શબ્દ સાંકળ | મોહંમદ અમીન ખત્રી |
| 'કાઠિયાવાડ પોસ્ટ' દૈનિક (રાજકોટ) | શબ્દરસ | — |
| 'કુમાર' માસિક (અમદાવાદ) | શબ્દવેધ | હર્ષદ દવે |
| 'ક્ષમાદર્શન' વાર્ષિક (મુંબઈ) | શોધખોળ | રમણ શેઠિયા |
| 'ગાંધીનગર સમાચાર' દૈનિક (ગાંધીનગર) | શબ્દાવલી | — |
| 'ગુજરાત ટુ ડે' દૈનિક (અમદાવાદ) | શબ્દ ટુડે | એમ. એફ. મુનશી |
| 'ગુજરાત મિત્ર' દૈનિક (સુરત) | શબ્દ ગુંફન | અરવિંદ મારુ |

હાર્દિક શુભકામનાઓ સાથે...

**માતુશ્રી શાંતાબેન ખીમજી પ્રેમજી મહેતા પરિવાર (બેલા વારા) – અમદાવાદ**

**રસિકભાઈ – રજનીકાંત – હસમુખ ખીમજીભાઈ મહેતા**

| | | |
|---|---|---|
| 'ગુજરાત મિત્ર' : સાપ્તાહિક રવિવારીય પૂર્તિ | શબ્દ સાપ્તાહિકી | અરવિંદ મારુ |
| 'ગુજરાત સમાચાર' દૈનિક (તમામ આવૃત્તિઓ) | એરાઉન્ડ ધ વર્ડ્સ | વિજય કોટક |
| 'ગુજરાત સમાચાર' : બુધવારીય શતદલ પૂર્તિ | એરાઉન્ડ ધ વર્ડ્સ | રીટા શાહ |
| 'ગૃહશોભા' માસિક (અમદાવાદ) | શબ્દશોભા | — |
| 'ચક્રમ ચંદન' સાપ્તાહિક (અમદાવાદ) | શબ્દ ગમ્મત | જી. રીઝવાન |
| 'ચિત્રલેખા' સાપ્તાહિક (મુંબઈ) | શબ્દસંધાન | તન્વી |
| 'જન્મભૂમિ' સાંધ્ય દૈનિક (મુંબઈ) અગાઉ | શબ્દાનંદ | મિતલ ભીંડે – પારૂલ જોશી |
| 'જન્મભૂમિ' દૈનિક (મુંબઈ) અત્યારે | શબ્દાનંદ | આકાશ જોશી |
| 'જન્મભૂમિ-પ્રવાસી' સાપ્તાહિક (મુંબઈ) અગાઉ | ચાલો, શબ્દ શોધીએ | રાજેન્દ્ર શાહ |
| 'જન્મભૂમિ-પ્રવાસી' સાપ્તાહિક (મુંબઈ) અત્યારે | શબ્દલીલા | દિલીપ શાહ |
| 'જયહિન્દ' દૈનિક (રાજકોટ) | શબ્દ સરોવર | — |
| 'જાગૃત નાગરિક' માસિક (વડોદરા) | જ્ઞાન કસોટી | ગિરિરાજ બ્રહ્મભટ્ટ |
| 'જ્ઞાનામૃત' માસિક (અમદાવાદ) | શબ્દાવલી | — |
| 'ડાયલોગ' દ્વિ માસિક (રાજકોટ) | ફુરસદનો ફોટો | કીર્તિ કાનાણી |
| 'તેજ ગુજરાત' સાપ્તાહિક (અમદાવાદ) | ક્રોસવર્ડ | પ્રચેતસ પાઠક |
| 'દિવ્ય ભાસ્કર' દૈનિક (તમામ આવૃત્તિઓ) | ક્રોસવર્ડ | ભૂપેન્દ્ર શાહ 'શંભુ' |
| 'દિવ્ય ભાસ્કર' દૈનિક : અર્ધસાપ્તાહિક 'કળશ' પૂર્તિ | માઈન્ડ ગેમ | ભૂપેન્દ્ર શાહ 'શંભુ' |
| 'ધર્મસંદેશ' પાક્ષિક (અમદાવાદ) | શબ્દ સ્પર્ધા | — |
| 'નવગુજરાત સમય' દૈનિક (અમદાવાદ) | ક્રોસવર્ડ | — |
| 'નવચેતન' માસિક (અમદાવાદ) | શબ્દ સંગાથ | દિલીપ શાહ 'રસીલા' |
| 'નવનિર્માણ' સાંધ્ય દૈનિક (સુરત) | વ્યૂહરચના | — |
| 'પગદંડી' માસિક (મુંબઈ) | કચ્છી શબ્દમેળો | ડૉ. નવીન રાયશી ગડા |
| 'પ્રેમગંગા' માસિક (મુંબઈ) | ધર્મધજા | જયકાંત મોતા |
| 'ફીલિંગ્સ' પાક્ષિક (વડોદરા) | શબ્દ વ્યૂહ | પી. નીરદ |
| 'ફૂલછાબ' દૈનિક (રાજકોટ) | શબ્દ કોયડો | વિવિધ સંપાદકો |
| 'ફેસ ટુ ફેસ' માસિક (અંજાર) | શબ્દ રમત | અર્જુન જોશી |
| 'ભેરપો' માસિક (ભુજ) | શબ્દ ભેરપો | પૂર્ણિમા જે. ગોર |
| 'મહાનગર કલકત્તા હલચલ' સાપ્તાહિક (કલકત્તા) | શબ્દ શોધો | શબ્દાર્થી |
| 'મંગલ મંદિર' માસિક (અમદાવાદ) | શબ્દ રમત | રજનીકાંત પારેખ |
| 'માનવમિત્ર' સાંધ્ય દૈનિક (અમદાવાદ) | શબ્દ કસોટી | ઉપેન્દ્ર ત્રિવેદી |
| 'મિડ-ડે' દૈનિક (મુંબઈ) અગાઉ | મગજમારી | શિલ્પા પરીખ |
| 'મિડ-ડે' દૈનિક (મુંબઈ) અત્યારે | શબ્દ રમત | રશ્મિન શાહ |
| 'મુંબઈ સમાચાર' દૈનિક (મુંબઈ) | શબ્દ લાલિત્ય | કાંતા વોરા |
| 'મુંબઈ સમાચાર' સાપ્તાહિક (મુંબઈ) | શબ્દ ખેલ | કાંતા વોરા |
| 'લોહાણા પ્રકાશ' દ્વિ-માસિક (અમદાવાદ) | શબ્દ-સાથી | — |

॥ શુભેચ્છા સહ... ॥

**ગણેશ ચિક્કી પરિવાર - અમદાવાદ**

**હ. જયંતીભાઈ નીસર**

| | | |
|---|---|---|
| 'લોહાણા પ્રકાશ' દ્વિ-માસિક (અ'વાદ) બાળ વિભાગ | ક્રોસવર્ડ/અક્ષરપાત્ર | કિરણબેન ઠક્કર |
| 'વાગડ સેતુ' માસિક (મુંબઈ) | શબ્દ સંકેત | — |
| 'સમભાવ' દૈનિક (અમદાવાદ) | શબ્દ શતરંજ | — |
| 'સમભાવ મેટ્રો' મધ્યાહ્ન દૈનિક (અમદાવાદ) | શબ્દવન | — |
| 'સમય' સાપ્તાહિક (સુરેન્દ્રનગર) | શબ્દ રમત | નટુભાઈ રાવલ |
| 'સંકલન' માસિક (રાજકોટ) | શબ્દ શોધો | પ્રદીપ જોશી |
| 'સંભાર' કચ્છી દ્વિ-માસિક (ભુજ) | સબધ રાંધ | કૃષ્ણકાંત ભાટિયા 'કાંત' |
| 'સંદેશ' દૈનિક (તમામ આવૃત્તિઓ) | શબ્દ સંદેશ / વર્ડ વિઝડમ | — |
| 'સંદેશ' દૈનિક : અર્ધસાપ્તાહિક પૂર્તિ | બ્રેઈન મેપિંગ | નીલમ |
| 'સંદેશ' : મંગળવારીય મહિલા પૂર્તિ 'ગરિમા' | શબ્દ ગરિમા | જયસ્વી |
| 'સંસ્કાર દીપિકા' દ્વિ-માસિક (અ'વાદ) : બાળ વિભાગ | શબ્દ રમત | નિર્મલ |
| 'સાધના' સાપ્તાહિક (અમદાવાદ) | શબ્દ સાધના | માનસી જોશી |
| 'સામના' સાંધ્ય દૈનિક (સુરત) | શબ્દસૃષ્ટિ | કલ્પના ભાવસાર |
| 'સાયન્સ એક્સપ્રેસ' માસિક (ભાવનગર) | બ્રેઈન એક્સ-રે | રમેશ એસ. સેંતા |
| 'સાંજ સમાચાર' દૈનિક (રાજકોટ) | ટાઈમ પાસ | માધવી નરેશ શાહ |
| 'સ્ત્રી' સાપ્તાહિક (અમદાવાદ) | ક્રોસવર્ડ | જયસ્વી |
| 'સ્વબળ' માસિક (મુંબઈ) | શબ્દોની રચના | 'છોટે ખીરાણી' |
| 'સ્વરસેતુ ન્યુઝ ડાઈજેસ્ટ' દ્વિ-માસિક (અમદાવાદ) | શબ્દ સંગીત | — |

*'શિવમ્', ૪૦, વૃંદાવન નગર-૧, ખડિયા તળાવ સામે, વૈશાલી સિનેમા રોડ, અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯, મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

## ખેડૂત પાણીના અભાવે લાચાર બની જાય છે

**(અનુસંધાન : પાના નં. – ૫૮ ઉપરથી ચાલુ)**

શહેરો ભણી ધસી રહ્યા છે.

પાણીના અભાવે સર્જાતી આર્થિક - સામાજિક સ્થિતિ અંગેના અભ્યાસમાં જોવા મળે છે કે કાંઠા વિસ્તાર અને મધ્ય ગુજરાત સહિત ખડકાળ વિસ્તારમાં પાણીના અભાવે આર્થિક વિકાસ સ્થગિત થયો છે. આજે ખેડૂતો ખેતીના મુખ્ય સાધન તરીકે ટ્રેક્ટર ખરીદ કરી કાયમી રોકાણ કરતાં અચકાય છે પરંતુ બળદની જોડી રાખે છે અને પશુઓનું સેન્દ્રિય ખાતર ઉપયોગમાં લે છે. જો કે આવી પરંપરાગત સ્થિતિ વચ્ચેથી ખેડૂતો આવવા માંગે છે. પણ પાણીના અભાવના કારણે લાચાર છે.

"પાણી એ ઊર્જા છે, પાણી એ નાણું છે" — આ સમજ ગામડાંના સામાન્ય માણસની છે અને તેઓનો વેધક સવાલ રહે છે કે પાણીની અસમાન વહેંચણી કેમ? પાણીના કારણે વિકાસથી વંચિત બનેલા નાગરિકોનો આ સવાલ ન્યાયી વિકાસ કે સમતોલ વિકાસ માટે ચિંતિત સહુ કોઈ માટે પડકારરૂપ બને છે. ચેકડેમ જેવા પાણીનાં સશક્ત સ્રોતના કાંઠે વસેલા ગામડાંના લોકો માટે સંશોધનનો સવાલ હતો. "તમારી સ્થિતિ પ્રમાણમાં સારી છે તો સારું એટલે શું?" આવા પ્રશ્નના જવાબમાં ગ્રામીણોએ કહ્યું, 'સારું ઢોર એક લાકડી વધુ ખમી શકે તેમ અમે એકાદ-બે દુષ્કાળ વચ્ચે પણ પાણીના ટેકે ટકી જઈએ, મારા ભાઈ, બીજું શું?' મુલાકાત એકમનાં જે ગામડાંઓમાં આર્થિક સ્થિતિ પ્રમાણમાં સારી જણાય છે, ત્યાં પણ આર્થિક વિકાસનું મુખ્ય પરિબળ પણ પાણીની સારી સુવિધા રહ્યાનું જ સ્પષ્ટ થાય છે. ■

## મંગલ મંદિર : નવેમ્બર-૨૦૨૪ : ભૂલ સુધાર

★ **પાના નં. - ૧૧૨**
નલીયા જૈન દેરાસરના નંબર (૦૨૮૩૧) ૨૨૨૩૩૭ છે.
**શ્રી જયેશભાઈ : મો. ૮૫૫૨૯ ૩૮૩૦૧**

★ **પાના નં. - ૧૧૨**
જખૌ જૈન દેરાસરની પેઢીનો **મો. ૯૬૮૭૨ ૧૩૬૯૫** છે.

★ **પાના નં.-૪૫**
ચક્ષુદાતાઓ સુધાબેન રામજી ગાલા નહીં પણ **સુધાબેન શામજી ગાલા** સાચું નામ છે.

ક્ષતિ બદલ ક્ષમા...

વિશિષ્ટ દિવસ

# રાષ્ટ્રીય ગણિત દિવસ : ૨૨ ડિસેમ્બર

ડૉ. મિહિર એમ. વોરા

સુપ્રસિદ્ધ ભારતીય ગણિતશાસ્ત્રી શ્રીનિવાસ રામાનુજનની જન્મજયંતી નિમિત્તે દર વર્ષે ૨૨ ડિસેમ્બરે રાષ્ટ્રીય ગણિત દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસ તેમના કાર્યોને ઓળખે છે અને તેની ઉજવણી કરે છે.

રામાનુજન શ્રીનિવાસ આયંગર (જન્મ : ૨૨ ડિસેમ્બર ૧૮૮૭, ઈરોડ, તામિલનાડુ. અવસાન : ૨૬ એપ્રિલ ૧૯૨૦ ચેન્નાઈ) આધુનિક સમયના ભારતના શ્રેષ્ઠ ગણિતશાસ્ત્રી! તામિલનાડુના કુંભકોણમના અત્યંત ગરીબ પરિવારમાં જન્મેલા રામાનુજન નાનપણથી જ ગણિતમાં ખૂબ તેજસ્વી હતા. તે છઠ્ઠા ધોરણમાં હતા ત્યારે જ દસમા ધોરણ સુધીનાં ગણિતનાં પાઠ્યપુસ્તકો વાંચી અને સમજી ચૂક્યા હતા.

તેઓ મેટ્રિક ૧૯૦૩માં પાસ થયા તે પહેલાં પડોશના એક કૉલેજિયન યુવકે તેમને કુંભકોણમની કૉલેજના પુસ્તકાલયમાંથી કારનું પુસ્તક 'એ સિનોપ્સિસ ઑફ પ્યૉર મેથેમેટિક્સ' લાવી આપ્યું.

આ પુસ્તકમાં ગણિતનાં છ હજાર પરિણામો સાબિતી વગર આપેલાં હતાં. રામાનુજને એ બધાંની સાબિતીઓ શોધવાનો મહાયજ્ઞ આરંભ્યો અને એ પ્રયત્નમાંથી જ તે એક સર્જક ગણિતશાસ્ત્રી બની ગયા. ૧૯૦૨માં તેમણે પોતે શોધેલાં ગણિતનાં પરિણામો ટપકાવી લેવા માટે નોટબુક રાખવાનું શરૂ કર્યું અને ત્યાર પછીનાં દસ વર્ષોમાં આવી ત્રણ જાડી નોટો અતિ મહત્ત્વનાં અને આકર્ષક પરિણામોથી ભરાઈ ગઈ.

ગણિતના વધુ પડતા આકર્ષણને કારણે અન્ય વિષયો પ્રત્યે દુર્લક્ષ કરતાં રામાનુજન કૉલેજના પ્રથમ વર્ષમાં બે-ત્રણ વાર નાપાસ થયા અને તેમણે આખરે ૧૯૦૭માં અભ્યાસ છોડી દીધો. ૧૯૦૩થી ૧૯૧૩ સુધીનો દાયકો રામાનુજન માટે ખૂબ કષ્ટદાયક અને નિરાશામય રહ્યો.

૧૯૦૯માં જાનકી અમ્મલ સાથે તેમનાં લગ્ન થયા પછી નોકરી મેળવવાના મરણિયા પ્રયાસો તેમણે કર્યા. આ બધા સંઘર્ષ વચ્ચે પણ તેમનું ગણિતનું સંશોધન ચાલુ જ રહ્યું. નોકરી શોધવાના પ્રયત્નોના ભાગ રૂપે તે ગણિતમાં રસ લેતા કેટલાક સરકારી અધિકારીઓના સંપર્કમાં આવ્યા.

આ અધિકારીઓ તેમના ગણિતજ્ઞાનથી પ્રભાવિત થયા અને તેમને ધીમે ધીમે ગણિત કરવા માટેની સગવડો મળતી ગઈ. ૧૯૧૨માં રામાનુજન મદ્રાસ પૉર્ટ ટ્રસ્ટમાં કારકુન તરીકે જોડાયા.

કેટલાક હિતેચ્છુઓની સલાહથી રામાનુજને ૧૯૧૩ના જાન્યુઆરીમાં ઈંગ્લેન્ડના પ્રખ્યાત ગણિતશાસ્ત્રી હાર્ડીને પોતાનાં સંશોધનોનો પરિચય આપતો પત્ર લખ્યો. આ પત્રે હાર્ડીને ખૂબ પ્રભાવિત કર્યા. હાર્ડીએ રામાનુજનને ઈંગ્લેન્ડ આવવા આમંત્રણ આપ્યું. પણ જ્ઞાતિના પૂર્વગ્રહો અને માતાની અસંમતિને લીધે રામાનુજને વિલાયત જવાની અશક્તિ વ્યક્ત કરી.

પછી હાર્ડીએ ભારત સ્થિત અન્ય અંગ્રેજો દ્વારા મદ્રાસ યુનિવર્સિટીને એવી ભલામણ કરી કે રામાનુજનને સંશોધન માટે માતબર શિષ્યવૃત્તિ આપવી. યુનિવર્સિટીએ તેમ કર્યું અને રામાનુજન ગણિતના પૂર્ણકાલીન સંશોધક બન્યા.

હાર્ડીએ રામાનુજનને ઈંગ્લેન્ડ લાવવાના પ્રયત્નો ચાલુ જ રાખ્યા હતા. આખરે ૧૯૧૪ના માર્ચમાં રામાનુજને ઈંગ્લેન્ડ માટે પ્રસ્થાન કર્યું. હાર્ડીની સંગાથે કેમ્બ્રિજમાં રામાનુજને ઉત્તમ કોટીનું સંશોધન કર્યું. તેમને ૧૯૧૮માં ઈંગ્લેન્ડની રોયલ સોસાયટીએ ફેલો ચૂંટી કાઢ્યો.

આ માન મેળવનાર રામાનુજન સૌપ્રથમ ભારતીય વિજ્ઞાની હતા. તે જ વર્ષે કેમ્બ્રિજની ટ્રિનિટી કૉલેજના પણ તેઓ ફેલો બન્યા. હાર્ડીનું પદ પણ એ જ હતું; પરંતુ ૧૯૧૭માં જ રામાનુજનની તબિયત લથડી અને તેમને તે સમયે અસાધ્ય ગણાતો ક્ષયરોગ હોવાનું નિદાન થયું. આ વ્યાધિ વચ્ચે પણ તેમનું સંશોધન ચાલુ જ રહ્યું.

બીમાર સ્થિતિમાં રામાનુજન ૧૯૧૯ના માર્ચમાં ભારત પાછા ફર્યા. અનેક પ્રયત્નો છતાં તેમની બીમારી જીવલેણ જ નીવડી અને ચેન્નાઈના એક ઉપનગર ચેટપટમાં તેમણે દેહ છોડ્યો.

રામાનુજનનું સંશોધન મુખ્યત્વે સંખ્યાગણિત, અધિ ભૌમિતિક શ્રેઢીઓ, પરંપરિત અપૂર્ણાંકો, પૂર્ણાંકોનાં વિભાજનો, મોડ્યુલર વિધેયો વગેરે ક્ષેત્રોમાં હતું. તેમણે અસંમેય તથા અબૈજિક પણ જાણીતી એવી સંખ્યા $\pi$ (પાઈ) માટે એટલા બધા શીઘ્ર-અભિસારી પરંપરિત અપૂર્ણાંકો આપ્યા હતા કે પાછળથી શક્તિશાળી કમ્પ્યુટરોની શોધ થઈ ત્યારે લાખો દશાંશ સ્થાન સુધી pની ગણતરી માટે તેમનાં જ સૂત્રો કામ લાગ્યાં હતાં. તેમના અન્ય પરિણામોનો ઉપયોગ ભૌતિકશાસ્ત્રમાં, કમ્પ્યુટર વિજ્ઞાનમાં એમ અનેક જગ્યાએ થઈ રહ્યો છે.

(અનુસંધાન : જુઓ પાના નં. – ૬૯ ઉપર)

નિંદારસ

# નિંદારસનો સ્વાદ બધાને ગમે છે

ડૉ. કાંતિ ગોર 'કારણ'

માણસ એક વિચિત્ર પ્રાણી છે. એના સ્વભાવને સમજવો બહુ મુશ્કેલ છે. ક્યારેક કોઈ માણસ ખુશમિજાજ, હસતો રહેતો, આનંદી અને હંમેશાં સહકાર આપવાવાળો મળશે; તો ક્યારેક નકામી બળતરા કરતો, કોઈને પણ સુખી જોઈને અદેખાઈ કરતો અને કોઈપણ માણસ વિશે હંમેશાં વાંકુ બોલતો જોવા મળશે. કેટલાક લોકોને શોખ હોય છે નિંદા કરવાનો! અને એ લોકો માટે નિંદારસ ભોજનના બધા રસથી ચડિયાતો હોય છે. કોઈ કારણ વિના કેટલાક લોકો કોઈ પણ માણસની નિંદા કરશે. આવા નિંદાપ્રિય લોકોનો તોટો નથી. પણ આ નિંદા કરનાર કોઈ વખાણવાયોગ્ય પ્રાણી નથી. તો પણ એ આડકતરી રીતે ક્યારેક ઉપયોગી પણ નીવડે છે.

*કબીર કહે છે :*

***નિંદક એકહુ મતિ મિલે પાપી મિલો હજાર,***
***એક નિંદક કે શિશ પર કોટી પાપ કો ભાર.***

મને ભલે હજારો પાપીઓ મળે પણ નિંદક એકપણ ન મળે કારણકે નિંદકના માથા પર તો કરોડો પાપ સવાર થયેલા હોય છે. કબીરજી નિંદા કરનારને મહાપાપી કહે છે કારણકે એ બીજાની નિંદા કરીને બીજાનાં પાપ પોતે એકઠા કરે છે.

*તો વળી કબીરજી એક સાખીમાં બીજી વાત પણ કરે છે :*

***નિંદક નિયરો રાખીએ આંગન કૂટિ છવાય***
***બિન સાબુન પાની નિર્મલ કરે સુભાય.***

નિંદા કરવાવાળી વ્યક્તિને તો આપણા આંગણાં નજીકમાં રાખવો જોઈએ, કારણકે એ સાબુ અને પાણી વિના આપણા સ્વભાવને નિર્મળ કરે છે. નિંદક આડકતરી રીતે તો કોઈની નિંદા કરીને એને એની ભૂલો અને મર્યાદાઓ બતાવીને એને સુધરવાની તક પણ આપે છે. નિંદક સાથે વાદ-વિવાદ કરનાર મર્યા પછી ગધેડો થાય છે અને નિંદા કરવાવાળો કૂતરો થાય છે એવું મનુ સ્મૃતિમાં કહ્યું છે. નિંદક સાથે વાદવિવાદ કરનાર મૂર્ખ જ છે કારણકે નિંદકને તો માથાકૂટ જ કરવી હોય છે. તેને માટે ખોટી વાત કરવાની તક આપવી જોઈએ? અને નિંદક તો કૂતરાની જેમ ભસવાનું કામ જ કરતો હોય છે.

બ્રહ્માનંદ સરસ્વતી કહે છે : 'જો કોઈ તમારી નિંદા કરે તો તમારે ખુશ થવું જોઈએ કારણકે નિંદા કરવાવાળો તમારા પાપ પોતાના પર લઈ રહ્યો છે.'

*રામધારીસિંહ દિનકરજી લખે છે :*

***ઉન્હેં ભી નિંદા શ્રવણમેં રસ ઉપજતા હૈ,***
***જો કિસી કી ભી સ્વયં નિંદા નહીં કરતે.***

મતલબ કે દરેક માણસને નિંદા સાંભળવામાં તો રસ હોય જ છે. પછી ભલે તે કોઈની નિંદા કરતો ન હોય.

*કબીરજી વળી પાછા નિંદા વિશે એક જુદું જ વિધાન કરે છે:*

***કબીર મેરે સાધુ કી નિંદા ન કરે કોઈ,***
***જો પૈ ચંદ કલંક હૈ તઉ ઉજારા હોય.***

સાચા સાધુઓ અને સંતોને અને તેમના વહેવારને સમજવા સરળ નથી. સામાન્ય લોકોને એમના કાર્યમાં વહેવારમાં ક્ષતિઓ જ દેખાય પણ તેના એ દોષ હકીકતમાં તો એમની ઉદારતા સાથે સંકળાયેલા ગુણો જ હોય છે.

હકીકતમાં જે લોકો બીજાના ગુણની ઉત્કૃષ્ટતા નથી જાણતા તેઓ જ નિંદા કરે છે.

રવીન્દ્રનાથ ટાગોર કહે છે, ખોટું બોલવું એ પાપ છે અને ખોટું બોલીને નિંદા કરવી એ મહાપાપ છે. પોતાની જાતિની નિંદાથી વધીને બીજું કોઈ મોટું પાપ નથી. લોકો સત્યને અનુસરતા હોય તેમણે ક્યારેય જુઠાણું ચલાવવું ન પડે. જેમના મનમાં બીજાનું સુખ કે બીજાને આનંદમાં જોઈને ખુશ થવાની ક્ષમતા ન હોય, એ લોકો જ નિંદા કરતા હોય છે.

***ઈન્દું નિન્દતિ તસ્કરો ગૃહપતિં જારો સુશિલં ખલઃ***
***સાધ્વીમ્પ્યસતી કુલિનમકુલો જહ્યાજ્જરંતં યુવા ।***
***વિદ્યાવન્તનક્ષરો ધનપતિં નીચશ્ચ રૂપોજ્જવલ્લં***
***વૈરૂપ્યેણ હતઃ પ્રબુદ્ધોબુદ્ધોત્કૃષ્ટં નિકૃષ્ટો જનઃ ॥***

ચોર ચંદ્રની નિંદા કરે છે. યાર ઘરના માલિકની નિંદા કરે છે. દુષ્ટ વ્યક્તિ સજ્જનની, વ્યભિચારીણી સાધ્વી સ્ત્રીની, અકુલીન વ્યક્તિ કુલીનની, યુવાન વ્યક્તિ વૃદ્ધની, અભણ વિદ્વાનની, નીચ માણસ ધનવાનની, કુરૂપ વ્યક્તિ રૂપવાનની, અજ્ઞાની વ્યક્તિ જ્ઞાનીની તથા ગુણવિહીન વ્યક્તિ ગુણવાનની નિંદા કરે છે.

ચોર ચોરી કરવા નીકળે ત્યારે અજવાળું એના માટે અવરોધક બને છે. તેથી ચોર ચંદ્રની નિંદા કરે છે.

પરણેલી સ્ત્રી સાથે અનૈતિક સંબંધમાં રહેલો યાર એ ઘરના માલિકની નિંદા કરે છે.

ખરાબ કે દુષ્ટ માણસ સજ્જનની નિંદા કરે છે કારણકે એને મળતું માન કે આદર એ મેળવી શકતો નથી. તેથી એ સજ્જનને સહન કરી શકતો નથી અને એ એની નિંદા કરે છે.

સતીત્વને ન સમજી શકનારી ચારિત્ર્યહીન સ્ત્રી સતી, સાધ્વી સ્ત્રીની નિંદા કરે છે.

યુવાન વૃદ્ધના અનુભવની ગરીમાને સમજી શકતો નથી. વૃદ્ધ વ્યક્તિએ પણ યુવાનીમાં ઘણા મહાન કાર્યો કર્યા હોય છે જેને યુવાન સમજી શકતો નથી અને તે વૃદ્ધોની નિંદા કરે છે.

જે લોકો પોતે કશું કરી શકતા નથી, એ બીજા સમર્થ વ્યક્તિની નિંદા કરે છે.

નિંદા, એ નવરા બેઠેલા લોકોનું ખોટી રીતે ખુશ થવાનું અને સમય પસાર કરવાનું એવું સાધન છે, જેમાં અંતે તો દુ:ખ જ મળે છે. નિંદા કરનારો માણસ કશું કરી શકવાની ક્ષમતા ધરાવતો હોતો નથી. એ હંમેશાં બીજાઓને હેરાન કરીને કે કનડગત કરીને પોતે સુખી થવાની પરપીડન વૃત્તિથી પીડાતો હોય છે.

***ન વાચ્યઃ પરિવાદોઽયં ન શ્રોતવ્યઃ કથંચન ।***
***કર્ણાવધ પિધાતવ્યૌ પ્રસ્થેયં ચાન્યતો ભવેત્ ॥***

*(મહાભારત, શાંતિપર્વ, ૧૩૨.૧૨)*

કોઈની નિંદા ન કરવી જોઈએ, ન એને કોઈ પણ પ્રકારે સાંભળવી જોઈએ. જો કોઈ બીજાની નિંદા કરતું હોય તો કાન બંધ કરી દેવા જોઈએ અથવા ત્યાંથી ચાલ્યા જવું જોઈએ.

જ્યારે કોઈની નિંદા થતી હોય ત્યારે ડાહ્યા માણસે ત્યાંથી ઊભા થઈને ચાલ્યા જવું જોઈએ કારણકે નિંદા મોટેભાગે કોઈ પણ વ્યક્તિની ગેરહાજરીમાં થતી હોય છે. જે વ્યક્તિ ઉપસ્થિત ન હોય એની નિંદા કરવાવાળા લોકો જ્યારે તમે હાજર નહીં હો, ત્યારે તમારી પણ નિંદા કરતા હશે તેમાં શંકા રાખવાનું કોઈ કારણ નથી.

કોઈની પણ નિંદા ન સાંભળવી જોઈએ. ત્યાંથી તરત જ ચાલ્યા જવું જોઈએ. પણ માની લો, ક્યારેક કોઈ પણ કારણે ઊભા થઈને ત્યાંથી જઈ શકાય તેમ ન હોય, ત્યારે એટલું તો થઈ શકે કે કોઈની પણ નિંદામાં ભાગ ન લેવો, ચૂપ રહેવું અને શક્ય હોય તો એ ચર્ચા બંધ કરાવવાની કોશિશ કરવી. હકીકતમાં માણસે સુખી થવું હોય તો નિંદા કરવાને બદલે જે તે સંબંધિત વ્યક્તિને મળીને સારી ભાષામાં એની સાથે વાત કરી લેવી જોઈએ અને સ્પષ્ટતા કરી લેવી જોઈએ. ક્યારેક કોઈની નિંદા થતી હોય અને વાતમાં થોડો દમ હોય તો પણ એ બાબતમાં અભિપ્રાય આપીને કે પોતાનો નિર્ણય જણાવીને ન્યાયાધીશ બનવાની કોશિશ ન કરવી જોઈએ.

કોઈ માણસ ઉપર કીચડ ઉછાળવામાં આવે તો એ માણસને તો તકલીફ થવાની જ છે પણ કીચડ ઉછાડતી વખતે ઉછાળનારના હાથ પણ ગંદા થવાના જ છે.

*ગાલિબ કહે છે :*

***ન સુનો ગર બુરા કહે કોઈ***
***ન કહો ગર બુરા કરે કોઈ.***

દુનિયામાં માણસનો વહેવાર સમજપૂર્વકનો હોય તો એ ક્યારેય દુઃખી ન થાય. બિનજરૂરી પંચાત કરવાથી માણસની પોતાની શક્તિઓ ક્ષીણ થાય છે અને બીજાથી મનદુઃખ થાય છે. હકીકતમાં પોતાના કાર્યો કરવા માટે પણ સમય ઓછો પડે છે તો પારકી પંચાત માંડીને બેસવાનો સમય કાઢવાવાળા લોકોને સમય ક્યાંથી મળે છે એ અભ્યાસનો વિષય છે પણ એમાં પણ નિરર્થક સમય વેડફાય તેમ છે. ■

## રાષ્ટ્રીય ગણિત દિવસ

**(અનુસંધાન : પાના નં. – ૬૭ ઉપરથી ચાલુ)**

૧૯૦૨થી તેઓ ઈંગ્લેન્ડ ગયા ત્યાં સુધી પોતાનાં બધા પરિણામો તેમણે નોટમાં લખ્યાં હતાં. એ બધી નોટો તેમના જ હસ્તાક્ષરોમાં ૧૯૫૭માં મુંબઈની તાતા ઈન્સ્ટિટ્યૂટ તરફથી પ્રકાશિત થઈ અને વિશ્વભરમાં તેનાં પરિણામો પર સંશોધન શરૂ થયું.

એ વખતે કોઈને કલ્પના નહોતી કે ઈંગ્લેન્ડથી પાછા ફર્યા પછી મરણ પથારીએ પડ્યા પડ્યા પણ રામાનુજને એક નવી નોટ શરૂ કરી હતી. મૃત્યુના થોડા જ દિવસો પહેલાં એ નોટ તેમણે ઈંગ્લેન્ડ મોકલી હશે અને ત્યાં એ ખોવાઈ ગઈ.

છેક ૧૯૭૬માં જી.ઈ. ઍન્ડ્રુઝ નામના ગણિતજ્ઞને કેમ્બ્રિજની ટ્રિનિટી કોલેજના પુસ્તકાલયમાંથી ૧૦૦ પાનાંની રામાનુજનની એ નોટ મળી આવી. એ ૧૦૦ પાનામાં ખૂબ ઉચ્ચ કક્ષાનાં પરિણામો છે તેમ હવે માલૂમ પડ્યું છે.

પૂર્ણાંકનાં વિભાજનોની સંખ્યા શોધવા અંગેનું ૧૯૧૭માં પ્રકાશિત થયેલું હાર્ડી અને રામાનુજનનું એક સંયુક્ત સંશોધનપત્ર પોતાના વિષયનું યુગપ્રવર્તક પત્ર સાબિત થયું છે. એમાં લેખકોએ પાછળથી વર્તુળ પદ્ધતિ તરીકે વિખ્યાત થયેલી સાબિતીની એક નવી રીત શોધી કાઢી હતી. એ રીતના ઉપયોગથી અનેક નવા પરિણામો ત્યાર પછીના વર્ષોમાં ગણિતજ્ઞોને મળ્યાં છે.

એકત્રીસ વર્ષના જીવનમાં રામાનુજને જેટલું ગણિતને આપ્યું, તેના સૂચિતાર્થો શોધી કાઢતાં અને એ બધું પચાવતાં ગણિતજ્ઞોને એક સદીથી વધુ સમય લાગવાનો સંભવ છે.

*સંદર્ભ : વિકીપીડિયા, વિવિધ અખબારી અહેવાલ, ગુજરાતી વિશ્વકોશ.*

***"પરમેશ્વરી", પ્લોટ નંબર ૧૬૫, હોસ્પિટલ રોડ,***
***વિજયનગર એરિયા, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.***
***મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫***

ડૉ. મણિલાલ ગડા
(સિનિયર મનોચિકિત્સક)
ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

તંદુરસ્તી

## ૩ ડિસેમ્બર
# વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ

વિકલાંગતા (દિવ્યાંગતા) ધરાવતી વ્યક્તિઓ માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ ૩ ડિસેમ્બરે ઉજવવામાં આવે છે. (International Day of Persons With Disability – IDPWD)

સંયુક્ત રાષ્ટ્રસંઘે ૧૯૯૨માં જનરલ એસેમ્બલીમાં રેઝોલ્યુશન ૪૭/૩ પાસ કરી ૩જી ડિસેમ્બરને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ જાહેર કરેલ છે. દર વર્ષે વિશ્વના બધા જ દેશો આ દિવસ મનાવે છે.

- **મુખ્ય હેતુ :**

૧. દિવ્યાંગ વ્યક્તિઓના અધિકારો તથા કલ્યાણને પ્રોત્સાહન આપવું.
૨. (અ) રાજકીય, (બ) સામાજિક, (ક) આર્થિક અને (ડ) સાંસ્કૃતિક જીવનના દરેક પાસાઓમાં દિવ્યાંગ વ્યક્તિઓની સ્થિતિ વિશે જાગૃતિ લાવવી.
૩. દિવ્યાંગ વ્યક્તિઓને સમાજના તમામ ક્ષેત્રોમાં સામેલ કરવાથી મળતા ફાયદાઓ વિશે જાગૃતિ લાવવી.

વિશ્વ વિકલાંગ દિવસ, વિકલાંગતા ધરાવતી વ્યક્તિ પ્રત્યે સહાનુભૂતિ, આત્મસન્માન તથા તેમના જીવનને સુધારવાના હેતુ સાથે મનાવવામાં આવે છે. તેઓ માનભેર, સન્માનપૂર્વક પોતાની ક્ષમતા પ્રમાણે ગુણવત્તાભર્યું જીવન માણી શકે.

- **વ્યાપ :**

ભારતમાં એક સર્વેક્ષણ મુજબ ૧૨૧ કરોડની વસ્તીમાં ૨.૬૮ કરોડ વ્યક્તિઓ "વિકલાંગ" છે, જે કુલ વસ્તીના ૨.૨૧% થાય છે.

પરંતુ નિષ્ણાતોના મત મુજબ ભારતમાં ૪થી ૫% વ્યક્તિઓ વિકલાંગ છે. એટલે ભારતની વસ્તી હાલ ૧૪૦ કરોડ છે. એટલે ૫.૬થી ૭.૦ કરોડ જેટલી વ્યક્તિઓ વિકલાંગ છે.

- **ભારતના પ્રખ્યાત વિકલાંગો :**

ભારતના ઘણા વિકલાંગો પ્રખ્યાત છે. જેમાંના કેટલાક લોકો નીચે પ્રમાણે છે :

*૧. શ્રીમતી સુધા ચંદ્રન - ડાન્સર*
*૨. શ્રી રવિન્દ્ર જૈન - મ્યુઝિક ડાયરેક્ટર*
*૩. ડૉ. સુરેશ અડવાની - કેન્સર સ્પેશિયાલિસ્ટ*
*૪. કુ. અરૂનિમા સિન્હા - પર્વતારોહક જેણે એવરેસ્ટ સર કર્યું છે.*
*૫. અજીત જોગી - રાજકારણમાં માજી મુખ્ય પ્રધાન (છત્તીસગઢ)*
*૬. જ્યોતિ આમગે - ઢીંગુજી (એક્ટ્રેસ)*
*૭. પ્રીતિ શ્રીનિવાસન - ક્રિકેટર*

- **વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારો – ૨૦૧૬ :**

ભારત સરકાર વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના જીવન, પુનર્વસન (Rehabilitation) તથા અધિકારો પ્રત્યે જાગૃત છે. વિકલાંગો માટેના અધિકારો માટે સમયે સમયે કાયદા ઘડે છે, જે ખૂબ મહત્ત્વના છે તથા નવી નવી શોધ મુજબ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના લિસ્ટમાં નવી બીમારીઓ ઉમેરે છે.

ભારત સરકારે ૨૦૧૬માં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનું લિસ્ટ બનાવેલ છે. જેમાં ૨૧ પ્રકારની વ્યક્તિઓને આ અધિકારો મળે છે. આ લિસ્ટ નીચે મુજબ છે :

૧. અંધત્વ (પ્રજ્ઞાચક્ષુ) (Blindness)
૨. અલ્પદૃષ્ટિ (Low Vision)
૩. કુષ્ટરોગ સારવાર બાદ (Leprosy Cured Persons)
૪. કર્ણબધીર (Hearing Impairnment)
૫. હલનચલનની તકલીફ (Locomotor Disability)
૬. દ્વારફિઝમ (ઢીંગુજી) (Dwarfism)
૭. બુદ્ધિ ઓછી હોવી (Intellectual Disability)
૮. માનસિક બીમારી (Mental Illness)
૯. ઓટિઝમ (Antism Spectrum Disorder)
૧૦. સેરેબ્રલ પાલ્સી (Cerebral Palsy)
૧૧. મસ્ક્યુલર ડિસ્ટ્રોફી (સ્નાયુની બીમારી) (Muscular Dystrophy)
૧૨. ક્રોનિક ન્યુરોલોજીકલ બીમારી (Chronic Neurological Conditions)
૧૩. સ્પેસીફિક લર્નિંગ ડિસએબિલિટી (ડિસ્લેક્સિયા) (શીખવાની અક્ષમતા) (Specific Learning Disabilities)
૧૪. મલ્ટિપલ સ્કેલેરોસિસ (Multiple Sclerosis)
૧૫. બોલવાની તથા ભાષાકીય અક્ષમતા (Speech and Language Disability)
૧૬. થેલેસેમિયા (Thalasemia)
૧૭. હિમોફીલિયા (Hemophilia)

૧૮. સીકલ સેલ એનીમિયા (Sickle Cell Disease)
(ક્રમ નં. ૧૬, ૧૭ અને ૧૮ લોહીની બીમારીઓ છે.)

૧૯. બહુવિધ દિવ્યાંગતા (Multiple Disabilities)

૨૦. એસિડ એટેક વિક્ટિમ (Acid Attack Victim)

૨૧. કંપવા (Parkinsons Disease)

વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારો ૨૦૧૬માં લોકસભાએ પસાર કરેલ છે. ૧૯૯૫ના બીલને આ બીલ સુપરસીડ કરશે. રાજ્યસભાએ આ બીલ આ પહેલા જ પસાર કરેલ છે.

આ ઠરાવના મુખ્ય મુદ્દાઓ નીચે પ્રમાણે છે :

૧. આ ઠરાવમાં વિકલાંગની વ્યાખ્યા આપવામાં આવેલ છે.
૨. આ બીલમાં સ્પેસિફિક ૨૧ વિકલાંગતાનું લિસ્ટ છે. ૧૯૯૫ના બીલથી ૭ વિકલાંગતા ઉમેરવામાં આવી છે.
૩. ઉપરોક્ત વિકલાંગ વ્યક્તિઓને જરૂરી સવલતો મેળવી આપવી એ રાજ્ય સરકારની જવાબદારી રહે છે.
૪. વિકલાંગોને ઉચ્ચ શિક્ષણ, સરકારી નોકરીઓમાં આરક્ષણ, જમીનની વહેંચણીમાં આરક્ષણ, ગરીબી દૂર કરવા માટેની યોજનાઓ વગેરેમાં લાભ મળી શકે છે.
૫. વિકલાંગતા ધરાવનાર દરેક બાળકને ૬ વર્ષથી ૧૮ વર્ષ સુધી મફત શિક્ષણ મેળવવાનો અધિકાર છે.
૬. સરકારની શૈક્ષણિક સંસ્થાઓ તથા સરકારની માન્યતાઓવાળી શૈક્ષણિક સંસ્થાઓમાં વિકલાંગતા ધરાવનાર બાળકને અન્ય નોર્મલ બાળકો જોડે શિક્ષણ મળે. (Inclusive Education)
૭. વિકલાંગતા ધરાવનાર વ્યક્તિને દરેક જાહેર બિલ્ડિંગમાં જવા આવવાની સુવિધાઓ (દા.ત. વ્હીલચેર માટે સુવિધા વગેરે) હોવી જરૂરી છે. આ એમનો અધિકાર છે.
૮. વિકલાંગતા ધરાવનાર વ્યક્તિઓ માટે સરકારી નોકરીઓમાં આરક્ષણ ૪%થી વધારીને ૫% કરવું જોઈએ.
૯. કેન્દ્રિય તથા રાજ્ય સરકારોએ ભંડોળની સ્થાપના કરી નાણાંકીય સવલત આપે.
૧૦. ડિસ્ટ્રીક્ટ કક્ષાએ યોગ્ય કમિટીઓની નિમણુંક કરવી. જેમાં આ વ્યક્તિઓની સમસ્યાઓ પર ચર્ચા કરી યોગ્ય નિર્ણયો તથા સગવડો અમલમાં મૂકવી.

આ ઠરાવ તથા એક્ટ વિશે વધારે માહિતી વેબસાઈટ પર જવાથી મળી રહે છે. અમારા અનુભવ પ્રમાણે જાહેર જનતા તથા જે ફેમિલીમાં વિકલાંગતા હોય છે એમને આ RPWD – 2016 વિશે માહિતી નથી હોતી. કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારો તરફથી મળતી સવલતનો સદુપયોગ કરી શકાય છે.

- **બાળકોમાં વિકલાંગતા તથા માનસિક અસરો :**

બાળપણ તથા કિશોરાવસ્થામાં વિકલાંગતા આવે તો બાળકના વ્યક્તિત્વના વિકાસ પર નકારાત્મક અસરો થાય છે. બાળકનો માનસિક વિકાસ રુંધાઈ જાય છે. બાળકના સર્વાંગી વિકાસ (શારીરિક તથા ખાસ કરીને માનસિક વિકાસ)માં બાધા આવે છે.

માતા-પિતા તથા અન્ય કુટુંબીજનોનું વલણ આ તકલીફમાં વધારો કરે છે.

વિકલાંગ બાળકમાં આત્મવિશ્વાસનો અભાવ, પોતાની પ્રાથમિક જરૂરિયાતો માટે અન્યો પર આધારો રાખવા, એકાગ્રતાનો અભાવ, ચીડિયાપણું, સહન શક્તિનો અભાવ, યોગ્ય નિર્ણય શક્તિનો અભાવ, પોતાની દુનિયામાં ખોવાઈ જવું, સામાજિકરણનો અભાવ, વ્યક્તિત્વમાં પરિપક્વતાનો અભાવ, મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરવાની માનસિક ઉર્જાનો અભાવ જેવા ચિહ્નો જોવા મળે છે.

કિશોર તથા પુખ્તવયે પણ ઉપરોક્ત ઘણા ચિહ્નો જોવા મળે છે.

બાળક તથા કિશોરોના સર્વાંગી વિકાસ (શારીરિક તથા માનસિક વિકાસ) માટે મનોચિકિત્સકને કન્સલ્ટ કરવું અગત્યનું છે. જેથી વ્યક્તિત્વમાં પરિપક્વતા આવે અને પરિસ્થિતિ તથા દુનિયાનો સામનો કરવાની ઉર્જા ઉત્પન્ન થાય.

માતા-પિતાએ પણ આમાં સાથ સહકાર ખુલ્લા મનથી આપવો જરૂરી છે. બાળકને તેની મર્યાદા સાથે સંપૂર્ણ રીતે સ્વીકારવું તથા તેના વ્યક્તિત્વના ઘડતર તથા પરિપક્વતા માટે મનોચિકિત્સકને કન્સલ્ટ કરવા જરૂરી છે.

વિકલાંગોના પુનર્વસનમાં મનોવિજ્ઞાન તથા મનોચિકિત્સાનું પાસુ અત્યંત મહત્ત્વનું છે.

- **સારાંશ :**

૧. આંતરરાષ્ટ્રીય વિકલાંગ દિવસ નિમિત્તે વિકલાંગોને એમની મર્યાદા સાથે મનથી સ્વિકારીએ.
૨. વિકલાંગોને સહાનુભૂતિપૂર્વક સ્વિકારીને એમના પુનર્વસનમાં સહયોગ આપીએ.
૩. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારો ૨૦૧૬ વિશે ઉંડાણમાં જાણકારી મેળવીએ (RPWD – 2016)
૪. બાળક, કિશોરો તથા પુખ્ત વયના વિકલાંગોના સર્વાંગી વિકાસ માટે ખાસ કરીને વ્યક્તિત્વના વિકાસ માટે જરૂરત પ્રમાણે નિષ્ણાત મનોચિકિત્સકની સલાહ લઈએ.

# અને હું બચી ગયો...

ડૉ. કમલેશ એન. શાહ
MD, F.I.C.A. (USA)

છેલ્લા ૨ વર્ષથી હું રાષ્ટ્રીયકૃત બેંકના મેનેજર પદેથી રિટાયર્ડ થયો છું. મારી હાલની ઉંમર ૮૩ વર્ષની છે. થોડીક ખાનગી બેંકોમાં સલાહકાર તરીકે કામ કરું છું. અચાનક મને ખબર પડવા માંડી કે હું પહેલાં નિયમિત ચાલતો હતો તેટલું ચલાતું ન હતું. થોડેક સુધી ચાલ્યા પછી, મારા પગ દુઃખવા લાગે, પિંડીઓમાં અસહ્ય દુઃખાવા થાય. મને એમ કે વિટામિન બી-૧૨ કે વિટામિન ડી-૩ ની ઉણપ થઈ શકે એટલે દુઃખે છે. ફેમિલી ડૉક્ટરને મળ્યો તો એમણે કોઈ ટેસ્ટ કરાવવાની જગ્યાએ સીધા ન્યુરોપિયોન કોર્ટના પાંચ ઈન્જેક્શનનો કોર્સ કરવાની સલાહ આપી. સાથે વિટામિન ડી-૩ ની નાની ૪ બોટલો, દર અઠવાડિયે લેવા કીધું. થાપા ઉપરના અઠવાડિયામાં બે દિવસના ઈન્જેક્શનો પૂરા કર્યા. પણ મને દુઃખાવામાં રાહત ના થઈ.

એક વાર હું અને મારી પત્ની મંદિરે દર્શન કરવા સ્કૂટર પર જતા હતા. અચાનક સામેથી રીક્ષાવાળાએ ટક્કર મારી. મારી પત્ની પાછળથી ઉથલી પડી. તેને ખાસ વાગ્યું નહીં. માથામાં સામાન્ય દુઃખાવો થયો. પરંતુ મને પગે વાગ્યું, લોહી નીકળ્યું, છોલાઈ ગયું. રીક્ષાવાળાએ માફી માંગી. ગાળાગાળી કરવાનો કોઈ અર્થ ન હતો. હોસ્પિટલ લઈ જવા કહ્યું. અમે સ્કૂટર ત્યાં છોડી દીકરાને ફોન કરી તેની રીક્ષામાં નજીકની હોસ્પિટલમાં ગયા. સર્જન ડૉક્ટરે જોયું અને ડ્રેસિંગ કર્યું. ધનુરનું ઈન્જેક્શન આપ્યું. કેટલાક લોહીના ટેસ્ટ કરવા જણાવ્યું.

લોહીના રિપોર્ટ આવ્યા. શ્વેતકણો વધારે હતા પરંતુ બ્લડ સુગર ૩૭૮ આવ્યું. હું ગભરાઈ ગયો. બીજી લેબમાં ટેસ્ટ કરાવ્યા તો ૩૯૨ આવ્યું. હવે ખબર પડી કે હું ડાયાબિટિસનો દર્દી બની ગયો છું. મારા મોટાભાઈને ડાયાબિટિસ હતો પણ મેં કોઈ દિવસ હેલ્થ ચેક-અપ કરાવ્યું ન હતું એટલે ખબર ના પડી. અમારા મિત્ર દ્વારા ડાયાબિટિસની દવાઓ શરૂ કરી. ડાયાબિટિસ ૨૦ દિવસમાં ઓછો થયો. પરંતુ પગમાં રૂઝ આવતી ન હતી અને સણકા બહુ મારતા હતા. અમે અમદાવાદ ઓર્થોપેડિક ડૉક્ટર પાસે ગયા. ફોટા પાડ્યા. ખબર પડી કે એક આંગળીમાં લોહી પહોંચતું નથી. એટલે ગેન્ગરિંગ જેવું કહેવાય. તાત્કાલિક ઑપરેશન કરી ટચલી આંગળી અને તેની આસપાસનો શ્યામ ભાગ કાઢી નાખવો પડશે. ઑપરેશન થયું. ડ્રેસિંગ ચાલુ રહ્યું. ત્રણ મહિના થવા આવ્યા. રૂઝ ધીમે ધીમે આવવા લાગી. તેઓએ ડાયાબિટિસના સ્પેશિયલ ડૉક્ટરને મળવા કહ્યું. કારણ કે –

*વિઘ્નોની સામે કદી ન નમીએ,*
*જીવન સંગ્રામમાં સિપાઈ બનીને રહીએ,*
*ચડીએ, પડીએ ને પાછા નડીને લડીએ.*

મારી જિંદગી ધીમે ધીમે નર્ક જેવી બનતી ગઈ, કારણ બ્લડસુગરની તપાસ કરી. દિવસમાં ત્રણ ટાઈમ ઈન્સ્યુલિન અને ખોરાકમાં સખત પરેજી. આંતરે દિવસે ડ્રેસિંગ કરાવવાનું ગ્લુકોમીટર વસાવ્યું. મારું ડાયાબિટિસ ભૂખ્યા પેટે હવે ૧૧૦ અને જમ્યા પછીનું ૧૮૦ આવવા લાગ્યું. ડાયેટિશિયનની સલાહ પ્રમાણે ખોરાક ચાલુ કર્યો. હજી જોઈએ તેવી રૂઝ ન આવી ત્યારે મારા એક મિત્ર ડૉક્ટરે મને પગની લોહીની નસોના Vascular Surgeonને મળવાનું કહ્યું. એપોઈન્ટમેન્ટ લીધી. તેમણે જોઈને કીધું કે તમારા ઢીંચણથી નીચે લોહી જતું નથી. તમારા સોનોગ્રાફીના કલર ડોપ્લરમાં પણ તે બતાવે છે. તમારી પગની એન્જિઓગ્રાફી કરવી પડશે.

તેમની સલાહ પ્રમાણે તેમ કર્યું ને પગમાં લોહી લઈ જતી નળી સાંકડી થઈ ગઈ હતી એટલે બીજી આંગળીમાં પણ લોહી જતું ન હતું. તેઓએ પગમાં એન્જિઓપ્લાસ્ટ કરી પ્રમાણમાં વધુ લોહી જાય તેમ કર્યું. તે સિવાય ટચલી આંગળીની બાજુની આંગળી પણ કાળી પડી ગઈ હતી જે ગેન્ગરિંગનો જ ભાગ ગણાય. તેનું ઑપરેશન કરી કાઢી નાખી. આટલી બધી ચામડી કાઢી છે એટલે કદાચ ભવિષ્યમાં પ્લાસ્ટિક સર્જરી કરાવવી પડે તેવું સૂચન કર્યું. મારા અકસ્માતના પાંચ મહિના થઈ ગયા. મારું વજન ૬.૭ કિલો ઘટી ગયું. આમેય હું સિંગલ બોડીનો હતો.

આ દરમિયાન મને હાઈ બ્લડપ્રેશર પણ આવ્યું. દવાઓ, ઈન્જેક્શનો ચાલુ રાખવાથી કુલ ૭ મહિને મને નવી ચામડી આવી. પાછા સ્પે. બૂટ પહેરવાનો ૮ હજાર રૂપિયાનો ખર્ચ કર્યો. મેં વસ્ક્યુલર સર્જનને પૂછી લીધું કે હવે મારે પગ કપાવવાનો વારો તો નહિ આવે ને? ડૉક્ટરે કીધું, ના, તમારા પગમાં હવે લોહીનું સરક્યુલેશન ચાલુ થઈ ગયું છે. હવે ખબર પડી કે ચાલતા પગની પિંડીઓમાં જે દુઃખાવો થતો હતો તે લોહી ઓછું ને નજીવું મળવાના કારણે થતો હતો. જેમાં કોઈ પેઈન કીલર અસર કરતી ન હતી.

(અનુસંધાન : જુઓ પાના નં. – ૮૦ ઉપર)

# જૈન ધર્મની કેટલીક પરિભાષા

• સંકલન •
પ્રભુલાલ કે. સંઘવી

સંસ્કૃતિની વિશિષ્ટ પરંપરામાં જૈન ધર્મે જે મહાન આદાન પ્રદાન કર્યું છે તેમાંથી સમસ્ત માનવજીવન નિરંતર બાહ્ય અને અભ્યંતર દૃષ્ટિએ નિરામય થતું રહ્યું છે. દરેક ધર્મની જેમ જૈન ધર્મને સમજવા માટે તેના કેટલાક પારિભાષિક શબ્દોને સમજવા આવશ્યક છે અને તેમાંય ખાસ કરીને રોજબરોજ વ્યવહારિક જીવનમાં ધાર્મિક પ્રવૃત્તિઓ માટે વપરાતા શબ્દોના અર્થ, તેના સંદર્ભ અને સાચી સમજ કેળવવી જરૂરી છે. આ લેખમાં એ હેતુને ધ્યાનમાં રાખી કેટલાક મહત્ત્વના શબ્દોની પરિભાષા સમજાવવામાં આવી છે.

❖ **જૈન** : જૈન એટલે તીર્થંકરો દ્વારા બતાવેલ પંથના અનુયાયી. જિન એટલે જીતનાર. જેણે પંચેન્દ્રિયો ઉપર વિજય પ્રાપ્ત કરીને સંયમની સિદ્ધિ પ્રાપ્ત કરી છે, જેણે આત્મપ્રદેશને સંપૂર્ણ ઓળખ્યો છે તે જૈન છે.

ભગવાન મહાવીરે આત્મદર્શનનાં પાયારૂપ પંચ મહાવ્રતનોના પરિપાલન માટે આજ્ઞા કરી છે. ઈન્દ્રિયો અને મન પર વિજય મેળવી જીવન જીવનારા જૈન છે. પોતાની અંદર રહેલા કામ, ક્રોધ, માન, મોહ, માયા આદિ આંતરશત્રુઓ પર વિજય મેળવનાર જૈન છે.

સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ દર્શન અને સમ્યગ્ ચારિત્રની આરાધના દ્વારા કર્મની નિર્જરા કરે અને તે દ્વારા કર્મક્ષય કરી મોક્ષ પ્રાપ્ત કરવાના પંથ પર આત્માના સ્વરૂપને સમજે - સમજવામાં રક્ત રહે તે જૈન.

❖ **શાસન** : અહીં ધર્મનું શાસન છે. ધારણ કરવામાં આવે તે ધર્મ. એવી વ્યાખ્યા પ્રમાણે ત્રિરત્નો (જ્ઞાન, દર્શન અને ચારિત્ર)ની આરાધના વડે પોતાનું શાસન પોતે કરીને પરમપદે પહોંચીને જે ધર્માજ્ઞાઓ જીવોના કલ્યાણ માટે બોલાય છે તે શાસન છે. આ કોઈ રાજાનું કે સમ્રાટનું શાસન નથી પણ જેમણે કામ, ક્રોધ આદિ આંતરશત્રુઓ પર વિજય મેળવી મોક્ષ-નિર્વાણનો પંથ નિહાળ્યો છે, અનુભવ્યો છે અને તે માર્ગે સર્વેજનોને લઈ જવા માટે જે દેશનાઓ (ઉપદેશ) આપી તે પરમ મંગલકારી આજ્ઞાઓ જીવ માત્ર માટેના શાસનો છે. આવા સર્વોચ્ચ શાસનને દેવો પણ માથે ચડાવે છે. આ શાસનોની રક્ષા કરવા માટે દેવો અને દેવીઓ પણ સતત તત્પર હોય છે.

❖ **અર્હંત** : 'અર્હંત' શબ્દ જૈન દર્શનનનો સર્વોચ્ચ શબ્દ છે. 'અર્હં' એટલે પૂજા યોગ્ય બનવું અથવા અરિઓના (દુશ્મનોના) હન્ના હણનારા બનવું. એટલે કે આંતરશત્રુઓ પર ત્યાગ-વૈરાગ્ય અને તપના બળે વિજય મેળવવો.

આ સામ્રાજ્ય સર્વોપરી છે. આ અર્હંતો માત્ર ભૂમંડળોમાં જ નહીં પણ સમગ્ર લોકોમાં વંદનીય, પૂજનીય હોય છે. અર્હંત પદ એ પરમ પદ છે. આ અર્હંતપદે બિરાજમાન જિનેશ્વરો આપણાં સૌ માટે માર્ગદર્શક છે.

❖ **દેરાસર - દહેરાસર** : જૈન મંદિરને દેરાસર કહે છે. તેના મૂળમાં દેવાશ્રય શબ્દ છે. 'દેવ' શબ્દ કોઈ અહીં કોઈ સ્વર્ગમાં વસનાર કોઈ જાતિ કે વર્ગ માટે પ્રયોજાયેલ નથી. 'દેવ' શબ્દની વ્યુત્પત્તિ ચાર ક્રિયાઓ પરથી દર્શાવી છે : (૧) દ્રવત્યનું કે જ્ઞાનનું અતિશય દાન કરે છે તે દેવ. (૨) જેનું જીવન પ્રકાશમય હોય તે દેવ. (૩) જે બીજાના જીવનમાં પ્રકાશ રેલાવે તે દેવ. (૪) દ્યુ નામના લોકમાં વસે તે દેવ.

મંદિર માટે શબ્દ વપરાયો છે દેવળ. તે દેવળોમાં ઈશ્વર અર્થાત્ શ્રેષ્ઠતમ દેવળ તે દેવળેશ્વર. તેમાંથી દેવેશ્વર થતા દેરાસર કે દહેરાસર શબ્દ વ્યુત્પન્ન થયો.

કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે તેમના 'સિદ્ધહેમ' નામના વ્યાકરણ ગ્રંથમાં 'દેવ'શબ્દને સમજાવતાં લખ્યું છે કે પોતાના સમ્યક્ જ્ઞાન, સમ્યક્ દર્શન, અને સમ્યક્ ચારિત્રથી જે પોતે એટલું ઝળહળતું જીવન જીવે અને દેવો પણ જેને નમસ્કાર કરે તે દેવ.

❖ **સ્થાપનાચાર્યજી** : સ્થાપનાચાર્યજી એટલે જેની સન્મુખ શ્રમણ ભગવંતો શ્રમણોપાસકો સમ્યગ્ દર્શન અને જ્ઞાન ચારિત્રની ઉપાસના કરે છે. તેમાં આવેલ 'યક્ષો' ચોક્કસ પ્રકારના શંખમાંથી બનાવવામાં આવે છે. તેની પ્રાણપ્રતિષ્ઠા આચાર્ય ભગવંતો સૂરિમંત્રની આરાધના દ્વારા કરે છે અને તેમાં ગુરૂતત્ત્વની સ્થાપના કરે છે. સ્થાપનાચાર્યજી જૈન મુનિ ભગવંતોના પ્રવચન પીઠિકાની સમક્ષ ઉપાશ્રયોમાં જોવા મળે છે.

શ્રાવક શ્રાવિકાઓ પણ સામાયિક અને પ્રતિક્રમણ કરતી વખતે પ્રતીક રૂપે સાપડા પર ધાર્મિક પુસ્તક મૂકી સ્થાપનાચાર્યની સ્થાપના કરે છે અને તેની સન્મુખ સામાયિક-પ્રતિક્રમણ કરે છે.

❖ **પ્રતિક્રમણ** : પ્રાયશ્ચિત કરવાના અનેક પ્રકારોમાં સૌથી શ્રેષ્ઠ જો કોઈ પણ પ્રકાર હોય તો તે પ્રતિક્રમણનો છે.

પાપ વિમોચનની આ એક અપૂર્વ અને પવિત્ર ક્રિયા છે. આત્મશુદ્ધિ માટેનું અતિ મહત્ત્વનું અનુષ્ઠાન છે.

જૈનનાં કુટુંબોમાં આ ક્રિયા સવાર-સાંજ બે વખત કરવામાં આવે છે. આ ક્રિયા સાધુ-સાધ્વીઓ ઉપાશ્રયમાં કરે છે અને શ્રાવકો ઉપાશ્રય અથવા ઘરમાં કરે છે. આ ક્રિયા કરતા પહેલા શુદ્ધ કપડા પહેરવાનાં હોય છે. તેની સાથે બેસવા માટે જમીન પર પાથરવાનું ગરમ કપડાનું આસન (જેને કટાસણું કહેવામાં આવે છે), મુખ પાસે રાખવાની 'મુહપત્તિ' તથા 'ચરવલો' આ ત્રણ સાધનની જરૂરિયાત હોય છે જેને ઉપકરણો કહેવામાં આવે છે. તે ઉપરાંત સ્થાપનાજી સ્થાપવા માટે સાપડો તથા પુસ્તકાદિની જરૂર પડે છે.

પ્રતિક્રમણ આ શબ્દમાં 'પ્રતિ' અને 'ક્રમણ' એ બે શબ્દ રહેલા છે. 'પ્રતિ' એટલે 'પાછુ' અને 'ક્રમણ' એટલે ચાલવું. હઠવું, આવવું, પાછળ આવવું.

પ્રમાદ વગેરે દોષોને વશ થઈને સ્વસ્થાનમાંથી પરસ્થાનમાં ગયેલા આત્માને પાછો પોતાના સ્વસ્થાનમાં લાવવાની જે ક્રિયા – તેનું નામ પ્રતિક્રમણ.

❖ **સામાયિક :** સામાયિકમાં સમય (આત્મા) સાથે (શરીરાદિના ધર્મો છોડીને જોડાવું) આત્મા સ્વરૂપ ભાવના કરવી. 'સામાયિક' ઘરે અથવા ઉપાશ્રયમાં પવિત્ર સ્થાને કરવાનું હોય છે. એક સામાયિક કરવાની સમય મર્યાદા ૪૮ મિનિટની હોય છે. આ સમય મર્યાદામાં આત્માના શુદ્ધ સ્વરૂપનું ચિંતન-મનન કરી આત્માનાં સ્થિર થવાની ક્રિયાને સામાયિક કહેવામાં આવે છે.

સામાયિક રોજ કરવું જોઈએ. રોજ શક્ય ન હોય તો ખાસ તિથિઓ (આઠમ, પાંચમ, ચૌદસ)ને દિવસે કરવાથી આત્માભિમુખતા વધે છે. સામાયિક અને પ્રતિક્રમણની ક્રિયા જૈન ધર્મનો પ્રાણ ગણાય છે.

❖ **મિચ્છામિ દુક્કડમ – ક્ષમાપના :** ખામેમિ સવ્વે જીવા, સવ્વ જીવા ખમમન્તુ મેં મિતિ મે સવ્વ ભૂએસુ વેર મજઝં ન કોઈ.

જૈન ધર્મમાં ક્ષમાપનાનો મહિમા અનેકગણો છે. ક્ષમાપના અથવા મિચ્છામિ દુક્કડમ્ એટલે મન-વચન અને કાયાના ત્રિકરણયોગે સર્વ જીવોની ક્ષમા માગવી.

જૈન દર્શનમાં પંચાસ્તિકાય જીવો સાથે આત્માનું સંધાન કરવાનું કહ્યું છે અને તેથી આ જીવોમાંથી શરીર, મન અને કર્મ અનુમોદિત જે કાંઈ દોષ, અપરાધો થઈ ગયા હોય તેનું રોજ પ્રતિક્રમણમાં પ્રાયશ્ચિત કરવામાં આવે છે અને ખાસ કરીને પર્યુષણ પર્વમાં ઉન્નત આરાધના કરીને છેલ્લાં સાંવત્સરિક પ્રતિક્રમણમાં નાના મોટા બધાં દોષોની ક્ષમા માગવાની આજ્ઞા કરવામાં આવી છે.

જૈન દર્શનમાં અહિંસાની સૂક્ષ્મ વિચારણા કરવામાં આવી છે. બીજ, લીલોતરી, શેવાળ, ફૂગ, કરોળિયાનાં જાળા, એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ચતુરેન્દ્રિય અને પંચેન્દ્રિય જીવોને ભય બતાવવો, સ્થાનેથી હઠાવવા, પગતળે દબાવવા, એકમેક સાથે અથડાવવા, ધૂળ નીચે દાટવા – આવા અનેક અપરાધોને મોક્ષ પ્રાપ્તિના માર્ગમાં બાધક ગણવામાં આવ્યા છે. તેથી સૂક્ષ્માતિસૂક્ષ્મ દોષોને પહેલેથી જ શમાવી લેવા અને નવા કર્મો ઊભા ન થાય તે માટે આ જીવોને ક્ષમાપનાપૂર્વક વંદી લેવાનો આગ્રહ જૈન ધર્મમાં છે.

સંવત્સરીના દિવસે (પર્યુષણ પર્વના અંતિમ દિવસે) શ્રાવકો મનમાંથી એકબીજા પ્રત્યે જાગેલ વેર-વિરોધને કાઢી નાખી, ચિત્તની શુદ્ધિ કરીને સાંવત્સરિક પ્રતિક્રમણ કરતી વખતે દરેક જીવોને મન, વચન અને કાયાથી ખમાવે છે અને ક્ષમાપના કરી કર્મો ખપાવે છે.

❖ **જૈનોનાં તપ - આરાધનાઓ :** જૈન ધર્મમાં તપનો અનેરો મહિમા કહ્યો છે. જૈન ધર્મમાં જ્ઞાનપૂર્વક ત્યાગ પ્રતિષ્ઠિત છે. જૈનોમાં અનેક પ્રકારના તપ કરવાનું કહ્યું છે. જ્ઞાની પુરૂષોએ તપનો પ્રભાવ અને એનો મહિમા ગાયો છે.

માનવ જીવનની સાચી સાર્થકતા તો સકામ નિર્જરાવાળા તપશરણમાં જ રહેલી છે. ઉપધાન (૪૫ દિવસનું તપ), વરસીતપ (એક વરસનું તપ), અઠ્ઠાઈ (પર્યુષણના આઠ દિવસનું તપ) અને માસક્ષમણ (એક મહિનાનું તપ) વગેરે નાનાં મોટાં તપ જીવનને સાર્થક કરનારાં સાબિત થયાં છે.

પંદર ઉપવાસ, આયંબિલ, વીસ સ્થાનક તપ, વર્ધમાન આયંબિલ તપ, જેમાં વધતા પરિણામ હોય છે. તે તપના પારણામાં પણ ત્યાગ કરવાનો હોય છે. અનેક પ્રકારનાં તપ-આરાધના અને સુભાગ્યનો સમન્વય સધાય તો જીવનમાં ચારે તરફથી સુખ સાહ્યબીના ભંડાર છલકાઈ જાય છે.

❖ **વાસક્ષેપનો મહિમા :** જૈન ધર્મના શ્વેતાંબર સંઘમાં એક એવી પ્રણાલિકા છે જ્યારે જૈનો પોતાના આત્માની ઉન્નતિ માટે કોઈપણ પ્રકારનું કાર્ય શરૂ કરે તે પહેલાં ત્યાગી - વૈરાગી ગુરૂવર્યો પાસે પોતાના મસ્તક ઉપર વાસક્ષેપ નંખાવે છે. 'વાસ' એટલે જેમાં સુગંધી દ્રવ્યો જેમ સુગંધ પ્રસરાવે છે તેમ હું મારા આત્મામાં ગુણોરૂપી સુગંધને ધારણ કરું છું.

ગુરૂ જ્યારે શ્રાવક-શ્રાવિકાઓના મસ્તક પર વાસક્ષેપ કરે છે ત્યારે ''નિત્થારગ પારગાહો' એ પ્રમાણે બોલે છે. એટલે કે 'હે ભવ્ય જીવ! તું આ સંસાર સાગરને પાર કર'.

શ્વેતાંબર જૈનો શ્રદ્ધાપૂર્વક પોતાના નાના મોટા દરેક આયોજનમાં વાસક્ષેપની પ્રક્રિયાને સારું એવું મહત્ત્વ આપતા

રહ્યા છે.

*દિગંબર સંપ્રદાયમાં વાસક્ષેપનો રિવાજ નથી.*

❖ **અંજનશલાકા અને પ્રતિષ્ઠા મહોત્સવો :** પ્રભુ-પ્રતિમાને સૂરિમંત્ર દ્વારા ભદ્રાસને દેરાસરમાં પ્રતિષ્ઠિત કરવી તેને અંજનશલાકા અને પ્રતિષ્ઠા કહેવામાં આવે છે.

મોક્ષમાંથી પ્રતિષ્ઠિત તીર્થંકર ભગવંતનો આત્મા અત્રે આવતો નથી. પણ ભગવંતના આત્માની સાથે પોતાના આત્માનો અભેદ ઉપચાર ગુણ દ્વારા જે પ્રતિમા કરવામાં આવે છે તેમાં સ્થાપના કરવામાં આવે છે. આ પ્રાણપ્રતિષ્ઠા મૂળ પાંચ દિવસની હોય છે. પણ અન્ય વિધિવિધાનોને લીધે નવ અગર અગિયાર દિવસ સુધી કરવામાં આવે છે. તેમાં ભગવાનનાં ગર્ભધારણથી મોક્ષ સુધીના પાંચ કલ્યાણક ઉજવવામાં આવે છે.

આવા મહોત્સવો દ્વારા ભવ્ય જીવોની દર્શનશુદ્ધિ થાય છે. આવા પ્રતિષ્ઠા મહોત્સવો દરમિયાન અનેક પ્રકારના અનુકંપાદાન તથા અન્ય ઉચિત દાન કરવામાં આવે છે.

❖ **પ્રભાવના :** જૈન ધર્મમાં 'પ્રભાવના' એક અતિ પ્રચલિત શબ્દ છે. 'સ્વયંને લાભ તે ભાવ અને તે દ્વારા અન્યને લાભ તે પ્રભાવના કહેવાય છે.'

ધર્મ પ્રભાવના એટલે ધર્મ તરફ લોકોનું આકર્ષણ વધે તેવું કાર્ય. આ ધર્મભાવના આઠ રીતે થાય છે : (૧) ઉત્તમ જ્ઞાન, (૨) ઉત્તમ વિદ્યા, (૩) ઉત્તમ કલા, (૪) ઉત્તમ વક્તા, (૫) ઉત્તમ તપ, (૬) મહાન સત્તા, (૭) અતિ ધન, અને (૮) ઉત્તમ ધર્મભાવના વડે પ્રભાવના કાર્યો થાય છે. આ આઠમાંથી કોઈપણ એક પ્રકારે ધર્મભાવના કરનાર વ્યક્તિ પ્રભાવિક પુરુષ કહેવાય છે.

❖ **પૂજા :** શ્રી જિનેશ્વર ભંગવંતોની પ્રતિમાઓ અલૌકિક દિવ્ય, આત્માનંદથી પરિપૂર્ણ, આત્માના ઓજસથી ઝળહળતી અને પદ્માસને કે કાઉસ્સગ્ગ સ્થિતિમાં બિરાજમાન હોય છે. આવા દેવોની-જિનેશ્વરોની પ્રતિમાઓ સમક્ષ જઈને તેમની પાસે સ્તોત્રો ભણીને, દૂધ વડે યા જલ વડે પ્રતિમાઓનો અભિષેક કરતાં કરતાં પોતાના મનની વૃત્તિઓને સંસારમાંથી વાળી આ જિનેશ્વર ભગવંતોની સાથે તેનું સંધાન કરવું. ભગવંતોના ગુણ અને મહિમાનું સ્મરણ કરતાં કરતાં "મારે પણ એ જ માર્ગે જવું છે" એવો ભાવ સેવવો. ફૂલોની આંગી રચતી વખતે સુગંધી દ્રવ્યોનું વિલેપન કરતાં કરતાં ભાવનાઓની સુગંધ મારામાંથી પ્રાણીમાત્ર પર રેલાય અને રત્નાભૂષણોથી શ્રી જિનેશ્વરોનાં બિંબોને અલંકૃત કરતાં મારા જીવનમાં દૈવી સદ્‌ગુણોના જ્ઞાન, દર્શન અને ચારિત્રના, શાસન સેવાના અણમોલ રત્નો પ્રગટી શકે એવી ભાવના કરવાની છે.

મારે પણ પરમોચ્ચ પદે પહોંચવું છે. તે માટે હું પણ પ્રયત્ન કરીશ, એવો સંકલ્પ દેરાસરોમાં પૂજા કરવા જતા શ્રાવક-શ્રાવિકા કરે તેવો વિચાર આ 'દહેરાસર' શબ્દમાં રહેલો છે.

❖ **જૈન ધર્મમાં પૂજા-અર્ચનાનો મહિમા :** જિનેશ્વર ભગવંતોની સેવા પૂજા પુણ્યાનુબંધી પુણ્ય બંધાવે છે. જ્યાં સુધી આત્મા મોક્ષમાં ન જાય ત્યાં સુધી પુણ્યના ઉદયથી ધર્મઆરાધના પૂર્વક સુખની સામગ્રી મળ્યા જ કરે છે અને અંતે મોક્ષની સામગ્રી પ્રાપ્ત કરી મોક્ષમાં જવાય છે.

❖ **જિનેશ્વર :** ભગવંતોની અંગપૂજા-અગ્રપૂજા અને ભાવનાત્રિકનું અનુસંધાન આપણા આત્માને ઉજ્જવળ બનાવે છે. આમ પૂજા અર્ચનાનો મહિમા વિશિષ્ટ રીતે ગણાયો છે.

## ત્રણ પાછળ પડ્યા છે, ભાગો... ભાગો...

વૈરાગ્ય શતકમાં કહ્યું છે... 'ભાઈ! જ્યાં જાગતા રહેવાનું છે ત્યાં તું સૂઈ ન જઈશ અને જ્યાંથી ભાગતા રહેવાનું છે ત્યાં વિસામો લેવા બેસી ન પડીશ, કેમકે... તારી પાછળ ત્રણ ડાકુઓ ધસમસતા આવી રહ્યા છે.' તે છે : રોગ, ઘડપણ અને મોત. આમાં મોત અફર છે. રોગ અને ઘડપણ આવ્યા વિના પણ મોત આવી જાય.

જુવાની રોગે ઘેરાય ત્યારે જ ઘડપણ આવે. નહીં તો નેવું વર્ષનો માણસ લાલ ટામેટા જેવો લાલચોળ હોય.

કહ્યું છે કે, 'ઈશ્વર સહુને જન્મ આપે છે. મોત તો માણસ પોતે, બેફામ વિષયભોગથી જાતે લાવે છે.'

જો જીવવા માટે ખાવાનું થાય, ખાવા માટે જીવવાનું ન રખાય તો રોગ અને ઘડપણને તો હજી નિવારી શકાય, પણ મોત તો આવ્યા વિના નહીં જ રહે.

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*

**KISHOR ROADWAYS**
Pratik K. Lalka
M. : 98250 65844, 98986 58444, 88498 27053
FLEET OWNER'S & TRANSPORT CONTRACTOR & COMMISSION AGENT
BS-7, Radhe Business Empire, S.P. Ring Road, Opp. Fire Station, Aslali, Ahmedabad.

# તીર્થ દર્શન

## તીર્થ દર્શન-૬૬

### શ્રી મૂછાળા મહાવીર તીર્થ (શ્રી મહાવીર ભગવાન)




ફાલના રેલવે સ્ટેશનથી ૪૦ કિ.મી. દૂર અને રાની સ્ટેશનથી ૫૦ કિ.મી. દૂર આવેલું ઘાણેરાવ રાણકપુરથી ૨૧ કિ.મી. અને સાદડીથી ૧૨ કિ.મી. દૂર છે. ઘાણેરાવ ગામથી ૫ કિ.મી. દૂર આવેલું શ્રી મૂછાળા મહાવીર તીર્થ એક અતિ પ્રાચીન તીર્થ ગણાય છે. જોકે કોઈ શિલાલેખના અભાવે તેની પ્રાચીનતા કેટલી છે તેનું માપ કાઢવું મુશ્કેલ છે. શ્રી ગોડવાલ પંચતીર્થીમાંનું આ એક તીર્થ મનાય છે. બંને બાજુ પહાડોથી ઘેરાયેલું આ પ્રાચીન મનોરમ મંદિર હૃદયમાં ભક્તિના અનેરા ભાવો જગાવે છે. મંદિરના મંડપો, સ્તંભો અને ભમતિ કલાસૌંદર્યથી ભરપૂર છે. અહીં મૂળનાયક શ્રીમહાવીર ભગવાનની શ્વેત વર્ણની લગભગ ૧૨૦ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા છે. આ તીર્થનો ચમત્કાર પણ જગવિખ્યાત છે. ઉદયપુરના મહારાણા એકવાર અહીં દર્શનાર્થે પધાર્યા હતા ત્યારે તિલક કરતી વખતે એમણે કેસરની કટોરીમાં વાળ જોયા. મહારાણાએ હસતા હસતા એમ કહ્યું કે ભગવાનને મૂછો હોય એમ લાગે છે.

પ્રભુ ભકિતમાં તરબોળ હોય એવા પૂજારીએ હા કહી. એટલે હઠીલા મહારાણાએ મૂછોવાળા ભગવાનના દર્શન કરવા હઠ લીધી. રાણાએ કહ્યું કે એ મૂછોવાળા ભગવાન જોવા માટે અહીં ત્રણ દિવસનો પડાવ નાખશે. પૂજારીને માથે આફતનાં વાદળ ઉમટ્યાં. એણે અનન્ય ભક્તિથી પ્રભુને પ્રસન્ન કર્યા. પ્રભુએ મૂછો સાથે મહારાણાને દર્શન આપ્યા. તેથી આ તીર્થનું નામ શ્રી મૂછાળા મહાવીર તીર્થ પડ્યું. આજે પણ ચમત્કારીક ગણાતા આ તીર્થમાં દર વર્ષે ચૈત્ર સુદ ૧૩ના દિવસે મેળો ભરાય છે. આ તીર્થનો અંતિમ જીર્ણોદ્ધાર વિ.સં. ૨૦૧૭માં થયો અને વિ.સં. ૨૦૨૨માં એની પુનઃ પ્રતિષ્ઠા થઈ.

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*
*મો. ૯૪૨૭૩ ૯૦૦૦૭*

## તીર્થ દર્શન-૬૭

### શ્રી રાણકપુર તીર્થ (શ્રી આદિશ્વર ભગવાન)



નાનકડી મઘાઈ નદીની પાસે અને અરવલ્લીની ગિરિમાળાની ગોદમાં આવેલા રાણકપુર તીર્થમાં પ્રકૃતિનું સ્વાભાવિક સૌંદર્ય અને માનવસર્જિત શિલ્પકલાનો અદ્ભુત સમન્વય થયો છે. વિસ્તારની બાબતમાં જૈન તીર્થોમાં અજોડ એવું શ્રી રાણકપુર તીર્થ ૩૧૩ ફૂટ પહોળું અને ૨૯૦ ફૂટ લાંબું છે. અને તેમ છતાં તેમાં હવા-ઉજાસની જે વ્યવસ્થા કરવામાં આવી છે તે દેશવિદેશના સ્થપતિઓને આશ્ચર્યમુગ્ધ કરે છે. મૂળનાયક શ્રી આદિશ્વર ભગવાનની શ્વેત વર્ણની લગભગ ૧૮૦ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા અતિ પ્રભાવક છે. પૂ. આ. શ્રી સોમસુંદરસૂરિ મ.ની પ્રેરણાથી ધર્મપરાયણ ધરણાશાહે નલિની ગુલ્મ વિમાન શૈલીનું આ દેરાસર બનાવ્યું છે. નલિની ગુલ્મ વિમાન એટલે સ્વર્ગલોકનું સર્વાંગ સુંદર વિમાન. મુંડારા ગામના શિલ્પી દીપાજીએ આની રચના કરી. વિ.સં. ૧૪૪૬માં મંદિરનું નિર્માણકાર્ય શરૂ થયું. પચાસ વર્ષ પૂરાં થવા છતાં તે પૂરું થઈ શકયું નહીં. પરંતુ શ્રેષ્ઠી ધરણાશાહે પોતાની વૃધ્ધાવસ્થા જોઈને વિ.સં. ૧૪૯૬માં આ ગગનચુંબી મંદિરની પ્રતિષ્ઠા પૂ. આ. શ્રી સોમસુંદરસૂરિજી મ.ના હાથે હર્ષોલ્લાસપૂર્વક કરાવી. આ મંદિરની નજીક એક વિરાટ નગરીનું નિર્માણ થયું. જેને રાણકપુર કહેતા અને એ પછી એનું નામ રાણકપુર પડ્યું. વિ.સં. ૧૪૯૯માં આ ગામમાં શ્રાવકોનાં ત્રણ હજાર ઘરો વિદ્યમાન હતાં. અકબર પ્રતિબોધક પૂ. આ. શ્રી હીરવિજયસૂરિજી મ.ના સદુપદેશથી અહીં મેઘનાદ મંડપ બનાવ્યાનો અને જીર્ણોધ્ધાર કરાવ્યાનો ઉલ્લેખ મળે છે. રાજસ્થાનના ગોડવાલ પંચતીર્થીના આ મુખ્ય તીર્થનો શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીએ જીર્ણોધ્ધાર કરાવીને વિ.સં. ૨૦૦૯માં પુનઃપ્રતિષ્ઠા કરાવી. ૮૪ દેવકુલિકાઓ, ૧૪૪૪ સ્તંભો, સુંદર તોરણ, ચાર મેઘનાદ મંડપ, પાંચ મેરૂ, ૩૨ તોરણ, સહસ્રકૂટ અષ્ટાપદ, ચાર રંગમંડપ, નવ ભૂમિગૃહ અને ૩૮ હજાર પ્રતિમાઓથી વિભૂષિત આ મહામંદિરને ત્રૈલોકય દીપક-પ્રાસાદ કે ત્રિભુવન વિહારને નામે ઓળખવામાં આવે છે. શાસનસમ્રાટ આ. શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મ.ની અત્યંત ભાવવાહી પ્રેરણાને પરિણામે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ સતત અગિયાર વર્ષ સુધી આનું જીર્ણોધ્ધારનું કામ કરીને આ તીર્થને જગવિખ્યાત કર્યું.

જૈન દેરાસરો

# કચ્છના વિવિધ તાલુકામાં આવેલ જૈન દેરાસરોનું લિસ્ટ – ૨

મહેન્દ્ર લખમશી મોતા

*'મંગલ મંદિર'ના નવેમ્બર-૨૦૨૪ના અંકમાં આપણે અબડાસા તાલુકામાં આવેલ જૈન દેરાસરોનું લીસ્ટ જોઈ ગયા. હવે આ અંકમાં નખત્રાણા તાલુકા, ભુજ શહેર અને ભુજ તાલુકામાં આવેલ જૈન દેરાસરોની વિગતથી માહિતગાર થઈએ.*

*– તંત્રી મંડળ*

## નખત્રાણા તાલુકામાં આવેલ જૈન દેરાસરોનું લિસ્ટ [STD : 02835]

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | અંગીયા મોટા | શ્રી શાંતિનાથ પ્રભુજી | શ્રી મલયભાઈ શાહ<br>શ્રી મયુરભાઈ | મો. ૯૮૭૯૦ ૬૫૪૧૯<br>મો. ૯૯૧૩૮ ૧૫૫૫૯ |
| ૨. | કોટડા (રોહા) | શ્રી શાંતિનાથ પ્રભુજી | શ્રી હેમાંગભાઈ શાહ | મો. ૯૪૨૭૨ ૫૦૦૩૮ |
| ૩. | નખત્રાણા | શ્રી સુપાર્શ્વનાથજી પ્રભુજી | શ્રી નરેન્દ્રભાઈ | મો. ૯૮૨૫૭ ૪૮૨૭૧ |
| ૪. | મોટા યક્ષ<br>*(આ તાલુકામાં ફક્ત આ તીર્થમાં જૈન ભોજનાલય અને અતિથિગૃહની સગવડ છે.)* | શ્રી પાર્શ્વ વલ્લભ ઈન્દ્રધામ | પેઢી<br>શ્રી હેમાંગ શાહ | મો. ૯૯૨૫૪ ૨૫૨૨૨<br>મો. ૯૪૨૭૨ ૫૦૦૩૮ |
| ૫. | મંજલ (તેરા) | શ્રી અજિતનાથ પ્રભુજી | શ્રી કિરણભાઈ લાલન | મો. ૯૯૨૫૮ ૮૩૧૯૦<br>મો. ૮૦૦૦૮ ૨૬૦૦૦ |
| ૬. | વિથોણ | શ્રી આદેશ્વર પ્રભુજી | શ્રી મહેન્દ્રભાઈ મહેતા | મો. ૯૪૨૭૭ ૫૯૭૭૬ |

## ભુજ શહેરમાં આવેલ જૈન દેરાસરોનું લિસ્ટ [STD : 02832]

**૧.** ગોડજીનું દેરાસર ભુજનું સૌથી પહેલું દેરાસર. મોટી પોશાળ જાગીર. શ્રી સુપાર્શ્વનાથ જૈન દેરાસર.

**૨.** ભુજ રીંગ રોડ પર શ્રી પ્રવીણભાઈ ગોડીજીનું શ્રી સુપાર્શ્વનાથ પ્રભુજી.
આ બે દેરાસર અલગ વિસ્તારમાં છે. સંચાલનકર્તા એક છે. શ્રી પ્રવીણભાઈ ગોડીજી : મો. ૯૮૨૫૯ ૧૨૭૩૦

**૩.** શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જૈન દેરાસર (અચલગચ્છ).
શ્રી મહેન્દ્રભાઈ – મો. ૯૪૨૯૦ ૪૨૭૮૨, શ્રી પ્રફુલ્લભાઈ મો. ૯૪૨૮૦ ૮૨૩૩૩

**૪.** શ્રી આદિનાથજી જૈન દેરાસર (તપાગચ્છ).
શ્રી કીર્તિભાઈ શાહ : મો. ૯૮૭૯૬ ૬૨૫૧૪, શ્રી નીલેશભાઈ : મો. ૯૩૭૫૨ ૨૩૩૭૦

**૫-૬.** શ્રી શાંતિનાથજી જૈન દેરાસર (ખરતરગચ્છ) અને શ્રી સંભવનાથ જૈન દેરાસર અને દાદાવાડી (ખરતરગચ્છ) – આ બે દેરાસર અલગ વિસ્તારમાં છે. સંચાલનકર્તા એક છે.
શ્રી રજનીભાઈ - પ્રમુખ. મો. ૯૮૭૯૫ ૧૩૯૫૬, ૯૮૨૫૨ ૨૫૯૩૨

**૭-૮.** શ્રી સંભવનાથ જૈન દેરાસર અને શ્રી વાસુપૂજ્ય સ્વામિ જૈન દેરાસર – આ બે શ્રી આરાધના ભવન જૈન સંઘ હસ્તક છે. શ્રી કમલભાઈ - પ્રમુખ (મો. ૯૮૨૫૨ ૨૫૪૧૭), શ્રી ધીરજભાઈ - મંત્રી (મો. ૯૮૨૫૨ ૨૬૩૯૯)

**૯-૧૦.** શ્રી મુનિસુવ્રત સ્વામિ જૈન દેરાસર (સ્થાકાર દેરાસર) અને શ્રી મુનિસુવ્રત જૈન દેરાસર - નવનીત નગર.
આ બે દેરાસર શ્રી ક.વી.ઓ. જૈન મહાજન હસ્તક છે.

શ્રી જીગરભાઈ છેડા – મો. ૯૯૭૮૨ ૨૦૦૦૨, શ્રી નરેશભાઈ શાહ – મો. ૯૮૭૯૦ ૫૫૩૭૨.

**૧૧.** શ્રી સીમંધર સ્વામિ ત્રિમંદિર. શ્રી વિપુલભાઈ : મો. ૯૯૨૪૩ ૪૫૫૮૮, ૭૫૬૭૫ ૬૧૫૫૬

**૧૨.** શ્રી વર્ધમાન નગર (ઉત્તર). શ્રી શીતલનાથ પ્રભુજી.
શ્રી હસમુખ વોરા : મો. ૯૮૭૯૭ ૬૬૩૪૬, શ્રી અરવિંદ મહેતા : મો. ૯૮૨૪૪ ૩૨૭૪૮

**૧૩.** શ્રી વર્ધમાન નગર (દક્ષિણ). શ્રી વિમલનાથ પ્રભુજી. શ્રી પ્રબોધભાઈ મુનવર : મો. ૯૯૨૫૧ ૬૯૮૭૬,
શ્રી વર્ધમાન નગર શ્રી જિનકુશલ સૂરીશ્વરજી દાદાવાડી (ખરતરગચ્છ).
શ્રી વિજયભાઈ : મો. ૯૪૨૬૨ ૬૫૨૧૩, શ્રી રામજીભાઈ : મો. ૬૩૫૪૩ ૨૪૪૬૫

**૧૪.** શ્રી શિવ પારસ કલ્યાણ ટ્રસ્ટ. શ્રી વરસગહરં પાર્શ્વનાથ પ્રભુજી.
કિરણબેન : મો. ૯૯૭૯૭ ૨૩૧૮૧, શ્રી યોગેશભાઈ : મો. ૯૯૦૯૧ ૭૨૧૧૮

## ભુજ તાલુકામાં આવેલ જૈન દેરાસરોનું લિસ્ટ

**[STD : 02832]**

| | | | | |
|---|---|---|---|---|
| **૧૫.** | કુકમા | શ્રીમદ્ રાજચંદ્ર સાધના કેન્દ્ર<br>શ્રી દિગંબર જૈન દેરાસર.<br>શ્રી સીમંધર સ્વામિ પ્રભુજી. | પેઢી<br>શ્રી મહેશ લાપસીયા<br>શ્રી હરેશભાઈ ગોસ્વામી | મો. ૯૭૨૭૨ ૮૮૬૧૯<br>મો. ૯૮૨૧૩ ૧૩૮૫૮<br>મો. ૯૯૭૮૨ ૨૧૪૨૧ |
| **૧૬.** | ચુનડી | શ્રી ઋષભદેવ પ્રભુજી | શ્રી દીપકભાઈ<br>શ્રી હરખચંદભાઈ | મો. ૭૫૬૭૦ ૦૨૯૩૪<br>મો. ૯૮૨૧૦ ૩૨૦૩૦. |
| **૧૭.** | જવાહરનગર | શ્રી ધર્મનાથ પ્રભુજી | શ્રી લક્ષ્મીચંદભાઈ<br>શ્રી મિલનભાઈ | મો. ૯૪૨૮૨ ૩૪૩૭૯<br>મો. ૯૮૨૫૯ ૪૫૧૫૯ |
| **૧૮.** | ડગારા | શ્રી વાસુપૂજ્ય સ્વામિ પ્રભુજી | શ્રી વાડીલાલ<br>શ્રી શાંતિભાઈ | મો. ૯૪૨૮૮ ૯૮૪૫૧<br>મો. ૭૯૮૪૭ ૬૦૪૦૫ |
| **૧૯.** | માધાપર | શ્રી સુવિધિનાથ પ્રભુજી | શ્રી વસંતભાઈ | મો. ૯૪૨૯૪ ૨૬૮૦૩ |
| **૨૦.** | માનકુવા | શ્રી સુપાર્શ્વનાથ પ્રભુજી | શ્રી પ્રદીપભાઈ | મો. ૯૮૨૫૮ ૪૬૪૬૫ |
| **૨૧.** | લખોદ | શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુજી<br>સિટી સ્કવેર તીર્થભૂમિ જૈન ટ્રસ્ટ | શ્રી અનિલભાઈ | મો. ૯૯૦૯૦ ૭૧૧૬૩ |
| **૨૨.** | લોડાઈ | શ્રી શાંતિનાથ પ્રભુજી | શ્રી વિમલભાઈ | મો. ૯૯૭૯૫ ૧૨૯૦૯ |
| **૨૩.** | સામાત્રા | શ્રી કુંથુનાથ પ્રભુજી | શ્રી બિપીનભાઈ | મો. ૯૮૨૫૯ ૨૭૫૬૮ |
| **૨૪.** | સુખપર | શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુજી | શ્રી વેલજીભાઈ<br>શ્રી અનિલભાઈ | મો. ૯૮૨૫૩ ૬૯૪૬૯<br>મો. ૯૪૨૮૫ ૩૪૯૧૯ |
| **૨૫.** | સુમરાપર | શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુજી | શ્રી વેલજીભાઈ<br>શ્રી નલીનભાઈ<br>શ્રી દિલીપભાઈ | મો. ૯૮૨૫૩ ૬૯૪૬૯<br>મો. ૯૪૨૮૫ ૩૪૯૧૯<br>મો. ૯૪૦૮૨ ૪૨૮૮૨ |

*સારા માણસો શોધવા જઈશું તો થાકી જઈશું પરંતુ માણસમાં સારું શું છે તે શોધશું તો ફાવી જઈશું.*

# ચોથીમા નો રોટલો

વસંત મારૂ

કાર વાગડથી નીકળીને સડસડાટ માંડવી તરફ જઈ રહી હતી. કારમાં બેઠેલા લક્ષ્મીચંદની આંખો સામેથી ભૂતકાળના દશ્યો પસાર થવા લાગ્યા. લક્ષ્મીચંદના સ્વર્ગવાસી પિતા ગામમાં વેપાર કરતા હતા. પિતા વાંચનના અત્યંત શોખીન હતા. આઝાદી વખતે ગામમાં લાઈટ નો'તી એટલે કંડિલના ઝાંખા પ્રકાશમાં રાતો જાગીને વાંચતા. આઝાદીની ચળવળમાં એમના હૃદયમાં રાષ્ટ્ર પ્રેમ વહેતો હતો. રાષ્ટ્ર પ્રેમનો રંગ એમના ત્રણેય દીકરાઓમાં ઉતર્યો હતો.

કારમાં બેઠેલા લક્ષ્મીચંદને પોતાના મા યાદ આવ્યા. મા નુ નામ ચોથીમા. ચોથીમા બહુ પરગજુ બાઈ. ગામમાં રહેતા લોકોને મદદ કરવા હંમેશાં તૈયાર રહેતા. ગામની સુવાવડી સ્ત્રીની સાર સંભાળ રાખવામાં એક્કા હતા. ચોથીમાના અંતિમ દિવસોમાં દીકરા વહુએ ચિક્કાર સેવા કરી અને એમના મૃત્યુ પછી લક્ષ્મીચંદે ગામમાંથી પસાર થતા લોકો માટે પોતાના ખર્ચે અન્નક્ષેત્ર શરૂ કર્યું હતું. એનું નામ રાખ્યું "ચોથી માનો રોટલો!" અમીર ગરીબ સૌ વિના મૂલ્યે એનો લાભ લેતા. ચોથીમા જયારે હયાત હતા ત્યારે એકાદ બે દિવસ માટે મુંબઈથી ગામ આવતા લોકોને જમાડવાનો ચોથીમાને અનેરો આનંદ આવતો. જાણતા અજાણતા ભૂખ્યાઓને જમાડવાનો જબરો સંતોષ મળતો. માની યાદથી લક્ષ્મીચંદની આંખ ભીની થઈ ગઈ. ત્યા ડ્રાઇવરે કારને બ્રેક મારી.

બ્રેકના ઝટકાથી લક્ષ્મીચંદ ભૂતકાળથી વર્તમાનમાં આવી ગયો. કચ્છમાં દુકાળ હતો. એટલે ભૂખ્યા ઢોર ચારાની શોધમાં આમ તેમ ભટકતા રહેતા. એમાં ભુજ માંડવી હાઈવે પર એક ભૂખી ગાય અને વાછરડા આગળની ગાડીના અડફેટમાં આવી ગયેલા. એટલે પાછળ આવતી લક્ષ્મીચંદની ગાડીને ડ્રાયવરે બ્રેક મારી. લક્ષ્મીચંદે ગાડીમાંથી ઉતરીને તરફડતી ગાયને જોઈ. એના કરુણ ભાવ સાથે ગાયને જોતા જોતા જમા થયેલ લોકોને પશુ હોસ્પિટલમાં લઈ જવા કહ્યું. જમા થયેલ મેદનીએ કહ્યું : હોસ્પિટલ સુધી ગાયને લઈ જવા પૈસા કોણ આપે?

માની યાદોથી વલોવાયેલા લક્ષ્મીચંદ પોતાના ખિસ્સામાંથી પૈસા કાઢી આપવા તૈયાર થયો. જેની ગાડીની અડફેટે ગાય આવેલી એ કાર માલિક અજાણ્યા માણસની ઉદારતા જોઈ શરમાયો અને ગાયને પશુ હોસ્પિટલમાં મોકલવાની વ્યવસ્થા કરી. પોતાના રૂઆબદાર વ્યક્તિત્વ વચ્ચે છુપાયેલ કરુણાને ઘૂંટતા ઘૂંટતા લક્ષ્મીચંદ માંડવી પોતાના સાસરે પહોંચ્યો. સસરા નિવૃત્ત મામલતદાર હતા. એમને મળી ગામ પાછા જવા રવાનો થયો પણ મનમાં જબરદસ્ત તોફાન જાગ્યું હતું.

દુકાળમાં વાગડ પંથકના પશુઓ માટે પાંજરાપોળો હતી પણ એ સિવાયના હજારો ઢોરને સાચવવા ખાવાના ખેલ નો'તા. જાણે ઉપરથી ચોથીમા દીકરાને આદેશ આપતા હતા કે એકપણ પશુ ભૂખ્યો ન રહેવો જોઇએ. આમ તો લક્ષ્મીચંદ કુળ દેવીના દર્શન માટે મુંબઈથી આવ્યો હતો. પણ એમાંય જાણે કોઈ દૈવી સંકેત હતો. એટલે લક્ષ્મીચંદ બેચેન બની ગયો. ગાયોને ખોરાક, ચારા અને પાણી વગર તરફડતી જોઈ લક્ષ્મીચંદ હચમચી ગયો હતો.

કોઈ ડાહ્યા માણસે આંગળી ચીંધી કે લાકડિયા સામખિયાળી હાઈવે પર સંધ્યાગીરી બાપુના આશ્રમ સામે એક કંપનીની બહુ મોટી જગ્યા બંધ પડી છે. આ સાંભળી લક્ષ્મીચંદની આંખમાં ચમકારો થયો. એનું દિલ કહેવા લાગ્યું કે માલધારીઓ અને બીજી ગાયોને ત્યાં આશરો મળે તો જીવદયાનું બહુ મોટું કામ થાય.

બેચેન બનેલ લક્ષ્મીચંદ હાઈવે નજીક આવેલ એ બંધ કંપની પાસે પહોંચી ગયો. દસ એકરમાં ફેલાયેલી બંધ અરામા ઈન્ડસ્ટ્રી મળી જાય તો ગૌ માતાની જબ્બર સેવા થઈ શકે. કંપનીના માલિક દીપકભાઈ છેક પાલનપુરના હતા. લક્ષ્મીચંદ સાથે એમને ઓળખાણ નો'તી. ઓળખાણ વગર એ બંધ કંપની વાપરવા આપે કેવી રીતે? બીજી બાજુ એની આંખમાં માંડવી હાઈવે પર તરફડતી ગાય દેખાવા લાગી. લક્ષ્મીચંદને આર.એસ.એસ.ના પોતાના ગુરૂ ગોલવલકરજી યાદ આવ્યા. ગોલવલકરજી માનતા કે ગૌમાતા રાષ્ટ્રનું ધન છે. કપરી પરિસ્થિતિમાં એને સાચવવી એ રાષ્ટ્રની સેવાની સાથે સાથે જીવદયા કરવાની ભાવનાને ઉજાગર કરે છે.

કંપનીના ચોકીદાર પાસે માલિક દીપકભાઈનો નંબર લઈ સંકોચ સાથે લક્ષ્મીચંદે એમને ફોન જોડ્યો : "નમસ્કાર દીપકભાઈ, અત્યારે કચ્છમાં ભયંકર દુકાળ ચાલે છે. ગૌ માતાઓને બચાવવા એક કેન્દ્ર ઉભું કરવા માગીએ છીએ. તમારી કંપનીની જગ્યા અમને વાપરવા આપી શકો?"

સામેથી દીપકભાઈએ સવાલ પૂછ્યો : "તમે કોણ?"

લક્ષ્મીચંદ : 'હું ટીમ વાગડનો લક્ષ્મીચંદ ચરલા બોલું છું.'

દીપકભાઈ : "ભાઈ, તમે મારી જગ્યા માંગી મારા પર

ઉપકાર કર્યો છે. હું હમણાં ચોકીદારને તમને ચાવી સોંપવાનું કહું છું. જગ્યા તમને જે રીતે વાપરવી હોય એ રીતે વાપરો.''

લક્ષ્મીચંદ : ''ભાઈ, આપણે એક બીજાને ઓળખતા નથી, છતાં મારા પર આટલો વિશ્વાસ મૂકો છો?

દીપકભાઈ : ''ભાઈ, હું તમને મળ્યો નથી છતાં ઓળખું છું! કારણકે ક્યારેક રસ્તે આવતા જતા ચોથીમાનો રોટલો મેં પણ ખાધો છે. ત્યારેજ તમારા આ પરગજુપણાની ઓળખાણ મેં મેળવી લીધી છે. જાવ ફતેહ કરો.''

આનંદમાં આવી ગયેલા લક્ષ્મીચંદે પહેલો ફોન અમરશીભાઈ સતરાને કરી વિગત સમજાવી. આ ઈશ્વરીય કાર્ય માટે તેઓ સહમત થયા. પછી બીજો ફોન ગુજરાત સરકારના પૂર્વ મંત્રી વાસણભાઈ આહીરને કરી છત્રીસ કલાક પછી શરૂ થનાર ગૌ સેવા કેન્દ્રનું ઉદ્‌ઘાટન કરવા વિનંતી કરી. મિત્ર લક્ષ્મીચંદની જીદ સામે વાસણભાઈ પણ બધા કામો પડખે રાખી ઉદ્‌ઘાટન માટે આવી પહોંચ્યા.

ચોથીમાના રોટલાની સુવાસથી શરૂ થયેલ આ ગૌસેવા કેન્દ્રમાં દસેક મહિના સુધી બત્રીસો ગાયોને રાખીને ચાકરી કરી. દુકાળને કારણે ભાંગી ગયેલા ગૌમાલિકો (માલધારીઓ)ને પણ ત્યાંજ રહેવાની સગવડ કરી ટીમ વાગડે વિરાટ તરફ કદમ માંડ્યું. આ જોઈ ઉપર ચોથીમાનો આત્મા ચોક્કસ હરખાતો હશે. અસ્તુ. ■

***સુખનું મકાન ચાર થાંભલા પર જ ઊભું રહી શકે છે : સરળતા, સ્પષ્ટતા, સ્નેહ અને સમજદારી.***

## અને હું બચી ગયો...

**(અનુસંધાન : પાના નં. – ૭૨ ઉપરથી ચાલુ)**

મિત્રો, હવે હું તંદુરસ્ત છું. ૨-૩ કિ.મી. ચાલતાં મને કોઈ તકલીફ થતી નથી. પરંતુ મારી આંખો ખૂલી ગઈ. હું તો બચી ગયો પરંતુ મારા તમોને નીચે મુજબના સૂચનો છેઃ

(૧) કુટુંબમાં ડાયાબિટિસ હોય તો પ્રત્યેક વ્યક્તિએ ૪૦ વર્ષની ઉંમર પછી હેલ્થ ચેક-અપ કરાવવી.

(૨) શરીરના કોઈપણ પ્રશ્નોને ૩ દિવસ સુધી સામાન્ય લઈ, ત્યારબાદ નિષ્ણાત ડૉક્ટરની સલાહ લેવી.

(૩) મને શેનો ડાયાબિટિસ? એવા ફાંકામાં રહેવું નહીં. વેળાસર ઈલાજ કરવાથી તંદુરસ્તી જળવાઈ રહે છે.

*અંતમાં...*

*નિશા છો ને ભયંકર હો, ઉષા નવરંગ લાવે છે,*
*પતનનું હર પગથિયું, એક નવું ઉત્થાન લાવે છે.*

## તમે ક્યાં સુધી?

તિજોરીમાં ગોઠવાયેલા રૂપિયાની થપ્પીઓ પાસે પહોંચીને તે માણસે થપ્પીઓને પ્રશ્ન પૂછ્યો : 'મારા મોત પછી મારી સાથે તમે ક્યાં સુધી આવશો?'

પેલી થપ્પીઓ જોરથી હસી પડી. કહ્યું, 'અમે તો અહીં જ રહેવાના છીએ. અહીંથી એક ડગલું પણ ખસવાના નથી.'

પેલા માણસે ડરતા ડરતા કહ્યું, 'પણ તમારા માટે તો મેં મારું આખું જીવન જુગારમાં મૂકી દીધું છે. તમારી ખાતર મેં માવિત્રોની અવગણના કરી છે. તિરસ્કાર્યા છે પુત્રોને, રોવડાવી છે પત્નીને. મેં ખુદ મારા દેહની ઉપેક્ષા કરી છે. પૂર્વાચાર્યોના વચનોની મશ્કરી કરી છે. મિત્રો સાથે વિશ્વાસઘાત કર્યા છે. સ્વજનોની વાત માની નથી અને તમે જવાબ આપી દો છો કે અમે અહિંયા જ રહેવાના છીએ...!'

પેલી થપ્પીઓએ ગુસ્સામાં કહ્યું, 'તું અમને વધુ ન બોલાવ. બાકી હકીકત તો એ છે કે તને બાળવા માટેના લાકડાય અમે જ લાવવાના છીએ.'

આઘાતથી હતપ્રભ થયેલો માણસ પહોંચ્યો પોતાના સ્વજનો પાસે અને પૂછ્યું, 'મારા મોત પછી તમે મારી સાથે ક્યાં સુધી આવશો?'

'સ્મશાન સુધી.'

'બસ ત્યાં સુધી જ?'

'શું કરીએ? આમ તો એટલે સુધીય ન આવીએ. પણ અમારા વિના તને બાળશે કોણ?'

'ઓહ!' માણસ બોલ્યો, 'આખી જિંદગી મેં વૈતરું કર્યું, કોઈ તો જવાબ આપો. કોના માટે કર્યું? બાકી મારે એકલાને આમેય જોઈતું હતું શું? ચાર રોટલી અને બે હાથ જમીનનો ટુકડો જ ને!'

આ જ છે સંસારની વાસ્તવિક્તા....

***ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ***

## મહાવીર

ઝેરી સર્પે દીધા
મુખેથી, આંખેથી
વળી વળીને ખૂબ ડંખ
તોય મહાવીરનાં
ચક્ષુથી નિર્ઝરતાં કરુણાનાં નીર
અને અભય મુદ્રાથી વહે બોધામૃત હીર!

***ભૂપેન્દ્ર વ્યાસ 'રંજ'***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## નવનીત ભવન - બહેરામપુરાના ફ્લેટ માટેની અરજી

તારીખ : ____________

(૧) અરજદાર સભ્યનું પૂરું નામ : ____________

(૨) હાલનું સરનામું : ____________

____________ (૩) મોબાઈલ નંબર : ____________

(૪) જ્ઞાતિ : વાગડ / ગૂર્જર / વીસા ઓસવાળ / દશા ઓસવાળ : ____________

(૫) કચ્છમાં ગામ : ____________ (૬) અમદાવાદમાં ક્યારથી વસવાટ? ____________

(૭) સભ્યનો આધાર કાર્ડ / પાનકાર્ડ નંબર : ____________

(૮) પરિવારની માહિતી

| ક્રમ | કુટુંબની વ્યક્તિનું નામ | અરજદાર સાથે સંબંધ | જન્મ તારીખ | ધંધો / વ્યવસાય | વાર્ષિક આવક રૂા. | મોબાઈલ નંબર |
|---|---|---|---|---|---|---|
| | | પોતે | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

(૯) વ્યવસાય કે નોકરીનું સરનામું : ____________

(૧૦) અમદાવાદમાં અન્યત્ર મકાન છે? હા / ના (૧૧) અમદાવાદ સિવાય બીજે ક્યાંય પોતાનું મકાન છે? હા / ના

(૧૨) જો અન્યત્ર મકાન હોય તો હાલ શા માટે અરજી કરી છે? ____________

(૧૩) જો અન્યત્ર મકાન હોય તો હાલ શું ભાડું ભરો છો? ____________ (૧૪) કુટુંબની વાર્ષિક આવક : રૂપિયા ____________

(૧૫) હાલના રહેઠાણના મકાનમાં કેટલા રૂમો છે અને શું સગવડ છે? ____________

(૧૬) આપશ્રી હાલ કેટલા રૂપિયા ડિપોઝીટ ભરી શકશો? ____________

(૧૭) સંસ્થામાં નોંધાયેલા બે સભ્યોની બાંહેધરી

| ક્રમ | સભ્યનું નામ | મોબાઈલ નંબર | સહી |
|---|---|---|---|
| | | | |
| | | | |

*(નીતિ નિયમો પાછળ આપેલ છે.)*

*અરજદારની સહી :* ____________

# નવનીત આવાસ યોજના - બહેરામપુરાના લાભાર્થીઓ માટેના સૂચિત નીતિ નિયમો

૧. અરજદાર મૂળ કચ્છના વતની તથા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંસ્થાના નોંધાયેલા સભ્ય હોવા જોઈએ અને અમદાવાદ ગાંધીનગર ખાતે પોતાનું મકાન ધરાવતા ન હોવા જોઈએ. શ્રી કચ્છી જૈન સેવા સમાજ દ્વારા ફલેટ નિશ્ચિત સમય માટે વગર ભાડે ફાળવણી વખતે જે નીતિ નિયમ છે તે મને માન્ય છે તથા વખતોવખત નિયમોમાં જે પણ બદલાવ થાય તે પણ મને માન્ય રહેશે. વગર વ્યાજની ડિપોઝીટની રકમ રૂપિયા એક લાખ આપવાની રહેશે. ડિપોઝીટની પૂરેપૂરી રકમ તથા એગ્રીમેન્ટનો લેટર આપ્યા પછી સંસ્થા ફલેટનો કબજો આપશે.

૨. આ ફલેટ સમાજના જરૂરિયાતમંદ પરિવારને ભાડા ભરવામાંથી રાહત થાય તે શુભ ભાવથી હંગામી ધોરણે ફાળવવામાં આવેલ છે. આ ફલેટ પાંચ વર્ષ માટે આપવામાં આવે છે જેને વધુમાં વધુ એક વખત ફરીથી પાંચ વર્ષ માટે લંબાવી શકાશે. તે પછી ફલેટ ખાલી કરી આપવાનો રહેશે. ફલેટ ખાલી કરેથી ભરેલ ડિપોઝીટ, વગર વ્યાજે સમાજ પરત આપશે. આવાસમાં રહેલ તમામ ફલેટોની માલિકી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની રહેશે.

૩. આ ફલેટ જે વ્યક્તિના નામે ફાળવવામાં આવશે તે પોતે તેના કુટુંબ સાથે રહી શકશે. (પોતે, પત્ની, માતા-પિતા અને સંતાનો). અન્ય સગા સંબંધીને રહેવા આપી શકશે નહીં. જો આમ કરતાં માલૂમ પડશે તો સંસ્થા આ ફલેટનો કબજો પરત લઈ અને ડિપોઝીટ જપ્ત કરશે. આ ફલેટ જેમને ફાળવ્યો છે તેમને રહેવા માટે જ છે. તેમના મરણ અથવા શહેર છોડીને જતા રહ્યા પછી તે ફલેટ સમાજને સોંપી દેવાનો રહેશે. તે વ્યક્તિ કોઈને પણ (પોતાના કુટુંબીજન સહિત) ફાળવી શકશે નહીં. આવાસ મેળવનાર વ્યક્તિ અથવા તેમની સાથે રહેનાર સભ્યમાંથી કોઈપણ પોતાની માલિકીનો ફલેટ અન્યત્ર વેચાણથી લેશે તો તેને ટુંક સમયમાં આ ફલેટનો કબજો પાછો સોંપવાનો રહેશે.

૪. આ ફલેટનો ઉપયોગ ફક્ત રહેઠાણ માટે જ કરવાનો રહેશે. કોઈપણ સંજોગોમાં ફલેટ ભાડે આપી શકાશે નહીં તથા કોઈપણ ધંધાકીય પ્રવૃત્તિ કરવા દેવામાં આવશે નહીં. જો ઉપરોક્ત પ્રવૃત્તિ કરવામાં આવશે તો ફલેટનો કબજો સંસ્થા દ્વારા પરત લેવામાં આવશે તથા ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે.

૫. ફાળવેલ ફલેટ ગીરો મૂકી શકાશે નહીં તથા કોઈપણ સંસ્થા પાસેથી ફલેટ ઉપર નાણાંકીય ધીરાણ મેળવી શકાશે નહીં.

૬. ફલેટ ફાળવ્યા બાદ રહેવા આવનાર સભ્યએ દરેક પ્રકારના ઇલેક્ટ્રીક, ગેસ, મ્યુનિસિપાલિટી ટેક્ષ વગેરે તમામ પ્રકારના સરકારી વેરા તથા માસિક જાળવણી ખર્ચ ફલેટમાં રહેનાર સભ્યએ ભરવાનો રહેશે. તે માટે સમાજ જવાબદાર રહેશે નહીં. આવી કોઈ ભરવાની થતી રકમ સભ્ય ના ભરે તો સમાજ તેની સામે કાયદેસરના પગલા લઈ શકશે અને ડિપોઝીટની રકમમાંથી વ્યાજ સહિત વસુલાત કરશે.

૭. ફલેટમાં રહેનારે તથા ફલેટમાં રહેતા સભ્યોએ આજુબાજુમાં રહેતા કુટુંબોને કોઈ પ્રકારની અડચણ, તકલીફ કે ઝઘડા થાય નહીં તેવો વ્યવહાર રાખવો પડશે. ફલેટ ધારકોએ કોઈપણ પશુ-પક્ષી પાળીને ફલેટમાં રાખવા નહીં.

૮. નવનીત આવાસના આ ફલેટ કોઈપણ સભ્યને વેચાણ આપવામાં આવશે નહીં. સમયે-સમયે સમાજના હોદ્દેદારો અને ટ્રસ્ટ મંડળ જે નિયમ નક્કી કરે તે પૂરેપૂરા પાળવા ફલેટમાં રહેનારા સભ્યો બંધાયેલા છે.

૯. ભવિષ્યમાં ફલેટના રીપેરીંગ, મેઈન્ટેનન્સ વગેરે પ્રકારના તથા અન્ય કોઈપણ પ્રકારના મિલ્કતને લગતા કાર્યોમાં વાંધા પડે તો જે તે કબજા ધારક કોર્ટમાં જઈ શકશે નહીં. તે પ્રકારના સંજોગોમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મેનેજિંગ ટ્રસ્ટી લવાદ તરીકે પોતાની ફરજો બજાવશે અને લવાદનો નિર્ણય અંતિમ ગણવામાં આવશે.

૧૦. નવનીત આવાસ યોજનાની કારોબારી દર વર્ષે જનરલ મીટિંગ બોલાવી હિસાબોની માહિતી સમાજને આપવાની રહેશે. નવનીત આવાસની દરેક મીટિંગની જાણ અગાઉથી શ્રી કચ્છી જૈન સમાજ - અમદાવાદને કરવાની રહેશે તથા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ જે પ્રતિનિધિને મોકલે તેમને મીટિંગમાં હાજર રાખવાના રહેશે.

***ઉપરોક્ત બધા નિયમો મને માન્ય છે અને મને હંમેશને માટે બંધનકર્તા રહેશે.***

***અરજદારની સહી :*** ____________________

***(ફ્લેટ ધારક)***

*With Best Compliments From*

**Sathwara Construction**

C/174, Ambica Krupa, Ranip, Ahmedabad-382 480.
M. : 98985 76892
E-mail : sathwaraconstruction@gmail.com

**INDOTEX PAINTS**

• DURABLE • DECORATIVE • PROTECTIVE

Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (0) 26853279 • M. : 9909444598 • Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in • Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 • Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajashthan, Maharashtra, Karnatanka, Goa, Andhra Pradesh

૯૪૨૬૦ ૧૪૨૩૫
૯૪૨૯૫ ૦૦૬૦૦

**શાંતિનાથ ડેકોરેટર્સ**
**(મહાવીર ગ્રુપ - ધામાવાળા)**
લગ્ન તેમજ શુભ પ્રસંગે કલાત્મક ડેકોરેશનનું કામ કરનાર
બી-૭, એન.ડી. શ્રોફ માર્કેટ, વાસણા બસ સ્ટેન્ડ પાસે, વાસણા, અમદાવાદ-૭.

khadi
VEDA
Essence of Nature

HAIR CARE | MEDICATED | BODY CARE
WELLNESS | BEAUTY & FACE CARE



**Book Shelf**

English & Gujarati books

**For New Books Pl Check Our WhatsApp Status No : 9099000362**
e-mail : bookshelfa@gmail.com | Visit us: www.gujaratibookshelf.com

16,City Center, Opp.Dominoz Pizza
Nr. Swastik Chaar Rasta, C.G.Road,Navrangpura, Ahmedabad.380 009

LIKE US ON | BOOK SHELF | Help Line No. 90990 00362 | Phone : 079 - 2644 1826




ચાહે કોઈ પણ યુગ હોય,
વિજય હંમેશાં સત્યનો જ થયો છે.
બસ થોડી ધીરજ અને ધૈર્યની જરૂરત છે.
બાકી આથમેલો સૂરજ સવારે ઉગવાનો જ છે.



સમય, તબિયત અને સંબંધ -
આ ત્રણેય ઉપર કિંમતનું લેબલ નથી હોતું
પણ જ્યારે એમને ગુમાવી દઈએ છીએ
ત્યારે તેની સાચી કિંમત સમજાય છે.



સમયની સાથે ચાલવું જરૂરી નથી, સત્યની સાથે ચાલો.
એક દિવસ સમય આપની સાથે ચાલવા લાગશે.

R.N.I. No. of RNP is 33266/1978 • Published on 1st of Every Month


**Chandrakant K. Gada**
+91-9825069290

BLUE STAR INDUSTRIES

**Stainless Steel Re-Rollers**

Plot No. 130. G.I.D.C. Estate, Kalol - 382721,
Gandhinagar. Phone : (02764) 220330, 224330
E-mail : bluestar.indu1@gmail.com

BMCB BANK
ESTD 1995
Multi-State Bank

**ધી ભુજ મર્કન્ટાઈલ કો-ઓપ. બેંક લિ.**
મીઠાખળી છ રસ્તા, અમદાવાદ-૬.
Tel. : 26400969 • www.bhujbank.com

- FDR વ્યાજ દર upto 8.75% @ with monthly Interest.
- Flexi ચાલુ ખાતા અને બચત ખાતામાં વ્યાજ Max 5.5%@*
- RTGS / NEFT / DD / IBC / Ch. Book Chages : Nil*
- ATM Card ■ Lockers ■ Free SMS Alert ■ e-Stamping
- રૂા. ૧૩ કરોડ સુધીની બિઝનેસ લોન.
- ડિવીડંડ : • વર્ષ ૨૦૨૨ : ૧૦% • વર્ષ ૨૦૨૩ : ૧૨%
- IMPS, UPI, BBPS, Voice Box, QR Code Facility
- બેંકના રોકડ કામકાજનો સમય : સવારે ૧૦ થી સાંજે ૫

* Conditions apply



**SKYBLUE STATIONERY MART**
EVERY THING THAT YOU THINK

**South Bopal :** 35, Gala Magnus,
Opp. Safal Parisar-1, Ahmedabad
**Krutika Haria : 9099047163**

**Surdhara :** GF Shop No. 26,
Maple Trade Centre, SAL Hospital
Road, Thaltej, Ahmedabad.
**Piyush Salva : 9879568027**



**ફ્યુઝન કિડની કેર પ્રા. લી.**
FUSION KIDNEY INSTITUTE
Full UroNephro Solutions



**ડો.હિમાંશુ શાહ** [ M.S. Mch.(યુરોલોજી) ] ગોલ્ડ મેડાલીસ્ટ
ડાયરેક્ટર, ફ્યુઝન કિડની ઈન્સ્ટીટ્યૂટ, વતન – માંડવી, કચ્છ
પથરી, પ્રોસ્ટેટ, કિડની, બ્લેડર કેન્સર, મૂત્રમાર્ગ ના રોગ,
બાળકો ના પેશાબ ના રોગ ના નિષ્ણાંત

ગુલબાઇ ટેકરા BRTS બસ સ્ટેન્ડ ની સામે, પાંજરાપોળ યુનિવર્સિટી રોડ, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૧૫
એપોઇન્ટમેન્ટ માટે : ૦૭૯-૬૧૩૪૬૧૩૪ ૦૭૯-૨૬૩૦૫૦૬૦,
સોમવાર થી શુક્રવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦ સાંજે ૦૪:૦૦ થી ૦૫:૦૦, શનિવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦
Website : www.fusionkidney.com Email : info@fusionkidney.com

***Bharat B. Gala***
**M. : 93270 05460**

SHREE **Raju** ENTERPRISE
RE-ROLLING & JOB WORKS, S.S. PATTA-PATTI

323, G.V.M. M.S.A.V. Ltd., Odhav, Ahmedabad - 382 415.
E-mail : shreerajuenterprise@yahoo.co.in

• શુભેચ્છા સહ •



**પ્રભુલાલ એમ. સંઘવી**
ઘાટકોપર, મુંબઈ.
મો. ૯૮૨૦૦ ૩૭૪૭૬


***દૂધ, દહીં, છાશ, માખણ, ઘી વગેરે એક જ કુળના હોવા છતાં બધાની કિંમત એક સરખી નથી હોતી, કેમ કે શ્રેષ્ઠતા જન્મથી નહીં પરંતુ કર્મથી પ્રાપ્ત થાય છે.***

*If undelivered please return to :*
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૬

**To,**